શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આ કાર્યક્રમ સતત ચાલતો કાર્યક્રમ છે. કારણ કે, પ્રજાની જરૂરિયાત બદલાતી જાય અને મેં અગાઉના પ્રશ્નમાં કહ્યું કે, રેશનકાર્ડમાં નામ દાખલ કરવું હોય, દીકરાનું લગ્ન કર્યુ હોય અને પરણીને વહુ ઘરમાં આવે તો તેનું નામ બાપુજીને ત્યાં ચાલતું હોય ત્યાં કમી કરાવવાનું થાય અને દીકરી જ્યાં પરણીને આવી હોય ત્યાં નામ દાખલ કરાવવાનું થાય. આવી રીતે કોઇ પરિવારમાં કોઇ નવા બાળકનો જન્મ થયો હોય તો એની જ્ઞાતિનો, જાતિનો કે આવકનો દાખલો લેવો હોય આ બધું સતત ચાલતું હોય છે. વિધવા પેન્શનની અરજીઓ પણ આપણે આમાં સ્વીકારીએ છીએ. ના કરે ભગવાન અને કોઇ બહેન વિધવા થાય તો અમે વૃદ્ધ સહાય, વિધવા સહાય જે પણ મળવાપત્ર હોય એ પણ આપણે લાભ આપીએ છીએ. એટલે શ્રી વલ્લભભાઇએ જે પ્રશ્ન પૂછ્યો આ રીતે હજુ પણ આ કાર્યક્રમો ચાલુ રહેવાના છે. સાહેબ, અમે તો ૧૮૨ સભ્યશ્રીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપીએ છીએ. જેમને જેમને પ્રજાની સેવા કરવી હોય, પોતાના વિસ્તારના નાગરિકોને મદદરૂપ થવું હોય તેઓ બધા જ આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સભ્યો, જિલ્લા પંચાયતના સભ્યો, નગરપાલિકાના સભ્યો, મહાનગરપાલિકાના સભ્યો, મેયરો, હોદ્દેદારો બધા આવી શકે છે અને એ પ્રમાણે જે કાર્યક્રમ કર્યો છે એના અત્યારે કુલ ચાર તબક્કા પૂર્ણ થયા છે અને આવનારા સમયમાં નવો તબક્કો પણ શરૂ કરવામાં આવશે.

**અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ**

* ૧૪૭૨૨ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે | (૧) પત્રક મુજબ |

વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર દેશી દારૂ, વિદેશી દારૂ, બિયર અને ગાંજાનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર, કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨)

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | |
|---|---|---|
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| અમદાવાદ શહેર | ૯૯૦૦ | ૨૫ |
| અમદાવાદ ગ્રામ્ય | ૩૫૫૮ | ૪૨ |
| સાબરકાંઠા | ૧૮૮૨ | ૧૧૯ |

| ત.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | |
|---|---|---|
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| અમદાવાદ શહેર | ૯૭૯૦ | ૩૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૩૧૮૨ | ૫૧ |
| સાબરકાંઠા | ૨૧૫૮ | ૧૯૪ |

(૩) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી દારૂ પકડાયો હોય તેવા જવાબદાર કેટલા અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) ૯૫ અધિકારીઓને રોકડ દંડ, ઇજાફો અટકાવવો, ઠપકો, ખાતાકીય/પ્રાથમિક તપાસ, આંતર જિલ્લા બદલી અને ફરજ મોકુફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા/શહેર** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો** |
| અમદાવાદ શહેર | ૧૦૧૬૬૫ | ૧૨૬૭૪૧ | ૨૦૮૩૧ | ૩૨ કિલો ૭૩૧ ગ્રામ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૬૮૦૨ | ૨૮૯૩૫૩ | ૩૩૧૩૬ | ૨ કિલો ૫૧૦ ગ્રામ |
| સાબરકાંઠા | ૧૭૩૫૬ | ૬૫૬૫૦ | ૧૧૫૬૭ | ૦ |

| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા/શહેર** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો** |
| અમદાવાદ શહેર | ૯૧૩૮૨ | ૧૧૧૬૨૩ | ૧૬૯૯૩ | ૫૮ કિલો ૧૭૯ ગ્રામ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૪૯૩૯ | ૧૮૩૪૭૦ | ૧૧૨૫૯ | ૩૯૬ ગ્રામ |
| સાબરકાંઠા | ૧૧૮૫૩ | ૧૦૯૦૯૮ | ૧૩૩૬૧ | ૬૮ ગ્રામ |

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, જે ઇસમોની ધરપકડ કરવામાં આવી છે તેમાં એકથી વધુ વખત પકડાયા હોય તેવા ઇસમોની સંખ્યા કેટલી છે? અને જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દારૂ પકડાયો હોય તેવા કેટલા અધિકારીનો ઇજાફો અટકાવવામાં આવ્યો? કેટલાની સામે ખાતાકીય તપાસ આપી અને કેટલાને ફરજ મોકુફી હેઠળ મૂકવામાં આવ્યા? પકડાયેલ દારૂ સ્થાનિક બનાવવામાં આવે છે કે બહારના રાજ્યોમાંથી લાવવામાં આવેલ છે? અમદાવાદ અને ગાંધીનગરના પોલીસ દ્વારા પાડોશી રાજ્યમાંથી દારૂ લાવવા માટે બીજા રાજ્યોમાં પોલીસ કેસ કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે? જો હા, તો આવા કેટલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ નશાબંધી નીતિને વરેલી સરકાર છે અને દારૂબંધી સામે અમે ઝીરો ટોલરન્સથી કામ કરવાવાળા લોકો છીએ. આ સન્માનનીય સભાગૃહની અંદર નશાબંધી સુધારા વિધેયક લાવીને દારૂનું ઉત્પાદન, દારૂનું વેચાણ અને દારૂની હેરાફેરી કરવાવાળા લોકોને ૧૦ વર્ષની સજા અને પાંચ લાખ રૂપિયાનો દંડ આ સન્માનનીય સભાગૃહની અંદર કરવામાં આવ્યો છે. માત્ર દારૂબંધી નહીં પરંતુ હુક્કાબારના નામનું એક નવું વ્યસન ગુજરાતના યુવાનોને નશાના રવાડે ચઢાવતું હતું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી આ જ સભાગૃહની અંદર ભૂતકાળમાં પ્રતિબંધ ધારો કોકટા એક્ટની અંદર એમેડમેન્ટ કરીને એક નવો કાયદો પણ

લાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ સત્રમાં આ સરકાર નશાબંધીની નીતિને વરેલી છે એટલા માટે યુવાનોમાં ઈ–સિગારેટ નામનું એક નવું ચલણ જ્યારે દેખાય રહ્યું છે ત્યારે રાજ્ય સરકારે સુઓમોટો કરી આના સંદર્ભમાં આ સત્રની અંદર કાયદો લાવ્યા છીએ. માનનીય ધારાસભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એ પ્રશ્નની અંદર એમણે ખાસ અધિકારીઓના સંદર્ભમાં ચર્ચા કરી છે. મારી પાસે જે માહિતી છે એ પ્રમાણે કુલ અમદાવાદ શહેરના ૨૬ અધિકારીઓને ઈજાફો અટકાવવાના ૧૭, ઠપકોના ૯, અમદાવાદ ગ્રામ્યની અંદર અધિકારીની સંખ્યા ૧૧, રોકડ દંડના ૫, ઈજાફો અટકાવવાના ૧, ઠપકોના ૧, ફરજ મોકુફીના ૨, આંતર જિલ્લાના ૨, સાબરકાંઠામાં ૭, રોકડ દંડના ૨ અને ફરજ મોકુફીના ૫. આમ ૨૦૧૮–૧૯માં પણ અમદાવાદ શહેરમાં ૧૮ અને અમદાવાદ ગ્રામ્યના ૧૩ પૈકી રોકડ દંડ અમદાવાદ શહેરમાં ૧, ઈજાફો અટકાવવાના ૫, ઠપકો આપવાના ૨૫, ખાતાકીય તપાસના ૩, ફરજ મોકુફીના ૪, ઉપરાંત અમદાવાદ ગ્રામ્યની અંદર એ પ્રમાણે રોકડ દંડના ૮, ઠપકો આપવાના ૧, ફરજ મોકુફીના ૩, આંતર જિલ્લાના ૧ આ પ્રમાણે અધિકારીઓના સંદર્ભમાં પગલાં લેવામાં આવ્યા છે. એમણે કહ્યું કઇ કઇ કેડરના કયા કયા લોકો? મારી પાસે જે વિગત છે એમાં બે વર્ષના રેન્કવાઇઝ ગણીએ તો પોલીસ ઇન્સ્પેકટરને ઈજાફો અટકાવવાના ૧૦, ઠપકો આપવાના ૧૬, ખાતાકીય તપાસના ૧, ફરજ મોકુફીના ૬, આંતર જિલ્લા બદલીના ૨ એ જ પ્રમાણે પોલીસ સબ ઇન્સ્પેકટરને રોકડ દંડના ૭, ઈજાફો અટકાવવાના ૧૨, ઠપકો આપવાના ૧૮, ખાતાકીય પ્રાથમિક તપાસના ૨, ફરજ મોકુફીના ૪.

અધ્યક્ષશ્રી : લખેલો જવાબ જ વાંચો છોને?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના, એમણે જે માંગ્યુ છે.

અધ્યક્ષશ્રી : આવી ગયું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના, નથી આવ્યું. કઇ કેડરના, કયા સંવર્ગના અધિકારી છે? એ એમણે માંગ્યું છે. મારો જવાબ લાંબો છે. એમને બધી વિગતો જોઇતી હોય તો મારી પાસે ઉપલબ્ધ છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાત સંપૂર્ણ ભા.જ.પ.યુકત બન્યું છે એમાં પ્રદિપસિંહજીના નેતૃત્વમાં ગૃહનો પણ ખૂબ મોટો ફાળો છે અને એના અનુસંધાને આ નશાબંધીના ગુનામાં સંડોવાયેલ બુટલેગરો જે છે એમને વાહન જપ્તિ અને મિલકત જપ્તિ માટે કોઇ કાર્યવાહી કરવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે એમની સંપત્તિ જપ્ત કરવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવી છે? અને ત્રીજો પ્રશ્ન છે કે આ કાયદો ખૂબ કડક બનાવ્યો છે એને કારણે કયા ગુનામાં કઇ સજા મળે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી સુરેશભાઇએ જે પ્રશ્ન પૂછયો છે એ પ્રમાણે પહેલા દારૂના ગુનેગારોને પકડવામાં આવતા હતા. દારૂનું ઉત્પાદન, વેચાણ, હેરાફેરી કરવાવાળાને પકડવામાં આવતા હતા, જામીન મળતા હતા અને વિષય પૂર્ણ થઇ જતો હતો. પરંતુ દિન–પ્રતિદિન એ ગુનેગાર જે આર્થિક રીતે સદ્ધર થતો હોય છે એની કમર તોડી નાખવા માટે રાજ્ય સરકારે નિર્ણય કર્યો કે, આ કાયદાની અંદર વાહન જપ્તિ હોવી જોઇએ અને વાહન જપ્તિનો કાયદાની અંદર ઉમેરો કર્યો અને વાહન જપ્તિને કારણે એ ગુનેગાર એ વાહન ફરીથી વાપરવા માટે અસમર્થ બને છે. બીજું, કદાચ વાહન કોર્ટમાં જઇને જો છુટી જાય તો રાજ્ય સરકાર પૂરી સતર્કતાથી એની સામે અપીલ કરીને એ છુટેલું વાહન એને ન મળે એના માટેનો પ્રયત્ન કરે છે. હજી સુધી કયારેય આપણે મોટા જે બુટલેગરો હોય છે, જે સમાજને બરબાદ કરીને આર્થિક સદ્ધર થઇ જતા હોય છે એની સંપત્તિ મોટી સંખ્યામાં હોય છે તો આ મોટી સંપત્તિ જપ્ત કરવા માટે ગુજરાત સરકારે આટલા વર્ષોમાં પહેલીવાર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એકટ ૨૦૦૨ દ્વારા રાજયના ૯ જેટલા મોટા બુટલેગરોની મિલકતો ઈ.ડી.ના મારફતે ટાંચમાં લેવા માટે પ્રયત્ન કર્યો છે. ૨૦૧૭ માં આ કાયદો જયારે પસાર કરવામાં આવ્યો. જૂના કાયદા અને નવા કાયદામાં શું ફરક છે? મેં અગાઉ કહ્યું તેમ દારૂના ઉત્પાદન, ખરીદ, વેચાણ, હેરાફેરી આ પ્રમાણે કરવા વાળા લોકોને ગુજરાતની ધરતી ઉપર આ પ્રમાણેનું કામ કરશે તેને ૧૦ વર્ષ સુધીની સજા અને ૫ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે. છાછવારે દારૂ પીને છાકટા બનીને બહેન–દીકરીઓ પસાર થતી હોય અને અસભ્ય વર્તન કરવાવાળાને ૩ વર્ષની સજા આ કાયદામાં ઉમેરવામાં આવી છે. ઘણી વખતે દારૂની રેડ પાડવા માટે પોલીસ જાય અને દારૂની રેડમાં સ્થાનિક લોકોનાં ટોળાં ઉભાં થઇ જાય અને પોલીસને અંતરાય ઉભો કરે તો પહેલા એક્શન નહોતા લઇ શકતા. આ કાયદામાં નશાબંધીની અમલવારીની ફરજ પરના પોલીસને અડચણ કરવા માટે જો કોઇ વચ્ચે આવશે તો એને ૫ વર્ષ સુધીની સજા અને ૫ લાખ રૂપિયાનો દંડ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ માત્ર એને જેલ નહિ, પરંતુ એનું વાહન જપ્ત થાય અને એને દંડ થાય, સંપત્તિ જપ્ત થાય, આ પ્રમાણે સર્વાંગી ચિંતા કરીને ગુજરાતની શાંતિ, સલામતિ અને સુરક્ષા માટે પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના આધાર ઉપર આ દારૂનો કાયદો બનાવવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : અને આ કાયદામાં બિનજામીન લાયક ગુના પણ બનાવવામાં આવ્યા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું આપના દ્વારા ગૃહમંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મને બીક લાગે છે વાત એવી કરી છે કે, બધાને પૂરી દેશે. ગુજરાતની અંદર ખૂબ કડક દારૂબંધીનો અમલ કર્યો છે.

ખૂબ સરસ વિગતો આપી. ગુજરાતની પ્રજા માટે ખૂબ સારી વસ્તુ છે. પરંતુ ગઇ ૨૧મી તારીખે રાજસ્થાનના બીસુવાડામાં ગુજરાતની બોર્ડર ઉપર આવતી ૪ દારૂની ગાડી પકડાઇ. બુટલેગરો નહોતા લાવતા એ *(xxx) એના ઉપર કડક કેસ કરવામાં આવ્યો છે. એના ઉપર તપાસ કરવામાં આવી છે. એ વાત સાચી છે કે ખોટી? મુદો મહત્વનો. દારૂને ખૂબ કડક બનાવ્યો છે. જે

તારાંકિત પ્રશ્નો

ગુજરાતની પ્રજા માટે ખૂબ સારી વસ્તુ છે. પરંતુ *(xxx) તો ગુજરાતની પ્રજા અને ગાંધીનગરની પ્રજા માટે કેવી વાત હોઇ શકે? એટલા માટે આ બનાવ બન્યો છે તે સાચી વાત છે કે ખોટી?

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે. (અંતરાય) આપ બેસી જાઓ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નના સ્કોપની શ્રી બળદેવજીભાઇને ખબર હશે કે અમદાવાદ શહેર, ગ્રામ્ય અને સાબરકાઠા પુરતો છે. તમે ઇચ્છો છો તે પ્રશ્નનો જવાબ લેવો હોય તો અલગ નોટિસથી મને પ્રશ્ન પૂછી શકાત. આ પ્રમાણેની એક માહિતી અમારા રાજ્યના ડીજીપી પાસે આવી છે. એ માહિતીની સત્યતા ચકાસવા માટે નિશ્ચિત કરેલ અધિકારીને એ તપાસની સોંપણી કરવામાં આવી છે.

**મહેસાણા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ**

* ૧૩૩૫૫ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન મહેસાણા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૨૫ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૩ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૧૩,૩૮૧ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૧૩,૩૮૧ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૫) ૦ |

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય જન અને ગરીબ જન સુધી આ સરકાર પહોંચી શકે અને ઘરે ઘરે સરકારી સેવાનો લાભ મળી શકે એના માટે આદરણીય અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ, આદરણીય નીતિનભાઇ પટેલે જે પ્રકારે સેવા સેતુ કાર્યક્રમ ચાલુ કર્યો છે. સરકાર ઘરે ઘરે પહોંચી છે એના કારણે જ આજે ગુજરાત અને સમગ્ર દેશ ફરી વખત કમળમય અને ભાજપમય થઇ ગયો છે, ત્યારે મારા મહેસાણા જિલ્લાનો પ્રશ્ન છે. મારે પૂછવું છે કે, મહેસાણા જિલ્લામાં શહેરી વિસ્તારમાં કેટલી નગરપાલિકામાં કેટલા વોર્ડમાં આ સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યા? તેમજ મારા જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમમાં શહેરી વિસ્તારમાં કઇ કઇ સેવાઓ આવરી લેવામાં આવી છે? કુલ કેટલા પ્રકારની સેવાઓ આપણા સેવા સેતુ કાર્યક્રમમાં આપીએ છીએ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઋષિકેશભાઇએ માહિતી માગી છે કે, રાજ્યનો લોકપ્રિય સેવા સેતુ કાર્યક્રમ છે તે મહેસાણા જિલ્લામાં પણ યોજવામાં આવે છે. અગાઉ અમદાવાદ જિલ્લાની માહિતી આપી. તે જ પ્રમાણે મહેસાણા જિલ્લામાં જે નગરપાલિકાઓ છે તેમાં ઊંઝા નગરપાલિકામાં એક કાર્યક્રમ કરવામાં આવ્યો છે. કડીમાં એક, ખેરાલુંમાં એક, મહેસાણામાં એક, વડનગરમાં એક, વિજાપુરમાં એક, વિસનગરમાં એક કાર્યક્રમ કરવામાં આવ્યો છે. આમ કુલ સાત નગરપાલિકામાં સાત કાર્યક્રમ કરવામાં આવ્યા છે અને તેમાં પણ આપણે વિવિધતા રાખીએ છીએ. આમાં નગરપાલિકાના જુદા જુદા વોર્ડની અંદર આ કાર્યક્રમ કરીએ છીએ. આ જે સાત કાર્યક્રમ થયા તેમાં આ નગરપાલિકાઓના ૧૨૫ વોર્ડના નાગરિકોને સીધે સીધો લાભ મળ્યો છે. તેમાં કોઇને મિલકત વેરાનો પ્રશ્ન હોય, કોઇને સફાઇનો પ્રશ્ન હોય, કોઇને પાણીના કનેકશન બાબતનો પ્રશ્ન હોય અને તેમાં જુદી જુદી જનરલ યોજનાઓ જે રાજ્ય સરકારે નિશ્ચિત કરી છે એ કોઇપણ પ્રકારના સેવા સેતુ કાર્યક્રમ મારફતે આપવામાં આવે છે. તેમાં કુલ ૫૫(પંચાવન) પ્રકારની સેવાઓ આપણે આવરી લીધી છે. તેમાં કોઇ નાગરિકને આધારકાર્ડ જોઇતું હોય, કોઇને રેશનકાર્ડમાં નામ દાખલ કરવું હોય, કોઇને નામ કમી કરવું હોય, કોઇને જાતિનો દાખલો લેવો હોય, કુંવરબાઇનું મામેરું, દિવ્યાંગતા પ્રમાણપત્ર, મા–વાત્સલ્ય, મા–અમૃતમ્ તે પછી અન્ય યોજનાઓમાં કુલ ૫૫(પંચાવન) જેટલી યોજનાઓનો લાભ આ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવે છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સેવા સેતુ કાર્યક્રમથી ગુજરાતની પ્રજાને ખૂબ કલ્યાણકારી લાભ થયો છે તેને ભારતીય જનતા પાર્ટી...

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨જી જુલાઇ, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નો

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં શહેરી વિસ્તારમાં કેટલી અરજીઓ આવી, તેમાંથી કેટલી અરજીઓનો નિકાલ કર્યો અને તેની ટકાવારી શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વિસ્તારમાં શહેરી અને ગ્રામ્ય એમ બે ભાગ પાડવામાં આવ્યા છે. તેમાં અત્યાર સુધી જે અરજીઓ આવી તેમાં ગ્રામ્ય વિસ્તારની અરજી તે મહેસૂલ માટેના, રસીકરણ માટેના, આવકના દાખલાના, મિલકત આકારણીના ઉતારા એમ જુદા જુદા પ્રકારની માગણીઓ આવતી હોય છે. અત્યાર સુધીમાં ૧૩૩૮૧ અરજીઓ આવી છે. આ ૧૩૩૮૧ અરજીઓનો હકારાત્મક એટલે કે, નાગરિકે જે માગ્યું હોય તે મંજૂર થાય અને તેનો લાભ મળતો થઇ જાય તે પ્રમાણે સો એ સો ટકા પરિણામ આ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવ્યું છે. એટલે કે સો ટકા જેમ પ્રજાએ અમને સહયોગ આપ્યો છે તેમ અમે પણ પ્રજાને સો ટકા પરિણામ આપીએ છીએ.

### વડોદરા મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ ગ્રાન્ટ

* ૧૩૪૪૫ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા મહાનગરપાલિકાને તા. ૩૧–૦૩–૨૦૧૯ અંતિત છેલ્લા એક વર્ષ દરમિયાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મંજૂર કરેલ છે, અને | (૧) રૂ.૪૭,૪૬,૪૩,૩૩૩/–ની ગ્રાન્ટ મંજુર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ચૂકવેલ છે? | (૨) પુરેપુરી ગ્રાન્ટ ચુકવેલ છે. |

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ દ્વારા ગુજરાતની જનતાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. આપણે ૨૬ એ ૨૬ બેઠકો ગુજરાતના પનોતા પુત્ર અને આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને ભેટ સ્વરૂપે આપી છે. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, છેલ્લા પાંચ વર્ષમાં વડોદરા મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરની કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી અને આ શિક્ષણ ઉપકર ગ્રાન્ટની યોજના શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ શિક્ષણ ઉપકર યોજના તે ગુજરાતના શહેરી વિસ્તારોને સરકાર તરફથી જે ગ્રાન્ટ આપવામાં આવે છે તે ૧૯૬૨ થી અમલમાં છે. નગરપાલિકા, મહાનગરપાલિકા પોતાના ત્યાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કે જેને આપણે નગર શિક્ષણ સમિતિ કહીએ છીએ તેના દ્વારા ચલાવતા હોય છે. તો નગર શિક્ષણ સમિતિને કર્મચારીઓના પગાર, મકાનના મેન્ટેનન્સ ખર્ચ, અન્ય સુવિધાઓ, વિદ્યાર્થીઓ માટેની નાની મોટી સહાય યોજનાઓ આપવા માટે સરકારે નિર્ણય કર્યો કે, જે શહેરની અંદર સરકારને જેટલો મિલકત વેરો પ્રાપ્ત થાય છે. એ મિલકત વેરો એ ટકાવારીના આધારે નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શિક્ષણ સમિતિ ચલાવે છે એને લાભ આપવામાં આવે છે અને એના કારણે વડોદરા મહાનગરપાલિકાને માનનીય સભ્ય મનિષાબેને જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રમાણે વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ.૧૧.૧૨ કરોડ, ૨૦૧૫–૧૬માં રૂ.૧૯.૬૭ કરોડ, ૨૦૧૬.૧૭માં રૂ.૧.૧૮ કરોડ, ૨૦૧૭–૧૮માં રૂ.૪૯.૩ કરોડ અને ૨૦૧૮–૧૯માં રૂ.૪૭.૪૬ કરોડ આમ પાંચ વર્ષમાં ૧૨૮.૬૩ કરોડ રૂપિયાની માતબર રકમની સહાય વડોદરા મહાનગરપાલિકાને રાજય સરકાર તરફથી આપવામાં આવી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર હેઠળ જે ગ્રાન્ટ ફાળવી છે એ સિવાય મહાનગરપાલિકામાં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃત્તિ પણ અંદર આમેજ કરવામાં આવી છે કે શિષ્યવૃત્તિ અલગથી આપવામાં આવે છે એ મારે જાણવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર અનેક પ્રકારની શિષ્યવૃત્તિ બાળકોને આપે છે. કોઇ સારું પરિણામ પ્રાપ્ત કરે તો શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, કોઇ દીકરીઓ હોય તો શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, એસ. સી., એસ.ટી. સમાજના, બક્ષીપંચ સમાજના બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, જુદા જુદા વિભાગ અંતર્ગત પણ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. દાખલા તરીકે આદિજાતિ વિભાગ હોય તો એમાં આદિવાસી વિસ્તારના બાળકોને એની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. એસ.સી. ડિપાર્ટમેન્ટ હોય તો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી પણ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની સહાય આપવામાં આવે છે. બક્ષીપંચ સમાજની પણ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને જનરલ સમાજના દીકરા–દીકરીઓને પણ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ બધું જ અલગથી આપવામાં આવે છે તો એનો વહીવટ જુદો, એની યોજના જુદી, એના નિયમો જુદા છે. આ જે આપવામાં આવે છે એ મેં અગાઉ કહ્યું તેમ મોટે ભાગે એના પગાર ભથ્થા શિક્ષકોના–કર્મચારીઓના એના નિભાવ માટે આપવામાં આવે છે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે છેલ્લા પાંચ વર્ષમાં સરકારશ્રી તરફથી શિક્ષણ ઉપકરની ગ્રાન્ટની રકમ રાજયની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં કેટલી ચૂકવવામાં આવી છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી મેં અગાઉથી લઇ રાખી હતી. આમ તો આ પ્રશ્ન સ્વાભાવિક છે કે વડોદરા પૂરતો મર્યાદિત હતો. પણ અમે થોડા વધુ લોકોને હિસાબ આપવા માગીએ છીએ એટલે તમારા મનમાં કોઇ પ્રશ્ન હશે તો તમને પણ માહિતી આપીશું. આ રીતે માનનીય જીતુભાઇએ જે માહિતી માગી છે એ જે રીતે વડોદરા મહાનગરપાલિકાને આપણે ગ્રાન્ટ આપીએ છીએ એવી જ રીતે રાજ્યની દરેક નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ એ બધાને પણ જે ગ્રાન્ટ આપી છે એમાં ૨૦૧૪–૧૫માં રૂ.૧૩૦ કરોડ, ૨૧૫–૧૬માં રૂ.૧૪૦ કરોડ, ૨૦૧૬–૧૭માં રૂ.૧૫૦ કરોડ, ૨૦૧૭–૧૮માં રૂ.૩૫૦ કરોડ, ૨૦૧૮–૧૯માં રૂ.૪૦૦ કરોડ. આ પ્રમાણે સતત વધતી જાય એ પ્રમાણે ૧૧૭૦ કરોડ રૂપિયા છેલ્લા પાંચ વર્ષમાં ફક્ત શિક્ષણ ઉપકર પેટે નગરપાલિકા–મહાનગરપાલિકાને રાજ્ય સરકારે અનુદાન આપ્યું છે.

**સુરત જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ**

* ૧૩૩૭૨ **શ્રી વિવેક પટેલ** (ઉધના) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૭૩ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૫ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૮૪,૧૯૯ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૮૪,૧૯૯ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૫) ૦ |

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કેટલા તાલુકામાં કેટલા સેવાસેતુના કાર્યક્રમો યોજવામાં આવ્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સેવાસેતુ કાર્યક્રમ એટલો બધો લોકપ્રિય થયો છે કે એ અંગે મોટે ભાગે બધા જ ધારાસભ્યશ્રીઓએ પોતાની વિગત જાણવા પ્રયત્ન કર્યો છે અને એ પોતાનો અધિકાર છે એ અધિકારનો ઉપયોગ કર્યો છે. કોઇ નાની વાતો જાણવા માટે નથી કર્યો પણ પ્રજાને શું ઉપયોગી છે એ જાણવા માટે કર્યો છે. અમારૂં નસીબ પણ જુઓ પ્રજાનું અને સરકારનું કે આ બધા જ પ્રશ્નો શ્રી બળદેવજીભાઇ, પ્રાયોરિટીમાં આવ્યા છે. શ્રી જોષિયારાજી, આ અમે નથી લાવ્યા, આ પ્રજાની સેવા કરીએ એટલે પ્રાયોરિટી પણ ડ્રોમાં અમારી જ આવી છે. એટલે પ્રજામાં વિશેષ રસ હોય એવું ભગવાન પણ ઇચ્છે છે. એટલે માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એમાં આપણો સુરત જિલ્લો તે મોટો જિલ્લો છે. આખા રાજયમાં ઘણાં તાલુકાઓ ધરાવતા પૈકીનો એક જિલ્લો છે. તેમાં ૧૪ તાલુકા છે. હું આ ૧૪ તાલુકાની ભેગી માહિતી સમય બચાવવા માટે આપુ તો કુલ ૭૩ સેવા સેતુ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે અને તેની અંદર મેં અગાઉ જેમ કહ્યું હતું કે, પાંચ–છ ગામ દીઠ એક તાલુકા સીટ હોય, એક વ્યવસ્થા હોય એ પ્રમાણે કાર્યક્રમ કરીએ છીએ. એટલે સુરત જિલ્લામાં ૨૮૦ કાર્યક્રમ અત્યાર સુધીમાં કરવામાં આવ્યા છે.

**છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ગ્રામ રક્ષક દળ અને હોમગાર્ડ જવાનો**

* ૧૫૫૫૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગ્રામ રક્ષક દળ અને હોમગાર્ડના જવાનો છે, અને | (૧) પત્રક–અ મુજબ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા જવાનોને તાલુકાવાર ફરજ પર લેવામાં આવેલ છે અને કેટલાને ફરજ પર લેવામાં આવેલ નથી? | (૨) પત્રક–બ મુજબ |

**પત્રક–'અ'**

| **૧. છોટાઉદેપુર જિલ્લો** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગ્રામ રક્ષક દળના જવાનોની** | **હોમગાર્ડ દળના જવાનોની** |

| | | સંખ્યા | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ક્વાંટ | ૩૯૦ | ૯૭ |
| ૨ | છોટાઉદેપુર | ૩૯૦ | ૩૧૨ |
| ૩ | પાવીજેતપુર | ૪૭૦ | ૨૧૦ |
| ૪ | સંખેડા | ૧૩૦ | ૧૪૩ |
| ૫ | બોડેલી | ૧૮૦ | ૧૭૨ |
| ૬ | નસવાડી | ૧૯૦ | ૬૯ |

| **૨. નર્મદા જિલ્લો** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગ્રામ રક્ષક દળના જવાનોની સંખ્યા** | **હોમગાર્ડ દળના જવાનોની સંખ્યા** |
| ૧ | નાંદોદ | ૩૫૦ | ૧૬૫ |
| ૨ | દેડીયાપાડા | ૨૫૫ | ૧૨૦ |
| ૩ | સાગબારા | ૧૪૭ | ૫૭ |
| ૪ | ગરૂડેશ્વર | ૨૧૫ | ૧૮૨ |
| ૫ | તિલકવાડા | ૧૬૬ | ૭૦ |

**પત્રક–'બ'**

| **૧. છોટાઉદેપુર જિલ્લો** | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગ્રામ રક્ષક દળ** | | **હોમગાર્ડ** | |
| | | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ જવાનોની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ નથી એવા જવાનોની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ જવાનોની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ નથી એવા જવાનોની સંખ્યા** |
| ૧ | ક્વાંટ | ૨૩૯ | ૧૫૧ | ૭૯ | ૧૮ |
| ૨ | છોટાઉદેપુર | ૨૦૨ | ૧૮૮ | ૨૮૬ | ૨૬ |
| ૩ | પાવીજેતપુર | ૧૩૦ | ૩૪૦ | ૧૮૯ | ૨૧ |
| ૪ | સંખેડા | ૧૩૦ | ૦૦ | ૧૨૪ | ૧૯ |
| ૫ | બોડેલી | ૧૩૮ | ૪૨ | ૧૫૨ | ૨૦ |
| ૬ | નસવાડી | ૮૫ | ૧૦૫ | ૬૭ | ૦૨ |

| **૨. નર્મદા જિલ્લો** | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગ્રામ રક્ષક દળ** | | **હોમગાર્ડ** | |
| | | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ જવાનોની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ નથી એવા જવાનોની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ જવાનોની સંખ્યા** | **છેલ્લા બે વર્ષમાં ફરજ પર લેવામાં આવેલ નથી એવા જવાનોની સંખ્યા** |
| ૧ | નાંદોદ | ૩૫૦ | ૦૦ | ૧૫૯ | ૦૬ |
| ૨ | દેડીયાપાડા | ૨૫૫ | ૦૦ | ૯૦ | ૩૦ |
| ૩ | સાગબારા | ૧૪૭ | ૦૦ | ૪૮ | ૦૯ |
| ૪ | ગરૂડેશ્વર | ૨૧૫ | ૦૦ | ૧૬૫ | ૧૭ |
| ૫ | તિલકવાડા | ૧૬૬ | ૦૦ | ૬૮ | ૦૨ |

## તારાંકિત પ્રશ્નો

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, છોટાઉદેપુર જિલ્લો અને નર્મદા જિલ્લાના ગ્રામ રક્ષક દળના સભ્યો ૧૭૫૦ છે. બે વર્ષમાં ફરજ ઉપર લેવામાં આવેલ નથી તેવા જવાનો છે ૯૨૪, ફરજ ઉપર લેવામાં આવેલ નથી તેની સંખ્યા ૮૨૬ અને એવુ નર્મદા જિલ્લામાં પણ છે તો આ ગ્રામ રક્ષક દળ અને હોમગાર્ડની ભરતીના ધોરણો શું છે ? અને બીજું એ જાણવું છે કે, છોટાઉદેપુર જિલ્લો અને નર્મદા જિલ્લો તે બન્ને જિલ્લામાં પોલીસનું મહેકમ પૂરતું નથી. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે વધુમાં વધુ ગ્રામ રક્ષક દળ અને હોમગાર્ડના સભ્યો લેવાવા જોઇએ. તમે નર્મદા જિલ્લામાં જણાવ્યું છે કે ૧૧૩૩ની સંખ્યા જે છે તેમને પૂરેપૂરી ડ્યૂટી આપવામાં આવી છે તો બે વર્ષના ૭૩૦ દિવસો થાય તો તેમને ૭૩૦ દિવસ સુધી ફરજ ઉપર લેવામાં આવેલ છે કે કેમ ? અને જેતપુર પાવી તાલુકામાં લગભગ ૨૭૫૦ જેટલાં જવાનો છે તેમની અલગ ગ્રામ રક્ષક દળ અને હોમગાર્ડની ઓફિસ માટે માગણી કરેલી એ માગણી ડી.એસ.પી.સાહેબે મંજૂર કરીને પાવી જેતપુરમાં આ ગ્રામ રક્ષક દળની ઓફિસ અને હોમગાર્ડની ઓફિસ કરવા માટે જણાવેલું. છતાં આજદિન સુધી આ ઓફિસ બની નથી તો એ બનાવવા માટે સરકાર શું કરવા માગે છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ હોમગાર્ડ અને ગ્રામ ગૃહ રક્ષક દળ એ રાજય સરકારની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિમાં પોલીસને મદદરૂપ થતાં હોય છે અને એની અગત્યતા પણ રાજયની અંદર ઘણી છે. જિલ્લાના જે એસ.પી. હોય, ડી.વાય.એસ.પી. હોય, સી.પી.આઇ. હોય એ એની આવશ્યકતા પ્રમાણે આ લોકોને ડ્યૂટી એલોટ કરતા હોય છે. હોમગાર્ડને જી.આર.ડી.ના જે જવાનો છોટાઉદેપુર અને નર્મદાની અંદર આપ્યા છે તેમાં ૨૦૧૭–૧૮માં ૧૦ થી ૫૦ જવાનને ૨૭૮ દિવસની કામગીરી ,૫૦ થી ૧૦૦ જવાનને ૮૦ દિવસની કામગીરી ૨૦૧૮–૧૯માં ૧૦ થી ૫૦ જવાનને ૨૮૪ દિવસની કામગીરી અને ૫૦ થી ૧૦૦ જવાનને ૮૧ દિવસની કામગીરી. એ પ્રમાણે નર્મદાની અંદર પણ ૧૦ થી ૫૦ જવાનને ૩૧૩ દિવસની કામગીરી અને ૫૦ થી ૧૦૦ જવાનને ૫૧ દિવસની કામગીરી અને ૨૦૧૮–૧૯માં પણ ૧૦ થી ૫૦ જવાનને ૨૯૯ દિવસની કામગીરી અને ૫૦ થી ૧૦૦ જવાનોને ૬૬ દિવસની કામગીરી એમ આવશ્યકતા અનુસાર આપણે એનો ઉપયોગ કરતા હોઇએ છીએ. હોમગાર્ડની અંદર ધો.૭ પાસ હોય, ૧૮ થી ૫૦ વર્ષની એની વય હોવી જોઇએ, નિયત કરેલ શારીરિક ધોરણો ધરાવતા હોવા જોઇએ, કોઇ ગુનાહિત કૃત્ય ન કરેલ હોય. એ જ પ્રમાણે રાજયના જી.આર.ડી.ની ભરતી પણ ગુજરાત પોલીસ એકટની જોગવાઇ પ્રમાણે કરવામાં આવે છે. એમણે જે વાત કરી કે પાવી–જેતપુરમાં હોમગાર્ડ અને ગ્રામ ગૃહ રક્ષક દળને એસ.પી.એ સ્થાન સોંપ્યા પછી પણ હજી ત્યાં કચેરી ચાલુ કરવામાં નથી આવી. એમાં ટેકનિકલ પ્રશ્ન એ હતો કે ત્યાં લોક રક્ષકની ફાળવણી થઇ એ પછી એ લોક રક્ષકને રહેવા માટે ક્વાટર્સ ન હતા. એના કારણે એસ.પી. એ ઓર્ડર કર્યો હતો. પછી પાછળથી પોલીસ સબ ઇન્સ્પેક્ટરના કહેવાથી એ ઓર્ડર રદ કરવામાં આવ્યો. એ ક્વાટર્સ લોક રક્ષકને ફાળવવામાં આવ્યું. હોમગાર્ડ અને ગ્રામ ગૃહ રક્ષક દળ માટેના ટ્રેનીંગ ઇન્સ્ટિટ્યૂટ માટે હમણાં જ આપણે અમદાવાદ, લાલ દરવાજા ખાતે હોમગાર્ડની બહુ મોટી કચેરી બનાવી છે. આગામી દિવસોમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ આ કચેરી બનાવવા માટે અમે કટિબદ્ધ છીએ. હમણાં મોહનસિંહ પાસેથી પણ મેં વિગતો માગી હતી. એમની લાગણી છે એ પ્રમાણે પાવી–જેતપુરમાં એમને જરુરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર મળી રહે એ માટે અમે કાર્યરત રહેવાના છીએ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયમાં હોમગાર્ડ અને ગ્રામ ગૃહ રક્ષક દળના જવાનોને માનદ ફરજ ભથ્થું કેટલું ચૂકવવામાં આવે છે અને આ જવાનો પાસેથી કેવા પ્રકારની કામગીરી લેવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, (શ્રી નિરંજન ભાઇ વચ્ચે બોલતાં) શ્રી નિરંજન ભાઇ એમનો અધિકાર છે. તમે એમને નહિ ટોકી શકો. હવે તો સુધરો.

અધ્યક્ષશ્રી : માનનીય નિરંજન ભાઇ, પ્લીઝ આપણી પાસે સમય ઓછો છે. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એમનો ઉશ્કેરાટ એવો છે કે એમની બધી વિધાનસભામાં બહુ મોટા માઇનસ રહે છે એટલે હવે એમને ઉંઘ નથી આવતી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હોમગાર્ડ જે દૈનિક ફરજ બજાવે છે એમાં એને ભથ્થાં સ્વરૂપે ૩૦૦ રૂપિયા, તાલીમ દરમિયાન દૈનિક ફરજના ભથ્થાં રૂપે રૂ.૨૦૦/–, પ્રતિ દિન વોશીંગ ભથ્થાં રૂપે રૂ.૧૦૦/–, પરેડ દીઠ ૪૦ રૂપિયા, દર વર્ષે બે ગણવેશની જોડી આપવામાં આવે છે. એ ઉપરાંત ગ્રામ ગૃહ રક્ષક દળને પણ દૈનિક ૨૦૦ રૂપિયા અને પ્રવાસ ભથ્થું ૩૦ રૂપિયા આપવામાં આવે છે. અને એ લોકોની કામગીરી વિશે જે પૂછવામાં આવ્યું, એમાં લોક સંરક્ષણ અને કાયદો – વ્યવસ્થાની જાળવણી હોમગાર્ડ દ્વારા કરવામાં આવે છે. જાહેર સલામતી સંબંધે ગુના નિવારણની કામગીરી, ટ્રાફિક નિવારણની કામગીરી, સરકારી અને જાહેર માલ–મિલકતની કામગીરી, કુદરતી અને માનવ–સર્જિત આપત્તિ વેળાએ વહીવટી તંત્ર સાથે રહીને કામગીરી કરે છે. આ ઉપરાંત સામાજિક પ્રવૃત્તિઓમાં પણ એમને જોડવામાં આવે છે. રક્તદાન શિબિર, સ્વચ્છતા શિબિર, વૃક્ષા રોપણની અંદર પણ એનો ઉપયોગ કરવામાં આવે છે. ગ્રામ ગૃહ રક્ષક દળનો ઉપયોગ નાઇટ રાઉન્ડ, કાયદો – વ્યવસ્થા અને ખાસ કરીને ગામડાંઓમાં સીમ ચોરી અટકાવવા માટે કરવામાં આવે છે. એ ઉપરાંત એક સાગર રક્ષક દળ છે. આપણો ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો છે. એ દરિયા કાંઠાના રક્ષણ માટે સાગર રક્ષક દળ મારફતે દેશ વિરોધી પ્રવૃત્તિઓ ઉપર નજર રાખીને રાજયના પોલીસ તંત્રને મદદરૂપ થવા માટે આ ત્રણેય દળ મદદમાં આવે છે.

## તા. ૨જી જુલાઇ, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય ગૃહ મંત્રીશ્રીને પૂછવું છે કે, નર્મદા જિલ્લામાં આમ પણ પોલીસ દળની સંખ્યા ઘણી ઓછી છે. તો ગ્રામ રક્ષક દળ અને હોમગાર્ડના જવાનોની સંખ્યામાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લો એટલે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ શાંત જિલ્લો છે. વિશ્વની સૌથી મોટી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાનું દેશના વડાપ્રધાનશ્રીએ કેવડીયા ખાતે લોકાપર્ણ કરેલ છે. કેવડીયામાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજયના ૩૪ જિલ્લા અને છ યાત્રાધામો આવેલા છે અને કોઇ એક જગ્યા કે જયાં સીસીટીવી નેટવર્ક ટેકનોલોજી સાથે જોડવામાં આવેલ હોય તો એ આ નર્મદા જિલ્લાના કેવડીયાને જોડવામાં આવેલ છે. રાજય સરકારે ૧૮ હજાર જેટલી પોલીસની ભરતી કરી છે અને ચાલુ વર્ષે પણ મોટી ભરતી કરવાની પ્રક્રિયા ચાલુ છે. તેમ છતાં નર્મદા જિલ્લામાં આવશ્યકતા હશે તેમ પોલીસ દળ, હોમગાર્ડ તથા ગ્રામ રક્ષક દળ ફાળવવામાં આવશે. ગ્રામ રક્ષક દળ, ગૃહ રક્ષક દળ વગેરેની વધારે સઘન ભરતી થાય એ માટે અમે પ્રયત્નશીલ છીએ.

### બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૧૪૬૮૯ **ગેનીબેન ઠાકોર** (વાવ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાંથી જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકો પરત મળી આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ

**પત્રક**

(૧) ૧૦ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| બનાસકાંઠા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| પંચમહાલ | ૦૭ | ૦૫ | ૧૩ | ૧૦ |

(૨) ૧૦ વર્ષ થી ૧૪ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| બનાસકાંઠા | ૧૦ | ૦૮ | ૧૮ | ૧૬ |
| પંચમહાલ | ૦૪ | ૦૪ | ૧૭ | ૧૨ |

(૩) ૧૪ વર્ષ થી ૧૮ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| બનાસકાંઠા | ૬૭ | ૬૧ | ૮૮ | ૬૩ |

(૩) જે બાળકો પરત મળી આવ્યા નથી તેની શોધખોળ માટે સરકારે શું કાર્યવાહી કરી?

(૩) ૧૦ વર્ષ સુધીના બાળકોના ગુમ થવાનું મુખ્ય કારણ સામાન્ય રીતે પરીક્ષામાં અસફળતા, વડીલોનો ઠપકો કે સામાજિક કારણોસર માતાની સાથે ઘર છોડવુ તેમ જણાયેલ છે. જ્યારે બાકીના મોટાભાગના કિસ્સાઓમાં પ્રેમ પ્રકરણના કારણે નાસી ગયા હોવાનુ જણાયેલ છે.

વિશેષમાં જે બાળકો મળી શકતા નથી તેને શોધવા માટે અવાર–નવાર ડ્રાઈવ રાખવામાં આવે છે. સદર ડ્રાઈવમાં જિલ્લાના પોલીસ સ્ટેશનના અધિકારીની ટીમ બનાવી બાળ

તારાંકિત પ્રશ્નો

સુરક્ષા એકમ અને જિલ્લાના એન.જી.ઓ. સાથે મળીને ગુમ થયેલ બાળકોને શોધી કાઢવાની કામગીરી કરવામાં આવેલ છે. ગુમ થયેલ બાળકોની એન્ટ્રી પોર્ટલ પર કરવામાં આવેલ છે તેમજ ગુમ થનાર બાળકોના ફોટા, વર્ણનની મીડીયામાં જાહેરાત કરવામાં આવેલ છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલા બાળકો ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છે એ પૈકી કેટલા બાળકો મળી આવ્યા છે, રાજયની બહારના કેટલા, ગુજરાત રાજયના કેટલા અને શોધવામાં આવેલા બાળકો પૈકી કેટલા બાળકો પોલીસ દ્વારા શોધવામાં આવ્યા, કેટલા એનજીઓ મારફત મળી આવ્યા, જે બાળકો મળી આવ્યા એમાંથી કેટલા બાળકો પોલીસ દ્વારા એના માતા પિતાને પરત આપવામાં આવ્યા, આ ગુમ થયેલા બાળકો પૈકી કેટલાની કિડની તથા લીવર જેવા અંગો કાઢીને વેચવામાં આવ્યા છે? બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની વાત કરી પરંતુ એ સિવાયના જૂનાગઢ, રાજકોટ, મહેસાણા, પાટણ તથા અન્ય જિલ્લામાંથી ગુમ થયેલા બાળકો છે એની સંખ્યા કેટલી છે એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે તેવી વિનંતી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર છે. એ પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલ એમ ચાર આધારસ્તંભ પર ચાલતી સરકાર છે. કોઇનું પણ નાનું બાળક એના માતાપિતાથી વિખૂટું પડી જાય અને એને જેવી વેદના હોય તેવી વેદના રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર પણ અનુભવે છે અને એ રીતે કામગીરી પણ કરે છે. માનનીય ધારાસભ્યશ્રીએ આખા રાજયનો પ્રશ્ન પૂછ્યો છે ત્યારે એટલું ચોક્કસ કહીશ કે, રાજયની અંદર આના માટે સઘન ઝુંબેશ ચાલુ કરી છે. બનાસકાંઠા જિલ્લામાં ૧૮૪ બાળકો ગુમ થયા હતા એમાંથી ૧૪૯ પરત આવ્યા છે. એટલે ૮૦ ટકા રેશીયો છે. એ પ્રમાણે પંચમહાલમાં ૧૭૨ પૈકી ૧૨૮ બાળકો એટલે કે ૭૫ ટકા પરત આવવાનો રેશીયો છે. જે બાળકો ગુમ થયેલ છે એમાંના ૯૦ ટકા છોકરા છોકરીઓ હોય છે અને એ પ્રેમ પ્રકરણને કારણે જતા રહેતા હોય છે. બનાસકાંઠા અને પંચમહાલની વિગતો આ પ્રમાણે છે. બે બાળકો એવા છે કે જે એના માતા પિતા સાથે ચાલ્યા ગયા છે. એક બાળક અગમ્ય કારણોસર ગુમ થયેલ છે. જ્યારે એક બાળક પૂરમાં તણાય જવાના કારણે અને એક બહેરા મુંગાના કારણે જતું રહ્યું છે. માનનીય સભ્યશ્રીએ ઉંમરની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે ૧૪થી ૧૮ વર્ષની ઉંમર છે, એ ૧૪થી ૧૮ વર્ષની બાળકોની સંખ્યામાં વધુ છે. બનાસકાંઠા જિલ્લામાં ઝીરોથી ૧૦ વર્ષ માં એક દીકરી ગુમ થઇ અને એ મળી એમાં કોઇ બાકી નથી. ૧૦થી ૧૪ વર્ષમાં બે છોકરાઓ અને ૨૬ દીકરીઓ ગુમ થઇ, જેમાંથી બે દીકરા અને ૨૨ દીકરીઓ પરત આવી. જેમાં માત્ર ચાર બાકી છે. મેં જે ઉલ્લેખ કર્યા કે ૧૪થી ૧૮ વર્ષમાં ૭ દીકરા અને ૧૪૮ દીકરીઓ ગુમ થઇ એવું જણાવવામાં આવ્યું. એ પૈકી ૬ અને ૧૧૮ પરત આવ્યા. આમ આની અંદર આ પ્રમાણે આ વયમર્યાદાની સંખ્યા વધારે છે. એ જ પ્રમાણે પંચમહાલમાં ઝીરોથી ૧૦ નો ઉલ્લેખ નથી કરતો, પણ ૧૪થી ૧૮ વર્ષની અંદર ૧૩૧ દીકરીઓ ગુમ થઇ, એમાંથી ૯૭ દીકરીઓ પરત આવી. મોટા ભાગના કિસ્સાઓની અંદર પ્રેમ પ્રકરણના કારણે થાય છે. માતા સાથે ચાલ્યા જવાના કારણે થાય છે. આ રાજયમાં બાળકોને વેચીને બાળકોના અવયવો કાઢવા માટેનો એક પણ કિસ્સો નોંધાયો નથી, એટલી સર્તકતાથી રાજયનું પોલીસ તંત્ર કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ કામ કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બાળકો અણસમજના કારણે જે પ્રેમ કરે છે, એનું કાંઇક કરો.

**મોરબી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઇન એઇડની ફાળવેલ રકમ**

૧૩૪૦૦ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ફાળવવામાં આવે છે, અને | (૧) ૯૫ % |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમયગાળામાં મોરબી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઇન એઇડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ. ૩૭૩.૪૬ લાખ |

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, રાજયમાં રેતીની લીઝ પેટે વસૂલ કરેલ રોયલ્ટીની રકમમાંથી ૯૫ ટકા પ્રમાણે વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલી રકમ જિલ્લા પંચાયતને ફાળવી છે ? બીજું, વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં રેતીની લીઝ પેટે મોરબી જિલ્લાની તાલુકાવાર રોટલ્ટીની કેટલી રકમ થઇ અને કેટલી રકમ રાજ્ય સરકારે વસૂલ કરી?

## તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : રાજ્ય સરકાર રેતી, કાંકર અને ગ્રેવલ આ ત્રણમાંથી જે રોયલ્ટી ઉઘરાવે છે, ૪૦ રૂપિયે મેટ્રિક ટનનો રેઇટ છે. આ જે રોયલ્ટી ઉઘરાવવામાં આવે છે એમાંથી ૫ ટકા વહીવટી ખર્ચ કાપી અને ૯૫ ટકા જિલ્લાની અંદર આપે છે. જિલ્લાની અંદર ૫૦ ટકા જિલ્લા પંચાયતને જાય છે અને ૫૦ ટકા ગ્રામીણ એટલે કે જે ગામડાંઓમાંથી ઇન્કમ મળી હોય તે ગામડાંઓને પરત કરવામાં આવે છે.

મોરબી જિલ્લાની અંદર ૨૦૧૭–૧૮ થી અંદર રૂ.૧ કરોડ ૬૭ લાખ ૬૬ હજારની રોયલ્ટી મળી હતી એમાંથી ૫ ટકા કાપીને રૂ.૧૫૯.૨૭ કરોડ પરત કરવામાં આવી છે. જેમાં મોરબીની અંદર રૂ.૧૨૬.૨૭ કરોડ, વાંકાનેરમાં રૂ.૮.૧૯ કરોડ, હળવદમાં રૂ.૧૨.૭૨ કરોડ, માણીયામાં રૂ.૧૧.૯૬ કરોડ, ટંકારામાં રૂ.૦.૨ કરોડ. ૨૦૧૮–૧૯માં રૂ.૧૯૧.૯૭ કરોડની રોયલ્ટી મળી હતી, એમાંથી ૫ ટકા કાપીને મોરબીને રૂ.૧૦૮.૯૮ કરોડ, વાંકાનેરમાં રૂ.૯.૮૦ કરોડ, હળવદમાં રૂ.૫૪.૪૮ કરોડ, માણીયામાં રૂ.૮.૭૬ કરોડ અને ટંકારામાં રૂ.૦.૩૫ કરોડ, આમ રૂ.૧૮૨.૩૭ કરોડ એમને મળશે. માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી જો બાદ કરીએ ૫૦ ટકા જિલ્લા પંચાયતને જશે અને ૫૦ ટકા ગામડાંઓમાં જશે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રેતીની લીઝ કાયદેસર રીતે આપીને એમાંથી આપ રોયલ્ટી મેળવો છે તે સારી વાત છે. મોરબી જિલ્લામાં ખાસ કરીને મોરબી, હળવદ, અને થાન ત્યાં ગેરકાયદેસર રેતીનું ખનન થાય છે. એ રોકવા માટે અમે વાંરવાર સરકારમાં રજૂઆતો પણ કરી છે. છતાં બે– રોકટોક ચાલતી આ રેતીના ખનનની પ્રવૃત્તિ રોકવા માટે સરકાર શું પગલાં ભરવા માગે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે એની વાત કરું તો એના માટે જુદી નોટિસ આપવી જોઇએ. સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેના માટે જુદી નોટીસ આપવી પડે. પણ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કડકમાં કડક સૂચના આપી છે અને આજની તારીખમાં ગેરકાયદેસર ખનન કરતા લોકોને પકડયા છે એટલું જ નહીં પણ પકડીને તેમની પાસેથી દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. આપની પાસે પણ જો કોઇ માહિતી હોય તો ચોક્કસ આપજો. આપણે તેમાં પણ ચેકિંગ કરાવડાવીશું.

### અમદાવાદ ખાતે રોબોટીક ગેલેરીનું બાંધકામ

* ૧૩૪૨૬ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૮માં સાયન્સ સીટી, અમદાવાદ ખાતે રોબોટીક ગેલેરીનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) સાયન્સ સીટી અમદાવાદ ખાતે રોબોટીક ગેલેરીનું બાંધકામ વર્ષ ૨૦૧૭માં શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ, આ ગેલેરી માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ.૨૯.૨૩ કરોડ |

**શ્રી બાબુભાઇ જ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે, રોબોટીક ગૅલેરી એટલે શું? અને આ ગેલેરીમાં કઇ કઇ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે અને તેનાથી કયા ફાયદા થાય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ સન્માનનીય ગૃહમાં આ પ્રશ્નનો જવાબ આપવામાં મને ખૂબ ગૌરવ અને આનંદ થાય છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે આ રાજયને, રાજ્યની ભાવી પેઢીને દુનિયાની સમકક્ષ લાવવા માટે દૂરંદેશી પગલાં ભર્યા, આ રાજયનો, ગુજરાતનો યુવા વર્ગ ઇન્ફર્મેશન ટેકનોલોજી દ્વારા વિશ્વ સાથે કદમથી કદમ મીલાવી શકે તે માટે આ પગલાં ભરવામાં આવ્યા. રોબોટીક એટલે આપ મેળે ચાલતું, સ્વયં સંચાલિત મશીન જેને રોબોટ કહે છે અને કમ્પ્યુટર દ્વારા તેનું પ્રોગ્રામીંગ કરવામાં આવે છે અને તેની પાસેથી ધાર્યું કામ પણ લઇ શકીએ છીએ. આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ દ્વારા પ્રોગ્રામીંગ આપવામાં આવે અને તે મુજબ કાર્યક્રમ કરવામાં આવે છે. મને એ વાતનું ખૂબ ગૌરવ છે કે, માનનીય નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલ આ કામને ડબલ ઝડપથી માનનીય વિજયભાઇ રૂપાણી પણ આગળ ધપાવી રહ્યા છે. આ ગેલેરી વિશ્વમાં એક માત્ર આવી ગૅલેરી છે અને તે ગુજરાતમાં છે. અહીં ૬૩ જેટલા રૉબોટ કયા કયા કામમાં આવે છે તેની વિગતો હું રાજકીય રીતે નહીં પણ આ સન્માનનીય ગૃહની જાણકારી માટે આપું છું. કૃષિના કામમાં કાપણીમાં, લણવામાં, નીદવામાં, કાપવામાં, ખાતર છાંટવામાં એ ઉપયોગી છે, એ જ રીતે બાંધકામમાં વેલ્ડીંગ, કટિંગ કે ફીટીંગના કામમાં, એ જ રીતે તબીબી ક્ષેત્રે ડૉકટરને પણ મદદરૂપ થવા માટે ઉપયોગી છે. આ રીતે દુનિયામાં ગુજરાત ક્યાંય પાછળ ન રહી જાય, કુદરતી હોનારત વખતે પણ કાટમાળમાં ફસાયેલા લોકોને કાઢવા માટે જયાં માનવી કામ ન કરી શકે તે જગ્યાએ આ રૉબોટ કામ કરી શકે છે. હમણાં જ માનનીય સૌરભભાઇએ ખાણ ખનિજનો જવાબ આપ્યો. તો ખાણ ખનિજના કામમાં પણ રૉબોટ કામમાં આવે છે. આપ સૌએ ઉરી ફિલ્મ તો જોઇ જ હશે. એ ઉરી ફિલ્મમાં રોબોટનો ખૂબ સરસ રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. એક પક્ષી રૉબોટ છે અને દુશ્મનની છાવણીમાં તે ઉડતું ઉડતું જાય છે અને ત્યાં જઇને ફોટા પાડે છે અને માહિતી પણ લાવે છે, અને તેનું સંચાલન

અતારાંકિત પ્રશ્નો

અહીંથી આપણી છાવણીમાંથી થઇ રહ્યું છે. એ જ રીતે ગૃહ ઉપયોગી કામકાજમાં પણ રોબોટનો ઉપયોગ કરી શકાય છે. માનવ રહિત કાર, ઘરકામ, કચરા, પોતા, સાફસફાઇ વગેરેમાં પણ ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત અંતરિક્ષ ક્ષેત્રે પણ આ રૉબોટ ખૂબ ઉપયોગી થાય છે.

**સુરત મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

* ૧૩૪૩૫ **શ્રી મુકેશભાઇ પટેલ** (ઓલપાડ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ – વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ.૩૮૭.૯૬ કરોડ અને ૨૦૧૮–૧૯ માં રૂ.૪૭૯.૮૩ કરોડ મળી કુલ રૂ.૮૬૭.૭૯ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૨) – વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ.૩૮૭.૯૬ કરોડ અને ૨૦૧૮–૧૯ માં રૂ.૩૬૦.૦૦ કરોડ મળી કુલ રૂ.૭૪૭.૯૬ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે, |
| (૩) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૩) – વર્ષ ૨૦૧૭–૧૮ માં ૨૦ કામો અને<br>– વર્ષ ૨૦૧૮–૧૯ માં ૨૦ કામો મળી કુલ ૪૦ કામો મંજુર થયેલ છે. |
| (૪) કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૪) તે પૈકી – વર્ષ ૨૦૧૭–૧૮ માં ૧૦ કામો અને વર્ષ ૨૦૧૮–૧૯ માં ૦૪ કામ મળી કુલ ૧૪ કામો પૂર્ણ થયેલ છે. |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધામાં અત્યાર સુધીમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિકાસશીલ શહેરમાં વસતા લોકોની સુવિધા માટે.........

અધ્યક્ષશ્રી : **પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**ગાંધીનગર જિલ્લામાં એમએસએમઇ એકમોને કેપિટલ સબસીડી યોજના**

૧૩૪૭૫ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) એકમોને કેપિટલ સબસીડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૦૫ એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યુ ? | (૨) ૧૩૬ એકમોને રૂ.૧,૨૧૯.૧૯ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું |

---------

**વડોદરા મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ ગ્રાન્ટ**

૧૩૪૪૭ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા મહાનગરપાલિકાને તા.૩૧–૦૩– | (૧) રૂ.૪૭,૪૬,૪૩,૩૩૩/–ની ગ્રાન્ટ મંજુર કરેલ |

અતારાંકિત પ્રશ્નો

૨૦૧૯ અંતિત છેલ્લા એક વર્ષ દરમિયાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મંજૂર કરેલ છે, અને

છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ચૂકવેલ છે?

(૨) પૂરેપૂરી ગ્રાન્ટ ચૂકવેલ છે.

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

૧૪૭૭૪ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાંથી જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકો પરત મળી આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ

**પત્રક**

(૧) ૧૦ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| જુનાગઢ | ૨ | ૨ | ૫ | ૪ |
| પોરબંદર | ૭ | ૭ | ૫ | ૪ |

(૨) ૧૦ વર્ષ થી ૧૪ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| જુનાગઢ | ૯ | ૯ | ૪ | ૧ |
| પોરબંદર | ૦ | ૦ | ૩ | ૩ |

(૩) ૧૪ વર્ષ થી ૧૮ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| જુનાગઢ | ૭૦ | ૬૨ | ૭૬ | ૫૨ |

(૩) જે બાળકો પરત મળી આવ્યા નથી તેની શોધખોળ માટે સરકાર શું કાર્યવાહી કરી ?

(૩) ૧૦ વર્ષ સુધીના બાળકોના ગુમ થવાનું મુખ્ય કારણ સામાન્ય રીતે પરીક્ષામાં અસફળતા, વડીલોનો ઠપકો કે સામાજિક કારણોસર માતાની સાથે ઘર છોડવુ તેમ જણાયેલ છે. જ્યારે બાકીના મોટાભાગના કિસ્સાઓમાં પ્રેમ પ્રકરણના કારણે નાસી ગયા હોવાનુ જણાયેલ છે.

વિશેષમાં જે બાળકો મળી શકતા નથી તેને શોધવા માટે અવાર–નવાર ડ્રાઈવ રાખવામાં આવે છે. સદર ડ્રાઈવમાં જિલ્લાના પોલીસ સ્ટેશનના અધિકારીની ટીમ બનાવી બાળ સુરક્ષા એકમ અને જિલ્લાના એન.જી.ઓ. સાથે મળીને ગુમ થયેલ બાળકોને શોધી કાઢવાની કામગીરી કરવામાં આવેલ છે. ગુમ થયેલ બાળકોની એન્ટ્રી પોર્ટલ પર કરવામાં આવેલ છે તેમજ ગુમ થનાર બાળકોના ફોટા, વર્ણનની મીડીયામાં

આષાઢ ૧૧, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

જાહેરાત કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના**

૧૩૪૫૯ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૨૭૮૫

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૧૩૫૩ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૧૦૬૧ |

(૩) ૨૪૬૩ એકમોને રૂ. ૫૫૨૮.૬૦ લાખની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

---------

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટેની મંજૂરી**

૧૪૮૩૫ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કયા ધર્મના કેટલા વ્યક્તિઓએ ધર્મ પરિવર્તન કરવા માટે મંજૂરી માંગી,

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને

(૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) અને (૨) પરિશિષ્ટ–અ મુજબ

(૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

**પરિશિષ્ટ – અ**

| જિલ્લાનું નામ | તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધર્મ પરિવર્તન માટે મળેલ અરજીઓની વિગત | | | | તે અન્વયે આપવામાં આવેલ મંજૂરીની વિગત |
|---|---|---|---|---|---|
| | હિંદુ | મુસ્લિમ | ખ્રિસ્તી | અન્ય | |
| છોટાઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વડોદરા | ૦૮ | ૦૭ | ૦૨ | ૦૦ | ૧૬ |

---------

**અમદાવાદ જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ**

૧૩૩૯૧ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ

**જવાબ**

(૧) ૯૫ %

રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમયગાળામાં અમદાવાદ જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે?

(૨) રૂ. ૪૮૫.૦૧ લાખ

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા માટે આયોજન**

૧૪૯૧૬ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૪–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી લગાવવા અંગેનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેમેરા લગાવવામાં આવેલ છે? | (૨) તા.૩૦–૪–૨૦૧૯ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત ભરૂચ જિલ્લામાં ૧૩૧ કેમેરા અને નર્મદા જિલ્લામાં ૧૪૨ કેમેરા લગાવવામાં આવેલ છે. |

---------

**જામનગર મહાનગર પાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૩૪૪૩ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ – વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ.૪૧.૭૨ કરોડ અને ૨૦૧૮–૧૯ માં રૂ.૬૫.૫૦ કરોડ મળી કુલ રૂ.૧૦૭.૨૨ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૨) વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ. ૪૧.૭૨ કરોડ અને ૨૦૧૮–૧૯ માં રૂ.૪૯.૫૦ કરોડ મળી કુલ રૂ.૯૧.૨૨ કરોડની રકમ ચુકવવામાં આવેલ છે, |
| (૩) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૩) વર્ષ ૨૦૧૭–૧૮ માં ૧૬ કામો અને વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૪ કામો મળી કુલ ૩૦ કામો મંજૂર થયેલ છે. |
| (૪) કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૪) તે પૈકી વર્ષ ૨૦૧૭–૧૮ માં ૧૬ કામો અને વર્ષ ૨૦૧૮–૧૯ માં ૦૨ કામ મળી કુલ ૧૮ કામો પૂર્ણ થયેલ છે. |

---------

**ટાટા મોટર્સ લી. ને પ્રથમ ફેઝમાં નેનો કારનું મહત્તમ ઉત્પાદન**

૧૫૩૨૪ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારના તા.૦૧–૦૧–૨૦૦૯ના ઠરાવની શરતો પૈકી શરત નં.૧૨ અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ | (૧) ઠરાવની જોગવાઈ અનુસાર TML will set up a plant with the capacity to manufacture approximately 2,50,000 Nano Cars |

લી.ને. પ્રથમ ફેઝમાં દર વર્ષે કેટલી નેનો કારનું મહત્તમ ઉત્પાદન કરવાનું હતું, અને

per annum pursuant to TML Phase I investment.

(૨) તે અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી નેનો કારનું ઉત્પાદન થયેલ છે?

(૨)

| ક્રમ | વર્ષ (સમયગાળો) | ઉત્પાદિત નેનો કારની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮ | ૧૪૪૬ |
| ૨ | તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | ૬૧૩ |

---------

**રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત લીઝો**

૧૪૭૫૮ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝો કાર્યરત છે,

(૧)

| ક્રમ | પ્રકાર | સંખ્યા | |
|---|---|---|---|
| | | રાજકોટ | દેવભૂમિ દ્વારકા |
| ૧ | મુખ્ય ખનિજ | ૦૪ | ૧૫૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કયા પ્રકારના ખનીજ ઉત્ખનન માટે કેટલી લીઝો આપવામાં આવી,

(૨)

| ક્રમ | પ્રકાર | સંખ્યા | |
|---|---|---|---|
| | | રાજકોટ | દેવભૂમિ દ્વારકા |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનીજ ઉત્ખનન કરતા કેટલા ઈસમો પકડાયા અને તે ઈસમો સામે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૩)

- **રાજકોટ જિલ્લોઃ**

| સમયગાળો | પકડાયેલ ઈસમો | પકડાયેલ કેસો | લેવામાં આવેલ પગલા | |
|---|---|---|---|---|
| | | | દંડકીય વસુલાત | પોલીસ ફરિયાદ |
| તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮ | ૦૮ | ૦૯ | ૦૮ | ૦૧ |
| તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | ૦૧ | ૦૭ | ૦૧ | ૦૬ |

- **દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ**

| સમયગાળો | પકડાયેલ ઈસમો | પકડાયેલ કેસો | લેવામાં આવેલ પગલા | |
|---|---|---|---|---|
| | | | દંડકીય નોટીસ | દંડકીય વસુલાત |
| તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | ૧૦ | ૧૦ | ૦૯ | ૦૧ |

(૪) પકડાયેલા ઈસમો પાસેથી કુલ કેટલી દંડની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમ ક્યારે વસુલ કરવામાં આવશે?

(૪) • રાજકોટ જિલ્લામાં ઉક્ત પકડાયેલ ઈસમો પાસેથી રૂ.૨૯.૩૩ લાખની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમની વસુલાત માટે

નિયમાનુસાર કાર્યવાહી ચાલુમાં છે.

- દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉક્ત પકડાયેલ ઇસમો પાસેથી રૂ.૦૨.૧૬ લાખની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમની વસુલાત માટે નિયમાનુસાર કાર્યવાહી ચાલુમાં છે.

---------

**અમદાવાદ શહેરમાં મંજૂર થયેલ ડ્રાફ્ટ ટી.પી. બાબત**

૧૪૭૨૫ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલી ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ટી.પી. ફાઇનલ થયેલ છે,

(૩) ડ્રાફ્ટ ટી.પી. થયા બાદ ફાઈનલ ટી.પી. કરવા માટે કોઈ ચોક્કસ સમયગાળો કાયદા/નિયમોમાં છે કે કેમ,

(૪) જો હા, તો કેટલા સમયમાં ટી.પી. ફાઈનલ કરવાની થાય, અને

(૫) સમયસર ડ્રાફ્ટ ટી.પી. ફાઈનલ ન થતી હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ૩૧૦

(૨) ૧૦૩

(૩)

- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૫૧ની જોગવાઇ મુજબ ૧૨–માસની સમયમર્યાદા છે.
- સદર અધિનિયમની સદર કલમના પરંતુકની જોગવાઇ અનુસાર પ્રસ્તુત સમયમર્યાદા રાજ્ય સરકાર વખતોવખત વધારી શકે છે.

(૪) બાર માસ અથવા સરકાર દ્વારા જે સમયમર્યાદા વધારવામાં આવે ત્યાં સુધીમાં ટી.પી. ફાયનલ કરવાની થાય.

(૫) યોજનામાં અલગ અલગ જમીન માલિકો તથા હિત ધરાવતા વ્યક્તિઓની રજુઆતોને ન્યાય મળે તે માટે કરવાની થતી કાર્યવાહી તેમજ બોર્ડ ઓફ અપીલના નિર્ણયોમાં થતો વિલંબ.

---------

**ટાટા મોટર્સ લિ.એ પ્રથમ અને બીજા ફેઝમાં કરેલ રોકાણ**

૧૪૮૧૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારના તા.૧–૧–૨૦૦૯ના ઠરાવની શરતો પૈકી શરત નં.૧૨ અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ લી.ને પ્રથમ અને બીજા ફેઝના રોકાણ કરે તો દર વર્ષે કેટલી નેનો કારનું ઉત્પાદન કરવાનું હતું,

(૨) તે અન્વયે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ટાટા મોટર્સ લી.એ પ્રથમ અને બીજા ફેઝમાં કેટલી રકમનું રોકાણ કરેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નેનો કારનું ઉત્પાદન થયેલ છે, અને

**જવાબ**

(૧) ઠરાવની જોગવાઈ અનુસાર
TML will set up a plant with the capacity to manufacture approximately 2,50,000 Nano Cars per annum pursuant to TML Phase I investment, which could be extended up to 3,50,000 Nano Cars & 5,00,000 Nano Cars Per Annum in Phase-II.

(૨) ફેઝ–૧–રૂ. ૩૯૫૪ કરોડ
ફેઝ–૨ એકમ પાસેથી મળેલ માહિતી પ્રમાણે રૂ.૩૧૨૨ કરોડ

(૩)

| ક્રમ | વર્ષ (સમયગાળો) | ઉત્પાદિત નેનો કારની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૬/૨૦૧૭ | ૧૪૪૬ |

| | | |
|---|---|---|
| | થી તા.૩૧/૦૫/૨૦૧૮ | |
| ૨ | તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | ૬૧૩ |

(૪) જો ઠરાવની શરત નં.૧૨ અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ લી.દ્વારા નેનો કારનું ઉત્પાદન ન થયું હોય, તો ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા?

(૪) ઠરાવની શરતો પૈકી સદર બાબતનો કોઈ ઉલ્લેખ કરેલ નથી, આથી કોઈ પગલાં લેવાના થતાં નથી.

---------

**વડોદરા અને સુરત જિલ્લામાં આવેલી લીઝોની એનઓસી બાબત**

૧૪૮૪૧ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર ક્યા પ્રકારની કેટલી લીઝો આવેલી છે,

(૧)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **વડોદરા** | **સુરત** |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | ૦૪ |
| ૨ | ગૌણ ખનિજ | ૨૦૫ | ૨૬૧ |

(૨) તે પૈકી કેટલા લીઝ ધારકો પર્યાવરણની એનઓસી ધરાવે છે,

(૨)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **વડોદરા** | **સુરત** |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | ૦૪ |
| ૨ | ગૌણ ખનિજ | ૧૩૦ | ૧૯૭ |

(૩) પર્યાવરણની એનઓસી ધરાવતા ન હોય તેવા કેટલા લીઝધારકો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ પર્યાવરણની એનઓસી ન ધરાવતા હોઈ તેવી કેટલી લીઝો બંધ કરવાના આદેશો છેલ્લા બે વર્ષમાં ખાણ-ખનિજ કચેરીઓ દ્વારા આપવામાં આવ્યા ?

(૧) બૌડા દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૧૩ હેઠળ વિકાસ યોજના તા.૧૦.૦૧.૧૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવી. જેની સામે મળેલ વાંધા સૂચનો બૌડા દ્વારા ધ્યાને લેવાયેલ છે. જે મુજબના સુધારા વિકાસ યોજનામાં આમેજ કરીને, સદર વિકાસ યોજના સદર અધિનિયમની કલમ–૧૬ હેઠળ બૌડા દ્વારા તા.૨૬/૦૫/૨૦૧૫ ના રોજ સરકારશ્રીની મંજૂરી અર્થે સદર કરાયેલ. જેને સરકારશ્રીના તા.૨૮/૦૩/૨૦૧૭ ના આખરી જાહેરનામાથી મંજૂરી અપાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પુરૂં પાડવાનો પ્રોજેક્ટ**

૧૪૭૩૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : ચૌદમી ગુજરાત વિધાનસભા, ત્રીજું સત્ર, ૨૦૧૯, તા.૧૯–૨–૨૦૧૯ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૦૭૩ (અગ્રતાક્રમ–૪૪) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરને ચોવીસ કલાક પાણી પૂરું પાડવાના પ્રોજેક્ટ અન્વયે પાયલોટ પ્રોજેક્ટ તરીકે જોધપુર વોર્ડ પસંદ કરેલ, તે વોર્ડમાં તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા કલાક પાણી પૂરૂં પાડવામાં આવે છે,

(૨) બાકી રહેલ ડીએમએમાં હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી પૂર્ણ કરી વોટર પોલીસી અમલમાં આવ્યેથી ૨૪ કલાક પાણી પૂરૂં પાડવાનું હતું તે કામગીરી ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ઉકત કામગીરી પૂર્ણ ન થઈ હોય તો તેના કારણો શું છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરી ૨૪ કલાક પાણી પૂરૂં પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએ(ડિસ્ટ્રીક્ટ મીટરીંગ એરીયા)માં હાલમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાનું ચાલુ કરવામાં આવેલ છે, ઓવરહેડ ટાંકી ડીએમએમાં ૬–૩૦ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે.

(૨) બાકી રહેલ ડીએમએમાં હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.

(૩) આ વિસ્તારની પાણી સપ્લાય કરવાની લાઇન આર.સી.સી. રોડની નીચે આવેલ છે. જેથી વોટર મીટર સહિતના સ્ટેપ સેડલ કનેક્શન કરવા માટે આર.સી.સી. રોડ તોડવો પડે તેમ છે. જેથી અમુક સોસાયટીઓમાં પૂરતો સહકાર મળતો નથી. હાલમાં વૈકલ્પીક વ્યવસ્થાના ભાગરૂપે હયાત કનેક્શન પર જે તે પ્રોપર્ટીની પ્રાઇવેટ પ્રીમાઇસીસમાં વોટર મીટર લગાવવામાં આવેલ છે. જેમાં પણ અમુક રહીશો દ્વારા પુરતો સહકાર મળતો નથી. જેથી રહીશોને સમજાવીને કામગીરી કરવામાં આવે છે. જેમાં પણ ઘણો સમય વ્યતિત થાય છે. બાકી રહેલ ૩ (ત્રણ) ડીએમએમાં વોટર મીટર લગાવવાની કામગીરી થઇ ગયા બાદ.

---------

**ભાવનગર શહેરમાં મંજૂર થયેલ ડ્રાફ્ટ ટી.પી.**

૧૪૮૦૩ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર શહેરમાં કેટલી ડ્રાફટ ટી.પી. મંજૂર થયેલ છે,

(૧) ૧૬

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી ટી.પી. ફાઈનલ થયેલ છે,

(૨) ૦૫

(૩) ડ્રાફટ ટી.પી. થયા બાદ ફાઈનલ ટી.પી. કરવા માટે કોઈ ચોક્કસ સમયગાળો કાયદા/નિયમોમાં છે કે કેમ,

(૩)

- ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૫૧ ની જોગાવાઈઓ મુજબ ૧૨ માસની સમયમર્યાદા છે.
- સદર અધિનિયમની સદર કલમના પરંતુકની જોગવાઈઓ અનુસાર પ્રસ્તુત સમયમર્યાદા રાજ્ય સરકાર વખતો-વખત વધારી શકે છે.

(૪) જો હા, તો કેટલા સમયમાં ટી.પી. ફાઈનલ કરવાની થાય, અને

(૪) ૧૨ માસ અથવા સરકાર દ્વારા જે સમયમર્યાદા વધારવામાં આવે ત્યાં સુધી ટી.પી. ફાઈનલ કરવાની થાય.

(૫) સમયસર ડ્રાફટ ટી.પી. ફાઈનલ ન થતી હોય તો તેના કારણો શા છે ?

(૫) યોજનામાં અલગ અલગ જમીન માલિકો તથા હિત ધરાવતા વ્યકિતઓની રજૂઆતોને ન્યાય મળે તે માટે કરવાની થતી કાર્યવાહી તેમજ બોર્ડ ઓફ અપીલના નિર્ણયોમાં થતો વિલંબ.

---------

**દાહોદ અને ડાંગ જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટેની મંજૂરી**

૧૪૮૨૬ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ક્યા ધર્મના કેટલા વ્યકિતઓએ ધર્મ પરિવર્તન કરવા માટે મંજુરી માંગી,

(૨) તે અન્વયે કેટલી વ્યકિતઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને

(૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) અને (૨) પરિશિષ્ટ-અ મુજબ

(૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

**પરિશિષ્ટ - અ**

| **જિલ્લાનું નામ** | **તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધર્મ પરિવર્તન માટે મળેલ અરજીઓની વિગત** | | | **તે અન્વયે આપવામાં આવેલ મંજૂરીની વિગત** |
|---|---|---|---|---|
| | **હિંદુ** | **મુસ્લિમ** | **અન્ય** | |
| દાહોદ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

**આશારામ આશ્રમમાં બે બાળકોના મોત અંગે નીમેલ શ્રી ડી.કે.ત્રિવેદી પંચનો અહેવાલ**

૧૪૭૮૨ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : ચૌદમી ગુજરાત વિધાનસભા, ત્રીજું સત્ર, ૨૦૧૯, તા.૧૯-૨-૨૦૧૯ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૧૦૮ (અગ્રતાક્રમ-૧૬)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતે આશારામ આશ્રમમાં અભ્યાસ કરતા બે બાળકોના તાંત્રિક વિધિથી મોત નીપજાવવાની

**જવાબ**

(૧) મળેલ તપાસ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

ગુનાઈત ઘટનામાં રાજ્ય સરકારે નીમેલ શ્રી ડી.કે.ત્રિવેદી પંચનો રાજ્ય સરકારને મળેલ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ હતો, તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાજ્ય સરકારે શી વિચારણા કરી, અને

(૨) ઉક્ત અહેવાલ રાજ્ય સરકારને ક્યારે મળેલ ?

(૨) તા. ૩૧-૦૭-૨૦૧૩ના રોજ

---------

## પંચમહાલ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો

૧૫૨૯૦ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર દેશી/વિદેશી દારૂનો કેટલો જથ્થો અને વાહનો પકડ્યા,

**જવાબ**

(૧)

| તાલુકા | દેશી દારૂ (લીટર) | દેશી દારૂમાં પકડાયેલ વાહનો | વિદેશી દારૂ (બોટલ) | વિદેશી દારૂમાં પકડાયેલ વાહનો |
|---|---|---|---|---|
| ગોધરા | ૯૭૨૫ | ૨ | ૧૦૫૦૫ | ૧૦૫ |
| શહેરા | ૨૨૭૯ | ૦ | ૨૫૪૬૪ | ૧૮ |
| મોરવા | ૧૬૫૦ | ૧ | ૬૩૫૨૪ | ૮૫ |
| હાલોલ | ૫૬૦૧ | ૬ | ૮૮૦૩૩ | ૧૦૨ |
| કાલોલ | ૩૬૭૬ | ૦ | ૫૨૦૪૪ | ૬૨ |
| ઘોઘંબા | ૯૪૦ | ૦ | ૮૦૭૪૩ | ૧૨૮ |
| જાંબુઘોડા | ૧૩૩૯ | ૧ | ૧૦૦૨૨ | ૪૦ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ જથ્થો કેટલી કિંમતનો હતો,

(૨) રૂ. ૫.૮૪ કરોડ

(૩) ઉક્ત બાબતે કેટલા ઈસમોની ધરપકડ કરી અને શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૯૨૮૬ ઈસમોની ધરપકડ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી.

(૪) ઉક્ત ગેરકાનુની પ્રવૃત્તિને અટકાવવા સરકારે શા પગલાં ભર્યા?

(૪) નશાબંધી કાયદામાં સુધારો કરીને સજા અને નાણાકીય જોગવાઈમાં વધારો કરી કાયદો કડક બનાવેલ છે. નશાબંધી અધિનિયમ અને અન્ય સૂચનાઓનું ચુસ્ત અમલીકરણ કરવામાં આવે છે. નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી આવા ઈસમો વિરૂદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા, તડીપાર અને પ્રોહિ-૯૩ જેવા અટકાયતી પગલા લેવામાં આવેલ છે.

---------

## વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અને ૨૦૧૯માં કરેલ એમઓયુ

૧૫૫૩૯ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અને ૨૦૧૯માં ક્યા ક્ષેત્રમાં કેટલી રકમના એમઓયુ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭માં મંજુર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ની સેકટરવાર માહિતી આ સાથે પત્રક-૧ માં અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૯માં મંજુર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનની સેકટરવાર માહિતી આ સાથે પત્રક-૨ માં સામેલ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭ અને ૨૦૧૯માં સુચિત મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) તે પૈકી કેટલા પ્રોજેક્ટ અંતર્ગત કેટલું મૂડીરોકાણ આવ્યું, અને

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭માં મંજુર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી કમિશન્ડ થયેલ ૧૫,૨૮૯ પ્રોજેક્ટસમાં રૂ.૩,૦૩,૩૧૬ કરોડનું મૂડીરોકાણ અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૯માં મંજુર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી કમિશન્ડ થયેલ ૧૬૨૫ પ્રોજેક્ટસમાં રૂ. ૨૯૩૯ કરોડનું મૂડીરોકાણ આવેલ છે.

(૩) ઉક્ત એમઓયુ પૈકી કેટલા એકમોએ ઉત્પાદન ચાલુ કર્યુ છે?

(૩) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૭માં ૧૫,૨૮૯ પ્રોજેક્ટ અને સમીટ ૨૦૧૯માં ૧૬૨૫ પ્રોજેક્ટ કમિશન્ડ થયેલ છે.

**પત્રક – ૧**

VG 2017

| ક્રમ નં. | સેક્ટર | ટોટલ નંબર ઓફ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન/ પ્રોજેક્ટસ | ટોટલ પ્રપોઝડ ઈન્વેસ્ટમેન્ટ | કમિશન્ડ પ્રોજેક્ટ (રૂ. કરોડમાં ) | |
|---|---|---|---|---|---|
| | | | | નંબર ઓફ પ્રોજેક્ટ્સ | એકચ્યુઅલ ઈન્વેસ્ટમેન્ટ |
| ૧ | એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસીંગ | ૪૦૯ | ૦ | ૧૪ | ૧૧૫ |
| ૨ | એનિમલ હસ્બન્ડરી & ફીશરીઝ | ૫૦૨ | ૦ | ૧૨૬ | ૮૧૦ |
| ૩ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ | ૨૭૧ | ૦ | ૫૫ | ૪૨૯૩ |
| ૪ | એજ્યુકેશન | ૧૯૨ | ૦ | ૩ | ૨૫ |
| ૫ | એન્જીનિયરીંગ, ઓટૉ એન્ડ અથર ઈન્ડસ્ટ્રીઝ | ૯૫ | ૦ | ૪૬ | ૦ |
| ૬ | એન્વાયરમેન્ટ એન્ડ ફૉરેસ્ટ | ૨૬૧ | ૦ | ૬૪ | ૪૯૩ |
| ૭ | ફાયનાસિયલ સર્વિસીસ | ૯૩ | ૦ | ૫૫ | ૨૧૨૫૦૫ |
| ૮ | હેલ્થ કેર એન્ડ ફાર્માસ્યુટીકલ | ૩૦૦ | ૦ | ૧૫૦ | ૩૧૯૧ |
| ૯ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લૉઝીસ્ટીક પાર્ક | ૧૨૪ | ૦ | ૬ | ૪૦૫૭ |
| ૧૦ | ઈનફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયૉટેકનોલોઝી | ૧૪૯ | ૦ | ૭૬ | ૩૯૫૭ |
| ૧૧ | મિનરલ બેસ્ડ પ્રોજેક્ટ | ૪૨૧ | ૦ | ૪૫ | ૩૦૯ |
| ૧૨ | પોર્ટ એન્ડ પોર્ટ બેસ્ડ | ૮૭ | ૦ | ૨૧ | ૩૬૦૩ |
| ૧૩ | પાવર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટર (ઇંક્લુડીંગ પાવર–રીન્યુએબલ) | ૪૨૬ | ૦ | ૯૦ | ૧૨૬૦૩ |
| ૧૪ | રૉડ એન્ડ રેઈલ પ્રોજેક્ટ્સ | ૪૧ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | રૂરલ ડેવલપમેન્ટ | ૩૮૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | રૂર્બન હાઉસીંગ | ૧૬૭ | ૦ | ૧૭ | ૭૧૮૮ |
| ૧૭ | સ્કિલ ડેવલપમેન્ટ સેક્ટર | ૧૦૧ | ૦ | ૬૨ | ૪૧ |
| ૧૮ | સ્પેસિઅલ ઈનવેસ્ટમેન્ટ રિજન એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ | ૩૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | સ્પોર્ટ્સ, યુથ એન્ડ કલ્ચર | ૭ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | ટેક્સ્ટાઈલ એન્ડ અપેરલ | ૧૫૯ | ૦ | ૧૦૭ | ૧૧૪૯૭ |
| ૨૧ | ટુરીઝમ એન્ડ સિવિલ એવીએશન | ૧૬૨ | ૦ | ૨૬ | ૫૦૩ |
| ૨૨ | અર્બન ડેવલોપમેન્ટ | ૧૬૬૮ | ૦ | ૬૧૪ | ૧૭૩૫૧ |
| ૨૩ | વોટર સપ્લાય | ૫૨ | ૦ | ૨૧ | ૪૯ |
| ૨૪ | એમએસએઈ | ૧૮૬૭૭ | ૦ | ૧૩૬૯૧ | ૨૦૭૨૭ |
| | **ટોટલ** | **૨૪૭૭૪** | **૦** | **૧૫૨૮૯** | **૩૦૩૩૧૬** |

**પત્રક – ૨**

**V G 2019**

| ક્રમ નં. | સેકટર | ટોટલ નંબર ઓફ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન/ પ્રોજેક્ટસ | ટોટલ પ્રપોઝડ ઈન્વેસ્ટમેન્ટ | કમિશન્ડ પ્રોજેક્ટ (રૂ. કરોડમાં ) | |
|---|---|---|---|---|---|
| | | | | નંબર ઓફ પ્રોજેક્ટ્સ | એકચ્યુઅલ ઈન્વેસ્ટમેન્ટ |
| ૧ | એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસીંગ | ૪૦૪ | ૦ | ૦ | ૦ |
| ૨ | એનિમલ હસ્બન્ડરી & ફીશરીઝ | ૫૧૬ | ૦ | ૦ | ૦ |
| ૩ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ | ૨૨૨ | ૦ | ૧ | ૭૬ |
| ૪ | એજ્યુકેશન | ૧૬૯ | ૦ | ૦ | ૦ |
| ૫ | એન્જીનિયરીંગ, ઓટૉ એન્ડ અધર ઈન્ડસ્ટ્રીઝ | ૧૯૭ | ૦ | ૦ | ૦ |
| ૬ | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૩૧૩ | ૦ | ૦ | ૦ |
| ૭ | ફાયનાસિયલ સર્વિસીસ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૮ | હેલ્થ કેર એન્ડ ફાર્માસ્યુટીકલ્સ | ૩૭૫ | ૦ | ૫૬ | ૬૧૮ |
| ૯ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લૉઝીસ્ટીક પાર્ક | ૧૪૩ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઈનફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોઝી | ૧૫૯ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | મિનરલ બેસ્ડ પ્રોજેક્ટ | ૯૭૭ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | પોર્ટ એન્ડ પોર્ટ બેસ્ડ | ૯૭ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | પાવર, ઓઈલ એન્ડ ગેસ સેકટર (ઇંકલુડીંગ પાવર-રીન્યુએબલ) | ૫૪૮ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | રિટેલ ટ્રેડ એન્ડ સર્વિસીસ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | રૉડ એન્ડ રેઈલ પ્રોજેક્ટ્સ | ૪૩ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | રૂરલ ડેવલપમેન્ટ | ૬ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | સ્કિલ ડેવલપમેન્ટ સેક્ટર | ૧૨૮ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | સ્પેસિઅલ ઈનવેસ્ટમેન્ટ રિજન એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ | ૧૫ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | સ્પોર્ટ્સ, યુથ એન્ડ કલ્ચર | ૨૪ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | ટેક્સ્ટાઈલ એન્ડ અપેરલ | ૨૧૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | ટુરીઝમ એન્ડ સિવિલ એવીએશન | ૨૧૫ | ૦ | ૬ | ૬૮ |
| ૨૨ | ટ્રાઈબલ ડેવલોપમેન્ટ | ૧૨૧ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | અર્બન ડેવલોપમેન્ટ | ૧૫૧૬ | ૦ | ૫૦ | ૧૭૦ |
| ૨૪ | વોટર સપ્લાય | ૭૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | એમએસએઈ | ૨૧૮૮૯ | ૦ | ૧૫૧૨ | ૨૦૦૭ |
| | **ટોટલ** | **૨૮૩૬૦** | **૦** | **૧૬૨૫** | **૨૯૩૯** |

---------

**વલસાડ જિલ્લામાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત અરજીઓ**

<p a g e ૧૩૪૧૨ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેક્ચરીંગ પોલીસી અંતર્ગત વલસાડ જિલ્લામાં કેટલાં એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભું થયુ, અને

(૩) આ એકમો થકી કેટલી રોજગારી ઉભી થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેક્ચરીંગ પોલીસી અંતર્ગત વલસાડ જિલ્લામાં ૧ (એક) એકમની અરજી મંજૂર કરવામાં આવી.

(૨) આ એકમ થકી રૂ. ૬૯૫૩.૬ લાખનું મુડીરોકાણ ઉભુ થયું,

(૩) આ એકમ થકી ૬૯ રોજગારી ઉભી થયેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ**

૧૩૪૦૩ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમયગાળામાં વલસાડ જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કૂલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૯૫ ટકા

(૨) કુલ રૂ. ૫૯.૭૧ લાખ

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત લીઝો**

૧૪૭૧૦ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર ક્યા પ્રકારની કેટલી લીઝો કાર્યરત છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર ક્યા પ્રકારના ખનીજ ઉત્ખનન માટે કેટલી લીઝ આપવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનીજ ઉત્ખનન કરતા કેટલા ઈસમો પકડાયા અને તે ઈસમો સામે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૪) પકડાયેલ ઈસમો પાસેથી કુલ કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમ ક્યારે વસૂલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **સાબરકાંઠા** | **અરવલ્લી** |
| ૧ | મુખ્ય ખનિજ | ૦૩ | ૦૪ |

(૨)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **સાબરકાંઠા** | **અરવલ્લી** |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |

(૩)

- **સાબરકાંઠા જિલ્લોઃ**

| **સમયગાળો** | **પકડાયેલ ઈસમો** | **પકડાયેલ કેસો** | **લેવામાં આવેલ પગલાં** | | | |
|---|---|---|---|---|---|---|
| | | | **દંડકીય નોટીસ** | **દંડકીય વસુલાત** | **દંડકીય હુકમ** | **પોલિસ ફરિયાદ** |
| તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮ | ૩૭ | ૩૭ | ૦૧ | ૩૩ | ૦૩ | શૂન્ય |
| તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | ૪૫ | ૪૫ | ૦૧ | ૪૩ | શૂન્ય | ૦૧ |

- **અરવલ્લી જિલ્લોઃ**

| **સમયગાળો** | **પકડાયેલ ઈસમો** | **પકડાયેલ કેસો** | **લેવામાં આવેલ પગલાં** |
|---|---|---|---|
| | | | **દંડકીય વસુલાત** |
| તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮ | ૦૪ | ૦૪ | ૦૪ |
| તા.૦૧/૦૬/૨૦૧૮ થી | ૦૪ | ૦૪ | ૦૪ |

(૪)

- સાબરકાંઠા જિલ્લામાં ઉક્ત પકડાયેલ ઈસમો પાસેથી રૂ.૧૭૧.૨૦ લાખની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમની વસુલાત માટે નિયમાનુસાર

કાર્યવાહી ચાલુમાં છે.

- અરવલ્લી જિલ્લામાં ઉક્ત પકડાયેલ ઇસમો પાસેથી રૂ.૧૦.૨૮ લાખની રકમ વસુલ કરવામાં આવી અને દંડની કોઇ રકમની વસુલાત બાકી રહેતી નથી.

---------

**સુરત શહેરમાં મંજૂર થયેલ ડ્રાફ્ટ ટી.પી.**

૧૪૮૫૩ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ સુરત શહેરમાં કેટલી ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયેલ છે, | (૧) ૧૫૧ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ટી.પી. ફાઈનલ થયેલ છે, | (૨) ૫૨ |
| (૩) ડ્રાફ્ટ ટી.પી. થયા બાદ ફાઈનલ ટી.પી. કરવા માટે કોઈ ચોક્કસ સમયગાળો કાયદા/નિયમોમાં છે કે કેમ, | (૩) • ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૫૧ની જોગવાઇ મુજબ ૧૨–માસની સમયમર્યાદા છે. • સદર અધિનિયમની સદર કલમના પરંતુકની જોગવાઇ અનુસાર પ્રસ્તુત સમયમર્યાદા રાજ્ય સરકાર વખતોવખત વધારી શકે છે. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ટી.પી. ફાઈનલ કરવાની થાય, અને | (૪) બાર માસ અથવા સરકાર દ્વારા જે સમયમર્યાદા વધારવામાં આવે ત્યાં સુધીમાં ટી.પી. ફાયનલ કરવાની થાય. |
| (૫) સમયસર ડ્રાફ્ટ ટી.પી. ફાઈનલ થતી ન હોય તો તેના કારણો શા છે ? | (૫) યોજનામાં અલગ અલગ જમીન માલિકો તથા હિત ધરાવતા વ્યક્તિઓની રજુઆતોને ન્યાય મળે તે માટે કરવાની થતી કાર્યવાહી તેમજ બોર્ડ ઓફ અપીલના નિર્ણયોમાં થતો વિલંબ. |

---------

**રાજ્યમાં કાર્યરત એલ.એન.જી. ટર્મિનલ**

૧૩૩૮૩ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલા એલ.એન.જી. (લીક્વીફાઈડ નેચરલ ગેસ) ટર્મિનલ કાર્યરત છે, અને તેની ક્ષમતા કેટલી છે, અને | (૧) બે ટર્મિનલ કાર્યરત છે<br>ક્ષમતાઃ ૨૨.૫ મીલીયન ટન પ્રતિ વર્ષ |
| (૨) આ ટર્મિનલોની ક્ષમતા વધારવા તેમજ નવા એલ.એન.જી ટર્મિનલ સ્થાપવાનું કોઈ આયોજન છે ? | (૨) હાજી. નીચેના બંદરોમાં એલ. એન. જી. ક્ષમતા વધારવાનું આયોજન છે.<br>૧. મુંદ્રા<br>૨. છારા<br>૩. જાફરાબાદ<br>૪. દહેજ |

---------

**અંજાર શહેરની ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી**

૧૩૪૪૮ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અંજાર શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી | (૧) રૂ. ૧૮૦૩.૬૧ લાખની સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |

આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ યોજનાના કામોની શું પરિસ્થિતિ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજુર થયેલ યોજનાના કામો પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂ.૧૭૭૬.૨૨ લાખ ખર્ચ થયેલ છે.

(૪) આ યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા અને ડાંગ જિલ્લામાં કાર્યરત લીઝો**

૧૪૮૪૪ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ક્યા પ્રકારની કેટલી લીઝો કાર્યરત છે,

(૧)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **નર્મદા** | **ડાંગ** |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર ક્યા પ્રકારના ખનીજ ઉત્ખનન માટે કેટલી લીઝ આપવામાં આવી,

(૨)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **નર્મદા** | **ડાંગ** |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનીજ ઉત્ખનન કરતા કેટલા ઈસમો પકડાયા અને તે ઈસમો સામે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૩)

- **નર્મદા જિલ્લોઃ**

| **સમયગાળો** | **પકડાયેલ ઇસમો** | **પકડાયેલ કેસો** | **લેવામાં આવેલ પગલાં** | |
|---|---|---|---|---|
| | | | **દંડકીય વસુલાત** | **દંડકીય હુકમ** |
| તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮ | ૦૫ | ૦૫ | ૦૨ | ૦૩ |
| તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | ૦૪ | ૦૪ | ૦૪ | શૂન્ય |

- ડાંગ જિલ્લોમાં ગેરકાયદેસર ખનિજ ઉત્ખનન કરતાં

(૪) પકડાયેલા ઈસમો પાસેથી કુલ કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમ ક્યારે વસૂલ કરવામાં આવશે ?

(૪)

- નર્મદા જિલ્લામાં ઉક્ત પકડાયેલ ઇસમો પાસેથી રૂ.૧૨.૭૨ લાખની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમની વસુલાત માટે નિયમાનુસાર કાર્યવાહી ચાલુમાં છે.
- ડાંગ જિલ્લોમાં ગેરકાયદેસર ખનિજ ઉત્ખનન કરતાં કોઇ ઇસમો પકડાયેલ નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા ચેકીંગ**

અતારાંકિત પ્રશ્નો

૧૫૫૭૮ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં ફ્લાઇંગ સ્ક્વોર્ડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧)

| સમયગાળો | તારીખ |
|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧૩-૦૩-૨૦૧૮ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૦૫-૦૬-૨૦૧૮ |
| | ૦૬-૦૬-૨૦૧૮ |
| | ૨૦-૦૬-૨૦૧૮ |
| | ૨૧-૦૬-૨૦૧૮ |
| | ૨૨-૦૬-૨૦૧૮ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરી પકડાઇ,

(૨)

| સમયગાળો | પ્રકાર | રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ગેરકાયદેસર ખનન | ૩૦.૮૨ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ગેરકાયદેસર ખનન | ૪૭.૪૦ |

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

- ૧(એક) ઈસમ પાસેથી રૂ.૪.૪૯ લાખની વસુલાત કરવામાં આવી.
- ૭(સાત) ઈસમોને રૂ.૪૨.૯૨ લાખ ભરપાઈ કરવા કારણદર્શક નોટીસો આપવામાં આવેલ.
- ૩(ત્રણ) ઈસમો સામે રૂ.૩૦.૮૨ લાખ વસુલવા હુકમો કરવામાં આવેલ.

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી?

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે કોઈ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી.

---------

**રાજકોટ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના**

૧૩૪૫૩ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ-દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૧) ૨૦૫૦ એકમોની અરજી મળી.

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજુર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૩૮૫ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૩૫૪ |

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩)

| ક્રમ | વર્ષ | એકમો | ચુકવેલ વ્યાજ સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૬૧ | ૧૭૨૭.૪૯ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૨૩ | ૩૮૨૩.૦૮ |

---------

**વલસાડ જીલ્લામાં મેન્યુફેક્ચરીંગ પોલીસી અંતર્ગત અરજીઓ**

૧૩૪૧૧ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેક્ચરીંગ પોલીસી અંતર્ગત વલસાડ જિલ્લામાં કેટલાં અકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભું થયું, અને

(૩) આ એકમો થકી કેટલી રોજગારી ઊભી થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેક્ચરીંગ પોલીસી અંતર્ગત વલસાડ જિલ્લામાં ૧(એક) એકમની અરજી મંજુર કરવામાં આવી.

(૨) આ એકમ થકી રૂ. ૬૯૫૩.૬ લાખનું મુડીરોકાણ ઉભુ થયુ.

(૩) આ એકમ થકી ૬૯ રોજગારી ઉભી થયેલ છે.

---------

**રાજ્યમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટે ઉપલબ્ધ એસ.બી.એમ/એસ.પી.એમ**

૧૩૩૮૬ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટે કેટલા સિંગલ બોય મુરીંગ/સિંગલ પોઈન્ટ મુરીંગ ઉપલબ્ધ છે,

(૨) તેની કાર્ગો હેન્ડલીંગ ક્ષમતા કેટલી છે, અને હાલમાં તેના પરથી કેટલો ક્રુડ ઓઈલ કાર્ગો હેન્ડલ થાય છે, અને

(૩) નવા સિંગલ બોય મુરીંગ/સિંગલ પોઈન્ટ મુરીંગ સ્થાપવાનું કોઇ આયોજન છે?

**જવાબ**

(૧) કુલ-૭

(૨) ક્ષમતાઃ ૧૦૪ મીલીયન.મેટ્રીક.ટન/પ્રતિ વર્ષ છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૯૨.૬૨ મીલીયન.મેટ્રીક.ટન ક્રુડ ઓઈલ વહન કરેલ છે.

(૩) - મે.એચ.પી.સી.એલ- રાજસ્થાન રીફાઈનરી લી. એચ.આર.એલ. દ્વારા કચ્છ જીલ્લામાં માંડવી પાસે મોઢવા ખાતે એસ.બી.એમ. સ્થાપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને તાઃ-૧૭-૦૧-૨૦૧૮થી ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા સર્વેની મંજુરી આપવામાં આવેલ છે. હાલ સર્વેની કામગીરી પ્રગતીમાં છે.

- હાલમાં મે. એચ.એમ.પી.એલ. -મીત્તલ પાઈપલાઈન લી. દ્વારા કચ્છ જીલ્લામાં મુન્દ્રા બંદર ખાતે એસ.બી.એમ. સ્થાપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જેની સૈધ્ધાંતિક મંજુરી ગુજરાત મેરીટાઇમ બોર્ડની તાઃ-૦૩-૦૧-૨૦૧૯ની ૨૫૫મી બોર્ડ મીટીંગમાં નિર્ણય લીધા મુજબ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા તા.૧૮-૦૨-૨૦૧૯ ના પત્રથી સરકારશ્રી માં મંજુરી અર્થે મોકલવામાં આવેલ છે. જે વિભાગ કક્ષાએ વિચારણા હેઠળ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના**

૧૩૪૫૮ **શ્રી વલભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૪૧૮ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૩૬૭ |

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૩૫૩ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૦૬૧ |

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩)

| ક્રમ | વર્ષ | એકમો | ચુકવેલ વ્યાજ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૩૧૧ | ૩૪૮૨.૬૦ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૧૫૨ | ૨૦૪૬.૦૦ |

---------

## તાપી અને વલસાડ જિલ્લામાં કાર્યરત લીઝો

૧૪૮૫૬ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ તાપી અને વલસાડ જીલ્લામાં જીલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝો કાર્યરત છે,

(૧)

| ક્રમ | પ્રકાર | સંખ્યા | |
|---|---|---|---|
| | | તાપી | વલસાડ |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર કયા પ્રકારના ખનીજ ઉત્ખનન માટે કેટલી લીઝ આપવામાં આવી,

(૨)

| ક્રમ | પ્રકાર | સંખ્યા | |
|---|---|---|---|
| | | તાપી | વલસાડ |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | શૂન્ય |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ગેરકાયદેસર ખનીજ ઉત્ખનન કરતા કેટલા ઈસમો પકડાયા અને તે ઈસમો સામે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૩)

- તાપી જીલ્લોઃ

| સમયગાળો | પકડાયેલ ઈસમો | પકડાયેલ કેસો | લેવામાં આવેલ પગલા | |
|---|---|---|---|---|
| | | | દંડકીય વસુલાત | દંડકીય હુકમ |
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૦૮ | ૦૮ | ૦૮ | શૂન્ય |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૧૨ | ૧૨ | ૦૮ | ૦૪ |

- વલસાડ જીલ્લોઃ

| સમયગાળો | પકડાયેલ ઈસમો | પકડાયેલ કેસો | લેવામાં આવેલ પગલા | |
|---|---|---|---|---|
| | | | દંડકીય વસુલાત | દંડકીય હુકમ |
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૦૭ | ૦૭ | ૦૬ | ૦૧ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૧૧ | ૧૧ | ૧૦ | ૦૧ |

(૪) પકડાયેલા ઈસમો પાસેથી કુલ કેટલી દંડની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમ ક્યારે વસુલ કરવામાં આવશે?

(૪)

- તાપી જીલ્લામાં ઉક્ત પકડાયેલ ઈસમો પાસેથી રૂ.૦૮.૮૦ લાખની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમની વસુલાત માટે નિયમાનુસાર કાર્યવાહી ચાલુમાં છે.
- વલસાડ જીલ્લામાં ઉક્ત પકડાયેલ ઈસમો પાસેથી

રૂ.૨૧.૩૪ લાખની રકમ વસુલ કરવામાં આવી અને બાકી રહેતી દંડની રકમની વસુલાત માટે નિયમાનુસાર કાર્યવાહી ચાલુમાં છે.

---------

**સાયન્સ સીટી, અમદાવાદ ખાતે એક્વેટીક ગેલેરીનું બાંધકામ**

૧૩૪૨૭ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ એન્ડ ટેક્નોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૮માં સાયન્સ સીટી, અમદાવાદ ખાતે એક્વેટીક ગેલેરીનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) સાયન્સ સીટી અમદાવાદ ખાતે એક્વાટીક ગેલેરીનું બાંધકામ વર્ષ ૨૦૧૭માં શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ, આ ગેલેરી માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૩૬.૪૭ કરોડ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ**

૧૩૩૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૧૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, | (૧) ૧૧ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૩ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી, | (૩) ૭,૦૫૨ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૪) ૭,૦૫૨ |
| (૫) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૫) ૦ |

---------

**અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પુરું પાડવાનો પ્રોજેક્ટ**

૧૪૭૩૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : ચૌદમી ગુજરાત વિધાનસભા, ત્રીજું સત્ર, ૨૦૧૯, તા.૧૯–૨–૨૦૧૯ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૦૭૩ (અગ્રતાક્રમ–૪૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદને શહેરને ચોવીસ કલાક પાણી પુરું પાડવાના પ્રોજેક્ટ અન્વયે પાયલોટ પ્રોજેક્ટ તરીકે જોધપુર વોર્ડ પસંદ કરેલ, તે વોર્ડમાં તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા કલાક પાણી પુરું પાડવામાં આવે છે, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએ(ડિસ્ટ્રીક્ટ મીટરીંગ એરીયા)માં હાલમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાનું ચાલુ કરવામાં આવેલ છે, ઓવરહેડ ટાંકી ડીએમએમાં ૬–૩૦ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. |
| (૨) બાકી રહેલ ડીએમએમાં, હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી પૂર્ણ કરી વોટર પોલીસી અમલમાં આવ્યેથી ૨૪ કલાક પાણી પુરું પાડવાનું હતું તે કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) બાકી રહેલ ડીએમએમાં હાઉસ સર્વિસ કનેક્શન કરવાની કામગીરી હાલમાં ચાલુ છે. |
| (૩) ઉક્ત કામગીરી પૂર્ણ ન થઈ હોય તો તેના કારણો શું છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરી ૨૪ કલાક પાણી પુરું પાડવામાં આવશે? | (૩) આ વિસ્તારની પાણી સપ્લાય કરવાની લાઇન આર.સી.સી. રોડની નીચે આવેલ છે. જેથી વોટર મીટર સહિતના સ્ટેપ સેડલ કનેક્શન કરવા માટે આર.સી.સી. રોડ તોડવો પડે તેમ છે. જેથી અમુક સોસાયટીઓમાં પૂરતો સહકાર મળતો નથી. હાલમાં વૈકલ્પીક વ્યવસ્થાના ભાગરૂપે હયાત કનેક્શન પર જે તે પ્રોપર્ટીની પ્રાઈવેટ પ્રીમાઈસીસમાં |

વૉટર મીટર લગાવવામાં આવેલ છે. જેમાં પણ અમુક રહીશો દ્વારા પુરતો સહકાર મળતો નથી. જેથી રહીશોને સમજાવીને કામગીરી કરવામાં આવે છે. જેમાં પણ ઘણો સમય વ્યતિત થાય છે. બાકી રહેલ ૩ (ત્રણ) ડીએમએમાં વૉટર મીટર લગાવવાની કામગીરી થઇ ગયા બાદ.

---------

## ભાવનગર અને રાજકોટ જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ

૧૪૮૦૦ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને રાજકોટ જીલ્લામાં જીલ્લાવાર ગેરકાયદેસર દેશી દારૂ, વિદેશી દારૂ, બિયર અને ગાંજાનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) તે અન્વયે ઉક્ત જીલ્લાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી દારૂ પકડાયો હોય તેવા જવાબદાર કેટલા અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિ.ગ્રા.)** |
| ભાવનગર | ૩૭૭૩૭ | ૧૨૦૧૩૫ | ૧૩૬૭૧ | ૦ |
| રાજકોટ (શહેર) | ૭૬૬૩ | ૭૧૧૭૩ | ૮૭૯૮ | ૦ |
| રાજકોટ (ગ્રામ્ય) | ૩૬૦૦૪ | ૮૬૬૫૩ | ૧૨૭૪૩ | ૦ |

| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિ.ગ્રા.)** |
| ભાવનગર | ૩૭૧૧૨ | ૫૦૭૨૧ | ૭૩૦૮ | ૮૯ કિલો ૫૦૪ ગ્રામ |
| રાજકોટ (શહેર) | ૧૩૨૭૨ | ૮૬૩૯૦ | ૧૨૧૦ | ૩૮૬ કિલો ૪૮૩૬ ગ્રામ |
| રાજકોટ (ગ્રામ્ય) | ૩૭૫૫૬ | ૮૦૮૫૭ | ૯૩૯૪ | ૮ કિલો ૫૭૦ ગ્રામ |

(૨)

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | |
|---|---|---|
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| ભાવનગર | ૩૩૯૪ | ૪૭ |
| રાજકોટ (શહેર) | ૧૩૫૧ | ૪ |
| રાજકોટ (ગ્રામ્ય) | ૨૮૬૦ | ૧૪ |
| **ત.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | | |
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| ભાવનગર | ૪૧૧૫ | ૧૦૬ |
| રાજકોટ (શહેર) | ૨૦૩૪ | ૯ |
| રાજકોટ (ગ્રામ્ય) | ૩૦૯૨ | ૨૪ |

(૩) કુલ-૫૨૫ જવાબદાર અધિકારીઓને રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ઠપકો, ખાતાકીય/પ્રાથમિક તપાસ, ફરજ મોકુફની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

## અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત કૃત્યો

૧૪૭૧૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને ગાંધીનગર જીલ્લામાં જીલ્લાવાર લુંટ, ચોરી, ધાડ, ધમકી, ખૂન, ખૂનનો પ્રયાસ, બળાત્કાર, બળાત્કારનો પ્રયાસ, અપહરણ, અપમાન, મારામારી, છેડતી, આપઘાત- આત્મહત્યા, આપઘાત- આત્મહત્યાનો પ્રયાસ, અપમૃત્યુ, ઘરફોડ ચોરીના કેટલા બનાવો બન્યા,

(૨) તે પૈકી ઉકત જીલ્લાવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) પત્રક – મુજબ

(૨)

| **જીલ્લો** | **તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮** | **તા.૦૧-૦૬-૧૮ થી તા.૩૧-૦૫-** |
|---|---|---|

| | | **૧૯** |
|---|---|---|
| અરવલ્લી | ૯૦૦ | ૭૯૮ |
| ગાંધીનગર | ૧૪૮૯ | ૧૪૭૨ |

(૩) ઉક્ત જીલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ?

(૩)

| **જીલ્લો** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
|---|---|---|
| અરવલ્લી | ૧૮૭૯ | ૨૬ |
| ગાંધીનગર | ૩૦૧૯ | ૯૧ |

**પત્રક**

| **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **લુંટ** | **ચોરી** | **ધાડ** | **ધમકી** | **ખુન** | **ખુનનો પ્રયાસ** | **બળાત્કાર** | **બળાત્કારનો પ્રયાસ** | **અપહરણ** | **અપમાન** | **મારામારી** | **છેડતી** | **આપઘાત-આત્મહત્યા** | **આપઘાત-આત્મહત્યાના પ્રયાસ** | **અપમૃત્યુ** | **ઘરફોડ ચોરી** |
| અરવલ્લી | ૨૬ | ૧૦૨ | ૯ | ૪૧૩ | ૧૫ | ૧૭ | ૮ | ૦ | ૫૯ | ૦ | ૬૩ | ૧૪ | ૭૧ | ૦ | ૧૫૪ | ૪૬ |
| ગાંધીનગર | ૪૨ | ૩૫૮ | ૯ | ૨૪૬ | ૧૭ | ૨૭ | ૧૨ | ૦ | ૮૭ | ૦ | ૧૭૫ | ૪૦ | ૧૩૧ | ૦ | ૫૬૩ | ૧૩૦ |

| **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **લુંટ** | **ચોરી** | **ધાડ** | **ધમકી** | **ખુન** | **ખુનનો પ્રયાસ** | **બળાત્કાર** | **બળાત્કારનો પ્રયાસ** | **અપહરણ** | **અપમાન** | **મારામારી** | **છેડતી** | **આપઘાત-આત્મહત્યા** | **આપઘાત-આત્મહત્યાના પ્રયાસ** | **અપમૃત્યુ** | **ઘરફોડ ચોરી** |
| અરવલ્લી | ૧૮ | ૮૪ | ૩ | ૪૦૮ | ૧૦ | ૧૭ | ૧૩ | ૦ | ૫૧ | ૦ | ૩૬ | ૧૫ | ૪૦ | ૦ | ૧૫૧ | ૪૯ |
| ગાંધીનગર | ૩૧ | ૩૪૦ | ૧ | ૧૭૪ | ૨૦ | ૨૩ | ૧૪ | ૦ | ૮૧ | ૦ | ૧૯૨ | ૨૬ | ૧૭૨ | ૦ | ૫૮૯ | ૧૩૨ |

---------

## અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના

૧૩૪૫૭ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૭૮૫ એકમોની અરજી મળી.

(૨)

| **ક્રમ** | **વર્ષ** | **મંજુર કરેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૩૫૩ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૦૬૧ |

(૩) ૨૪૬૩ એકમોને રૂ.૫૫૨૮.૬૦ લાખનું વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

---------

## અમદાવાદ જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ

૧૪૭૨૩ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ છ માસ કરતાં વધુ સમયથી અને કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક-અ મુજબ

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ

ખાલી પડવાની અને ભરવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

**પત્રક–અ**

| ક્રમ | જિલ્લો | સંવર્ગ | મંજુર મહેકમ | મંજુર મહેકમ પૈકી છ માસ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ | મંજુર મહેકમ પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | બિન હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટર | ૨૦ | ૬ | ૦ |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૭૧ | ૦ | ૦ |
| ૩ | | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૭ | ૦ | ૦ |
| ૪ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર | ૧૮૫ | ૦ | ૦ |
| ૫ | | હથિયારી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર | ૩૫ | ૪ | ૦ |
| ૬ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૫૧ | ૮૧ | ૦ |
| ૭ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૬૦ | ૦ | ૦ |
| ૮ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૨૩ | ૧૧૭ | ૧૧૭ |
| ૯ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૫૩ | ૫૪ | ૫૪ |

---------

**અરવલ્લી જિલ્લાની નગર પાલિકાઓને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૩૪૩૭ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જીલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં કેટલી ગ્રાન્ટ ફાળવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જીલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ.૪.૧૧૦૬ કરોડની ગ્રાન્ટ અને ૨૦૧૮–૧૯માં રૂ.૪.૧૦૬૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે જે પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ.૪.૦૦ કરોડ અને ૨૦૧૮–૧૯ રૂ.૩.૧૦૬૨ કરોડની ગ્રાન્ટ નગરપાલિકાઓને ચૂકવવામાં આવેલ છે.

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિ વર્ષ ૨૦૧૭–૧૮માં ૩૪ કામો અને વર્ષ ૨૦૧૮–૧૯માં ૪૨ કામો એમ કુલ ૭૬ કામો મંજુર થયેલ છે.

(૩) કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

(૩) વર્ષ ૨૦૧૭–૧૮માં ૨૯ કામો અને વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪ કામો એમ કુલ ૪૩ કામો પૂર્ણ થયેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના**

૧૩૪૫૫ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટર પ્રાઇઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

**જવાબ**

(૧) ૪૫૧ અરજીઓ મળી.

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૧૬૯ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૨૨૬ |

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| ક્રમ | વર્ષ | એકમો | વ્યાજ સહાય રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૩૬ | ૪૬.૯૮ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૨૩ | ૬૪.૩૯ |
| | **કુલ** | **૫૯** | **૧૧૧.૩૭** |

---------

## ઓરસંગ, ભારજ અને મેરીયા નદીમાંથી રેતીનું ગેરકાયદેસર ખનન

૧૫૫૫૮ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઓરસંગ, ભારજ અને મેરીયા નદીમાંથી ગેરકાયદેસર રેતી ખનન થતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૧)

| સમયગાળો | ફરિયાદની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૪૮ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૫૦ |

(૨) આ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા અને કેટલી દંડની રકમ વસુલ કરવામાં આવી,

(૨)

| સમયગાળો | વાહનોની સંખ્યા | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૫૬ | ૭૫.૨૪ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૧૧૨ | ૧૯૭.૪૧ |

(૩) વાહન જ્યાંથી પકડાયું હોય ત્યાંની સ્થળ સ્થિતિની રેતી ખનની માપણી કરીને દંડ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) આવી ગેરકાયદેસર રેતી ખનન રોકવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

(૪)

- આવા કેસોમાં ફરિયાદ અન્વયે ચેકીંગ કરવામાં આવે છે. તેમજ નોટીસ આપી દંડના હુકમ કરવામાં આવેલ છે. ગેરકાયદેસર ખનન રોકવા દિવસ/રાત્રી દરમ્યાન આકસ્મિક ચેકીંગ કરવામાં આવે છે. તેમજ ડ્રોન દ્વારા સર્વે કરી ખનિજ ચોરી કરતા ઇસમો સામે નિયમાનુસાર દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે.
- છોટાઉદેપુર જીલ્લામાં મોજે.ધામસીયા, તા.નસવાડી અને મોજે.ગોલાગામડી, તા.સંખેડા ખાતે ખનિજ ભરેલા વાહનોના ચેકીંગ અર્થે ચેકપોસ્ટ ઉભી કરવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો

૧૪૬૯૦ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને સાબરકાંઠા જીલ્લામાં જીલ્લાવાર લુંટ, ચોરી,ધાડ, ધમકી, ખૂન, ખૂનનો પ્રયાસ, બળાત્કાર, બળાત્કારનો પ્રયાસ, અપહરણ, અપમાન, મારામારી, છેડતી, આપઘાત-આત્મહત્યા, આપઘાત-આત્મહત્યાનો પ્રયાસ, અપમૃત્યુ, ઘરફોડ ચોરીના કેટલા

(૧) પત્રક મુજબ

બનાવો બન્યા,

(૨) તે પૈકી ઉકત જીલ્લાવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૨)

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | |
|---|---|
| **જિલ્લા** | **ગુના ઉકેલાયા** |
| બનાસકાંઠા | ૧૫૬૮ |
| સાબરકાંઠા | ૧૨૧૫ |
| **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | |
| **જિલ્લા** | **ગુના ઉકેલાયા** |
| બનાસકાંઠા | ૧૫૩૯ |
| સાબરકાંઠા | ૧૦૪૦ |

(૩) ઉકત જીલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ?

(૩)

| જિલ્લા | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| બનાસકાંઠા | ૩૪૬૪ | ૨૧૨ |
| સાબરકાંઠા | ૩૩૨૨ | ૭૩ |

**પત્રક**

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લા | લુંટ | ચોરી | ધાડ | ધમકી | ખુન | ખુનનો પ્રયાસ | બળાત્કાર | બળાત્કારનો પ્રયાસ | અપહરણ | અપમાન | મારામારી | છેડતી | આપઘાત-આત્મહત્યા | આપઘાત-આત્મહત્યાના પ્રયાસ | અપમૃત્યુ | ઘરફોડ ચોરી |
| બનાસકાંઠા | ૫૯ | ૩૪૪ | ૨૭ | ૨૩૧ | ૩૨ | ૨૬ | ૬૩ | ૦ | ૭૬ | ૦ | ૩૧૧ | ૬૯ | ૧૪૫ | ૦ | ૩૯૮ | ૧૦૯ |
| સાબરકાંઠા | ૬૩ | ૨૮૭ | ૫ | ૩૧૪ | ૨૬ | ૨૪ | ૨૩ | ૦ | ૫૮ | ૦ | ૧૧૮ | ૫૯ | ૮૯ | ૦ | ૩૪૪ | ૧૨૨ |

| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લા | લુંટ | ચોરી | ધાડ | ધમકી | ખુન | ખુનનો પ્રયાસ | બળાત્કાર | બળાત્કારનો પ્રયાસ | અપહરણ | અપમાન | મારામારી | છેડતી | આપઘાત-આત્મહત્યા | આપઘાત-આત્મહત્યાના પ્રયાસ | અપમૃત્યુ | ઘરફોડ ચોરી |
| બનાસકાંઠા | ૬૨ | ૩૫૧ | ૨૨ | ૨૪૪ | ૩૪ | ૨૯ | ૭૧ | ૦ | ૯૪ | ૦ | ૩૩૬ | ૯૦ | ૧૩૯ | ૦ | ૩૧૪ | ૧૪૩ |
| સાબરકાંઠા | ૨૬ | ૨૫૧ | ૯ | ૨૪૨ | ૧૮ | ૨૪ | ૨૯ | ૦ | ૬૭ | ૦ | ૯૭ | ૨૮ | ૧૦૧ | ૦ | ૩૨૨ | ૬૯ |

---------

**જૂનાગઢ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના**

૧૩૪૬૯ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટર પ્રાઈઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૧)

| ક્રમ | વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૪૦ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૬૧ |

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૨૯ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૩૬ |

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| ક્રમ | વર્ષ | એકમો | ચૂકવેલ વ્યાજ સહાય રૂ.(લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૦ | ૨૪.૦૦ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૨૩ | ૭૨.૪૦ |

---------

**અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

## તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નો

૧૩૪૩૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જીલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં કેટલી ગ્રાન્ટ ફાળવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ.૪.૧૧૦૬ કરોડની ગ્રાન્ટ અને ૨૦૧૮–૧૯માં રૂ.૪.૧૦૬૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે જે પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ.૪.૦૦ કરોડ અને ૨૦૧૮–૧૯ રૂ.૩.૧૦૬૨ કરોડની ગ્રાન્ટ નગરપાલિકાઓને ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિ વર્ષ ૨૦૧૭–૧૮માં ૩૪ કામો અને વર્ષ ૨૦૧૮–૧૯માં ૪૨ કામો એમ કુલ ૭૬ કામો મંજુર થયેલ છે. |
| (૩) કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૩) વર્ષ ૨૦૧૭–૧૮માં ૨૯ કામો અને વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૪ કામો એમ કુલ ૪૩ કામો પૂર્ણ થયેલ છે. |

---------

### સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપિટલ સબસીડી યોજના

૧૩૪૭૮ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MS ME) એકમોને કેપિટલ સબસીડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૮૭૯ એકમોની અરજી મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલા એકમોની કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૩૮૨૭ એકમોને કુલ રૂ.૨૫૮૨૪.૨૦ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો

૧૪૮૮૯ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને<br>(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૧) અને (૨)<br>તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ ૫૬૮ રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને<br>ઉક્ત કુલ ૫૬૮ રહેણાંકના મકાનો માટે તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રૂ.૪૭૦૨.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

### વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના

૧૩૪૫૪ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MS ME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી, | (૧) ૬૪૩ અરજીઓ મળી. |

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજુર અરજીઓ |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૨૦૦ |
| ૨ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૧૬૭ |

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩)

| ક્રમ | વર્ષ | એકમો | ચુકવેલ વ્યાજ સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૫૦ | ૭૯.૩૬ |
| ૨ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૧૯ | ૩૨.૦૧ |
| | **કુલ** | **૬૯** | **૧૧૧.૩૭** |

---------

## જૂનાગઢ જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ

૧૪૭૭૫ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ છ માસ કરતાં વધુ સમયથી અને કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૧) અને (૨) સામેલ પત્રક-અ મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | સંવર્ગ | મંજૂર મહેકમ | મંજૂર મહેકમ પૈકી છ માસ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ | મંજૂર મહેકમ પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૪ | ૩ | ૩ |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૫૭ | ૫ | ૧ |
| ૩ | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૯ | ૦ | ૦ |
| ૪ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૧૫૮ | ૩૧ | ૩ |
| ૫ | | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૮૪ | ૧૬ | ૭ |
| ૬ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૫૧ | ૦ | ૦ |
| ૭ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૨૨ | ૧૦ | ૦ |
| ૮ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૨૫ | ૫૨ | ૩૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૭૬ | ૨૫૦ | ૯૧ |

---------

**છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

૧૪૮૩૬ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર લૂંટ, ચોરી, ધાડ, ધમકી, ખૂન, ખૂનનો પ્રયાસ, બળાત્કાર, બળાત્કારનો પ્રયાસ, અપહરણ, અપમાન, મારામારી, છેડતી, આપઘાત–આત્મહત્યા, આપઘાત–આત્મહત્યાનો પ્રયાસ, અપમૃત્યુ, ઘરફોડ, ચોરીના કેટલા બનાવો બન્યા,

(૧) પત્રક–૧ મુજબ.

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લા | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ |
|---|---|---|
| છોટાઉદેપુર | ૫૧૮ | ૪૫૯ |
| નર્મદા | ૩૨૭ | ૪૧૧ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે?

(૩)

| જિલ્લા | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| છોટાઉદેપુર | ૧૫૨૯ | ૧૦૩ |
| નર્મદા | ૬૦૨ | ૧૩ |

**પત્રક–૧**

**તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮**

| જિલ્લા | લુંટ | ચોરી | ધાડ | ધમકી | ખુન | ખુનનો પ્રયાસ | બળાત્કાર | બળાત્કારનો પ્રયાસ | અપહરણ | અપમાન | મારામારી | છેડતી | આપઘાત–આત્મહત્યા | આપઘાત–આત્મહત્યાનો પ્રયાસ | અપમૃત્યુ | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| છોટાઉદેપુર | ૭ | ૯૩ | ૪ | ૧૭૯ | ૨૪ | ૧૦ | ૧૮ | ૦ | ૪૦ | ૦ | ૭૭ | ૧૨ | ૨૬ | ૦ | ૧૧૯ | ૨૯ |
| નર્મદા | ૨ | ૩૪ | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૧૩ | ૧ | ૭ | ૦ | ૫૭ | ૧૨ | ૬૪ | ૦ | ૧૩૩ | ૮ |

**તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯**

| જિલ્લા | લુંટ | ચોરી | ધાડ | ધમકી | ખુન | ખુનનો પ્રયાસ | બળાત્કાર | બળાત્કારનો પ્રયાસ | અપહરણ | અપમાન | મારામારી | છેડતી | આપઘાત–આત્મહત્યા | આપઘાત–આત્મહત્યાનો પ્રયાસ | અપમૃત્યુ | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| છોટાઉદેપુર | ૧ | ૬૨ | ૦ | ૧૩૬ | ૨૩ | ૯ | ૧૬ | ૦ | ૨૩ | ૦ | ૮૬ | ૧૨ | ૪૨ | ૦ | ૧૩૭ | ૨૬ |
| નર્મદા | ૩ | ૪૦ | ૦ | ૦ | ૯ | ૧૨ | ૧૪ | ૦ | ૧૩ | ૦ | ૧૧૦ | ૧૪ | ૭૭ | ૦ | ૧૪૬ | ૧૦ |

---------

**જામનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના**

૧૩૪૬૬ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૧)

| ક્રમ | વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૮૯ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૧૨૮ |

(૨) તે પૈકી કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૮૨ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૧૧૩ |

(૩) તે પૈકી કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩)

| ક્રમ | વર્ષ | એકમો | નાણાંકીય સહાય રૂ. (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૬૩ | ૪૯૦.૮૩ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૨૭ | ૧૦૩.૮૫ |

---------

**રાજ્યમાં આઈ.એ.એસ.ની જગ્યાઓ**

૧૫૩૨૫ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા આઈ.એ.એસ. અધિકારીઓની જગ્યા મંજૂર થયેલ છે,

(૧) ૩૧૩

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ૬૫

(૩) ઉક્ત સ્થિતિએ ગુજરાત કેડરના કેટલા આઈ.એ.એસ. અધિકારીઓ રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે?

(૩) ૨૧

---------

**રાજકોટ જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ**

૧૪૭૫૯ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૧) અને (૨) સામેલ પત્રક-અ મુજબ

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ છ માસ કરતાં વધુ સમયથી અને કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | સંવર્ગ | મંજુર | ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ છ માસથી વધુ સમયથી ખાલી | કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે. |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ ગ્રામ્ય | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૨ | ૩ | ૧ |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૪૭ | ૧ | ૧ |
| ૩ | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૧૦ | ૧ | ૧ |
| ૪ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૧૩૯ | ૧૪ | ૦ |
| ૫ | | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૬૪ | ૮ | ૨ |
| ૬ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૫૧ | ૧૪ | ૩ |
| ૭ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૯૯ | ૧૦ | ૨ |
| ૮ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૪૨ | ૧૩૪ | ૧૧૬ |
| ૯ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૪૫૨ | ૧૪૧ | ૧૩૨ |

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ**

૧૪૭૨૬ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨જી જુલાઈ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર દેશી દારૂ, વિદેશી દારૂ, બિયર અને ગાંજાનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૧) પત્રક મુજબ

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨)

| **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| અમદાવાદ શહેર | ૯૯૦૦ | ૨૫ |
| અમદાવાદ ગ્રામ્ય | ૩૫૫૮ | ૪૨ |
| ગાંધીનગર | ૩૨૨૦ | ૪૨ |
| **ત.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | | |
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| અમદાવાદ શહેર | ૯૭૯૦ | ૩૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૩૧૮૨ | ૫૧ |
| ગાંધીનગર | ૩૧૬૬ | ૧૧૨ |

(૩) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી દારૂ પકડાયો હોય તેવા જવાબદાર કેટલા અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) ૧૧૬ અધિકારીઓને રોકડ દંડ, ખાતાકીય/પ્રાથમિક તપાસ, ઈજાફો અટકાવવો, ઠપકો, આંતર જિલ્લા બદલી અને ફરજ મોકુફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | | | | |
|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો** |
| અમદાવાદ શહેર | ૧૦૧૬૬૫ | ૧૨૬૭૪૧ | ૨૦૮૩૧ | ૩૨ કિલો ૭૩૧ ગ્રામ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૬૮૦૨ | ૨૮૯૩૫૩ | ૩૩૧૩૬ | ૨ કિલો ૫૧૦ ગ્રામ |
| ગાંધીનગર | ૧૪૪૦૨ | ૧૯૧૩૧૪ | ૩૩૩૭૨ | ૦ |

| **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | | | | |
|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો** |
| અમદાવાદ શહેર | ૯૧૩૮૨ | ૧૧૧૬૨૩ | ૧૬૯૯૩ | ૫૮ કિલો ૧૭૯ ગ્રામ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૪૯૩૯ | ૧૮૩૪૭૦ | ૧૧૨૫૯ | ૩૯૬ ગ્રામ |
| ગાંધીનગર | ૧૭૯૧૦ | ૧૨૮૭૩૩ | ૧૧૬૦૩ | ૫૫ કિલો ૫૨૩ ગ્રામ |

---------

### આણંદ અને ભરૂચ જિલ્લામાં આવેલી લીઝોની એનઓસી બાબત

૧૪૮૧૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની કેટલી લીઝો આવેલી છે,

(૧)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **આણંદ** | **ભરૂચ** |
| ૧ | મુખ્ય ખનિજ | શૂન્ય | ૦૩ |
| ૨ | ગૌણ | ૫૬ | ૨૩૭ |

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| તાપી | ૦૬ | ૦૫ | ૧૮ | ૧૬ |
| નવસારી | ૩૦ | ૨૮ | ૨૫ | ૨૪ |

(૩) જે બાળકો પરત મળી આવ્યા નથી તેની શોધખોળ માટે સરકારે શું કાર્યવાહી કરી?

(૩)

- ૧૦ વર્ષ સુધીના બાળકોના ગુમ થવાનું મુખ્ય કારણ સામાન્ય રીતે પરીક્ષામાં અસફળતા, વડીલોનો ઠપકો કે સામાજિક કારણોસર માતાની સાથે ઘર છોડવુ તેમ જણાયેલ છે. જ્યારે બાકીના મોટાભાગના કિસ્સાઓમાં પ્રેમ પ્રકરણના કારણે નાસી ગયા હોવાનુ જણાયેલ છે.
- વિશેષમાં જે બાળકો મળી શકતા નથી તેને શોધવા માટે અવાર-નવાર ડ્રાઈવ રાખવામાં આવે છે. સદર ડ્રાઈવમાં જિલ્લાના પોલીસ સ્ટેશનના અધિકારીની ટીમ બનાવી બાળ સુરક્ષા એકમ અને જિલ્લાના એન.જી.ઓ. સાથે મળીને ગુમ થયેલ બાળકોને શોધી કાઢવાની કામગીરી કરવામાં આવેલ છે. ગુમ થયેલ બાળકોની એન્ટ્રી પોર્ટલ પર કરવામાં આવેલ છે તેમજ ગુમ થનાર બાળકોના ફોટા, વર્ણનની મીડીયામાં જાહેરાત કરવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ**

૧૪૭૬૩ **શ્રી પ્રવિણભાઈ મુસડિયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે, | (૧) અને (૨) સામેલ પત્રક-અ મુજબ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ છ માસ કરતાં વધુ સમયથી અને કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ. |

**પત્રક–અ**

| ક્રમ | જિલ્લો | સંવર્ગ | મંજુર | મંજૂર મહેકમ પૈકી છ માસ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ | મંજૂર મહેકમ પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૪ | ૪ | ૦ |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૬૪ | ૦ | ૦ |
| ૩ | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૫ | ૦ | ૦ |
| ૪ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર | ૧૬૫ | ૦ | ૦ |
| ૫ | | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર | ૪૦ | ૦ | ૦ |
| ૬ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૩૦ | ૦ | ૦ |
| ૭ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૯૪ | ૦ | ૦ |
| ૮ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૭૦૨ | ૯૯ | ૩૮ |
| ૯ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૪૪૩ | ૧૮૬ | ૧૫૭ |

---------

**સુરત ગ્રામ્ય અને તાપી જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા માટે આયોજન**

૧૪૯૧૭ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૪–૨૦૧૯ની સ્થિતિએ સુરત ગ્રામ્ય અને તાપી જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી લગાવવા અંગેનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ૧ (એક) વર્ષમાં કેટલા કેમેરા લગાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) તા. ૩૦–૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૧ (એક) વર્ષમાં સેઇફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત સુરત ગ્રામ્ય જિલ્લામાં કુલ ૭૦ કેમેરાઓ અને તાપી જિલ્લામાં કુલ ૭૧ કેમેરાઓ લગાવવામાં આવેલ છે.

---------

**અમરેલી અને બોટાદ જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ**

૧૪૭૯૯ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને બોટાદ જીલ્લામાં જીલ્લાવાર ગેરકાયદેસર દેશી દારૂ, વિદેશી દારૂ, બિયર અને ગાંજાનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) તે અન્વયે ઉક્ત જીલ્લાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨)

| **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **ધરપકડ કરેલ ઈસમો** | **ધરપકડ બાકી ઈસમો** |
| અમરેલી | ૧૨૪૬ | ૦૦ |
| બોટાદ | ૫૬૫ | ૦૧ |
| **ત.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | |
| **જિલ્લા** | **ધરપકડ કરેલ ઈસમો** | **ધરપકડ બાકી ઈસમો** |
| અમરેલી | ૧૭૦૨ | ૨૬ |

| | | |
|---|---|---|
| બોટાદ | ૬૫૭ | ૧૫ |

(૩) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી દારૂ પકડાયો હોય તેવા જવાબદાર કેટલા અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૩) કુલ-૮૭ જવાબદાર અધિકારીઓની સામે રોકડ દંડ, ઠપકો, ફરજ મોકુફ કરવા અને ખાતાકીય/પ્રાથમિક તપાસની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો કિ.ગ્રામ/ગ્રામ/ મીલી ગ્રામ** |
| અમરેલી | ૧૫૦૬૫ | ૧૦૪૭૭ | ૩૨૬ | ૦૦ |
| બોટાદ | ૪૯૦૯ | ૫૩૧૯ | ૮૬૪ | ૦૦ |

| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિ. ગ્રામ)** |
| અમરેલી | ૧૧૨૩૩ | ૧૭૨૨૦ | ૧૫૩૪ | ૦૦ |
| બોટાદ | ૫૨૫૯ | ૨૯૨૨૯ | ૩૩૯૨ | ૦૦ |

---------

**રાજકોટ ગ્રામ્ય અને બોટાદ જિલ્લામાં સાસગુજ પ્રોજેક્ટ**

૧૫૫૮૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ હેઠળ રાજકોટ ગ્રામ્ય અને બોટાદ જિલ્લામાં સીસીટીવી નેટવર્ક કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ૧ (એક) વર્ષમાં કેટલા કેમેરા કાર્યાન્વિત કરવામાં આવેલ છે?

(૨) તા. ૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૧(એક) વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં કુલ ૧૩૨ કેમેરાઓ અને બોટાદ જિલ્લામાં કુલ ૭૯ કેમેરાઓ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

**ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ**

૧૪૮૪૯ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર દેશી દારૂ, વિદેશી દારૂ, બિયર અને ગાંજાનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૧) પત્રક-૧ મુજબ

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) **પત્રક-૨**

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | |
|---|---|---|
| **જીલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| ભરૂચ | ૪૩૪૪ | ૩૫ |
| છોટાઉદેપુર | ૧૭૮૧ | ૬૨ |
| **ત.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | | |
| **જીલ્લા** | **ધરપકડ કરેલ ઈસમો** | **ધરપકડ બાકી ઈસમો** |
| ભરૂચ | ૮૨૫૭ | ૧૬૩ |
| છોટાઉદેપુર | ૩૬૭૧ | ૧૭૭ |

(૩) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી

(૩) ૫૨ અધિકારીઓની રોકડ દંડ, ઠપકો તેમજ ફરજ

દારૂ પકડાયો હોય તેવા જવાબદાર કેટલા અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી?

મોકૂફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિલો)** |
| ભરૂચ | ૨૧૮૯૯ | ૧૯૦૨૪૨ | ૩૨૨૫૩ | ૨ કિલો ૪૦૦ ગ્રામ |
| છોટાઉદેપુર | ૪૦૩૪ | ૧૫૦૦૦૭ | ૩૫૯૮૩ | ૦૦ |

| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિલો)** |
| ભરૂચ | ૩૪૩૩૮ | ૧૨૭૯૫૧ | ૧૪૬૨૧ | ૨૩ કિલો ૨૪૧ ગ્રામ |
| છોટાઉદેપુર | ૧૧૪૭૧ | ૧૧૨૪૬૩ | ૬૦૬૨૮ | ૦૦ |

---------

**રાજ્યમાં ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયા બાદ લાંબા સમય સુધી ફાઈનલ ન થવા બાબત**

૧૪૭૩૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયા બાદ લાંબા સમય સુધી ફાઈનલ ટી.પી. થતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ડ્રાફ્ટ ટી.પી. ચોક્કસ સમયગાળામાં ફાઈનલ થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા?

**જવાબ**

(૧) હા.

(૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૫-૦૫-૧૮ ના ઠરાવ ક્રમાંક : ટીપીવી/ ૧૦૨૦૧૮/એસ.એફ./૧૦૦/વ થી રાજ્યમાં નગર રચના યોજના એકમની કચેરીઓનું પુનઃગઠન કરી અને સીનીયર ટાઉન પ્લાનર કક્ષાના અધિકારીશ્રીઓના વડપણ હેઠળની કચેરીઓ રાજ્યના મહાનગરોમાં કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ**

૧૪૮૨૮ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ છ માસ કરતાં વધુ સમયથી અને કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક-અ મુજબ

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ

તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

**પત્રક–અ**

| **ક્રમ** | **જિલ્લો** | **સંવર્ગ** | **મંજુર મહેકમ** | **મંજૂર મહેકમ પૈકી છ માસ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ** | **મંજૂર મહેકમ પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૯ | ૨ | ૧ |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૪૨ | ૩ | ૦ |
| ૩ | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૮ | ૩ | ૦ |
| ૪ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૧૩૫ | ૨૯ | ૦ |
| ૫ | | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૩૩ | ૧૪ | ૦ |
| ૬ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૯૭ | ૧૨ | ૦ |
| ૭ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૮૦ | ૧૩ | ૦ |
| ૮ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૭૧ | ૧૨૪ | ૧૨૪ |
| ૯ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૯૫ | ૧૨૪ | ૧૨૪ |

---------

**ગીર સોમનાથ અને નવસારી જિલ્લામાં આવેલી લીઝોની એનઓસી બાબત**

૧૪૭૮૪ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગીરસોમનાથ અને નવસારી જિલ્લામાં જીલ્લાવાર ક્યા પ્રકારની કેટલી લીઝો આવેલી છે,

(૨) તે પૈકી કેટલા લીઝ ધારકો પર્યાવરણની એનઓસી ધરાવે છે,

(૩) પર્યાવરણની એનઓસી ધરાવતા ન હોય તેવા કેટલા લીઝધારકો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ પર્યાવરણની એનઓસી ન ધરાવતા હોઈ તેવી કેટલી લીઝો બંધ કરવાના આદેશો છેલ્લા બે વર્ષમાં ખાણ–ખનીજ કચેરીઓ દ્વારા આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **ગીર સોમનાથ** | **નવસારી** |
| ૧ | મુખ્ય ખનિજ | ૭૨ | શૂન્ય |

(૨)

| **ક્રમ** | **પ્રકાર** | **સંખ્યા** | |
|---|---|---|---|
| | | **ગીર સોમનાથ** | **નવસારી** |
| ૧ | મુખ્ય ખનિજ | ૩૭ | શૂન્ય |

(૩) અને (૪)

પર્યાવરણની એનઓસી ન ધરાવતાં હોય તેવા ગીર સોમનાથ જીલ્લાનાં ૧૦૯ લીઝ ધારકો તેમજ નવસારી જીલ્લાના ૭૩ લીઝ ધારકોના ઓનલાઈન રોયલ્ટી પાસ/એકાઉન્ટ બંધ કરવામાં આવેલ.

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા માટે આયોજન**

૧૪૯૨૧ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૪–૨૦૧૯ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી લગાવવા અંગેનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ૧(એક) વર્ષમાં કેટલા કેમેરા લગાવવામાં આવેલ છે?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા ૧(એક) વર્ષમાં સેઇફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત નવસારી જિલ્લામાં કુલ ૭૭ કેમેરાઓ અને વલસાડ જિલ્લામાં કુલ ૪૭ કેમેરાઓ લગાવવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા અને મહીસાગર જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

૧૪૭૧૨ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને મહીસાગર જિલ્લામાંથી જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા બાળકો પરત મળી આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ

**પત્રક**

(૧) ૧૦ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| સાબરકાંઠા | ૦૪ | ૦૩ | ૦૨ | ૦૨ |
| મહીસાગર | ૦૪ | ૦૪ | ૦૫ | ૦૩ |

(૨) ૧૦ વર્ષ થી ૧૪ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| સાબરકાંઠા | ૦૭ | ૦૫ | ૧૦ | ૦૯ |
| મહીસાગર | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૦ |

(૩) ૧૪ વર્ષ થી ૧૮ વર્ષ સુધીના બાળકો

| જિલ્લા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
|---|---|---|---|---|
| | ગુમ | પરત | ગુમ | પરત |
| સાબરકાંઠા | ૪૪ | ૩૭ | ૬૦ | ૪૬ |

(૩) જે બાળકો પરત મળી આવ્યા નથી તેની શોધખોળ માટે સરકારે શું કાર્યવાહી કરી?

(૩) ૧૦ વર્ષ સુધીના બાળકોના ગુમ થવાનું મુખ્ય કારણ સામાન્ય રીતે પરીક્ષામાં અસફળતા, વડીલોનો ઠપકો કે સામાજિક કારણોસર માતાની સાથે ઘર છોડવુ તેમ જણાયેલ છે. જ્યારે બાકીના મોટાભાગના કિસ્સાઓમાં પ્રેમ પ્રકરણના કારણે નાસી ગયા હોવાનુ જણાયેલ છે.

વિશેષમાં જે બાળકો મળી શકતા નથી તેને શોધવા માટે અવાર-નવાર ડ્રાઈવ રાખવામાં આવે છે. સદર ડ્રાઈવમાં જિલ્લાના પોલીસ સ્ટેશનના અધિકારીની ટીમ બનાવી બાળ સુરક્ષા એકમ અને જિલ્લાના એન.જી.ઓ. સાથે મળીને ગુમ થયેલ બાળકોને શોધી કાઢવાની કામગીરી કરવામાં આવેલ છે. ગુમ થયેલ બાળકોની એન્ટ્રી પોર્ટલ પર કરવામાં આવેલ છે તેમજ ગુમ થનાર બાળકોના ફોટા, વર્ણનની મીડીયામાં જાહેરાત કરવામાં આવેલ છે.

---------

તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**તાપી અને સુરત જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ**

૧૪૮૫૫ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જીલ્લાવાર ગેરકાયદેસર દેશી દારૂ, વિદેશી દારૂ, બિયર અને ગાંજાનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૧) પત્રક–૧ મુજબ.

**પત્રક–૧**

| **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિલો)** |
| તાપી | ૩૬૬૦ | ૮૫૭૧૪ | ૮૫૦૯ | ૩૫ કિલો ૩૦ ગ્રામ |
| સુરત શહેર | ૮૫૨૬૭ | ૨૮૩૩૦૪ | ૧૬૫૩૭ | ૬૬૬ કિલો ૫૫૯ ગ્રામ |
| સુરત ગ્રામ્ય | ૧૮૮૫૦ | ૨૪૭૫૭૮ | ૩૪૪૫૮ | ૭૪૧ કિલો |
| **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | | | |
| **જિલ્લા** | **દેશી દારૂ (લીટર)** | **વિદેશી દારૂ (બોટલ)** | **બિયર (બોટલ)** | **ગાંજો (કિલો)** |
| તાપી | ૪૮૦૧ | ૫૨૯૦૫ | ૫૩૫૮ | ૯૯૪ ગ્રામ |
| સુરત શહેર | ૯૦૮૪૬ | ૧૮૩૪૦૪ | ૯૮૩૯ | ૧૮૯ કિલો ૫૬૨ ગ્રામ |
| સુરત ગ્રામ્ય | ૧૯૪૬૭ | ૩૨૩૬૮૬ | ૨૮૦૮૦ | ૮૮૬ કિલો |

(૨) તે અન્વયે ઉક્ત જીલ્લાવાર, વર્ષવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) પત્રક–૨ મુજબ.

**પત્રક–૨**

| **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | |
|---|---|---|
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| તાપી | ૧૧૬૫ | ૩૦ |
| સુરત શહેર | ૧૨૩૬૭ | ૪૦ |
| સુરત ગ્રામ્ય | ૩૭૯૮ | ૪૯ |
| **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | |
| **જિલ્લા** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| તાપી | ૧૩૯૫ | ૫૦ |
| સુરત શહેર | ૧૨૮૨૮ | ૫૮ |
| સુરત ગ્રામ્ય | ૪૬૪૬ | ૨૭૦ |

(૩) જે પોલીસ સ્ટેશનના તાબા હેઠળ દેશી, વિદેશી દારૂ પકડાયો હોય તેવા જવાબદાર કેટલાં અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ૧૭૭૦ અધિકારીઓને રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ઠપકો, ખાતાકીય/પ્રાથમિક તપાસ તેમજ ફરજ મોકૂફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**નર્મદા અને સુરત જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટેની મંજૂરી**

૧૪૮૪૬ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કયા ધર્મના કેટલા વ્યકિતઓએ ધર્મ પરિવર્તન કરવા માટે મંજૂરી માંગી,

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને

(૧) અને (૨) પરિશિષ્ટ–અ મુજબ.

(૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં?

(૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

**પરિશિષ્ટ–અ**

| જિલ્લાનું નામ | તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધર્મ પરિવર્તન માટે મળેલ અરજીઓની વિગત | | | | તે અન્વયે આપવામાં આવેલ મંજુરીની વિગત |
|---|---|---|---|---|---|
| | હિંદુ | મુસ્લિમ | ખ્રિસ્તી | અન્ય | |
| નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સુરત | ૪૭૪ | ૧૧ | ૦૦ | ૦૦ | ૪૭૩ |

---------

**ગુજરાત પાક્ષિક મેગેઝીનની છાપેલ નકલો**

૧૫૫૮૦ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી પ્રસારણ નિયામકની કચેરી દ્વારા પ્રસિદ્ધ થતાં ગુજરાત પાક્ષિક મેગેઝીનની કેટલી નકલ માસવાર છાપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી નિયામક કચેરી દ્વારા પ્રસિદ્ધ થતાં ''ગુજરાત'' પાક્ષિક મેગેઝીનની નીચે મુજબ માસવાર નકલો છાપવામાં આવી છે.

| અ.નં. | માસ | નકલની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | જુન–૨૦૧૭ | ૩૭૦૦૦૦ | – |
| ૨ | જુલાઈ–૨૦૧૭ | ૪૧૭૦૦૦ | – |
| ૩ | ઓગસ્ટ–૨૦૧૭ | ૪૪૦૦૦૦ | – |
| ૪ | સપ્ટેમ્બર–૨૦૧૭ | ૪૨૦૦૦૦ | – |
| ૫ | ઓકટોબર–૨૦૧૭ | ૨૧૧૦૦૦ | – |
| ૬ | નવેમ્બર–૨૦૧૭ | ૦ | વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ આચાર સંહીતાના કારણે અંક નં.૨૧ થી ૨૪ પ્રસિદ્ધ થયેલ નથી. |
| ૭ | ડિસેમ્બર–૨૦૧૭ | ૦ | |
| ૮ | જાન્યુઆરી–૨૦૧૮ | ૪૧૦૦૦૦ | – |
| ૯ | ફેબ્રુઆરી–૨૦૧૮ | ૩૯૪૦૦૦ | – |
| ૧૦ | માર્ચ–૨૦૧૮ | ૪૧૪૦૦૦ | – |
| ૧૧ | એપ્રિલ–૨૦૧૮ | ૪૪૮૦૦૦ | – |
| ૧૨ | મે–૨૦૧૮ | ૪૭૩૦૦૦ | – |
| ૧૩ | જુન–૨૦૧૮ | ૪૫૬૦૦૦ | – |
| ૧૪ | જુલાઈ–૨૦૧૮ | ૩૯૩૦૦૦ | – |
| ૧૫ | ઓગસ્ટ–૨૦૧૮ | ૩૨૮૦૦૦ | – |
| ૧૬ | સપ્ટેમ્બર–૨૦૧૮ | ૨૭૪૦૦૦ | – |
| ૧૭ | ઓકટોબર–૨૦૧૮ | ૩૨૦૦૦૦ | – |
| ૧૮ | નવેમ્બર–૨૦૧૮ | ૧૪૫૦૦૦ | – |
| ૧૯ | ડિસેમ્બર–૨૦૧૮ | ૨૬૮૦૦૦ | – |
| ૨૦ | જાન્યુઆરી–૨૦૧૯ | ૨૮૩૦૦૦ | – |
| ૨૧ | ફેબ્રુઆરી–૨૦૧૯ | ૧૪૪૦૦૦ | – |
| ૨૨ | માર્ચ–૨૦૧૯ | ૧૪૩૦૦૦ | – |
| ૨૩ | એપ્રિલ–૨૦૧૯ | ૦ | લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ આચાર સંહીતાના કારણે અંક નં.૬ થી ૧૦ પ્રસિદ્ધ થયેલ નથી. |
| ૨૪ | મે–૨૦૧૯ | ૦ | |

(૨) ખાનગી પ્રેસમાં છાપવામાં આવી હોય તો, તેના માટે વર્ષવાર કેટલી રકમ ક્યા ખાનગી પ્રેસને ચૂકવવામાં આવી, અને

(૨) ખાનગી પ્રેસમાં વર્ષવાર છપાયેલ નકલો અન્વયે ખાનગી મુદ્રકોને ચુકવાયેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **સમયગાળો** | **સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ** | **ગુજરાત ઓફસેટ, અમદાવાદ** |
|---|---|---|
| તા.૧/૬/૧૭ થી તા.૩૧/૫/૧૮ | રૂ.૪,૯૮,૧૮,૭૩૦/- | રૂ.૩,૨૭,૫૬,૧૦૦/- |
| તા.૧/૬/૧૮ થી તા.૩૧/૫/૧૯ | રૂ.૩,૮૯,૯૩,૦૧૩/- | રૂ.૨,૬૦,૧૨,૯૫૮/- |

(૩) ગુજરાત પાક્ષિક મેગેઝીનની કેટલી નકલ પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે અને તેની પાછળ કેટલો ખર્ચ થાય છે?

(૩) ''ગુજરાત'' પાક્ષિક મેગેઝીનની કુલ-૬૨,૪૫,૩૩૨ નકલો પોસ્ટ દ્વારા મોકલવામાં આવી છે અને તેની પાછળ કુલ રૂ.૭૪,૦૫,૮૧૫/- નો ખર્ચ થયેલ છે.

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટેની મંજૂરી**

૧૪૮૫૮ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કયા ધર્મના કેટલા વ્યક્તિઓએ ધર્મ પરિવર્તન કરવા માટે મંજૂરી માંગી,

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને

(૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં?

**જવાબ**

(૧) અને (૨) પરિશિષ્ટ-અ મુજબ.

**પરિશિષ્ટ-અ**

| **જિલ્લાનું નામ** | **તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધર્મ પરિવર્તન માટે મળેલ અરજીઓની વિગત** | | | **તે અન્વયે આપવામાં આવેલ મંજૂરીની વિગત** |
|---|---|---|---|---|
| | **હિંદુ** | **મુસ્લિમ** | **અન્ય** | |
| તાપી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |

(૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

---------

**અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગનાં અધિકારીઓ/કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો**

૧૪૯૨૮ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/કર્મચારીઓ માટે કુલ-૨૮૦ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

ઉક્ત કુલ-૨૮૦ રહેણાંકના મકાનોના રૂ.૬૦૭૮.૬૫ લાખના પ્રોજેક્ટ પૈકી તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ શૂન્ય રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયા બાદ લાંબા સમય સુધી ફાઈનલ ન થવા બાબત**

૧૪૭૩૩ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયા બાદ લાંબા સમય સુધી ફાઈનલ ટી.પી. થતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

**જવાબ**

(૧) હા.

અને

(૨) જો હા, તો ડ્રાફ્ટ ટી.પી. ચોક્કસ સમયગાળામાં ફાઈનલ થાય તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

(૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૫-૦૫-૧૮ ના ઠરાવ ક્રમાંકઃ ટીપીવી/૧૦૨૦૧૮/એસ.એફ/૧૦૦/૧ થી રાજ્યમાં નગર રચના યોજના એકમની કચેરીઓનું પુનઃગઠન કરી અને સીનીયર ટાઉન પ્લાનર કક્ષાના અધિકારીશ્રીઓના વડપણ હેઠળની કચેરીઓ રાજ્યના મહાનગરોમાં કાર્યરત કરવામા આવેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ**

૧૪૮૦૨ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ છ માસ કરતાં વધુ સમયથી અને કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક-અ મુજબ.

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | સંવર્ગ | મંજૂર મહેકમ | મંજૂર મહેકમ પૈકી છ માસ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ | મંજૂર મહેકમ પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૨૦ | ૪ | ૦ |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૬૬ | ૦ | ૦ |
| ૩ | | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૭ | ૦ | ૦ |
| ૪ | | બિન હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૧૫૧ | ૦ | ૦ |
| ૫ | | હથિયારી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૪૮ | ૦ | ૦ |
| ૬ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૬૫ | ૦ | ૦ |
| ૭ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૦૪ | ૦ | ૦ |
| ૮ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૩૯ | ૩૯ | ૩૯ |
| ૯ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૭૭ | ૧૫૬ | ૧૫૬ |

---------

**ગાંધીનગર શહેરમાં મંજૂર થયેલ ડ્રાફ્ટ ટી.પી. બાબત**

૧૪૭૧૫ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં કેટલી ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયેલ છે,
(૧) ૨૪

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી ટી.પી. ફાઈનલ થયેલ છે,
(૨) ૦૫

| | |
|---|---|
| (૩) ડ્રાફ્ટ ટી.પી. થયા બાદ ફાઈનલ ટી.પી. કરવા માટે કોઈ ચોક્કસ સમયગાળો કાયદા/નિયમોમાં છે કે કેમ, | (૩)<br>• ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૧ની જોગવાઈ મુજબ ૧૨ માસની સમયમર્યાદા છે.<br>• સદર અધિનિયમની સદર કલમના પરંતુકની જોગવાઈ અનુસાર પ્રસ્તુત સમયમર્યાદા રાજ્ય સરકાર વખતોવખત વધારી શકે છે. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ટી.પી. ફાઈનલ કરવાની થાય, અને | (૪) બાર માસ અથવા સરકાર દ્વારા જે સમયમર્યાદા વધારવામાં આવે ત્યાં સુધીમાં ટી.પી. ફાઈનલ કરવાની થાય. |
| (૫) સમયસર ડ્રાફ્ટ ટી.પી. ફાઈનલ ન થતી હોય તો તેના કારણો શા છે ? | (૫) યોજનામાં અલગ અલગ જમીન માલિકો તથા હિત ધરાવતા વ્યકિતઓની રજુઆતોને ન્યાય મળે તે માટે કરવાની થતી કાર્યવાહી તેમજ બોર્ડ ઓફ અપીલના નિર્ણયોમાં થતો વિલંબ. |

---------

**શોકદર્શક ઉલ્લેખો**

ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી સ્વ. શ્રી રતિલાલ ગોરધનભાઈ સુરેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રકાંત મૂળજીભાઈ પરીખ, સ્વ. શ્રી કાંતિલાલ નાનાલાલ પટેલ, સ્વ. શ્રી સવશીભાઈ કાનજીભાઈ મકવાણા, સ્વ. શ્રી પ્રહલાદભાઈ મોહનલાલ પટેલ અને સ્વ.શ્રી કાંતિભાઈ ત્રિકમભાઈ ભીલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રતિલાલ ગોરધનભાઈ સુરેજાના અવસાન અંગે**

શ્રી વિજય રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી રતિલાલ ગોરધનભાઈ સુરેજાનું તારીખ ૯મી મે, ૨૦૧૯ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી સુરેજાનો જન્મ ૧લી નવેમ્બર, ૧૯૪૩ના રોજ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના લીંબુડા ગામે થયો હતો. તેઓશ્રીએ જુની એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી વ્યાપાર તેમજ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી સુરેજા નવમી, દસમી તથા અગિયારમી ગુજરાત વિધાનસભામાં માણાવદર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવેલ હતા. તેઓશ્રીએ તા.૦૧/૦૮/૨૦૦૫ થી તા. ૨૪/૧૨/૨૦૦૭ સુધી સરકારના જળ સંપત્તિ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તરીકે સેવાઓ પ્રદાન કરેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રકાંત મૂળજીભાઈ પરીખના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રકાંત મૂળજીભાઈ પરીખનું તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૯ના રોજ ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પરીખનો જન્મ નવમી સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ વડોદરા જીલ્લાના પાટણ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ઉદ્યોગ અને વેપારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પરીખે ત્રીજી તથા ચોથી ગુજરાત વિધાનસભામાં વડોદરા શહેર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન પ્રતિનિધિ તરીકે પ્રજા હિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક લોક કલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગત ના આત્મા ને શાશ્વત શાંતિ અર્પણ તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપ શ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાન્તીલાલ નાનાલાલ પટેલના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાન્તીલાલ નાનાલાલ પટેલનું તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૯ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ચોથી જાન્યુઆરી, ૧૯૩૬ના રોજ તત્કાલિન મહેસાણા જીલ્લાના પાટણ મુકામે થયો હતો. તેઓશ્રીએ એફ.વાય. બી.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા વેપારની પ્રવૃતિ સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે સાતમી ગુજરાત વિધાનસભામાં પાટણ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન પ્રતિનિધિ તરીકે પ્રવાહિતા કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ લોક

કલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણાનું તારીખ ૨જી એપ્રિલ, ૨૦૧૯ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી મકવાણાએ મેટ્રિક તથા વિનીત (હિન્દી) સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય તેમજ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી મકવાણાએ દસમી ગુજરાત વિધાનસભામાં ચોટીલા મત વિસ્તારમાંથી તથા તેરમી લોકસભામાં સુરેન્દ્રનગર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજા કલ્યાણ માટેના અનેક કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક કર્મઠ અને સંવેદનશીલ લોકસેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી પ્રહલાદભાઇ મોહનલાલ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય પ્રહલાદભાઇ મોહનલાલ પટેલ (ગોસા)નું ૩જી માર્ચ, ૨૦૧૯ના રોજ ૬૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી પટેલનો જન્મ ૧૦મી ઓગસ્ટ ૧૯૫૬ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગર ગામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને તેઓશ્રી વેપારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી પટેલે ૧૦ અને ૧૧મી ગુજરાત વિધાનસભામાં વિસનગર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક ઉમદા સામાજિક કાર્યકર ગુમાવ્યો છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલનું ૧લી માર્ચ, ૨૦૧૯ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી ભીલનો જન્મ ૧લી જુલાઇ, ૧૯૪૪ના રોજ તત્કાલીન વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાના ખોડિયા ગામે થયો હતો. તેઓશ્રીએ બી.એસ.સી., બી.એડ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી ભીલે ૧૧મી ગુજરાત વિધાનસભામાં નસવાડી મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન પ્રતિનિધિ તરીકે પ્રજા હિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યે લોક કલ્યાણકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધ પક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી સન્માનનીય સભાગૃહ સમક્ષ જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧મી વિધાનસભામાં જેમની સાથે આ ગૃહમાં મને કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો એવા રાજ્યના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી આદરણીય રતિલાલ ગોરધનભાઇ સુરેજાનું ૭૫ વર્ષની વયે તાજેતરમાં જ દુઃખદ અવસાન થયેલ છે. જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના લીંબુડા ગામે જન્મેલા આદરણીય રતિલાલ સુરેજા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. રાજ્યકક્ષાના જળ સંપત્તિ મંત્રી તરીકે રાજ્યમાં ખૂબ ઉમદા કામગીરી એમણે કરી હતી. મને યાદ છે મારી એ પ્રથમ ટર્મ. ખૂબ જ નિર્મળ સ્વભાવના રતિદાદા હવે આપણી વચ્ચે નથી રહ્યા. આપણે એક ઉમદા સમાજ સેવકને ગુમાવ્યા છે ત્યારે પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આ વિધાનસભા ગૃહના પૂર્વ સભ્ય શ્રી ચંદ્રકાંત પરીખનું તાજેતરમાં ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓ વડોદરા જિલ્લાના પાટણ મુકામે જન્મ્યા હતા. તેઓએ બી.કોમ સુધીનો અભ્યાસ કર્યો હતો અને વેપાર અને ઉદ્યોગની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. આ સન્માનનીય વિધાનસભા ગૃહમાં ત્રીજી અને ચોથી વિધાનસભાની અંદર વડોદરા શહેરથી ચૂંટાઇ અને હંમેશા જન પ્રતિનિધિ તરીકે પ્રજા હિતના કામોને એમણે આગળ ધપાવ્યા હતા. તેમના અવસાનથી આ રાજ્યે એક લોક કલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય આદરણીય કાંતિલાલ નાનાભાઇ પટેલ, મને યાદ છે, એક પ્રસંગે હું પાટણના પ્રવાસે હતો ત્યારે મારે સ્વ.શ્રી કાંતિદાદાને મળવાનો અવસર પ્રાપ્ત થયો હતો. ૮૩ વર્ષની જૈફ વયે તેમનું તાજેતરમાં અવસાન થયું છે. તેઓ વેપારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. પાટણ વિધાનસભા મત વિસ્તારમાંથી આ વિધાનસભા ગૃહનું પ્રતિનિધિત્વ કરીને જન હિતના કામોને આગળ ધપાવતા હતા. તેઓશ્રીના અવસાનથી આ રાજ્યે એક લોક કલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે જોડાયા જીવન પર્યંત પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત રહેલા કાર્યકર્તા ગુમાવ્યા છે એનું દુઃખ છે. પરમ

કૃપાળુ પરમેશ્વર સદગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહના પૂર્વ સભ્ય આદરણીય સવશીભાઇ કાનજીભાઇ મકવાણાનું ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, સવશીદાદાને આ ગુજરાતના જાહેર જીવનમાં જોડાયેલા ખૂબ ઓછા લોકો હશે કે જે નહીં ઓળખતા હોય. મારે વારંવાર એમને મળવાનું થયું. ૮૬ વર્ષની જૈફ વય હતી તેમ છતાં જીવન પર્યંત એ સમાજ સેવાના કાર્યમાં જોડાયેલા રહ્યાં અને જ્યારે જ્યારે પ્રશ્ન આવે તો રાત્રે પણ ફોન જોડીને આમાંથી ઘણાં બધા આગેવાનો હશે કે સંપર્કમાં રહીને પ્રજાના પ્રશ્નોને વાચા આપતા હતા. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ધજાળા ગામે જન્મેલા સ્વ.શ્રી સવજીદાદા એ જમાનામાં મેટ્રિક અને વિનીત સુધીનો અભ્યાસ કર્યો. ખેતીના વ્યવસાય અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે તેઓ જીવનભર સંકળાયેલા રહ્યાં. ચોટિલા વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાઇને પ્રજા કલ્યાણના કામોને આગળ ધપાવનારા એક લોકસેવક ગુમાવ્યા છે ત્યારે એમના અવસાનથી એક સંવેદનશીલ લોકસેવક ગુમાવ્યાનો સમગ્ર રાજ્યને અફસોસ છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સાથે એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા માટે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમી વિધાનસભામાં મને પણ જેમની સાથે કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો તેવા વિધાનસભા ગૃહના પૂર્વ સભ્યશ્રી પ્રહલાદભાઇ મોહનભાઇ પટેલનું ૬૨ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું છે. ઓગસ્ટ ૨, ૧૯૫૬ ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગર ગામે જન્મેલા સ્વ.શ્રી પટેલે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો, વેપાર અને ધંધાની પ્રવૃત્તિ સાથે તેઓ જોડાયેલા રહ્યાં. અગિયારમી વિધાનસભામાં વિસનગર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાઇને સતત લોકોના પ્રશ્નને વાચા આપતા હતા. તેમના અવસાનથી રાજ્યે એક ઉમદા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સાથે એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આ વિધાનસભા ગૃહના પૂર્વ સભ્ય આદરણીય કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલની સાથે અગિયારમી વિધાનસભામાં મને પણ કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. ૭૫ વર્ષની વયે તેઓનું તાજેતરમાં દુ:ખદ અવસાન થયું છે. સ્વ.શ્રી ભીલ ૧૯૪૪માં વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાના ખોડિયા ગામે જન્મ્યાં, બી.એસ.સી., બી.એડ. સુધીનો અભ્યાસ કરીને જીવનભર ખેતી અને સમાજ સેવામાં તેઓ જોડાયેલા હતા. સ્વ.શ્રી ભીલે અગિયારમી વિધાનસભામાં નસવાડી મત વિસ્તારમાંથી ચૂંટાઇને જીવન પર્યંત એક પ્રજા હિતના કામ કરનારા જન પ્રતિનિધિ તરીકે સતત કામમાં કાર્યરત રહ્યાં. માનનીય અધ્યક્ષશ્રી, તેમના અવસાનથી રાજ્યે એક લોક કલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે ત્યારે પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા માટે આપને વિનંતી કરું છું.

નીતિનભાઇ ર. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના પૂર્વ સભ્યશ્રીઓ સ્વર્ગવાસી થયા છે અને એમને શ્રદ્ધાંજલિ આપવા માટેનો શોકદર્શક ઠરાવ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યો છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. રતિભાઇ સુરેજા એ સૌરાષ્ટ્રમાં અગ્રણી હતા. જૂનાગઢ જિલ્લાના પણ અગ્રણી હતા અને ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે સાથે કામ કરવાનો સમય મને મળેલો. સમાજના આગેવાન તરીકે અને ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રમાં દીકરીઓને અભ્યાસ કરાવવા માટે છાત્રાલયો, સ્કૂલો વગેરે માટેની વ્યવસ્થા કરવી અને સમાજને ઉપયોગી થવું, ખેડૂતોને ઉપયોગી થવું એ એમની લાક્ષણિકતા હતી. ખૂબ જ ઓછાબોલા અને કર્મશીલ એવા રતિભાઇને હું શ્રદ્ધાંજલિ આપું છું. એવી જ રીતે માનનીયશ્રી ચંદ્રકાંત મુળજીભાઇ પરીખ એમની સાથે મારે ખાસ કોઇ વ્યક્તિગત પરિચય નહીં તેઓશ્રી પણ સ્વર્ગવાસી થયા છે તેમને પણ હું શ્રદ્ધાંજલિ આપું છું. પૂર્વ ધારાસભ્ય સ્વ. કાંતિભાઇ નાનાભાઇ પટેલ એ પાટણના વતની હતા અને વિધાનસભાના સભ્ય તરીકે પણ એમણે જે કામગીરી કરી એ આજે પાટણની જનતા યાદ કરે છે. સ્વ. નાનાભાઇ સાથે મારે ગાઢ પરિચય હતો. નગરપાલિકાના સભ્ય તરીકે અને પ્રમુખ તરીકે જ્યારે હું કડીમાં કાર્યરત હતો ત્યારે પાટણ નગરપાલિકાના પ્રમુખ તરીકે તેઓ કાર્યરત હતા. અમે બંને ગુજરાત નગરપાલિકા પરિષદના સાથીઓ હતા, હોદ્દેદારો હતા. નગરપાલિકા, શહેરો, સેવાનું ક્ષેત્ર એમનો ખૂબ પસંદગીનો વિષય હતો અને નગરપાલિકા પરિષદમાં પણ એમણે વર્ષો સુધી સેવાઓ આપી અને આધુનિક પાટણ જે બન્યું છે એને વિકસાવવા માટે એમનો ખૂબ મોટો સહયોગ હતો એવા શ્રી કાંતિભાઇને પણ શ્રદ્ધાંજલિ આપું છું. સ્વ. સવજીભાઇ મકવાણા એ કોળી સમાજના એ સમયના પછાત સમાજના પછાત જિલ્લામાંથી આવતા પણ ગાંધીવાદી વિચારસરણીથી સંપૂર્ણ સંકળાયેલા અને સતત પ્રજાની સેવા કરવામાં રત એવા સવજીભાઇ સાથે પણ મારે મારી પ્રથમ વિધાનસભા ૧૯૯૦માં મને એમની સાથે કામ કરવાની તક મળી હતી. એ વખતે તેઓશ્રી મંત્રી પણ હતા અને મંત્રીપદની ગરિમા અને એમની સાદગી આજે પણ લોકો યાદ કરે છે. ચોટીલા વિસ્તાર હોય કે કોળી સમાજ હોય કે સુરેન્દ્રનગર જિલ્લો હોય એ બધાની સેવા કરવામાં તેમણે આજીવન ખૂબ કામ કર્યું છે. તેઓશ્રીને પણ હું શ્રદ્ધાંજલિ અર્પું છું. સ્વ. પ્રહલાદભાઇ (ગોસા) સાથી ધારાસભ્યો તરીકે અમે આ સન્માનનીય ગૃહમાં લાંબા સમય સુધી કામગીરી કરી. સ્વ.શ્રી પ્રહલાદભાઇ પણ નગરપાલિકાના વિસનગરના પ્રમુખ, માર્કેટ યાર્ડના ચેરમેન. વેપારીઓ, ખેડૂતો, નાગરિકોના પ્રતિનિધિ તરીકે ખૂબ સક્રિય ધારાસભ્ય તરીકે એમણે પણ ખૂબ મોટી લોકોની સેવા કરી હતી. મારા તો અંગત મિત્ર હતા એવા સ્વ. પ્રહલાદભાઇ ખૂબ નાની વયે અચાનક ટુંકી બિમારીમાં અવસાન પામ્યા તેઓશ્રીને પણ હું શ્રદ્ધાંજલિ અર્પું છું. એવી જ રીતે સ્વ. શ્રી કાંતિભાઇ ભીલ અગાઉ ધારાસભ્ય હતા ત્યારે હું ધારાસભ્ય હતો. એમનો બહુ વ્યકતિગત પરિચય ઓછો પણ એટલું આપણે જોઇ શકીએ કે

શોકદર્શક ઉલ્લેખો

આદિવાસી સમાજના ભીલ જાતિમાં જન્મેલા અને ૧૯૪૪માં જેમનો જન્મ થયો હતો એવા કાંતિભાઇએ એ જમાનામાં જે રીતે અભ્યાસ કર્યો અને સેવા કરી સમાજની એ નોંધપાત્ર છે એ વખતે તો બી.એસ.સી.બી.એડ આદિવાસી સમાજમાં ત્યારે શિક્ષણનું પ્રમાણ નહીંવત હતું ત્યારે તેઓશ્રીએ આ શૈક્ષણિક કારકીર્દિ પ્રાપ્ત કરી અને સમાજની સેવા કરી તેઓશ્રીને પણ હું શ્રદ્ધાંજલિ આપું છું અને આપના મારફતે સ્વર્ગસ્થ સર્વ પૂર્વ ધારાસભ્યશ્રીઓના પરિવારને શ્રદ્ધાંજલિનો સંદેશ પાઠવવા વિનંતી કરું છું.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું અને શ્રદ્ધાંજલિ આપવા ઉભો થયો છું. સ્વ. શ્રી ચંદ્રકાંતભાઇ પરીખ વડોદરા મહાનગરપાલિકામાંથી બે ટર્મ માટે, ત્રીજી અને ચોથી વિધાનસભામાં ચૂંટાઇ આવેલા હતા. તેમને મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરું છું. આ વ્યક્તિત્વ એ પ્રકારનું હતું ખૂબ ઉમદા, સાલસ સ્વભાવનું વ્યક્તિત્વ હતું. તે વખતની એમની ખાસિયત એ હતી કે શહેરના મધ્યમાં એમના મિત્રની દુકાન ઉપર નિયમિત રીતે મતદાતાઓને અને જનતાને મુલાકાત આપતા હતા. લોકોની સાથે રહીને કામ કરવાની ટેવ અને એ બજારમાં બેસીને લોકોનો સંપર્ક કરતા હતા. તે તેમની એક પ્રકારની ખાસિયત હતી. વિનમ્ર સ્વભાવ અને વિધાનસભામાં રહ્યા પછી પણ સામાજિક સેવા અને ધાર્મિક સેવા ક્ષેત્રે ખૂબ મોટું યોગદાન રહ્યું છે. એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સાથે સાથે ગુજરાતના પૂર્વ સભ્યશ્રીઓ રતિલાલ ગોરધનભાઇ સુરેજા, સ્વ.શ્રી કાંતિલાલ નાનાલાલ પટેલ, સ્વ.શ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણા, સ્વ.શ્રી પ્રહલાદભાઇ મોહનલાલ પટેલ અને સ્વ.શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલના જે દુ:ખદ અવસાન થયેલ છે. તે સભ્યશ્રીઓને પણ વિધાનસભા પરિવારના સભ્ય તરીકે શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમના કુટુંબીજનોને સાંત્વના મળે તે માટે હું સૌને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે, તેમાં ગુજરાત રાજ્ય કક્ષાના પૂર્વ મંત્રીશ્રી રતિલાલ ગોરધનભાઇ સુરેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ચંદ્રકાંતભાઇ મૂળજીભાઇ પરીખ, સ્વ.શ્રી કાંતિલાલ નાનાલાલ પટેલ, સ્વ શ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણા, સ્વ.શ્રી પ્રહલાદભાઇ મોહનલાલ પટેલ, સ્વ.શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખમાં વિરોધપક્ષના નેતાશ્રીએ જે સૂર પુરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. સ્વ.શ્રી રતિભાઇ સુરેજા જૂનાગઢ જિલ્લાના અને જે જિલ્લાનું હું પણ પ્રતિનિધિત્વ કરતો હતો અને આ ગૃહની અંદર સાથે ધારાસભ્ય તરીકે કામ કરવાનો મોકો પણ મળ્યો છે. રાજ્યના મંત્રી તરીકે તેમણે આપેલી સેવાઓ રાજ્યના લોકો અને જૂનાગઢના લોકો આજે પણ યાદ કરે છે. રતિભાઇ સુરેજા સંપૂર્ણપણે સરળ સ્વભાવના, ઓછા બોલનાર અને વધુ કામ કરનાર તેવું વ્યક્તિત્વ આજે આપણી વચ્ચે નથી. જેના જવાથી રાજ્યને એક ઉમદા, કર્મઠ આગેવાન અને જૂનાગઢ જિલ્લાને પણ તેમના જવાથી એક મોટી ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું. આ સભ્ય પૈકી સ્વ. શ્રી સવશીભાઇ મકવાણા, નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે પછાત વર્ગના સમાજમાંથી આવતા હતા, જે સમાજમાંથી હું પણ આવું છું, એ સમાજમાં જન્મેલા લોક ભારતી સંસ્થા ખાતે તેમણે શિક્ષણ લીધેલ. એમના મોટા ભાઇ સ્વ. શ્રી કરમશીભાઇ મકવાણા પણ આ ગૃહના ૧૯૯૦માં સભ્ય રહી ચૂક્યા છે અને એ જ ૧૯૯૦માં હું પણ પ્રથમ વખત ચૂંટાઇ આવીને આ વિધાનસભામાં કામ કરવાનો મોકો મળ્યો છે. આ બંને ભાઇઓની બેલડીએ શૈક્ષણિક રીતે નાના ભાઇ ભટ્ટની સ્થાપેલી સંસ્થાઓ અને સ્વ.મનુભાઇ પંચોલી સાથે કામ કરેલા આ ભાઇઓએ ઝાલાવાડની ધરતી ઉપર શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરીને સમાજને ઉંચાઇ ઉપર લઇ જવા માટે બંને ભાઇઓએ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી કામો કર્યાં. હંમેશને માટે અન્યાયની સામે લોકોને ન્યાય અપાવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા. આજીવન ખાદીધારી તરીકે અને સંપૂર્ણપણે ગાંધી વિચારોના મૂલ્યોને ધ્યાનમાં રાખીને આજીવન કામ કર્યું છે. મને પણ સામાજિક રીતે સ્વ.કરમશીભાઇ અને એમની સાથે સવશીભાઇ મકવાણાએ પણ સમગ્ર ગુજરાતમાં કોળી સમાજને ઉંચાઇ ઉપર લઇ જવા માટે આર્થિક, સામાજિક રીતે અને કુરિવાજોને મીટાવવા માટે બંને ભાઇઓએ કામ કર્યું. તેમની સાથે મને પણ કામ કરવાનો મોકો મળ્યો છે તેવા સ્વ.સવશીભાઇ મકવાણાના જવાથી ગુજરાતે એક ખાદી વિચારધારા સાથે સંકળાયેલ કામ કરનાર વ્યક્તિ ગુમાવ્યો છે અને ગુજરાતના કોળી સમાજને પણ ન પૂરી શકાય તે પ્રકારની ખોટ પડી છે. એટલે તેમને પણ હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું અને બાકીના જે જે સભ્યો છે તેમને પણ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું અને આપના મારફત તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(ભા.જ.પ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી સભાગૃહ સમક્ષ શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન કર્યું છે તેવા છ સભ્યોને વિધાનસભાગૃહના સદસ્યો શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે તેમને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું. તે પૈકીના રતિલાલભાઇ જેમની સાથે મારા જાહેર જીવનની શરૂઆત થઇ. તે વખતે અમને બંનેને પ્રથમ વખત જ્યારે એસ.ટી. બોર્ડમાં કામ કરવાનો મોકો મળ્યો ત્યારે પરિચય થયો. સરળ સ્વભાવના, વેપાર અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા હતા. ટૂંકા સમયમાં અને તેમાંય સૌરાષ્ટ્રના અને જૂનાગઢ જિલ્લાના એક પાટીદાર સમાજના આગેવાન તરીકે નજીકનો સંબંધ કેળવાયો અને પારિવારિક સંબંધની જેમ રતિલાલભાઇ અને તેમના પરિવાર સાથે રહેવાનો મોકો મળ્યો. રતિલાલભાઇ અને અમે બંને જે તે વખતે એક સરખી વિચારસરણીથી જોડાયેલા. પછી જ્યારે તે અને હું ધારાસભ્ય બન્યા ત્યારે તેમની સાથે ત્રણેક વખત આ ગૃહમાં કામ કરવાનો મોકો મળ્યો. તે જ્યારે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તરીકેની ફરજ નિભાવતા ત્યારે હું વિપક્ષનો ધારાસભ્ય હતો પણ મિત્રના નાતે જયારે સૌરાષ્ટ્રની અને વિસ્તારના

વિકાસની વાત આવે ત્યારે હંમેશાં તે લાગણીથી એમ કહેતા કે, શ્રી કુંવરજીભાઇ આપણે લોક હિતના કાર્યો કરવામાં મન નાનું નહીં રાખવાનું. જે કંઇ નાની મોટી વાત હોય તો ચોક્કસ અમારા સુધી પહોંચાડજો. આપણે લોકોના કામ થાય તેમાં સાથે રહીને જે કંઇ કરવાનું થતું હશે તે કરીશું. આવા સરળ સ્વભાવના અને હું તો કહું કે મેં એક મિત્ર ગુમાવ્યા છે. માનનીય રતિલાલભાઇને હું શ્રદ્ધાંજલિ અર્પું છું. બાકીના બીજા ત્રણ સભ્યો સાથે પણ આ વિધાનસભાગૃહમાં કામ કરવાનો મોકો મળ્યો હતો. બીજા સ્વ.સવશીભાઇ વિશે મારે ચોક્કસ કહેવું જોઇએ કે આ પરિવાર પાસેથી હું રાજકીય પાઠ શીખ્યો હતો. આ મકવાણા પરિવાર પાસેથી જાહેર જીવનમાં આવીને રાજકીય પાઠ શીખ્યો હતો. તેમને જ્યારે જાહેર જીવનમાં પ્રથમ વખત લાવવા માટેની વાત કરી ત્યારે પહેલાં તો અમે એમ કહ્યું કે જાહેર જીવનમાં અમે આપની સાથે છીએ. પરંતુ તેમની કામ કરવાની પદ્ધતિ અને તેમની સાથે તેમના મોટાભાઇ કરમશીભાઇની કામ કરવાની પદ્ધતિ તથા લોક હિતના જે કાર્યો કરતા તે ધ્યાનમાં રાખીને અમને તેમાં સામેલ કરીને જાહેર જીવનમાં લઇ આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ કરમશીભાઇ જેમણે સુરેન્દ્રનગર જિલ્લામાં જ્યારે જીવનની શરૂઆત કરી તે વખતે હરિજન સેવક સમાજની શાળામાંથી એમણે મેટ્રિક સુધી પાસ કરી અને શ્રી મનુભાઇ પંચોલી અને એમની સાથે ખાસ કરીને એમની ગાંધી વિચારસરણી સાથે જે રીતે વિસ્તારના કામ કરવા માટે એમણે શૈક્ષણિક સંસ્થાઓ અને સાથે સાથે ગાંધી મૂલ્યોને આગળ વધારાવા માટે પાયાના મૂક સેવક તરીકે જે બંને ભાઇઓએ કામ કર્યું છે એના અમે સાક્ષી છીએ. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે શરૂઆતમાં વઢવાણ ખાતે ચિત્ર શિક્ષક તરીકે અને ગૃહપતિ તરીકે વિમુક્ત જાતિના બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી. ધજાળાના ચોરા ઉપર એ વિસ્તારના બાળકોને પ્રથમ શિક્ષણ આપવાનું કાર્ય એમણે કર્યું હતું જ્યારે ધૂળી શાળાઓ હતી કે જ્યાં બેસીને અભ્યાસ કરવાનું પણ ખૂબ કઠીન હતું એવા સમયે આ બંને ભાઇઓએ જે શિક્ષણના કાર્યોની ત્યાંથી શરૂઆત કરી હતી અને આજે ઝાલાવાડ વિસ્તારમાં જ્યારે આ બંને ભાઇઓએ શિક્ષણની સંસ્થાઓ ઉભી કરી હતી અને આજે ફક્ત સુરેન્દ્રનગર જિલ્લામાં જ નહીં પણ આખા સૌરાષ્ટ્રમાં ખાસ કરીને અમારા સમાજના બાળકો જો શિક્ષણ લેતા થયા હોય તો બંને ભાઇઓ સ્વર્ગસ્થ કરમશીભાઇ અને સ્વર્ગસ્થ સવશીભાઇને આભારી છે. માનનીય અધ્યક્ષશ્રી, સાયલા, ચોટીલા આ બંને વિસ્તારોમાં અને આખા સૌરાષ્ટ્રમાં જે સમાજમાંથી હું આવું છું એ સમાજને જાગૃત કરવાનું કામ અને ખાસ કરીને અંધશ્રદ્ધામાંથી બહાર લાવવાનું કામ અને સેવાકીય પ્રવૃત્તિનું કામ કરવાનું અમારા સમાજમાં માર્ગદર્શન પૂરું પાડવાનું કામ આ બંને ભાઇઓ સ્વર્ગસ્થ શ્રી કરમશીભાઇ અને સ્વર્ગસ્થ શ્રી સવશીભાઇએ કર્યું છે. સ્વ.સવશીભાઇ ૧૩ વર્ષ સુધી સાયલા તાલુકા પંચાયતના પ્રમુખ રહ્યા હતા એ પહેલા પ્રથમ ૧૦ વર્ષ સુધી ધજાળા ગ્રામ પંચાયતના સદસ્ય અને દસમી વિધાનસભામાં ચોટીલા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે પ્રથમ વખત ચૂંટાયા પછીની ૧૩મી લોકસભાના તેઓ સદસ્ય બન્યા હતા અને કર્મ એજ ધર્મના સિદ્ધાન્ત સાથે હંમેશા એમણે આજીવન કામ કર્યું હતું. અતિ મહત્વની વાત તો અમે જ્યારે એમની ડાયરી જોઇએ ત્યારે એમણે ૫૫ વરસ સુધી રોજનીશી લખતા આવા કર્મઠ અને સંવેદનશીલ લોક સેવક આ રાજ્યે અને અમારા સમાજે ગુમાવ્યા છે. એમાં પણ ખાસ કરીને અમારા સમાજ માટે જીવન પર્યંત જે કાર્યો કર્યા છે એને સમાજના લોકો ક્યારેય ભૂલી શકશે નહીં એવા આદરણીય સ્વર્ગસ્થ શ્રી સવશીભાઇ આજે આપણી વચ્ચે નથી એમને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પું છું અને બાકીના જે આ ગૃહના પાંચ સ્વર્ગસ્થ સભ્યશ્રીઓ છે એમાં શ્રી રતિલાલભાઇ સિવાય જે ચાર સદસ્યોનો ખાસ પરિચય નથી પણ એમાંના બાકીના બે દિવંગત સભ્યશ્રીઓ સાથે પણ મને આ હાઉસમાં કામ કરવાનો મોકો મળ્યો હતો એમને પણ હું શ્રદ્ધાંજલિ આપું છું. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ અને ખાસ કરીને જે બાકીના દિવંગત સદસ્યો છે જેઓ આજે આપણી વચ્ચે નથી રહ્યા તેઓના કુટુંબીજનોને પણ આપના માધ્યમથી દિલસોજીનો સંદેશો પહોંચાડવામાં આવે અને તેઓના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુ તેમને શક્તિ આપે એવી પ્રાર્થના.

શ્રી શ્રી રણછોડભાઇ ચ. ફળદુ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય નેતા આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી જે શોક દર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને જેમાં વિરોધ પક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે એમાં હું પણ આ દિવંગત સન્માનીય ધારાસભ્યશ્રીઓને શ્રદ્ધા સૂમન પાઠવવા આપ સૌની અનુમતિથી ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ ધારાસભ્યશ્રી રતિભાઇ સુરેજા જેઓ અમારા સૌરાષ્ટ્ર વિસ્તારના જાહેર જીવનના એમ કહી શકાય કે કર્તવ્ય પરાયણ જન પ્રતિનિધિ હતા. પાટીદાર સમાજમાં જન્મીને અન્ય સમાજોનો પણ પ્રેમ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે એ એમના ઉમદા જીવનમાંથી દર્શન થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, અનેક વખતે નાના અને ગરીબ પરિવારોના જ્યારે પ્રશ્નો આવે ત્યારે લાગણીશીલ થઇ જતા હતા જે મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે. જાહેર જીવનમાં વ્યક્તિ આવી અને જતો રહે છે એ ઈશ્વરના ક્રમથી આવે છે અને ઈશ્વરના ક્રમથી જાય છે પરંતુ વ્યકિત કેવું જીવી જાય છે તેના ઉપર સમાજ જીવન ઉપર એક છબી અને પ્રેરણા પૂરી પાડતું હોય છે. સ્વર્ગસ્થ રતિભાઇ સુરેજા ખૂબ સુખી પરિવારમાંથી હતા અને વ્યવસાયે પણ સરળ વ્યકિત હતા જેના લીધે વ્યવસાયનું તેનુ પ્રભાવ ક્ષેત્ર પણ સૌરાષ્ટ્રમાં ખૂબ પ્રભાવી બન્યું હતું પરંતુ જાહેર જીવનમાં સત્તા સ્થાને બેસી અને જન હિતના, જન સુખાકારીના કામો કરવામાં ખૂબ દીર્ઘ દ્રષ્ટિથી એ કામ લેતા એ પણ કામ કરતા મેં તેમને જોયા છે. જ્યારે ધરતી છોડી અને તેની અંતિમક્રિયા જ્યારે જૂનાગઢ ચાલતી હતી તે વખતે અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી હોવાના કારણે રાજુલા વિસ્તારમાં હું પ્રવાસમાં હતો અને મને ખબર પડી કે, શ્રી રતિભાઇ સુરેજાએ દેહ છોડયો છે તો દોડીને હું પણ ત્યાં જૂનાગઢ ખાતે અગ્નિ સંસ્કાર કેન્દ્રમાં પહોંચ્યો હતો. શ્રી રતિભાઇની વિદાય સહન ના કરી શકી હોય એવી અનેક આંખો મેં રડતી જોઇ છે. આ

પ્રકારનું ઉમદા જીવન જીવનારા વ્યકિત જ્યારે ધરતી છોડતાં હોય છે ત્યારે અનેકને દુઃખી દુઃખી કરી દેતા હોય છે આ મેં પ્રત્યક્ષ જોયેલું છે. શ્રી જવાહરભાઇ ચાવડા પણ તે વખતે ઉપસ્થિત હતા એ અમે જોયું છે. આવા જ્યારે જાહેર જીવનમાં કોઇક માટે જીવતા હોય, એ પ્રકારનું ઉમદા જીવન જીવતા હોય એવી વ્યકિત જ્યારે ધરતી છોડે ત્યારે સ્વાભાવિક રીતે સમાજ જીવન રાંક બની જતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સ્વ.શ્રી રતિભાઇ સુરેજાના દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના કરું છું અને એની સાથે આ ગૃહના પૂર્વ પાંચ સન્માનીય ધારાસભ્યશ્રીઓએ પણ ધરતી છોડી છે ત્યારે તેમના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ માટે પ્રાર્થના કરું છું અને આ બધાના પરિવારોને પ્રભુ શકિત અર્પે એવી પણ ઇશ્વરને પ્રાર્થના કરું છું. કેમ કે દરેક પરિવારે પોતાનો સ્વજન ગુમાવ્યો હોય એ પરિવાર જ એ પીડા સમજતો હોય છે પરંતુ એ પીડાને સહન કરવાની શકિત પ્રભુ આપે એવી પ્રભુને પ્રાર્થના કરું છું અને આપશ્રી મારફત આ બધાજ દિવંગત પરિવારોને દિલસોજીનો સંદેશો પહોંચે એ માટે આપને પ્રાર્થના કરું છું.

શ્રી અભેસિંહ મો. તડવી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ ધારાસભ્યશ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલનું ૧૪-૫-૨૦૧૯ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ ભીલ સાહેબનો જન્મ ૧લી જુલાઇ, ૧૯૪૪ના રોજ તત્કાલીન વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાના ખોડીયા ગામે થયો હતો. તેઓશ્રીએ બી.એસ.સી.,બી.એડ. સુધીનો અભ્યાસ કરેલો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. આદિવાસી સમાજની અંદર તે વખતે શિક્ષણનું પ્રમાણ ખૂબ નહિવત હતું અને તે વખતે ભીલ સાહેબે ડભોઇ અને સંખેડા છાત્રાલયમાં અભ્યાસ કરીને એ ગરીબ કુટુંબમાંથી બી.એસ.સી. સુધીની ડિગ્રી મેળવી અને એક શિક્ષણાધિકારી તરીકે ગોધરા અને ભરૂચ જિલ્લામાં પણ તેમણે સેવા કરી હતી. ત્યાર પછી તેઓએ રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યારે એસ.ટી. નિગમના ડિરેકટર તરીકે, વન વિકાસના ચેરમને તરીકે પણ તેમણે સેવા આપી હતી. જ્યારે તેઓ બિમાર હતા ત્યારે હું પ્રવાસમાં હતો ત્યારે હું તેમની ખબર કાઢવા માટે ગયો હતો ત્યારે તેમણે મને એવું કહેલું કે, અભેસિંહભાઇ, તમે ધારાસભ્ય બન્યા છો તેમ હું પણ બન્યો છું. પણ ડુંગર વિસ્તારની અંદર આપણે હજુ ચાર રસ્તા બનાવવાના બાકી છે તો એ વાત તેમણે મને ત્યારે કરેલી અને મને એવું લાગે કે, આ વિસ્તારની અંદર આદિવાસી સમાજના લોકો તેમને ભીલ સાહેબ તરીકે ઓળખાવતા હતા અને નાના મોટા કામમાં પણ તે બધાને ખૂબ મદદરૂપ થતાં હતા ત્યારે તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક કલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. તેમની સાથે આપણાં બીજા પૂર્વ ધારાસભ્યો છે તેમના અત્માને પણ પ્રભુ ચિર શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, સભાના સન્માનનીય નેતા અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક ઠરાવ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને એમાં મારો સૂર પુરાવું છું. ગૃહ મારફત રાજ્યના વિવિધ વિસ્તારોની અંદર સ્વર્ગસ્થ રતિલાલ ગોરધનભાઇ સુરેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થ શ્રી ચંદ્રકાંન્ત મૂળજીભાઇ પરીખ, સ્વર્ગસ્થ શ્રી કાંતિલાલ નાનાલાલ પટેલ, સ્વર્ગસ્થ શ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણા, સ્વર્ગસ્થ શ્રી પ્રહલાદભાઇ મોહનલાલ પટેલ અને સ્વર્ગસ્થ શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલના અવસાન સંદર્ભે શોકની લાગણી વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી ચોટીલા મત વિસ્તારમાંથી ચૂંટાયેલા સ્વર્ગસ્થ સવશીભાઇ કાનજીભાઇ મકવાણા કે જેમનો જન્મ ૧૨ જૂન, ૧૯૩૨માં થયો હતો. રોજગારીની શોધમાં વિસાવદર તાલુકાના કાળાસરી ગામમાંથી એક પરિવાર ભટકતો-ભટકતો સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળામાં સ્થાયી થયો. ત્યાંથી રોજગારીની શોધમાં વઢવાણ જાય છે. ૧૯૪૦-૪૧ માં ત્યાંની રાષ્ટ્રીય શાળામાં ભણવા માટે જાય છે. ત્યાંથી સ્વર્ગસ્થ નાના દાદા અને મનુ દાદાની રાહબરી નીચે ગ્રામ દક્ષિણા મૂર્તિ, આમલાની અંદર અભ્યાસ કર્યો. સૌ પ્રથમ ૧૯૫૩માં ધજાળાના ચોરાની અંદર બંને ભાઇઓએ નાનકડી ગ્રામ શાળાની શરૂઆત કરી. કોઇ સરકારી નોકરી નહિ, કોઇ અપેક્ષા નહિ. એ ગામ માટે એવું કહેવાય છે કે, વડાવાઓએ એક સમયે ભાંગેલું અને ચોરી કરેલું એટલે એમણે નક્કી કર્યું કે આપણે આપણા કામની શરૂઆત આ જ ગામમાંથી કરવી છે. એ નાનકડો ચોરમાં શરૂ કરેલ શાળા, એમણે કરેલ મહેનતના લીધે આજે એ વિસ્તારની અંદર લગભગ ૧૧ જેટલી લોક શાળાઓ, ૪ જેટલી આશ્રમ શાળાઓમાં આજ સુધીમાં ૬૦,૦૦૦ કરતાં વધુ બાળકો અભ્યાસ કરીને જુદી-જુદી પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે. મને એ વાતનો ગર્વ છે કે, એમણે કરેલ પ્રવૃત્તિના કારણે એ વિસ્તારના પછાત વર્ગના ૮,૦૦૦ કરતાં વધુ બાળકો સરકારના અલગ-અલગ વિભાગોમાં નોકરી કરે છે. ૧૯૬૩ની અંદર પંચાયતી રાજની સ્થાપના થઇ અને પહેલી વખત એ વખતે સ્વર્ગસ્થ કરમશીભાઇ મકવાણા તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા અને ત્યારથી એમની રાજકીય યાત્રાનો પ્રારંભ થયો. આજે પણ સ્વર્ગસ્થ કરમશીભાઇ અને સ્વર્ગસ્થ સવશીભાઇ બંનેમાંથી કોની કામગીરી કઇ એ બાબતે ઘણી બધી દ્વિધા પ્રવર્તે છે. માનનીય નીતિનભાઇએ કહ્યું કે, ૧૯૯૦માં એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. સ્વર્ગસ્થ સવશીદાદાએ હંમેશાથી સ્વર્ગસ્થ કરમશીદાદાનો પડછાયો બનીને કામ કરવાનું પસંદ કર્યું છે. ૧૯૭૨થી ૧૯૯૭ સુધી સ્વર્ગસ્થ કરમશીદાદા આ ગૃહના સભ્ય હતા અને એ દરમિયાન ૧૯૮૧થી ૧૯૯૩ સુધી સ્વર્ગસ્થ સવશીદાદાએ તાલુકા પંચાયત, સાયલાના પ્રમુખ તરીકે કામગીરી કરેલ છે. બંને ભાઇઓનો સ્વભાવ માનનીય કુંવરજીભાઇએ કહ્યું એમ રેગ્યુલર ડાયરી લખવાની અને એમણે કરેલા તમામ કામોનો હિસાબ આજે પણ ૧૯૬૪ થી માંડીને એમનું અવસાન થયું ત્યાં સુધી એમણે લખેલા પત્રો અને કામગીરી એ તમામનો

હિસાબ એમણે રજૂ કરેલો છે. સ્વ. સવજીદાદા સરપંચ તરીકે ચૂંટાયા ત્યારથી ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી લોકસભાના સદસ્ય પણ રહ્યા છે. એમણે કરેલી તમામ કામગીરીનો હિસાબ એમણે આપેલો એના માટે સ્વ. મનુદાદાએ એક નાનકડી પુસ્તિકા સંપાદિત કરેલી એમાં એમણે કહ્યું કે ઝાડના પારખા ફળ પરથી એમ લોક ભારતી સંસ્થામાં સ્વ. મનુદાદા અને સ્વ. નાનાદાદા, એમણે કરેલી કામગીરી આ ફળ પરથી પારખાવવાનો પ્રયાસ કરેલો છે. ત્યારે જન્મથી એમના સંસ્કાર વાહક તરીકે મને પણ ભાગ્ય પ્રાપ્ત થયું. એમણે સ્થાપેલ મૂલ્યોને અનુસરી શકું તેવી શકિત મળી રહે તે જ સાચી શ્રદ્ધાંજલિ હોઇ શકે. સ્વ. તમામ સભ્યશ્રીઓના પરિવારોને શોકદર્શક સંદેશો આપના મારફત પાઠવવામાં આવે એટલી વિનંતી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

દસમી અને અગીયારમી વિધાનસભામાં ગૃહના પ્રતિનિધિ તરીકે એક ધારાસભ્ય તરીકે આદરણીય પ્રહલાદભાઇ મોહનભાઇ ગોસાએ વિસનગરના અને મહેસાણા જિલ્લાના પ્રશ્નો ખૂબ સક્રિય રીતે રજૂ કર્યા હતા. તેઓ એક રાજનેતા તરીકે સમાજ સેવક તરીકે ખૂબ જ અગ્રેસર રહ્યા છે. મને આ તકે એક દાખલો યાદ આવે છે કે નગરપાલિકા સંચાલિત જી.ડી. હાઇસ્કૂલ કે જયાં ઓ.બી.સી. એટલે કે આર્થિક રીતે નબળા વર્ગના બાળકો ભણતા હતા ત્યાં સારા નેતૃત્વના અભાવે સન ૨૦૦૦-૨૦૦૧માં બાળકોની સંખ્યા ખૂબ ઘટી ગઇ હતી. ત્યારે સ્વ. પ્રહલાદભાઇએ સારા પ્રિન્સિપાલ માટે મહેનત કરી અને એ મૂકાવ્યા એનું મને ગૌરવ થાય છે. એ કામને યાદ કરતાં મને ખૂબ આનંદ થાય છે. આજે ૧૭૦૦થી ૧૮૦૦ જેટલા બાળકો આ નગરપાલિકા સંચાલિત જે.ડી. હાઇસ્કૂલમાં અભ્યાસ કરે છે. તેઓશ્રીએ એ.પી.એમ.સી.ના ચેરમેન તરીકે પણ સેવા આપેલ. શિક્ષણની વાત હોય કે સમાજની વાત હોય એ તળ કડવા પાટીદારના પ્રમુખ તરીકે પણ રહ્યા હતા. તેઓએ સમૂહ લગ્ન માટે પહેલ કરીને ખૂબ સમાજ સેવા કરી છે. મહેસાણા જિલ્લાના પ્રશ્નો માટે તેઓ ખૂબ જ જાગૃત રહ્યા છે. આદરણીય નીતિનભાઇ મારફતે આ જિલ્લાના પ્રશ્નો ઉકેલવા માટે ખૂબ સારી કામગીરી કરેલ છે.

એ સિવાય બાકીના તમામ સ્વ. સભ્યશ્રીઓએ પોત પોતાના વિસ્તારમાં સમાજ સેવાની ખૂબ સારી કામગીરી કરેલ છે તે તમામને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને જે પરિવારો ઉપર આફત આવી પડી છે એમને પ્રભુ સહન કરવાની શકિત અર્પે અને આ શોક સંદેશો પાઠવવામાં આવે એટલી વિનંતી છે.

શ્રી બ્રિજેશ મેરજા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતા માનનીય વિજયભાઇ રૂપાણી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે જેને વિરોધપક્ષના નેતા માનનીય પરેશભાઇ ધાનાણીએ ટેકો આપ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

ગૃહના દિવંગત સભ્યશ્રી રતિલાલ ગોરધનભાઇ સુરેજા કડવા પાટીદાર સમાજના મોભી હતા. સાથે સાથે માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુ સાહેબે કહ્યું એ પ્રમાણે તેઓ સમાજથી પર સંકુચિત વૃત્તિથી ઉપર ઉઠીને સૌને સાથે રાખીને ચાલનારા ઉંચા ગજાના માણસના ઇલકાબથી અભિભૂત મહામાનવ હતા. મને એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે એ મારું જીંદગીનું સંભારણું બની રહેશે.

કાકા કાલેલકરે કહ્યું કે ''શાણો માણસ લાભત નાહિ'' જેનો સ્વભાવ સાણો, સાલસ અને પરગજુ. મને યાદ છે કે સ્વ. રતિબાપા રોટલે મોટા હતા. રતિભાઇ રોટલે મોટા અને સ્વભાવે અજાતશત્રુ હતા. શ્રી જવાહરભાઇ એમની સામે ચૂંટણીઓ લડેલા, પરંતુ શ્રી જવાહરભાઇ જયારે સચિવાલયમાં આવે ત્યારે જમતા તો એમને ત્યાં. એ જ રીતે સ્વ. ચીમનભાઇ પટેલની સરકારમાં એસ.ટી. બોર્ડના સભ્ય તરીકે શ્રી રતિભાઇ અને શ્રી કુંવરજીભાઇ સાથે હતા. શ્રી કુંવરજીભાઇએ ઉદાર દિલે તેમની સાથેનો નાતો એમણે આજે જે રીતે વ્યકત કર્યો. એવા સ્વ. રતિભાઇ ભલે મંત્રી ભાજપ સરકારના હોય, પણ શ્રી કુંવરજીભાઇ વિપક્ષના આગેવાન હોય તો એમના માટે પણ જે ટિફીન આવે તેમાં ૧૫ જણા જમવાના હોય તો શ્રી કુંવરજીભાઇને શોધીને તેમને જમાડતા. એવા એક આદરણીય વ્યકિત , વ્યવહાર કુશળ અને આપણે ઇચ્છીએ કે તેઓ લાંબુ જીવ્યા હોત તો સમાજને વધારે ઉપયોગી થયા હોત, પરંતુ જન્મ, જરા અને મૃત્યુ એ આપણા હાથની વાત નથી, કુદરતને આધીન છે. ત્યારે આ દિવાદાંડી રૂપ જીવન જીવી ગયેલા એવા શ્રી રતિભાઇ સુરેજાના દિવંગત આત્માને મારા કોટિ કોટિ વંદન કરું છું. એમના પરિવાર સાથે મારે અંગત ઘરોબો હતો,છે અને રહેશે ત્યારે એમના પરિવારને હું આ ગૃહ મારફત સાંત્વના પાઠવું છું.

વડોદરા જેવા સયાજીરાવ ગાયકવાડની રાજધાની વડોદરાના વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરી ચૂકેલા એવા ચંદ્રકાન્તભાઇ પરીખ કે જેવો શ્રેષ્ઠ મહાજન પરંપરાના વાહક હતા. એમણે વડોદરા મહાનગરપાલિકામાં અને યુનિર્વસિટીના સેનેટ તરીકે અને નગરપાલિકમાં કાઉન્સીલર તરીકે જે સેવા આપેલી તે ખૂબ સાત્વિક અને યાદગાર બની રહેશે. તેમના આત્માને પણ વંદન કરું છું અને તેમના પરિવારને પણ આ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી પ્રાર્થના કરું છું.

પાટણની જેમ અલગ ઓળખ છે એ રીતે એમણે પાટણને અલગ ઓળખ આપી હતી. એવા કાંતિલાલ પટેલ કે જે અસલ પાટીદાર મિજાજ ધરાવતા, આખા બોલા પણ પ્રજાના પ્રશ્નો માટે લડી લેવાનો મિજાજ ધરાવતા વ્યકિત અને સ્વભાવે તે ખૂબ ઋજુ હતા. પાટણ નગરપાલિકા પ્રમુખ તરીકે અને પાટણ નાગરિક બેન્કના ચેરમેન તરીકે એમણે ખૂબ સારી સેવાઓ કરી હતી. એવા આ સ્વ.કાંતિભાઇ પટેલ આજે આપણી વચ્ચેથી વિદાય થયા છે. આજે મોકો મળ્યો છે ત્યારે સહૃદયથી એમના શુભેચ્છક તરીકે એમને અંજલિ આપું છું અને એમના પરિવારને પ્રભુ દુઃખ સહન કરવાની શકિત આપે.

## શોકદર્શક ઉલ્લેખો

મારે વાત કરવી છે ગાંધી પરિવારના એક આખરી દીવડાની. ''પાંચાળ ભૂમિનો પાથેય'' એવા સ્વ. સવસીભાઇ મકવાણા, સરપંચથી સાંસદ સુધીની એમની જાહેર જીવનની બેદાગ સફર જેને કહીએ એવી આ સ્વ. સવસીભાઇએ પૂરી કરી છે. સાયલા તાલુકા પંચાયતના બબ્બે વખત પ્રમુખ તરીકે રહી ચૂકયા છે. એવા અને આ શ્રી ઋત્વિકભાઇ મકવાણાએ એમના પરિવારના સભ્ય તરીકે જે લાગણી વ્યકત કરી. લોકભારતી સણોસરાના શ્રી મનુભાઇ પંચોલી, 'દર્શક' અને આંબલાની મણાર સંસ્થાના નાનાલાલ ભટ્ટ, એમના હાથે ઉછેર પામેલા અને ગળથૂથીમાં એમને શિક્ષણ અને સમાજ સેવાના અને લોકોની વચ્ચે રહીને અને લોકોના પ્રાણ પ્રશ્નોના ઉકેલ માટે રજૂઆત કરતા. છેવાડાના વ્યકિતઓ સુધી ઘરોબો કેળવી અને એમના પ્રશ્નો માટે હરહંમેશ જીવ્યા ત્યાં સુધી પોસ્ટ કાર્ડ લખતા હતા. અમારા નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ સાચી વાત કરી હતી. હું ધારાસભ્ય બન્યો ત્યારે એવું વિચાર્યું કે કયો એવો ગાંધીજન છે કે, જેને પગે લાગીને મને પ્રજાએ સોંપેલી કામગીરીના હું શ્રીગણેશ કરું. ત્યારે મોરબીથી સીધો શ્રી સવસીભાઇ મકવાણાને મળવા ગયો હતો. અને એમના આશીર્વાદ લીધા હતા અને એમણે મન ભરીને આશીર્વાદ પણ આપ્યા હતા એ મારા જીવનનું સદભાગ્ય હતું. આવા સાદગી સભર, સાત્વિક, સાલસ સ્વભાવના અને પરગજુ વ્યક્તિ હતા. એમણે ત્રણ પુસ્તકો સંપાદિત કર્યા હતા. ''વગડામાં વનરાઇ'', ''ઉજાસ યાત્રા'' અને ''માટીની મહેંક'' અને કાકા કાલેલકરે કહ્યું છે, એમ શાણો માણસ લાભત નાહીં, એવા સમજુ અને શાણા, મહાનુભાવને હું મારી દિલની લાગણીથી એમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચીર શાંતિ અર્પે એવા પ્રાર્થના કરું છું. એમના પરિવારને આ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે, તેવી દિલસોજી પાઠવું છું.

''ગોસા'' તખલ્લુસથી જાણીતા આપણા યુવાન વયે અવસાન પામેલા વિસનગરના સ્વ. પ્રહલાદભાઇ કે જેમણે એ.પી.એમ.સી હોય કે શૈક્ષણિક સંસ્થા હોય ખૂબ નાની ઉંમરે સારું કામ કરીને આપણી વચ્ચેથી વિદાય થયેલા હોય એવા અમારા કડવા પાટીદાર સમાજના હોનહાર જેને કહી શકાય. તેવા સ્વ. પ્રહલાદભાઇના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને એમના પરિવાર પર આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી પ્રાર્થના કરું છું. સાથે સાથે ભીલ સેવા મંડળ થકી નસવાડી વિસ્તારમાં શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલે જે સેવાનો યજ્ઞ આદરેલો ત્યારે ''વંચિતોના વાણોતર'' એવા આ કાંતિભાઇ ભીલના આત્માને પણ શ્રદ્ધાંજલિ આપી અને એમના પરિવારજનો પરત્વે પણ દુઃખ વ્યકત કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોક પ્રસ્તાવ રજૂ કર્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે અને અન્ય તમામ સભ્યશ્રીઓએ જે સ્વર્ગસ્થશ્રીઓના જીવન કવનના સંવેદન સભર કાર્યકાળના ઉલ્લેખો કરી તેઓના તમામના વ્યકિતત્વની ઝલક પ્રસ્તુત કરી છે તે જોતા આપણને ખ્યાલ આવે છે કે, પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવા માટે તે સમયે ટાંચા સાધનો તથા ટેકનોલોજીનો પણ આટલો વિકાસ નહોતો તેમ છતાં વિધાનસભામાં પોતાની ધારદાર રજૂઆતો દ્વારા હંમેશા પ્રજા હિતના કાર્યો માટે જાગૃત રહેતા હતા. મૃત્યુ એ જીવનનો પુરાવો છે. માનવ સેવાની આપણને અમૂલ્ય તક મળી છે અને શોકાંજલિ જીવનને પ્રેરણા આપે છે. મારે ખાસ કરીને મારા વડોદરા શહેરના દિવંગત પૂર્વ સભ્યશ્રી ચંદ્રકાંતભાઇ પરીખનો ઉલ્લેખ કરવો છે. માનનીય સભ્યશ્રી પરીખ વ્યવસાયે વકીલ પણ હતા. મારે કોર્ટમાં તેમની અવાર નવાર મુલાકાત પણ થતી હતી, તેઓ સાદા કહી શકાય, સાચા કહી શકાય તેવા કાર્યકર્તા હતા, તેઓ નિરાભિમાની અને સાચા લોક સેવક હતા, ગરીબ માણસોની પડખે હંમેશા ઉભા રહેતા. આમ આ દિવંગત તમામ મહાનુભાવોને હું પણ મારી શોકાંજલિ અર્પણ કરું છું. પ્રભુ આ તમામ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેઓના કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે તેવી પ્રભુને પ્રાર્થના કરું છું. આપણે સૌ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આ સદગતના આત્માને મોક્ષ ગતિ પ્રાપ્ત થાય તે માટે પોતાની જગ્યા પર બે મિનિટ ઉભા થઇ અને મૌન પાળીશું.

**(બે મિનિટના મૌન બાદ)**

અધ્યક્ષશ્રી : સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લેશે. આપણા સૌની લાગણી સદગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

### સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો

શ્રી બચુભાઇ મ. ખાબડ (રાજ્ય કક્ષાના પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫-૨૦૧૬ અને ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

તા. ૨જી જુલાઇ, ૨૦૧૯

શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળના વાર્ષિક વહીવટી અહેવાલો**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળના સન ૨૦૧૫-૨૦૧૬થી સન ૨૦૧૭-૨૦૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર**

શ્રી બચુભાઇ મ. ખાબડ (રાજ્યકક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૯-૨૦૨૦નું અંદાજપત્ર તથા સન ૨૦૧૮-૨૦૧૯નું સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું વાર્ષિક અંદાજપત્ર**

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૯-૨૦૨૦નું વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર) સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**ગુજરાત મેરી ટાઇમ બોર્ડના વાર્ષિક હિસાબો તથા નિવેદન**

શ્રી સૌરભ પટેલ (બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરી ટાઇમ બોર્ડના સન ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો વાર્ષિક અહેવાલ તથા હિસાબો**

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૩૭ અને ૪૦ તથા ત્રીજા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧, ૩, ૫ અને ૬ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા. ૧લી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. બુધવાર, તા. ૩-૭-૨૦૧૯ના રોજ ત્રણ સરકારી વિધેયકો નીચે દર્શાવેલ ક્રમમાં ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા ) વિધેયક.

(૨) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા)વિધેયક.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૧૯નું ભારતનો ભાગીદાર (ગુજરાત સુધારા) વિધેયક.

૨. સોમવાર, તા.૮મી જુલાઇ, ૨૦૧૯ના રોજ પ્રશ્નોત્તરી બાદ વૈધાનિક અને સંસદીય બાબતોના માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦) હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો. ત્યારબાદ નીચે જણાવ્યા મુજબના પાંચ સરકારી વિધેયકો ક્રમાનુસાર ચર્ચા માટે હાથ ધરવા. આ વિધેયકો પૈકી ચર્ચા માટે બાકી રહેતા વિધેયકોને ગુરૂવાર, તા.૨૫મી જુલાઇ, ૨૦૧૯ના રોજ ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પુરી કરવી.

(૧) ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા ) વિધેયક, ૨૦૧૯

(૨) ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડ વિધેયક, ૨૦૧૯

(૩) ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯
(૪) ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૯
(૫) ગુજરાત સ્થાનિક સત્તા મંડળ અને નગરરચના કાયદા (સુધારા ) વિધેયક, ૨૦૧૯

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે '' આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અંદાજપત્રની રજૂઆત

સન ૨૦૧૯-૨૦ ના ફેરફાર કરેલ અંદાજપત્રની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(** નાણા મંત્રીશ્રી ) : **માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનીય ગૃહ સમક્ષ **વર્ષ ૨૦૧૯-૨૦નું ફેરફાર કરેલ અંદાજપત્ર** રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું. ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના **"સૌનો સાથ, સૌનો વિકાસ"**ના મંત્રને સમગ્ર દેશે સહર્ષ અપનાવ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રજાલક્ષી કાર્યો, પ્રખર રાષ્ટ્રભક્તિ, પ્રમાણિકતા અને સખત પરિશ્રમને પ્રજાજનોએ ખોબલે ખોબલે મત આપી સમર્થન આપ્યુ છે. જે બતાવે છે કે ગત પાંચ વર્ષમાં નરેન્દ્રભાઈએ **"સૌના વિશ્વાસ"**ને સાર્થક કરેલ છે. નવભારતના **વિકાસપુરુષ** આજે **જનનાયક** તરીકે પ્રસ્થાપિત થયા છે અને સમગ્ર વિશ્વમાં શક્તિશાળી નેતા તરીકે ઉભરી આવ્યા છે, જે આપણા માટે ગૌરવપ્રદ છે. ભારતના ઇતિહાસમાં જવલ્લે જ બનેલો હોય તેવા જનમતનો કીર્તિમાન નરેન્દ્રભાઇના નેતૃત્ત્વમાં સ્થપાયો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના શબ્દોમાં કહું તો, "આ વિજય જનતાનો વિજય છે, લોકતંત્રનો વિજય છે, ભારતનો વિજય છે".

લોકસભામાં અમારા પક્ષને મળેલ ભવ્ય વિજય બદલ અમે ખૂબ જ નમ્ર ભાવે રાજયની સવા છ કરોડ જનતા જનાર્દનનો હ્રદયપૂર્વક આભાર માનીએ છીએ. સાથોસાથ નરેન્દ્રભાઇને સતત બીજીવાર પૂર્ણ બહુમતી સાથે દેશના વડાપ્રધાન બનવા બદલ આ ગૃહના માધ્યમથી અભિનંદન પાઠવું છું. આઝાદી પછી દેશના વડાપ્રધાન અને ગૃહ પ્રધાન આ બન્ને અતિ ગૌરવશાળી પદોનું સુકાન ગુજરાતના પનોતા પુત્રો શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહે સંભાળ્યુ હોય તેવો આ પહેલવહેલો અને અનેરો પ્રસંગ છે. આ બંને મહાનુભાવો આ સન્માનનીય ગૃહના સભ્ય રહી ચુકયા છે, જે આપણા સહુ માટે ગૌરવની વાત છે.

લેખાનુદાન સમયે અમે મહત્ત્વપૂર્ણ પ્રજાલક્ષી યોજનાઓની જાહેરાત કરી હતી. ટૂંકા સમયગાળામાં તેના અમલની કાર્યવાહી પણ શરૂ કરી દીધેલ છે. આ વર્ષના મોડીફાઇડ બજેટમાં પણ અમે માનનીય વડાપ્રધાનશ્રીના "**સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ**" સૂત્રને નજર સમક્ષ રાખી રાજ્યના નાગરિકોની સુખાકારી અને વિકાસ માટે વિવિધ આયોજનો કરેલ છે.

**પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના** અંતર્ગત ભારત સરકારે રાજયના ૨૮ લાખ ખેડૂતોને સહાયના પ્રથમ બે હપ્તા પેટે રૂ.**૧૧૩૧ કરોડ** ચુકવ્યા છે. જે બદલ હું ગુજરાતના ખેડૂતો વતી માનનીય વડાપ્રધાનશ્રીનો આભાર માનુ છું. મને જણાવતાં આનંદ થાય છે કે, **ભારત સરકારે બે હેકટરની મર્યાદા દૂર કરી છે**. જેથી રાજયના બધા ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે.

આપણી સરકાર દ્વારા રાજયની ખૂબ જ લોકપ્રિય આરોગ્યલક્ષી "મા" અને "મા વાત્સલ્ય" યોજના માટે આવક મર્યાદા રૂ. ૪ લાખ અને સુરક્ષા કવચ રૂ.૫ લાખ કરવામાં આવતાં લાભાર્થી પરિવારોની સંખ્યા ૭૨ લાખથી વધુ થયેલ છે. તેવી જ રીતે ખેડૂતોને વિના વ્યાજે મળતી સહાય એક સાથે અને ઝડપથી મળી રહે તે માટે રિવોલ્વીંગ ફંડ ઊભું કરવામાં આવેલ છે. વૃદ્ધ પેન્શન માસિક રૂ.૫૦૦ ને બદલે રૂ. ૭૫૦ અને લાભાર્થી વિધવા બહેનોના કેસમાં પુખ્ત વયના પુત્રની શરત રદ કરી મહિને રૂ.૧૦૦૦ ને બદલે રૂ.૧૨૫૦ પેન્શન આપવાનું તથા આંગણવાડી બહેનોના માસિક પગારમાં રૂ.૯૦૦ નો અને તેડાગર બહેનોના માસિક પગારમાં રૂ.૪૫૦નો વધારો કરી, **લેખાનુદાન વખતે કરેલ જાહેરાતોનો અમલ શરૂ કરી દીધેલ છે**. જેનાથી **માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**ના નેતૃત્વ હેઠળની અમારી સરકારની ગુજરાતની પ્રજા માટેની પ્રતિબદ્ધતા પુરવાર થાય છે.

રાજયની પ્રજાની ભવિષ્યની જરૂરિયાતો ધ્યાને લઇ **આ વર્ષના બજેટમાં અમે જળ વ્યવસ્થાપન, ગ્રીન અને કલીન એનર્જી, પર્યાવરણ, કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા રોજગારના પાંચ ક્ષેત્રો પર વિશેષ ભાર મુક્યો છે.**

**પાણીદાર ગુજરાત**

તા. ૨જી જુલાઇ, ૨૦૧૯

અંદાજપત્રની રજૂઆત

રાજ્ય સરકારે છેલ્લા બે દાયકામાં ઘરે ઘરે પીવાનું પાણી પૂરું પાડવા અથાગ પ્રયત્નો કર્યા છે અને રાજ્યમાં **વોટર ગ્રીડ**ની સ્થાપના કરી છે. વિશાળ પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજ્યના ૧૮૦૦૦ પૈકી ૧૩૦૦૦ કરતા વધુ ગામો તેમજ શહેરોમાં સરફેસ સ્ત્રોત આધારિત પાણી વિતરણનું નેટવર્ક ગોઠવવામાં આવેલ છે, જ્યારે બાકી વિસ્તારોમાં સ્થાનિક સ્ત્રોતથી પાણી આપવામાં આવે છે. રાજ્યમાં પીવાના પાણીની આવી સક્ષમ વ્યવસ્થાને લીધે નાગરિકોના આરોગ્ય અને જીવનધોરણમાં તેમજ રાજ્યના માનવ વિકાસ સૂચકાંકમાં નોંધપાત્ર સુધાર થયેલ છે.

માનનીય વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં **નલ સે જલ યોજના** જાહેર કરેલ છે, જેના થકી આગામી પાંચ વર્ષમાં દેશના દરેક ઘરમાં નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પુરૂં પાડવામાં આવશે. આપણા રાજ્યમાં મોટા ભાગના વિસ્તારોમાં ઘરે ઘરે પાણી પહોચાડવાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. વડાપ્રધાનશ્રીનો સંકલ્પ પરિપૂર્ણ કરવા રાજ્યના બાકીના ઘરોમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં નળ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવા રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે.

રાજ્યમાં પીવાના પાણીની ઉપલબ્ધતા વધારવા તેમજ કચ્છ અને સૌરાષ્ટ્રના છેવાડાના વિસ્તારોમાં જળ સલામતી સુનિશ્ચિત કરવા, દરિયાના ખારા પાણીને પીવાલાયક મીઠું પાણી બનાવવા રાજ્યના દરિયાકાંઠા ઉપર **ડીસેલીનેશન પ્લાન્ટ** સ્થાપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય સરકારે લીધો છે. આવા ૮ પ્રોજેકટની કાર્યવાહી પ્રગતિમાં છે. આ ઉપરાંત, રાજ્યના **શહેરી વિસ્તારોમાં ઉત્પન્ન થતા ગંદા પાણીને ટ્રીટ કરી તેનો ઔદ્યોગિક હેતુસર પુન:ઉપયોગ કરવા માટેની નીતિ રાજ્ય સરકારે જાહેર કરેલ છે**, જેના ભાગરૂપે અંદાજે ૩૦૦ એમએલડી ક્ષમતાના પ્રોજેકટ પ્રગતિ હેઠળ છે.

**નલ સે જલ** યોજના અંતર્ગત અમારી સરકાર આગામી ત્રણ વર્ષમાં આશરે રૂ. **૨૦ હજાર કરોડ**નો ખર્ચ કરી ગુજરાતનું એક પણ ઘર ટેપ વોટરથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરશે. આ હેતુસર ચાલુ વર્ષે રૂ.**૪૫૦૦ કરોડ**ની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે, જે ગત વર્ષ કરતા ૩૬ ટકા વધારે છે.

ગુજરાત પાણીની અછત વાળુ રાજય છે. જેમાં ઉપલબ્ધ જળ સંશાધનોમાંથી સિંચાઇ માટે ખૂબ મોટા પ્રમાણમાં પાણીનો વપરાશ થતો હોય છે. ઓછા વીજળી ખર્ચથી, ઓછા ખાતરના ઉપયોગથી વધુ પાક મેળવવા અને પાણીના મર્યાદિત જથ્થાથી વધુ ખેડૂતોને લાભ આપવા **માઇક્રો ઈરીગેશનનો વ્યાપ વધારવા માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે.** રાજયમાં ૧૮ લાખ હેકટર વિસ્તાર માઇક્રો ઈરીગેશન હેઠળ આવરી લેવાયેલ છે. જેનો લાભ ૧૧ લાખ ૩૪ હજાર ખેડૂતોને મળે છે. આગામી ત્રણ વર્ષમાં માઇક્રો ઈરીગેશન હેઠળનો વિસ્તાર મોટા પ્રમાણમાં વધારવાનું સરકારનું આયોજન છે.

**ગ્રીન એન્ડ ક્લીન એનર્જી**

ગુજરાત ઔદ્યોગિક અને વેપાર ધંધા ધરાવતું રાજ્ય છે. જેમાં ૧૬ લાખ ૫૪ હજાર ખેડૂતોને ખૂબ જ સસ્તા દરે ઊંચી સબસીડી આપીને વીજ કનેકશન આપવામાં આવ્યા છે. ગુજરાતના બધા જ ઘરો વીજ કનેકશન ધરાવે છે.  આમ, ગુજરાત મોટા પ્રમાણમાં વીજ વપરાશ કરતું રાજ્ય છે. શ્રી નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શરુ કરવામાં આવેલ જયોતિગ્રામ યોજનાથી રાજ્યના ગામડાઓમાં સતત વીજળી પૂરી પાડવામાં આવી રહી છે.

આગામી સમયમાં વધતી જતી ઊર્જાની માંગને પહોચી વળવા તેમજ પર્યાવરણની જાળવણી માટે બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત મારફતે **ગ્રીન એન્ડ કલીન એનર્જી** ઉત્પન્ન કરવાના લાંબાગાળાનું આયોજન સરકારે અમલમાં મુકેલ છે. આવનારા વર્ષોમાં ગુજરાત રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે સૌર અને પવન ઊર્જા આધારિત વીજ ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી એ સ્તરે પહોચવા માંગે છે કે ગુજરાત પોતાની જરૂરિયાત સાથે સાથે દેશના અન્ય રાજ્યોની જરૂરિયાત પણ પૂર્ણ કરે.

વર્ષ ૨૦૧૩માં ગુજરાતની રીન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા ૪૧૨૬ મેગાવોટ હતી, જે આજે ૮૮૮૫ મેગાવોટ છે. જેને **૨૦૨૨ સુધીમાં ૩૦,૦૦૦ મેગાવોટ** સુધી લઇ જવાનું આયોજન છે. જેમાંથી ૨૦ હજાર મેગાવોટનો ગુજરાતમાં ઉપયોગ કરવામાં આવશે અને ૧૦ હજાર મેગાવોટ વીજળી અન્ય રાજયોમાં પહોચાડવામાં આવશે.

અંદાજપત્રની રજૂઆત

સૌર ઊર્જાની સસ્તી વીજળી નાગરિકો પોતાના ઘરે **સોલર રૂફટોપ**થી ઉત્પન્ન કરી પોતાની જરૂરિયાત પૂરતી વીજળી ઉપયોગ કરે અને વધારાની વીજળી ગ્રીડમાં આપે તે પ્રમાણેની યોજનાનો લાભ અત્યાર સુધી લગભગ ૫૦ હજાર નાગરિકોએ લીધેલ છે.

આ સન્માનીય સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે, આ વર્ષે **૨ લાખ પરિવારો** પોતાના ઘર ઉપર સૌર ઊર્જાના પેનલ લગાવે અને તેમાંથી ઉત્પન્ન થતી ગ્રીન, કલીન અને સસ્તી વીજળી પોતાના વપરાશમાં ઉપયોગ કરે તેમજ વધારાની વીજળી ગ્રીડમાં આપીને તેની આવક મેળવે તે પ્રમાણેની **નવી સોલર રૂફટોપ યોજના જાહેર કરું છું.** આ યોજના હેઠળ ૩ કિલોવોટ સુધીની સિસ્ટમ બેસાડનાર પરિવારને નિયત કરેલ કિંમત પર ૪૦ ટકાની માતબર સબસીડી અને ૩ થી ૧૦ કિલોવોટ સુધીની સિસ્ટમ બેસાડનાર પરિવારને ૨૦ ટકા સબસીડી આપવામાં આવશે. આ યોજના માટે **રૂ. ૧૦૦૦ કરોડ**ની જોગવાઇ.

**પર્યાવરણના જતન સાથે વિકાસ**

ગુજરાત રાજય પ્રગતિશીલ અને વિકસિત રાજય છે. દર વર્ષે સેંકડો નવા ઉદ્યોગો સ્થપાતા જાય છે. લાખો નવા વાહનો રાજયમાં વધતા જાય છે. તેવા સમયે અમારી સરકાર પર્યાવરણનું સંપૂર્ણ જતન થાય અને અત્યારની તથા આવનારી પેઢીને શુદ્ધ હવા–પાણી વાળુ વાતાવરણ મળી રહે તે માટે કટિબદ્ધ છે. પર્યાવરણના ભોગે અમે કોઇ વિકાસ કરવા માંગતા નથી. તેથી નાનામાં નાના ગામડાથી માંડી મોટા શહેરો સુધી પર્યાવરણના જતન માટે અનેક વિભાગો અને સંસ્થાઓના માધ્યમથી ઘણી યોજનાઓ અમલમાં મૂકી છે.

રાજયના નગરોમાંથી ગંદા પાણીનો નિકાલ, ફેકટરીઓમાંથી નિકળતા પ્રદૂષિત પાણીનું શુદ્ધિકરણ કરી તેનો નિકાલ કરવાની વ્યવસ્થા, ઉદ્યોગો, વાહનો અને ઘરોમાં ઇકો–ફ્રેન્ડલી સીએનજી અને પીએનજી ગેસનો વધુમાં વધુ વપરાશ, વિશ્વમાં જેની શરૂઆત થઇ રહી છે તેવા ઇલેક્ટ્રીક વાહનોનો વધુ વપરાશ, ફેકટરીઓ અને વાહનોથી થતાં વાયુ પ્રદૂષણ પર નિયંત્રણ, ઘન કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ જેવા અનેક પગલા અમે લીધાં છે અને નવા આયોજનો પણ કરી રહ્યા છીએ. જેનાથી ગુજરાતનું પર્યાવરણ વધુ સારું થશે તેવો અમને વિશ્વાસ છે.

લેખાનુદાન પ્રવચનમાં મે જાહેરાત કરી હતી કે અમદાવાદ, વડોદરા અને જેતપુરના હજારો ઉદ્યોગોના પ્રદૂષિત પાણીને શુદ્ધ કરી તે પાણી ઊંડા દરિયામાં વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની પાઇપલાઇન પીપીપીના ધોરણે નાખવામાં આવશે. જેથી નદીમાં થતું પ્રદૂષણ અટકશે. કુલ અંદાજે **રૂ.૨૨૭૫ કરોડ**ની આ યોજનાઓ માટે આ વર્ષે **રૂ. ૫૦૦ કરોડ**ની જોગવાઇ.

**જગતના તાતની પડખે સરકાર**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પ પ્રમાણે **વર્ષ–૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા** માટે અને તેમના પુરુષાર્થનું પૂરતું વળતર મળે તે માટે અમારી સરકાર ઝીરો ટકાના દરે પાક ધિરાણ, ટેકાના ભાવે ખરીદી, પાક વીમો, કિસાન સન્માન નિધિ, ખેડૂતોને સમયસર વીજળીની પ્રાપ્તિ, સિંચાઇની યોગ્ય વ્યવસ્થા, કૃષિ યાંત્રીકરણ માટે સહાય, ખેડૂતોના પાકના સંગ્રહ માટે નવા ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે મોટા પાયે નાણાકીય સહાય આપી રહેલ છે.

રાજ્યના લાખો ગ્રામજનો જેમાંથી મોટા પ્રમાણમાં આવક મેળવી રહ્યા છે તેવા પશુપાલન વ્યવસાયને વધુ વિકસાવવા અને ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારાનો ઉપયોગ કરી લાખો માછીમારોની આવકમાં વધારો કરવા તેમને વધુ ને વધુ સુવિધાઓ પ્રાપ્ત કરાવવામાં આવી છે. તેમની આવક વધે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**, મને જણાવતાં આનંદ થાય છે કે બે દિવસ પછી અષાઢી બીજના પવિત્ર દિવસે **ભગવાન જગન્નાથજીની રથયાત્રા** નીકળશે. અમે નિર્ધાર કર્યો છે કે અત્યાર સુધીમાં જેટલા ખેડૂતોએ ખેતીવાડી વીજ જોડાણ મેળવવા અરજી કરી છે તેવા તમામ ખેડૂતોને આવતી અષાઢી બીજ સુધીમાં વીજ કનેકશન આપી દેવામાં આવશે. આમ, અત્યારે પડતર તમામ ૧ લાખ ૨૫ હજાર માંગણીઓમાં નવા વીજ કનેકશન આપી દેવામાં આવશે.

**હર હાથ કો કામ**

ગુજરાત રોજગાર સર્જક રાજ્ય છે. અમારી સરકારે આગામી ત્રણ વર્ષમાં **હર હાથ કો કામ** એ દિશામાં આગળ વધવાનો નિર્ધાર કર્યો છે. સખીમંડળો થકી બહેનોને સ્વરોજગારી, રોજગાર મેળાઓ અને અપ્રેન્ટીસશીપ દ્વારા ફેકટરીઓમાં યુવાનોને રોજગારી, મુદ્રા યોજના દ્વારા યુવાવર્ગને ધિરાણ અપાવવાની વ્યવસ્થા કરી સ્વરોજગારીની તકો મળે તેવો અભિગમ અપનાવ્યો છે.

તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

અંદાજપત્રની રજૂઆત

છેલ્લા પાંચ વર્ષમાં **રોજગાર ભરતી મેળાના માધ્યમથી આશરે ૧૧ લાખ લોકોને રોજગારી** મેળવવામાં મદદ કરી છે. સરકારી સેવાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં **એક લાખ અઢાર હજાર** યુવાન–યુવતીઓની ભરતી કરવામાં આવી છે. આગામી ૩ વર્ષમાં અંદાજે **વધુ ૬૦ હજાર** ભરતી કરવાનું આયોજન છે.

રાજ્યમાં અત્યારે દોઢ લાખ સખી મંડળો સક્રિય છે. જેમાં અંદાજે ૨૦ લાખ બહેનો જોડાયેલા છે. આ સખી મંડળોને અત્યાર સુધીમાં **એક હજાર નવસો કરોડ**નું બેંક ધિરાણ થયેલ છે. જેમાં ૫ થી ૮ ટકા વ્યાજ સહાય અને અન્ય નાણાકીય મદદ રાજ્ય સરકાર આપે છે. હવે સરકારે નિર્ધાર કરેલ છે કે આગામી ત્રણ વર્ષમાં નવા ૭૦ હજાર સખીમંડળો બનાવવા બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવશે. નવા બનેલ સખી મંડળોને પણ ધિરાણ અને વ્યાજ સહાયની મદદ કરવામાં આવશે. આમ, ૨૫ લાખ બહેનો માટે **રૂપિયા સાતસો કરોડ** ધિરાણ ઉપલબ્ધ કરાવી સ્વરોજગારીની તકો ઊભી કરવામાં આવશે.

મુખ્યમંત્રી એપ્રેન્ટીશીપ યોજના, મુખ્યમંત્રી ગ્રામોદય યોજના, વાજપાઈ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, પશુફાર્મની સ્થાપના જેવી રોજગારલક્ષી અને પરિવારની આવક વધારતી યોજનાઓ દ્વારા **આશરે ૧૫ લાખ યુવાનોને આગામી ત્રણ વર્ષમાં રોજગાર મળે** તેવી વ્યવસ્થા કરવામાં આવશે. ઉપરાંત, મુદ્રા યોજના દ્વારા છેલ્લા ૩ વર્ષમાં આશરે **૪૪ લાખ લાભાર્થીઓને રૂ. ૩૧,૮૭૭ કરોડ**નું ધિરાણ આપી સ્વરોજગારીની વિપુલ તકો પૂરી પાડવામાં આવેલ છે. આગામી ત્રણ વર્ષમાં મુદ્રા યોજના દ્વારા ઓછામાં ઓછા **૫૦ લાખ લાભાર્થીઓ**ને નવું ધિરાણ આપી તેમની પસંદગીનો વ્યવસાય સ્થાપવામાં મદદ કરવામાં આવશે.

**માનનીય અધ્યક્ષશ્રી**, રાજ્યના અર્થતંત્રએ છેલ્લા છ વર્ષ દરમ્યાન ૧૦ ટકાનો પ્રભાવશાળી વૃદ્ધિદર હાંસલ કરેલ છે. જે સ્થિર ભાવે દેશના મોટા રાજ્યોમાં ઉચ્ચત્તમ છે. ઉચ્ચ વિકાસદરની ગતિ જાળવી રાખતાં રાજ્યના અર્થતંત્ર એ વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૧.૨ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરેલ છે.

ગુજરાત દેશનું અગ્રણી નાણાકીય શિસ્ત અને સદ્ધરતા ધરાવતુ રાજ્ય છે. છેલ્લા આઠ વર્ષથી આપણું રાજ્ય મહેસૂલી પુરાંતવાળું રહ્યું છે અને છેલ્લા સોળ વર્ષમાં રાજ્ય સરકારે એક પણ વખત ઓવરડ્રાફ્ટ લીધો નથી.

**માનનીય અધ્યક્ષશ્રી**, સન્માનનીય ગૃહમાં રાજયના નાણાં મંત્રી તરીકે ૭મું અંદાજપત્ર રજૂ કરી રહ્યો છું જેનો મને આનંદ છે.

**માનનીય અધ્યક્ષશ્રી, આજે હું જે અંદાજપત્ર રજૂ કરી રહ્યો છું તે ગુજરાત રાજયની સ્થાપના પછી સૌ પ્રથમ વખત રૂપિયા બે લાખ કરોડથી વધું તેવું રૂ. ૨,૦૪,૮૧૫ કરોડનું છે.** રૂ.

આ ઐતિહાસિક પ્રસંગમાં આપણે સૌ સહભાગી છીએ.

**હવે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ વર્ષ ૨૦૧૯–૨૦નું અંદાજપત્ર રજૂ કરું છું.**

કૃષિ અને ખેડૂત કલ્યાણ

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રૂ. ૭૧૧૧ કરોડની જોગવાઇ**

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ટેકાના ભાવે ખરીદી, કુદરતી આપત્તિઓ અંતર્ગત કૃષિની કામગીરી, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અને ખેડૂતો માટે જાહેર કરેલ નવી પેન્શન યોજના સહિતની ખેડૂત કલ્યાણકારી યોજનાઓના સુચારુ અમલીકરણ માટે આગામી ત્રણ વર્ષમાં ગ્રામ્ય કક્ષાએ કર્મચારીઓની **૨૭૭૧ નવી જગ્યાઓ** ભરવામાં આવશે. જે પૈકી, આ વર્ષે ૧૧૨૧ જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાતના ખેડૂતો સહકારી તેમજ રાષ્ટ્રીયકૃત બેન્કો મારફત દર વર્ષે આશરે રૂ. ૧૫ હજાર કરોડનું ટૂંકી મુદતનું પાક ધિરાણ મેળવે છે. જેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા બેન્કોને ચુકવવામાં આવે છે. આમ, ગુજરાતના ખેડૂતોને **ઝીરો ટકા** દરે પાક ધિરાણ મળે છે. ખેડૂતોને આ વ્યાજ સહાય આપવા રૂ. **૯૫૨ કરોડ**ની જોગવાઇ.

પાક વીમા નિધિ સહિત **પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના** હેઠળ ચાલુ વર્ષે ૧૮ લાખ **ખેડૂતોને વીમા કવચ પૂરું પાડવા** માટે રૂ. **૧૦૭૩ કરોડ**ની જોગવાઇ.

**રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના** અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે રૂ. **૨૯૯ કરોડ**ની જોગવાઇ.

**ફાર્મ મિકેનાઇઝેશન** અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટરની અને ૩૨,૦૦૦ ખેડૂતોને આધુનિક સાધનો અને ઓજારોની ખરીદીમાં સહાય આપવા રૂ. **૨૩૫ કરોડ**ની જોગવાઇ.

એગ્રો અને ફુડ પ્રોસેસીંગ એકમોને સહાય આપવા રૂ. **૩૪ કરોડ**ની જોગવાઇ.

ખેડૂતોને સમયસર અને પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર પૂરું પાડવા રૂ.**૨૫ કરોડ**ની જોગવાઇ.

પાકવાર અને તાલુકા–જિલ્લાવાર વાવેતર વિસ્તારના અંદાજોના નિયમિત તથા ચોક્કસ આંકડા મેળવવા સેટેલાઇટ ઇમેજ અને ડ્રોન ફોટોગ્રાફી દ્વારા સર્વે માટે રૂ. **૨૫ કરોડ**ની જોગવાઇ.

સમગ્ર ડાંગ જિલ્લો, વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા તથા નવસારી જિલ્લાના વાંસદા તાલુકાને ૧૦૦% સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવા **રૂ.૧૫ કરોડ**ની જોગવાઇ.

**બાગાયત**

રાજ્યના ખેડૂતો માટે ગુણવત્તાયુકત શાકભાજીના ધરૂ તૈયાર કરવા પંચમહાલ, નર્મદા અને અરવલ્લી જિલ્લામાં નવા ત્રણ **સેન્ટર ઓફ એક્સલન્સ** સ્થાપવા રૂ. **૮ કરોડ**ની જોગવાઇ.

બાગાયતી પાકમાં મૂલ્યવર્ધન કરવાના ઉદ્દેશથી **ગુજરાત હોર્ટીકલ્ચર નોલેજ સોસાયટી**ની સ્થાપના કરવામાં આવશે. આ સોસાયટી દ્વારા નર્સરીમાં પ્લાન્ટેશન માટે ગુણવત્તાયુક્ત સાધન સામગ્રી તૈયાર કરવા અને હાઇટેક હોર્ટીકલ્ચર માટે તાલીમ પૂરી પાડવામાં આવશે.

બાગાયતનો વ્યાપ વધારવા ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં નવા બાગાયત ડીવીઝનની સ્થાપના માટે રૂપિયા ૬૦ લાખની જોગવાઇ.

**પશુપાલન**

કામધેનુ યુનિવર્સિટી હેઠળ હિંમતનગર ખાતે નવી વેટરનરી કોલેજની સ્થાપના માટે પ્રથમ તબક્કામાં રૂ. ૧ કરોડની જોગવાઇ.

૧૨ દૂધાળા પશુઓનું એક એવા ૪૦૦૦ ડેરી ફાર્મ સ્થાપવા માટે રૂ. **૧૩૪ કરોડ**ની જોગવાઇ.

૪૬૦ ફરતાં પશુ દવાખાના માટે રૂ. **૪૭ કરોડ**ની જોગવાઇ.

**મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના** માટે રૂ. **૨૮ કરોડ**ની જોગવાઇ.

**કરુણા એનિમલ એમ્બ્યુલન્સ અને હેલ્પલાઇન ૧૯૬૨**ની સેવાઓ માટે રૂ.**૧૫ કરોડ**ની જોગવાઇ.

**ડેરી વિકાસ**

ગુજરાતનું એક પણ ગામ સહકારી દૂધ મંડળી વગર અને એક પણ જિલ્લો સહકારી દૂધ ઉત્પાદક સંઘ વગર ન રહે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે.

ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને પશુપાલકોને વિવિધ સાધન સામગ્રીની ખરીદી પર સહાય આપવા માટે રૂ.**૩૬ કરોડ**ની જોગવાઇ.

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા રૂ. **૨૫ કરોડ**ની જોગવાઇ.

**ગૌ સેવા**

ગોપાલન, ગૌસંવર્ધન, ગૌરક્ષણ, ગૌચર વિકાસ તેમજ રાજયની સુપ્રસિદ્ધ ગીર અને કાંકરેજ ઓલાદની ગાયોના સર્વાંગી વિકાસ માટે રૂ.**૩૮ કરોડ**ની જોગવાઇ.

**સહકાર**

**કિસાન કલ્પવૃક્ષ યોજના** અંતર્ગત બજાર સમિતિઓનું આધુનિકરણ કરવા અને પાયાની સગવડો ઊભી કરવા રૂ. **૩૩ કરોડ**ની જોગવાઇ.

વ્યક્તિગત ખેડૂતો, સહકારી સંસ્થાઓ અને બજાર સમિતિઓને અનાજ સંગ્રહ શક્તિમાં વધારો કરવા **ગોડાઉન બાંધકામ** માટેની સહાય આપવા રૂ.**૧૧ કરોડ**ની જોગવાઇ.

**મત્સ્યોદ્યોગ**

**નીલ ક્રાંતિ યોજના** અંતર્ગત રૂ.**૬૫ કરોડ**ની જોગવાઇ.

માંગરોળ, નવાબંદર, વેરાવળ, માઢવાડ, પોરબંદર અને સુત્રાપાડા મત્સ્ય બંદરોના વિકાસ માટે રૂ. **૨૧૦ કરોડની જોગવાઇ.**

ફિશીંગ બોટના ડીઝલ વપરાશ પર માછીમારોને વેટ સહાય આપવા માટે રૂ.**૧૫૦ કરોડ**ની જોગવાઇ. ઉપરાંત નાના માછીમારોની બોટમાં વપરાતા કેરોસીન ઉપર સહાય આપવા માટે રૂ.**૧૮ કરોડ**ની જોગવાઇ.

હાલના મત્સ્ય બંદરોના રખરખાવ અને મૂળભૂત સુવિધાઓને સુદ્રઢ કરવા રૂ. **૬૦ કરોડ**ની જોગવાઇ.

દરિયાઇ મત્સ્યોદ્યોગના વિકાસ માટે માછીમારોની હોડીઓનું આધુનિકરણ કરવા, તેમા જી.પી.એસ. જેવા સાધનો બેસાડી સલામતી પૂરી પાડવા માટે રૂ. **૬૦ કરોડ**ની જોગવાઇ.

ઝીંગા ઉછેરને પ્રોત્સાહન આપવા માટે રૂ. **૯ કરોડ**ની જોગવાઇ.

જળ સંપત્તિ **રાજ્યના બંધોની જાળવણી, હયાત નહેર માળખાની સુધારણા અને સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન માટે રૂ. ૭૧૫૭ કરોડની જોગવાઇ.**

તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

અંદાજપત્રની રજૂઆત

ગત વર્ષે ઓછો વરસાદ હોવાથી ડેમોમાં પાણીનો જથ્થો ઓછો હોવા છતાં **સુજલામ સુફલામ યોજના** અને **સૌની યોજના** દ્વારા નર્મદા યોજનાની નહેરમાંથી પાણી ઉપાડી જળાશયો ભરવામાં આવેલ છે. જેમાં રાજકોટ શહેર માટે આજી–૧ અને ન્યારી–૧, જામનગર શહેર માટે આજી–૩ અને રણજીતસાગર, ગોંડલ શહેર માટે વેરી–૧, મોરબી શહેર માટે મચ્છુ–૨, વાંકાનેર શહેર માટે મચ્છુ–૧, જેતપુર, ગોંડલ તથા અન્ય વિસ્તારો માટે ભાદર–૧ જળાશય, રાણપુર શહેર માટે સુખભાદર જળાશય તેમજ કચ્છ માટે ટપ્પર ડેમ નર્મદા નીરથી ભરવાથી આ વિસ્તારના લોકોની પીવાના પાણીની જરૂરિયાત સંતોષવામાં આવેલ છે.

**સૌરાષ્ટ્ર**

સૌની યોજનાના બીજા તબક્કા હેઠળ જામનગર, ગોંડલ અને ભાવનગર માટે અગત્યના ત્રણ ડેમ સુધીની પાઇપલાઇનની કામગીરી પૂર્ણ કરવામા આવેલ છે. આગામી વર્ષમાં નર્મદાના પાણીની ઉપલબ્ધિ અનુસાર ૩૫ જળાશયો અને ૧૦૦ કરતા વધુ ચેકડેમો ભરવાનું આયોજન છે.

સૌની યોજનાનાં ત્રીજા તબક્કાના રૂ. **૨૨૫૮ કરોડનાં ચાર પૅકેજોના કામો** શરૂ થયેલ છે. આ ઉપરાંત ભાવનગર શહેરના પીવાના પાણી માટે મહત્ત્વના સ્ત્રોત બોર તળાવને સૌની યોજના હેઠળ સમાવવાનો મહત્ત્વનો નિર્ણય કરવામા આવેલ છે.

સૌની યોજના માટે રૂ.**૧૮૮૦ કરોડ**ની જોગવાઇ.

**ઉત્તર ગુજરાત**

બનાસકાંઠા જિલ્લા માટે અગત્યની થરાદથી સીપુ ડેમ સુધીની પાઇપલાઇન માટે રૂ. **૧૦૦ કરોડ**ની જોગવાઈ. આ યોજનાથી **બનાસકાંઠા જિલ્લાના ૬૦૦૦ હેક્ટરમાં પિયત થશે**.

હાલમાં પ્રગતિ હેઠળની પીયજથી ધરોઇ, ધાધુંસણથી રેડલક્ષ્મીપુરા અને ખેરવા–વિસનગર યોજનાના કામો માટે રૂ.**૧૮૫ કરોડ**ની જોગવાઇ.

**આદિજાતિ વિસ્તાર**

ઊકાઇ જળાશયના ઉપરવાસમા વસતા આદિજાતિ લોકોની સમસ્યાને ધ્યાને લઇ ઉકાઇ જળાશય આધારિત ઉચ્છલ, નીઝર અને સોનગઢ તાલુકાના ૨૭૬૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવા **રૂ. ૯૬૨ કરોડ**ના ખર્ચે ૩ મોટી ઉદ્વહન સિંચાઇ યોજના હાથ ધરવામાં આવેલ છે. જે માટે ચાલુ વર્ષે **રૂ. ૭૫ કરોડ**ની જોગવાઇ.

સોનગઢ, ઉમરપાડા અને ડેડિયાપાડા તાલુકાઓમાં તાપી–કરજણ લીંક પાઇપલાઇન ઉદ્વહન સિંચાઇ યોજના રૂ.**૭૨૦ કરોડ**ના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે. જેનાથી ૭૩ ગામોના ૨૧ હજારથી વધારે હેક્ટરને સિંચાઇનો લાભ થશે. તેમજ હયાત ૧૦૦ ચેકડેમો ભરવામા આવશે.

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં **₹૩૭૨ કરોડ**ના ખર્ચે અંબીકા નદી પર વાઘરેચ રિચાર્જ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. જેનાથી ૧૧ ગામોના ૮૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ તેમજ બીલીમોરા નગરપાલિકાને પીવાનુ પાણી ઉપલબ્ધ થશે.

સુરત જિલ્લાના કાકરાપાર–ગોરધા–વડ ઉદ્વહન સિંચાઇ યોજનાથી માંડવી તથા માંગરોળ તાલુકાના ૪૭ ગામોના ૨૩ હજાર ખેડૂતોને ૧૫૨૮૦ હેક્ટરમાં સિંચાઇનો લાભ મળશે. જેના માટે **રૂ. ૨૪૫ કરોડ**ની જોગવાઇ.

કરજણ જળાશય આધારિત પાઇપ લાઇન યોજના પ્રગતિ હેઠળ છે, જેના માટે રૂ.**૨૨૦ કરોડ**ની જોગવાઇ.

કડાણા જળાશય આધારિત કડાણા–દાહોદ પાઇપલાઇન યોજનાથી ૧૦ હજાર હેક્ટરને સિંચાઇનો લાભ મળશે. જેના માટે રૂ.**૩૮૦ કરોડ**ની જોગવાઇ.

પૂર્વપટ્ટી વિસ્તારની પાનમ ઉચ્ચસ્તરીય કેનાલ આધારિત યોજના અને પાનમ જળાશય આધારિત બે નવી યોજના માટે રૂ.**૪૦ કરોડ**ની જોગવાઇ.

સૂક્ષ્મ સિંચાઇ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ માટે **રૂ. ૭૫૦ કરોડ**ની જોગવાઇ.

**કલ્પસર**

દરિયાઈ ભરતી દરમ્યાન નર્મદા નદીના પટમાં ખારું પાણી પ્રવેશતા અટકાવવા માટે **ભાડભૂત યોજના** અંતર્ગત નર્મદા નદી ઉપર બૅરેજ બનાવવાથી ૬૦ કરોડ ઘન મીટર પાણીનો સંગ્રહ થશે. જે પીવા માટે તેમજ ઉદ્યોગો માટે ઉપલબ્ધ થશે. છ માર્ગી બ્રીજ બનવાથી હજીરા–સુરત–ઓલપાડ–દહેજ વિસ્તારમાં પરિવહનના નવા આયામો ઊભા થશે. આ યોજના માટે **રૂ.૧૩૦ કરોડ**ની જોગવાઈ.

નર્મદા સરદાર સરોવર યોજના દેશની અગત્યની આંતર–રાજ્ય બહુહેતુક યોજનાની સાથે સાથે ગુજરાતની જીવાદોરી છે. આ યોજના માટે રૂ. **૬૫૯૫ કરોડ**ની જોગવાઇ. જે પૈકી–

મુખ્ય બંધના આનુસાંગિક કામો, પુન:વસન તથા પર્યાવરણના કામો માટે રૂ. **૭૫ કરોડ**

ગરુડેશ્વર વિયર અને ગોરાબ્રિજના બાંધકામ તથા પાવર હાઉસોની જાળવણી માટે રૂ.**૨૪૭ કરોડ**

નર્મદા મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રક્ચર તથા કેનાલ ઓટોમેશન માટે રૂ.**૩૭૧ કરોડ**

નહેરોના બાંધકામ માટે કુલ રૂ. **૨૭૪૪ કરોડ**ની જોગવાઇ. જેના થકી વધારાના એક લાખ તેર હજાર હેક્ટરમાં માઇનોર સુધીની સિંચાઇ ક્ષમતા ઉત્પન્ન થશે તેમજ ખેડૂતોની જમીન સંપાદન કર્યા વિના ભૂગર્ભ પાઇપલાઇનથી સબ–માઇનોર સુધી ૧ લાખ ૮૮ હજાર હેક્ટર પિયત થશે.

નહેરોના બાંધકામના હેતુસર સૌરાષ્ટ્ર માટે રૂ. **૫૬૧ કરોડ**, ઉત્તર ગુજરાત માટે રૂ. **૩૮૯ કરોડ**, કચ્છ માટે રૂ.**૮૦૯** કરોડ તથા મધ્ય ગુજરાત માટે રૂ.**૯૮૫** કરોડની ફાળવણી. જેમા રૂ. **૪૦૦ કરોડ**ના ખર્ચે જર્જરિત થયેલ ઓપન ચેનલ સબ–માઇનોરના સ્થાને ભૂગર્ભ પાઇપલાઇન નાખવામાં આવશે.

જમીન સંપાદન માટે રૂ.**૩૦૦ કરોડ**.

કચ્છ અને સૌરાષ્ટ્ર શાખા નહેરના પમ્પીંગ સ્ટેશનના વિસ્તરણ માટે રૂ. **૪૦૭ કરોડ**

વિવિધ શાખા નહેરો પર નાના વીજ મથકો સ્થાપવા માટે રૂ. **૧૫૨ કરોડ**.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી**

લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા **"સ્ટેચ્યુ ઓફ યુનિટી"** પ્રવાસન સ્થળ તરીકે ખૂબ જ લોકપ્રિય બનેલ છે. અત્યાર સુધીમાં આશરે **૨૦ લાખ પ્રવાસીઓએ** આ સ્ટેચ્યુની મુલાકાત લીધી છે. દરરોજ આશરે **૧૦ હજાર** પ્રવાસીઓ આવે છે. તે ધ્યાને લઇ પ્રવાસીઓ માટે વેલી ઓફ ફ્લાવર્સ, જંગલ સફારી, શ્રેષ્ઠ ભારત ભવન, નેવીગેશન ચેનલ, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, કેકટસ ગાર્ડન, એકતા નર્સરી, વિશ્વવન તેમજ રાત્રિ રોકાણ માટેની સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહેલ છે. આમ, આ વિસ્તારના સંકલિત વિકાસ માટે રૂ. **૨૬૦ કરોડ** કરતાં વધુ રકમનો ખર્ચ થશે.

શિક્ષણ **શિક્ષણના સર્વગ્રાહી વિકાસ માટે રૂ. ૩૦,૦૪૫ કરોડની જોગવાઇ**

અમારી સરકારે શિક્ષણના સાર્વત્રિક વ્યાપની સાથે સાથે ગુણવત્તા સુધારણા માટે વિવિધ યોજનાઓ જેવી કે રાઇટ ટુ એજ્યુકેશન, ગુણોત્સવ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન, નમો ટેબલેટ, જ્ઞાનકુંજ, સ્કોલરશીપ, વિના મૂલ્યે પાઠ્યપુસ્તકો અને ગણવેશ પૂરા પાડવા અસરકારક રીતે અમલમાં મુકેલ છે. વિદ્યાર્થીઓ રોજગાર વાંચ્છુકની સાથે સાથે રોજગાર સર્જક પણ બને તેવા અભિગમ સાથે અમે ઇનોવેશન, સ્ટાર્ટઅપ અને કૌશલ્યવર્ધનને પ્રાધાન્ય આપ્યુ છે.

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ**

પ્રાથમિક શાળાઓમાં **નવા ૫ હજાર જેટલા વર્ગખંડો** બાંધવામાં આવશે. જેનાથી આશરે દોઢ લાખ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સારી સગવડ મળશે. જેના માટે ₹**૪૫૪ કરોડ**ની જોગવાઇ.

મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ધોરણ–૧ થી ૮ના ૪૩ લાખ બાળકોને તાજું અને પૌષ્ટિક ભોજન આપવા માટે તથા દૂધ સંજીવની અને અન્ન ત્રિવેણી યોજનાઓ માટે કુલ ₹**૧૦૧૫ કરોડ**ની જોગવાઇ

રાઇટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત રાજયમાં અંદાજે ૨ લાખ ૭૦ હજાર વિદ્યાર્થીઓ ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. આ બાળકોની ફી અને યુનિફોર્મ, બૂટ તથા સ્કૂલ બેગ આપવા માટે દરેક બાળકને **રૂ.** ૩૦૦૦ રાજય સરકાર ચુકવે છે તે માટે ₹**૩૪૧ કરોડની** જોગવાઇ.

જ્ઞાનકુંજ અંતર્ગત પ્રાથમિક શાળાઓના ૧૦,૦૦૦ વર્ગખંડમાં વર્ચ્યુઅલ કલાસરૂમ અને ભાર વિનાના ભણતર **માટે** ₹**૧૦૩ કરોડ**ની જોગવાઇ.

IT આધારિત અભ્યાસ, શાળાઓમાં નિયમિત હાજરી, શૈક્ષણિક મૂલ્યાંકન તેમજ કમ્પ્યુટર લેબને અદ્યતન કરવા માટે ₹**૧૦૦ કરોડ**ની જોગવાઇ.

૧૫૧ **કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય**માં અભ્યાસ કરતી આશરે ૧૫ હજાર કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ, હોસ્ટેલ તથા ભોજન સુવિધા આપવા માટે **₹૮૦ કરોડ**ની જોગવાઇ.

ઘરથી શાળાનું અંતર એક કિલોમીટરથી વધારે હોય તેવી સરકારી શાળાના ૧ લાખ ૩૪ હજાર બાળકોના પરિવહન માટે ₹**૬૦ કરોડ**ની જોગવાઇ.

શાળામાં ન ગયેલ હોય અને અનિયમિત હોય તેવા બાળકોને નિશાળે નિયમિત લાવવા તેમજ આવા બાળકોને બ્રીજ–કોર્ષ કરાવવા માટે ₹**૬૪ કરોડ**ની જોગવાઇ.

સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા આશરે ૧ લાખ ૩૦ હજાર દિવ્યાંગ બાળકોને સાધનો પૂરા પાડવા તેમજ વિશિષ્ટ જરૂરિયાતવાળા ૭ હજાર દિવ્યાંગ બાળકોને થેરાપીની સુવિધા માટે ₹**૪૬ કરોડ**ની જોગવાઇ

૧૫૯ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાંધકામ અને મરામત માટે ₹**૧૯૬ કરોડ**ની જોગવાઇ.

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના** અંતર્ગત રાજ્યના પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરિયાતમંદ **૭૯ લાખ વિદ્યાર્થીઓ**ને ફી પેટે આર્થિક સહાય તેમજ અન્ય શૈક્ષણિક સવલતો પૂરી પાડવા ₹**૩૭૦ કરોડ**ની જોગવાઇ.

૪૨ સરકારી કોલેજો તથા સરકારી યુનિવર્સિટીઓના નવા ભવનોના બાંધકામ માટે ₹**૨૦૬ કરોડ**ની જોગવાઇ

કોલેજ અને પોલિટેકનીકના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા ૩ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટ આપવા માટે **₹૨૫૨ કરોડ**ની જોગવાઈ.

**આર્ટીફિશીયલ ઇન્ટેલીજન્સ અને રોબોટીકસ જેવી ઉભરતી ટેક્નોલોજી**થી વિદ્યાર્થીઓને અવગત કરાવવા અદ્યતન લેબોરેટરી સ્થાપવા, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલીસી તેમજ ઇનોવેશન હબ માટે **₹૫૦ કરોડ**ની જોગવાઈ.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ.૧૦૮૦૦ કરોડની જોગવાઇ**

જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે તબીબી સારવાર આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ **આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના** શરુ કરેલ છે. આ યોજના અંતર્ગત ૧૮૦૦થી વધારે પ્રોસીઝર્સની વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ગુજરાતમાં ૭૨ લાખથી વધુ કુટુંબો, એટલે કે ૪ કરોડ વ્યક્તિઓ, લાભાર્થી છે. જેના અમલમાં ગુજરાત રાજ્ય અગ્રીમ છે. અત્યાર સુધીમાં ૪ લાખ ૯૦ હજાર લાભાર્થી દાવાઓ નોંધાયેલ છે અને તેના સારવાર ખર્ચ પેટે **રૂ.૮૧૮ કરોડ** ચુકવવામાં આવેલ છે.

માનનીય વડાપ્રધાનશ્રીના વર્ષ–૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત ભારતના આહ્વાન તેમજ લેપ્રસી, એનેમિયા અને કુપોષણ જેવા રોગોથી મુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવાની યોજનાઓ ગુજરાતે અમલમાં મુકેલ છે.

ગ્રામ્ય વિસ્તારની જેમ શહેરી વિસ્તારોમાં વસતા ૨ કરોડ ૭૫ લાખ નાગરિકોને આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવા અમારી સરકારે **શહેરી વિસ્તારોનાં આરોગ્ય તંત્રના સુદ્રઢીકરણનો પ્રજાલક્ષી નિર્ણય કરેલ છે.** જે અંતર્ગત સામૂહિક આરોગ્ય કેન્દ્ર સુધીના નિષ્ણાંતો, તબીબો, સ્ટાફ નર્સો, આશા બહેનો સહિત **૮૬૦૦** જેટલા આરોગ્ય કર્મચારીઓની નિમણૂક કરવામાં આવશે. આ પ્રોગ્રામ માટે રૂ. ૧૧૦ કરોડની જોગવાઇ.

ગુજરાતની લોકપ્રિય "મા અને ''મા વાત્સલ્ય'' યોજના અંતર્ગત તારીખ ૩૧/૦૫/૨૦૧૯ સુધીમાં રૂ. ૨,૭૫૮ કરોડના ખર્ચે ૧૮ લાખથી વધારે લાભાર્થીઓને સારવાર આપવામાં આવેલ છે. આ યોજના સાથે ખાનગી અને સરકારી–ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલો થઇને ૨,૬૩૮ હોસ્પિટલો સંકળાયેલ છે. જે માટે રૂ. **૧૦૦૦ કરોડ**ની જોગવાઇ.

આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રૂ. **૪૫૦ કરોડ**ની જોગવાઇ

રાજ્યની સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવે છે. જે માટે **રૂ. ૫૦૦ કરોડ**ની જોગવાઇ.

મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સીઝનલ ફ્લુ વગેરે રોગોના નિયંત્રણ માટે રૂ. **૩૧૩ કરોડ**ની જોગવાઈ.

રાજ્યની હોસ્પિટલોમાં તબીબી ઉપકરણો વસાવવા રૂ. **૯૦ કરોડ**ની જોગવાઈ.

ઓછા વજન સાથે જન્મેલા બાળકો માટેની સફળ બાલસખા–૩ યોજનાનો વ્યાપ વધારી સમગ્ર રાજ્યમાં અમલ કરવા રૂ. **૮૫ કરોડ**ની જોગવાઈ.

પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ માટે રૂ.**૧૨૯ કરોડ**ની જોગવાઈ.

**તબીબી શિક્ષણ**

MBBSની ૪૮૦૦, ડેન્ટલની ૧૨૪૦, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમા તેમજ સુપર સ્પેશ્યાલિટીની કુલ ૧૯૪૪ બેઠકો ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

કેન્દ્ર સરકારે રાજકોટ ખાતે નામાંકિત AIIMS **હોસ્પિટલ** બનાવવાનો નિર્ણય કર્યો છે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦૦ એકર જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. આ હોસ્પિટલની આંતરમાળખાકીય સુવિધાઓ માટે રૂ. **૧૦ કરોડ**ની પ્રાથમિક જોગવાઇ.

પાલનપુર અને દાહોદ ખાતે બ્રાઉન ફીલ્ડ કોલેજો કાર્યરત છે. વિસનગર અને નડિયાદમાં ગ્રીન ફીલ્ડ અને અમરેલીમાં બ્રાઉન ફીલ્ડ કોલેજોને ચાલુ વર્ષે મંજૂરી મળેલ છે. જેનાથી રાજ્યમાં MBBS ની ૭૫૦ બેઠકોનો વધારો થયેલ છે. જેના માટે રૂ. **૮૦ કરોડ** જોગવાઇ.

પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના અંતર્ગત સુરત અને ભાવનગર ખાતે સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના બાંધકામ અને ઉપકરણો માટે રૂ.**૧૬૦ કરોડ**ની જોગવાઇ.

રાજ્યની જુદી જુદી જનરલ હોસ્પિટલ, સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે ઓ.પી.ડી. બિલ્ડિંગ તથા નર્સિંગ હોસ્ટેલના બાંધકામ માટે **રૂ.૧૧૬ કરોડની** જોગવાઇ.

રાજ્યમાં અત્યાર સુધી ૮૦ ઉપરાંત ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને ગ્રાન્ટ ફાળવવમાં આવતી હતી. નવી નીતિ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને વધુ સહાય આપવાનો નિર્ણય કરેલ છે. જેના માટે રૂ.**૪૨ કરોડ**ની જોગવાઇ.

રાજ્યની લોકપ્રિય ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા માટે નવી ૧૦૦ એમ્બ્યુલન્સ ખરીદવા રૂ. **૧૮ કરોડ**ની જોગવાઇ

કોટેજ હોસ્પિટલ ભિલોડા અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ગરૂડેશ્વરને અપગ્રેડ કરી સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં રૂપાંતર કરવા માટે રૂ.**૯ કરોડ**ની જોગવાઇ.

નેશનલ આયુષ મિશન અંતર્ગત ૩૧૦ સરકારી આયુર્વેદ દવાખાનાંને હેલ્થ વેલનેસ સેન્ટરમાં રૂપાંતરિત કરવા માટે રૂ.**૪૮ કરોડ**ની જોગવાઈ.

**જી.જી. હોસ્પિટલ, જામનગર**ને આધુનિક સુવિધા ધરાવતી હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા પ્રથમ તબક્કે "મેટરનીટી ચાઈલ્ડ" બ્લોક માટે રૂ.**૨૫ કરોડ**ની જોગવાઈ.

**સર ટી. હોસ્પિટલ, ભાવનગર** ખાતે "મેટરનીટી ચાઈલ્ડ" બ્લોક માટે રૂ. **૧૦ કરોડ**ની જોગવાઈ.

**મહેસાણા સિવિલ હોસ્પિટલ**ને અદ્યતન કરવા રૂ. **૫ કરોડ**ની જોગવાઈ.

**૧૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો**ને પેટા જિલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવા રૂ. **૧૪ કરોડ**ની જોગવાઈ.

મહિલા અને બાળ વિકાસ

**મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂ.૩૧૩૮ કરોડની જોગવાઇ**

મહિલાઓ, બાળકો, કિશોરીઓ તથા સગર્ભા–ધાત્રી માતાઓના સંકલિત વિકાસ માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે. સંકલિત બાળ વિકાસ યોજના મારફત **૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો** દ્વારા **૫૯ લાખ લાભાર્થીઓ**ને પૂરક પોષણ અને આરોગ્ય શિક્ષણ પૂરું પાડવામાં આવે છે.

દીકરીઓના જન્મદરમાં વધારો કરવા, તેઓની આર્થિક – સામાજિક સ્થિતિ મજબૂત કરવા, શિક્ષણમાં ડ્રોપઆઉટ રેટ ઘટાડવા તેમજ બાળલગ્ન પ્રથા અટકાવવાના હેતુથી અમારી સંવેદનશીલ સરકારની એક નવી યોજના, **વહાલી દીકરી યોજના** અમલમાં મુકવાની હું જાહેરાત કરુ છું. જેમાં કુટુંબના પહેલા બે બાળકો પૈકીની દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. આ **વહાલી દીકરી યોજના** અંતર્ગત દીકરીના પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે **રૂ.** ૪૦૦૦, નવમાં ધોરણમાં આવે ત્યારે બીજા રૂ. ૬૦૦૦ તેમજ તે દીકરી ૧૮ વર્ષની વય વટાવે ત્યારે તેને રૂપિયા એક લાખ આપવામાં આવશે. **વહાલી દીકરી યોજના**થી સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવામાં મદદ થશે, કન્યા કેળવણીને પ્રોત્સાહન મળશે અને દીકરી પુખ્ત વયની થાય ત્યારે ઉચ્ચ શિક્ષણ અને તેના લગ્ન પ્રસંગ માટે મોટી રકમ મળશે. **વહાલી દીકરી યોજના**નો લાભ વાર્ષિક રૂપિયા બે લાખ સુધીની આવક ધરાવતા પરિવારને મળશે. આ નવી યોજના માટે **રૂ. ૧૩૩ કરોડ**ની જોગવાઈ.

આંગણવાડીમાં અપાતા પૂરક પોષણ માટે **રૂ. ૭૫૧ કરોડ**ની જોગવાઈ.

નિરાધાર વિધવા મહિલાઓને પેન્શન આપવા માટે રૂ.**૩૭૬ કરોડ**ની જોગવાઇ.

પૂર્ણા યોજનાના અમલથી કિશોરીઓમાં કુપોષણ, એનિમિયા, ઓછુ વજન જેવી સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે. આ યોજના માટે **રૂ. ૮૭ કરોડ**ની જોગવાઈ.

૧૨૦૦ આંગણવાડી કેન્દ્રો– નંદઘરના નવા પાકા મકાનો બનાવવામાં આવશે. જેનો લાભ અંદાજે ૩૫ હજાર બાળકોને થશે. આ માટે રૂ. **૨૪ કરોડ**ની જોગવાઇ.

પાણી પુરવઠો

**પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ માટે રૂ. ૪૩૦૦ કરોડની જોગવાઇ**

ગુણવત્તાયુક્ત પાણી સૌને સતત ઉપલબ્ધ કરાવવું એ કોઇપણ સરકાર માટે સૌથી મોટા પડકારોમાંનો એક છે. અમે ભવિષ્યના આ પડકાર માટે અત્યારથી જ ગુજરાત સજ્જ અને સક્ષમ બને તે હેતુથી મોટા પાયે પાણી પુરવઠાના આયોજનો હાથ ધર્યા છે, જેની મુખ્ય વિગતો રજૂ કરું છું.

મારા લેખાનુદાન પ્રવચનમાં રાજયમાં મીઠા પાણીની ઉપલબ્ધિ વધારવા ડીસેલીશન પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી હતી. રાજયમાં ૩૭ કરોડ લીટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા ૮ ડીસેલીનેશન પ્લાન્ટ P P P ના ધોરણે સ્થાપવા માટે ટેન્ડર પ્રસિદ્ધ કરી દેવામાં આવેલ છે. આ કામગીરી માટે અંદાજે **રૂ.** ૩૦૦૦ કરોડનો ખર્ચ થનાર છે. વધુમાં દરિયાકાંઠા અને રણ વિસ્તારના ગામો માટે ૧૦૦ નાના "બ્રેકીશ વોટર ડીસેલીનેશન" પ્લાન્ટની સ્થાપના માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે.

દેશમાં સુએઝની ટ્રીટમેન્ટ કરી તેના પુનઃવપરાશ માટે "**રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર**" **નીતિ** જાહેર કરનાર ગુજરાત પ્રથમ રાજય છે. આ નીતિ અંતર્ગત જુદા જુદા પ્રોજેકટસ માટે રૂ.**૧૯૯ કરોડ**ની જોગવાઇ.

રાજયમાં અંબાજીથી ઉમરગામ સુધીના આદિજાતિ વિસ્તારમાં અંદાજે **રૂ. ૩૦૦૦ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ છે. જેનાથી ૧૧ જિલ્લાના ૩૧ તાલુકાના ૨૦૨૨ ગામો અને ૬ શહેરોની ૪૧ લાખ વસતિને લાભ થશે.

આદિજાતિ વિસ્તારમાં કામો–

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓના ૧૧૯ ગામો અને ૪૦ ફળિયાને આવરી લેતી **રૂ. ૧૩૬ કરોડ**ની યોજના.

ડાંગ જિલ્લાના ૬૯ ગામો માટે નદીઓ પર વિયર આધારિત **રૂ. ૧૨૫ કરોડ**ની યોજના.

ગરૂડેશ્વર તાલુકાના ૩૬ ગામો અને ૨૭ ફળિયાને આવરી લેતી **રૂ. ૪૫ કરોડ**ની યોજના.

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ૪૦ ગામો અને ૩૮૯ ફળિયાને આવરી લેતી **રૂ.૧૧૨ કરોડ**ની યોજના.

વલસાડ તાલુકાના ૧૧૧ ગામો અને ૩૭૪ ફળિયાઓને આવરી લેતી **રૂ.૧૩૭ કરોડ**ની યોજના

છૂટાછવાયા આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક પાણીની વ્યવસ્થા માટે ૨૦૦૦ મીની પાઇપ યોજના અંતર્ગત રૂ. **૧૦૦ કરોડ**ની જોગવાઇ

સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાતના ૧૯ જિલ્લાઓના ૨૨૭૭ ગામોને આવરી લેતી જુદી જુદી ૪૩ જૂથ પાણી પુરવઠા યોજનાઓમાં સુધારણા કરવા માટે **રૂ. ૫૦૦ કરોડ**ની જોગવાઇ

પાણી પુરવઠા ગ્રીડને વધારે સુદ્રઢ કરવા માટે–

બ્રાહ્મણી–૨ ડેમથી સાદુલકા પંમ્પીંગ સ્ટેશન સુધી પાઇપલાઇન યોજના માટે રૂ. **૨૯૦ કરોડ**ની જોગવાઇ

જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાઓને જોડતા નેટવર્કમાં આંતર જોડાણની યોજના માટે રૂ. **૨૫૦ કરોડ**ની જોગવાઇ

સામાજિક ન્યાય અને અધિકારીતા

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે રૂ. ૪૨૧૨ કરોડની જોગવાઇ**

અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિઓ, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતીઓ, દિવ્યાંગો, વૃદ્ધો, નિરાધાર બાળકો અને ટ્રાન્સજેન્ડરનું ઉત્થાન થાય અને સામાજિક સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા **અનુસૂચિત જાતિના ૪.૮૬ લાખ** અને **વિકસતી જાતિના ૪૦ લાખ વિદ્યાર્થીઓ**ને શિષ્યવૃતિ તેમજ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા **અનુસૂચિત જાતિના ૩.૮૦ લાખ** અને **વિકસતી જાતિના ૩૫ લાખ વિદ્યાર્થીઓ**ને ગણવેશ સહાય આપવા માટે **રૂ. ૬૦૧ કરોડ**ની જોગવાઇ.

અનુસૂચિત જાતિના ૭૫૦૦ લાભાર્થીઓને **ડૉ.આંબેડકર આવાસ યોજના** અને વિકસતી જાતિના ૧૬,૩૭૫ લાભાર્થીઓને **પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના** અંતર્ગત મકાન બાંધવા લાભાર્થી દીઠ રૂપિયા ૧ લાખ ૨૦ હજારની સહાય આપવા માટે **રૂ. ૧૮૬ કરોડ**ની જોગવાઇ.

ધોરણ ૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની ૨૧ હજાર અને વિકસતી જાતિની ૧ લાખ ૬૦ હજાર કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવા માટે **રૂ. ૭૪ કરોડ**ની જોગવાઇ.

અનુસૂચિત જાતિની ૧૩ હજાર, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તેમજ આર્થિક પછાત વર્ગની ૨૨ હજાર કન્યાઓને કુંવરબાઇના મામેરા યોજના હેઠળ સહાય આપવા માટે **રૂ. ૩૫ કરોડ**ની જોગવાઇ.

પાટણ, લુણાવાડા અને બોટાદ ખાતે અનુસૂચિત જાતિના કુમાર છાત્રાલયો તથા પાટણ, ગાંધીનગર, પોરબંદર, વઢવાણ અને બોટાદ ખાતે કન્યા છાત્રાલયો માટે અદ્યતન સુવિધા સાથેના મકાન બાંધવામાં આવશે. જેના માટે પ્રથમ તબક્કે **રૂ. ૧૫ કરોડ**ની જોગવાઇ.

ગાંધીનગર, બારડોલી અને મોડાસા ખાતે **સમરસ કુમાર–કન્યા છાત્રાલય**ના બાંધકામ માટે **રૂ. ૯ કરોડ**ની જોગવાઇ.

રૈયા જિલ્લો રાજકોટ ખાતે ચાલતા સરકારી કુમાર છાત્રાલય અને સુરેન્દ્રનગર ખાતે ચાલતી આદર્શ નિવાસી શાળા માટે **રૂ.૧૨ કરોડ**ના ખર્ચે અદ્યતન સુવિધા સાથેના મકાન બાંધવામાં આવશે. જેના માટે આ વર્ષે **રૂ. ૪ કરોડ**ની જોગવાઇ.

કોલેજના વિદ્યાર્થીઓને રહેવા–જમવાની સુવિધા સાથેના અનુસુચિત જાતિના ૫ અને વિકસતી જાતિના ૫ નવા સરકારી છાત્રાલયો શરૂ કરવામાં આવશે. જે માટે **રૂ. ૩ કરોડ**ની જોગવાઇ.

**સમાજ સુરક્ષા**

**વૃદ્ધ પેન્શન સહાય યોજના**ના ૮ લાખ ૨૦ હજાર લાભાર્થીઓ માટે **રૂ. ૭૫૧ કરોડ**ની જોગવાઇ.

પ્રખ્યાત E D I , ગાંધીનગર ખાતે દિવ્યાંગો માટે ખાસ તાલીમ સેન્ટર ઊભું કરી ત્રણ વર્ષમાં ૨૪ હજાર દિવ્યાંગોને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવશે. જે માટે **રૂ. ૮ કરોડ**ની જોગવાઇ.

૫ જિલ્લામાં નવા સરકારી બાળ સંભાળ ગૃહ શરૂ કરવા **રૂ. ૭ કરોડ**ની જોગવાઇ.

માનસિક બીમારીમાંથી સાજી થયેલી વ્યકિતોઓના પુન: સ્થાપન માટે ૭ નવા ગૃહો શરૂ કરવામાં આવશે. જેના મકાન બાંધકામ અને સંચાલન માટે આ વર્ષે **રૂ. ૫ કરોડ**ની જોગવાઇ.

માનસિક દિવ્યાંગ બહેનો માટે રાજકોટ ખાતે દિવ્યાંગ કલ્યાણ સંસ્થા શરૂ કરવામાં આવશે. જેના મકાન બાંધકામ અને સંચાલન માટે **રૂ. ૫ કરોડ**ની જોગવાઇ.

૧૦ નવા વૃદ્ધાશ્રમ શરૂ કરવા આ વર્ષે **રૂ. ૧ કરોડ**ની જોગવાઇ.

ટ્રાન્સજેન્ડર્સના વિકાસ અર્થે વિવિધ યોજનાઓ બનાવવામાં આવશે અને તે માટે અલાયદુ ફંડ ઊભું કરવામાં આવશે. જે માટે આ વર્ષે **રૂ.** ૫૦ લાખની પ્રાથમિક જોગવાઇ.

આદિજાતિ વિકાસ

સંકલિત આદિજાતિ વિકાસ યોજના હેઠળ આ વર્ષે **રૂ. ૧૪,૫૬૭ કરોડ** ફાળવવામાં આવેલ છે. જે પૈકી આદિજાતિ વિકાસ વિભાગ માટે **રૂ. ૨૪૮૧ કરોડ**ની જોગવાઇ.

**આદિજાતિ સમાજનો શૈક્ષણિક વિકાસ–**

**રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી** રૂ.**૩૪૧ કરોડ**ના ખર્ચે બાંધવામાં આવી રહેલ છે. જેના માટે આ વર્ષે રૂ. **૧૨૫ કરોડ**ની જોગવાઇ.

૫૦ આદર્શ નિવાસી શાળા, ૫૪૪ આશ્રમશાળા અને ૯૧ ઈ.એમ.આર.એસ.સ્કૂલ મળી ૬૮૫ શાળાઓના ૧ લાખ ૩૦ હજાર આદિજાતિ બાળકોના શિક્ષણ, રહેવા જમવાની સુવિધા માટે રૂ. **૫૧૧ કરોડ**ની જોગવાઈ.

અનુસૂચિત જનજાતિના બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ આપવા માટે રૂ. **૩૪૦ કરોડની જોગવાઈ**.

અનુસૂચિત જનજાતિના પ્રિ એસ.એસ.સી.ના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ આપવા માટે રૂ. **૨૨૧ કરોડ**ની જોગવાઈ.

ઉમરપાડા, વાંકલ, બારડોલી, ઝાલોદ અને ભરૂચ ખાતેના કન્યા છાત્રાલય તેમજ સોનગઢ, વાપી, તરસાડી નિવાસી શાળાના વિસ્તૃતીકરણ તથા તલાલા, બારડોલી ખાતે બે નવી આદર્શ નિવાસી શાળા બાંધવા માટે કુલ રૂ. **૬૪ કરોડ**ની જોગવાઇ.

વાઘલખોડ, માંડવી, નસવાડી, સાગબારા, પોશીના ખાતે એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કૂલ, ઝાલોદ ખાતે મોડેલ શાળા, તણખલા, પોશીના અને ધરમપુર ખાતે કન્યા સાક્ષરતા નિવાસી શાળા તેમજ ઝાલોદ અને પાવી જેતપુર ખાતે છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ. **૫૫ કરોડ**ની જોગવાઇ.

ખૂબ જ લોકપ્રિય એવી દૂધ સંજીવની યોજનાનો લાભ ૧૧ લાખ આદિજાતિ બાળકોને મળે છે. જેના માટે રૂ.**૧૪૩ કરોડ**ની જોગવાઈ.

એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલોના સારા પરિણામો ધ્યાને લેતાં ચાલુ વર્ષે રાજ્ય સરકારના ખર્ચે ઘોઘંબા, માંગરોળ, કુકરમુંડા, ઉમરગામ અને મેઘરજ ખાતે નવી પાંચ એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ શરૂ કરવામાં આવશે. જે માટે આ વર્ષે રૂ. **૨ કરોડ**ની પ્રાથમિક જોગવાઇ.

કન્યા સાક્ષરતા નિવાસી શાળા (GLLRS)ના માધ્યમથી ઓછા સાક્ષરતા દર વાળા આદિજાતિ વિસ્તારની આદિજાતિ કન્યાઓના શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. GLLRSમાં હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા કન્યા દીઠ વાર્ષિક રૂ. ૨૭૧૦૦ અને રાજય સરકાર દ્વારા રૂ. ૧૦ હજાર, આમ કુલ રૂ. ૩૭,૧૦૦ નો ખર્ચ કરવામાં આવે છે. હવે રાજય સરકાર દ્વારા તેમાં કન્યા દીઠ વાર્ષિક રૂ. ૨૦ હજારનો નોંધપાત્ર વધારો કરી રૂ. ૫૭,૧૦૦ નો ખર્ચ કરવામાં આવશે. સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયથી ૧૬૧૪૦ આદિજાતિ કન્યાઓને સીધો લાભ મળશે. જે માટે રૂ.**૩૩ કરોડ**ની જોગવાઇ.

સૈનિક સ્કૂલ ખેરંચા અને બીલવણમાં વિદ્યાર્થીદીઠ વાર્ષિક રીકરીંગ ગ્રાન્ટ **રૂ.** ૫૨ હજારમાં **રૂ.** ૧૮ હજારનો વધારો કરી તે **રૂ.** ૭૦ હજાર કરવામાં આવશે. ડાંગ જિલ્લાની પાંચ તેમજ ક્વાંટ અને વાઘોડિયાની બે ઈ.એમ.આર.એસ. શાળાઓમાં પણ વાર્ષિક રીકરીંગ ગ્રાન્ટ **રૂ.** ૪૨ હજારમાં **રૂ.** ૨૮ હજારનો વધારો કરી તે **રૂ.** ૭૦ હજાર કરવામાં આવશે. જે માટે રૂ. **૭ કરોડની જોગવાઇ**.

રાજપીપળા, ડેડિયાપાડા, મહુવા, ઉંમરપાડા અને અંકલેશ્વર ખાતે કન્યાઓ માટે તેમજ સાગબારા ખાતે કુમારો માટે નવી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવા માટે રૂ. **૨ કરોડ**ની જોગવાઇ.

૧૮ આદિજાતિ તાલુકાઓમાં કુમાર, કન્યા અને મિશ્ર માધ્યમિક કક્ષાની નવી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવા માટે રૂ. **૫ કરોડ**ની જોગવાઇ.

ડાંગ જિલ્લામાં બારીપાડા, માલેગામ, ગારખડી, મહાલ અને ચિંચલી ખાતે એકલવ્ય પેટર્ન મુજબ કાર્યરત શાળાઓમાં રૂ. **૫૭ કરોડ**ના ખર્ચે છાત્રાલય બાંધવામાં આવશે. જે માટે આ વર્ષે રૂ. **૧૮ કરોડ**ની જોગવાઇ.

દાહોદ, રાજપીપળા, ઝઘડિયા અને વલસાડ જિલ્લાના વેલવાચ ખાતે આદર્શ નિવાસી શાળાના નવીન છાત્રાલય અને સ્ટાફ ક્વાર્ટસના બાંધકામ માટે **રૂ. ૧૯ કરોડ**ની જોગવાઇ.

**આદિજાતિ સમાજ માટે આજીવિકાના અવસરો–**

**આદિજાતિ સમાજ માટે આજીવિકાના અવસરો–**

અતિ પછાત એવા હળપતિ અને આદિમજૂથને પીવાનું પાણી, આર્થિક સદ્ધરતા, શિક્ષણ, વીજળી, આવાસ અને રસ્તાની છ પાયાની સુવિધાઓ આપવા માટે રૂ.**૫૬ કરોડ**ની જોગવાઈ.

સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દાંતા અને પોશીના ખાતે ડેરીના ખાસ પ્રોજેકટ શરૂ કરવામાં આવશે. જેના માટે રૂ. **૩૭** કરોડની જોગવાઇ.

આદિજાતિ અને હળપતિ જાતિના લોકો માટે આવાસ બાંધવા માટે રૂ. **૪૨ કરોડ**ની જોગવાઇ.

પંચાયત અને ગ્રામ વિકાસ

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે રૂ. ૮૪૬૨ કરોડની જોગવાઇ**

તા. ૨જી જુલાઇ, ૨૦૧૯

અંદાજપત્રની રજૂઆત

માનનીય વડાપ્રધાનશ્રીના **૨૦૨૨ સુધીમાં સૌને આવાસ** આપવાના લક્ષ્યને સિદ્ધ કરવા અમારી સરકાર કટિબદ્ધ છે. આ કાર્યક્રમ **પ્રધાન મંત્રી આવાસ યોજના–ગ્રામીણ** અને **મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય યોજના** થકી પૂર્ણ કરવાનો અભિગમ છે.

વર્ષ–૨૦૨૨ સુધીમાં સૌને આવાસનો ઉમદા આશય પૂર્ણ કરવા ૨ લાખ ૪ હજાર આવાસોના લક્ષ્યાંક સામે અત્યાર સુધી **રૂ. ૨૧૦૫ કરોડ**ના ખર્ચે **૧ લાખ ૮૫ હજાર આવાસો**નું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અન્વયે આ વર્ષે **૧ લાખ ૭ હજાર નવા આવાસો** બાંધવામાં આવશે. જેના માટે **રૂ. ૧૨૦૮ કરોડ**ની જોગવાઇ.

લોકોને વધુ ઝડપથી રહેણાંકના પાકા મકાન આપી શકાય તે માટે રાજય સરકારે લક્ષ્યાંક ઉપરાંત વધારાના **૨૧ હજાર આવાસો** માટે **રૂ. ૨૫૦ કરોડ**ની જોગવાઇ કરી છે.

આ કાર્યક્રમ સમયબદ્ધ રીતે પૂર્ણ કરવાના નિર્ધાર સાથે, ૬ માસમાં આવાસનું બાંધકામ પૂર્ણ કરનાર **૧૦ હજાર** જેટલા લાભાર્થીઓને **મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય યોજના** અંતર્ગત **વધારાના રૂ. ૨૦ હજાર**ની સહાય આપવામાં આવશે. જે માટે **રૂ. ૨૦ કરોડ**ની જોગવાઇ.

ઇન્દિરા આવાસ યોજનાના ૭૫ હજાર ચાલુ આવાસો પણ આ વર્ષે પૂર્ણ કરવામાં આવશે. જે માટે **રૂ. ૭૫ કરોડ**ની જોગવાઇ.

**"૨૦૨૨ સુધીમાં સૌને આવાસ" કાર્યક્રમ આપણા રાજયમાં વર્ષ–૨૦૨૨ પહેલા પૂર્ણ કરવાના આશયથી આ વર્ષે રૂ.૧૫૫૩ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે.**

નેશનલ રીવર કન્ઝર્વેશન પ્રોગ્રામ હેઠળ દક્ષિણ ગુજરાતની ખૂબ જ અગત્યની અને પવિત્ર તાપી નદીના શુદ્ધિકરણનો પ્રોજેક્ટ ભારત સરકાર, ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી **રૂ. ૯૨૨ કરોડ**ના ખર્ચે હાથ ધરાશે. જેનો લાભ સુરત શહેર સહિત સમગ્ર તાપી નદીના વિસ્તારને મળશે.

સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણ અંતર્ગત **રૂ. ૭૯૨ કરોડ**ની જોગવાઇ.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત **રૂ. ૪૬૦ કરોડ**ની જોગવાઇ.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના માટે **રૂ. ૩૦૭ કરોડ**ની જોગવાઇ.

શ્યામાપ્રસાદ મુખર્જી રુર્બન મીશન માટે **રૂ. ૧૨૦ કરોડ**ની જોગવાઇ.

**સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ** યોજના અને **મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન** અંતર્ગત ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન આપવા રૂ. **૮૮ કરોડની** જોગવાઇ.

શહેરી વિકાસ **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે રૂ.૧૩૧૪૯ કરોડની જોગવાઇ**

રાજ્યની ૪૫ ટકા વસતિ શહેરોમાં રહે છે. શહેરોમાં વસતા અંદાજે ૩ કરોડ નાગરિકોને જરૂરી તમામ જાહેર સુવિધાઓ મળે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે.

રાજયના શહેરી વિસ્તારોમાં ખૂબ ઉપયોગી અને લોકપ્રિય થયેલ **સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી** વિકાસ યોજના હેઠળ **રૂ. ૪૮૯૪ કરોડ**ની જોગવાઇ.

ભૂગર્ભ ગટર તેમજ પાણી પુરવઠાની સુવિધા ઊભી કરવા માટે રૂ. **૧૪૨૬ કરોડ** તેમજ મુખ્યમંત્રી સડક યોજના હેઠળ રૂ. **૫૦૦ કરોડ**ની જોગવાઇ.

**૨૦૨૨ સુધીમાં સૌને ઘર** પૂરા પાડવાના ઉમદા હેતુસર **પ્રધાનમંત્રી આવાસ યોજના** અમલમાં છે. જેમાં રાજયમાં ૪ લાખ ૮૦ હજાર આવાસો મંજૂર કરેલ છે. આ યોજના માટે રૂ. **૧૨૪૮ કરોડ**ની જોગવાઇ.

**સ્વચ્છ ભારત મિશન** અંતર્ગત શહેરોને સ્વચ્છ બનાવવા અને નાગરિકોને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરુ પાડવા માટે રૂ. **૩૬૮ કરોડ**ની જોગવાઇ.

જે નગરપાલિકાઓને પાણીનો પૂરતો જથ્થો મળે છે પરંતુ આ પાણીને સમગ્ર શહેરમાં વિતરણ કરવા માટેની વ્યવસ્થા ખૂટે છે, તે ખૂટતી આંતરમાળખાકીય સુવિધાઓ માટે રૂ. **૨૦૦ કરોડ**ની વિશેષ જોગવાઇ. આ કામગીરી પૂર્ણ થતા નાગરિકોને પૂરતા પ્રમાણમાં નિયમિત પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થશે.

શહેરોની ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે તેમજ પેટ્રોલ, ડીઝલ અને સમયની બચત કરવાના ઉદ્દેશથી **મહાનગરપાલિકા વિસ્તારોમાં ૫૪ અને નગરપાલિકા વિસ્તારોમાં ૨૧ એમ કુલ ૭૫ ફ્લાયઓવર** બનાવવામાં આવશે. જેના માટે સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. **૨૫૦ કરોડની જોગવાઇ.**

શહેરી વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા **એક લાખથી વધારે એવરેજ ટ્રાફિક વ્હીકલ યુનિટ** ધરાવતા ૩૭ રેલવે ફાટકો ઉપર ઓવરબ્રીજ અથવા અન્ડરબ્રીજ બનાવવા ચાલુ વર્ષે રૂ. **૧૦૦ કરોડની જોગવાઇ.**

રાજ્યના શહેરો સતત વધતા જાય છે. શહેરની નજીકમાં આવેલ ગામડા તથા આઉટગ્રોથ વિસ્તાર શહેરમાં સમાવિષ્ટ થઇ જાય તેવી સ્થિતિ ઊભી થયેલ છે. આ વિસ્તારોમાં જરૂરી માળખાકીય સુવિધાઓ – પાણી, રસ્તા, સ્ટ્રીટ લાઇટ, ડ્રેનેજ વગેરે – માટે **સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના** અંતર્ગત **રૂ. ૨૫૦ કરોડની જોગવાઇ** કરવામાં આવેલ છે. જેનો લાભ લાખો નાગરિકોને મળશે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ હસ્તે **અમદાવાદની મેટ્રો રેલ સેવા**નો શુભારંભ થયેલ છે. મેટ્રો રેલ પ્રોજેક્ટને આગળ ધપાવવા માટે ચાલુ વર્ષે રૂ. **૫૧૦ કરોડ**ની જોગવાઇ.

અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ફેઝ–ર તેમજ સુરત મેટ્રો રેલ પ્રોજેકટને ભારત સરકારની મંજૂરી મળેલ છે. જેની તાંત્રિક કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે માટે રૂ. **૫૦ કરોડની જોગવાઇ**.

રાજ્યમાં અકસ્માતે લાગતી આગની ઘટનાઓને નિવારવા અને ઘટના સ્થળે તુરંત અગ્નિશામક સાધનો તેમજ માનવબળ પહોંચાડી, બચાવ રાહતની કામગીરી ઝડપથી થઇ શકે તે માટે ફાયર સ્ટેશનો ખાતે આધુનિક સાધનો અને માનવબળ પૂરું પાડવા તેમજ ફાયર સેફટી ટ્રેનિંગ સેન્ટર કાર્યરત કરવા રૂ. **૧૨૯ કરોડ**ની જોગવાઇ.

**અમૃત યોજના** અંતર્ગત ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા, ગટર, વરસાદી પાણીનો નિકાલ, પરિવહન વગેરે માટે રૂ. **૫૦૦ કરોડ**ની જોગવાઇ.

રાજ્યના ૬ શહેરો માટે **સ્માર્ટ સીટી મિશન** અંતર્ગત એરીયા બેઝ વિકાસના કામો જેવા કે એરીયા રીડેવલપમેન્ટ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, ઇન્ટરમોડલ ટ્રાન્સપોર્ટ હબ, C C T V , ઇન્ટરનેટ કનેક્ટીવીટી વગેરે માટે રૂ. **૫૯૭ કરોડ**ની જોગવાઇ.

શ્રમ અને રોજગાર

**શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ રૂ. ૧૪૭૧ કરોડની જોગવાઇ**

યુવાનોને રોજગાર ઉપલબ્ધ કરાવવાની સાથે શ્રમયોગીઓની સલામતી, આરોગ્ય અને કૌશલ્ય વર્ધનની સુવિધાઓ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહેલ છે. ધી ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ–૨૦૧૯ પસાર કરી દુકાનદારો તથા વ્યવસાયિકોને ૨૪ કલાક વ્યવસાય કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણ માટે રૂ. **૭૫ કરોડ**ની જોગવાઇ

**મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના** અંતર્ગત એક લાખ એપ્રેન્ટીસોની ભરતી માટે રૂ. **૭૮ કરોડ**ની જોગવાઇ

જોખમી કારખાનાઓમાં અને બાંધકામ સાઇટ પર કામ કરતા શ્રમયોગીઓના તંદુરસ્ત વર્ક એન્વાયરમેન્ટ અર્થે "**સચેત યોજના"** માટે રૂ. **૧૫ કરોડ**ની જોગવાઇ.

સ્થળાંતર કરતા બાંધકામ શ્રમિકોના બાળકો માટે હોસ્ટેલની સુવિધા ઊભી કરવા **રૂ. ૧૦ કરોડ**ની જોગવાઇ.

માર્ગ અને મકાન

**માર્ગ અને મકાન વિભાગ માટે રૂ. ૧૦,૦૫૮ કરોડની જોગવાઇ**

સુનિયોજીત અને ગુણવત્તાયુકત રોડ નેટવર્ક માટે ગુજરાત સમગ્ર દેશમાં જાણીતું છે. રાજયના કરોડો ગ્રામજનોમાં **મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના** ખૂબ જ લોકપ્રિય થયેલ છે. રાજયના રસ્તાઓને પહોળા કરવા, નદીઓ પર પુલ બનાવવા, રેલવે ઓવરબ્રીજ, અન્ડરબ્રીજ અને ફલાયઓવર બનાવવા, સરકારી કચેરીઓ અને કર્મચારી આવાસ બનાવવા જેવી વિવિધ આંતર માળખાકીય સુવિધાઓ પર સરકાર વિશેષ ધ્યાન આપે છે.

**મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના**

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના પ્રથમ તબક્કામા છેલ્લા ત્રણ વર્ષમાં **રૂ. ૧૦,૨૪૩ કરોડ**ના ખર્ચે ૨૯,૮૮૫ કિલોમીટર ગ્રામ્ય માર્ગોના ૧૧,૨૨૪ કામોને મંજૂરી મળેલ છે. જે પૈકી ૧૯,૬૩૦ કિલોમીટરના ૭,૩૧૬ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. અને ૧૦,૨૫૫ કિલોમીટરનાં ૩,૯૦૮ કામો પ્રગતિ હેઠળ છે અથવા શરૂ થનાર છે. આ યોજનાની સફળતા, લોકોની જરૂરિયાતો અને માગણીઓ ધ્યાને લઇ સરકારે યોજનાનો બીજો તબકકો હાથ ધરવાનો નિર્ણય કરેલ છે. આગામી ત્રણ વર્ષમાં વધારાના **રૂ. ૧૦,૦૦૦ કરોડ**ના કામો આ યોજના હેઠળ હાથ ધરવામાં આવશે.

આંતરમાળખાકિય સુવિધાઓ વધુ સુદ્રઢ અને સંગીન બનાવવા માટે રસ્તા અને પુલો બનાવવા **રૂ. ૧૪૩૯ કરોડ**ની જોગવાઈ –

૧,૫૧૭ કિલોમીટરના ૭૪ રસ્તાઓને ચાર માર્ગી કરવાનું કામ પ્રગતિમાં છે અથવા શરૂ થનાર છે.

પ્રગતિમાં અથવા આયોજન હેઠળના ૬૨ પુલોમાંથી કેટલાક અગત્યના પુલના નામ હું જણાવું છું.

ડભોઇ – શિનોર – માલસર રોડ પર નર્મદા નદી પરનો પુલ

ઉનાઇ – બુહારી – મઢી – માંડવી રોડ પર વાલ્મીકિ નદી પરનો પુલ

અમલસાડ – ગણદેવી રોડ પર ધમડાછા પાસે અંબિકા નદી પરનો પુલ

સાદરા પાસે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાને જોડતો સાબરમતી નદી પરનો પુલ

૮૦૭ કિલોમીટરના રાજ્ય ધોરીમાર્ગોને દ્વિમાર્ગી કરવા માટે **રૂ.૨૦૯ કરોડ**ની જોગવાઈ.

**પ્રગતિપથ**ના રાજય વ્યાપી કોરીડોરને ચાર માર્ગી કરવા **રૂ.૨૮૩ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ છે. જેમાં બગોદરા–ધોળકા–રસિકપુરા રોડ, સિદ્ધપુર–ખેરાલુ તથા હારીજ–પાટણ રસ્તાનો સમાવેશ થાય છે.

**રાષ્ટ્રીય ધોરીમાર્ગ, રાજય રસ્તા તથા મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, જે પૈકી કેટલાક મહત્ત્વપૂર્ણ કામોનો ઉલ્લેખ કરું છું.**

અમદાવાદ–બગોદરા–રાજકોટના ૨૦૧ કિલોમીટર રસ્તાને **રૂ. ૨,૮૯૩ કરોડ**ના ખર્ચે છ–માર્ગી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વાસદ–બગોદરા ૧૦૧ કિલોમીટર રસ્તાને **રૂ. ૧,૬૫૪ કરોડ**ના ખર્ચે છ–માર્ગી કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

સરખેજ – ગાંધીનગર હાઇવેને **રૂ. ૮૬૭ કરોડ**ના ખર્ચે છ માર્ગી કરવાની કામગીરી પ્રગતિમાં છે. જેમાં સાડા ચાર કિલોમીટરના એલીવેટેડ કોરીડોર સહિત ૯ ફલાયઓવર–રેલવે ઓવરબ્રીજ બનાવવાનો સમાવેશ થાય છે.

વલ્લભીપુર– ભાવનગર રસ્તાનું ચાર માર્ગીયકરણ કરવા માટે રૂ. **૨૦૭ કરોડ**ની જોગવાઇ.

સુરત–કડોદરા રોડ પર કડોદરા પાસે રાષ્ટ્રીય ધોરીમાર્ગના જંકશન પર અંડર બ્રીજ બનાવવા **રૂ. ૧૧૦ કરોડ**ની જોગવાઇ.

લેખાનુદાન પ્રવચનમાં અમે રાજયમાં એક લાખથી વધારે ટ્રેઇન વ્હીકલ યુનીટ ધરાવતા રેલવે ફાટકો ઉપર અંદાજે **રૂ. ૬,૫૦૦ કરોડ**ના ખર્ચે રેલવે ઓવરબ્રીજના કામોની જાહેરાત કરી હતી. તે પૈકી ૭૫ કામો પ્રગતિ હેઠળ છે. ઉપરાંત તાજેતરમાં **રૂ. ૩,૪૦૦ કરોડ**ના ખર્ચે ૬૮ રેલવે ઓવરબ્રીજ મંજૂર કરવામાં આવેલ છે.

વિશ્વ બેન્ક સહાયિત ગુજરાત રાજય માર્ગ યોજના–૨ અંતર્ગત મહેસાણા–ઉંઝા–સિદ્ધપુર–પાલનપુર રસ્તાના છ–માર્ગીયકરણ સહિત હાથ ધરવાના અન્ય કામો માટે **રૂ. ૩૦૪ કરોડ**ની જોગવાઈ.

અમદાવાદ–શંખેશ્વર રસ્તા પર પગદંડીની સુવિધા **રૂ. ૨૦ કરોડ**ના ખર્ચે ઊભી  કરવામાં આવશે. જે માટે **રૂ. ૬ કરોડ**ની જોગવાઇ.

કેન્દ્ર સરકાર દ્ધારા નેશનલ હાઇવે ઉપર મોટા પ્રમાણમાં કામો હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી, ઓખા–બેટ દ્ધારકા વચ્ચેનો સીગ્નેચર પુલ **રૂ.** ૯૬૨ કરોડ, ગડુલી–સાંતલપુર રસ્તો **રૂ.** ૪૦૧ કરોડ, ભૂજ–ખાવડા–ધર્મશાળા રસ્તો **રૂ.** ૩૫૨ કરોડ, થરાદ–ધાનેરા–પાથાવાડા રસ્તો **રૂ.** ૪૬૪ કરોડ, વડોદરા–મુંબઇ એકસપ્રેસ–વે ના ભાગરુપે વડોદરા–કીમ **રૂ.** ૫૫૯૫ કરોડ, ભાવનગર–સોમનાથ–પોરબંદર–દ્ધારકાના ૪૬૮ કિલોમીટરનું **રૂ.**૬૦૪૩ કરોડના ખર્ચે ચારમાર્ગીયકરણ–દ્વિમાર્ગીયકરણ, શામળાજી–ચિલોડા–નરોડા રસ્તાનું છ માર્ગીયકરણ **રૂ.** ૧૬૦૮ કરોડ વગેરે કામો પ્રગતિ હેઠળ છે.

અમદાવાદ અને ગાંધીનગર ખાતે **રૂ. ૩૩૩ કરોડ**ના ખર્ચે ૧૫૩૨ સરકારી આવાસોનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત આ બંને શહેરોમાં **રૂ. ૪૫૦ કરોડ**ના ખર્ચે વિવિધ કક્ષાના સરકારી આવાસોનું બાંધકામ કરવા **રૂ. ૧૫૦ કરોડ**ની જોગવાઇ.

ગાંધીનગર ખાતે **રૂ. ૧૩૧ કરોડ**ના ખર્ચે 'છ' ટાઇપના ૫૬૦ સરકારી આવાસોના ૨૦ ટાવરના બાંધકામ માટે **રૂ. ૪૪ કરોડ**ની જોગવાઇ.

સોમનાથ, અંબાજી, સુરત, જામનગર, નવસારી, મોડાસા ખાતે અતિથિગૃહો તેમજ કોડીનાર, સંખેડા, વડોદરા બાયપાસ પર સયાજીપુરા, નખત્રાણા, માંડલ, બગોદરા, સંતરામપુર વિશ્રામગૃહો સહિતના કુલ ૨૪ કામો **રૂ. ૨૨૪ કરોડ**ના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

બંદરો અને વાહન વ્યવહાર

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે રૂ. ૧૩૭૭ કરોડની જોગવાઇ**

રાજ્યના આર્થિક વિકાસની સાથે–સાથે વાહનોની સંખ્યા તથા વાહન ચાલકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહેલ છે.

એસટીની સેવાઓનો વ્યાપ વધારવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને રાજય સરકાર દ્ધારા **એક હજાર નવી બસ** પૂરી પાડવામાં આવશે. જેમાં વિદ્યુત અને સી.એન.જી. સંચાલિત બસનો પણ સમાવેશ થશે. જે માટે **રૂ. ૨૨૧ કરોડ**ની જોગવાઇ.

મુસાફરોની વધુ સુવિધા માટે ૨૨ નવા બસ સ્ટેન્ડ બનાવવા અને ૧૩ જૂના બસ સ્ટેન્ડના રિનોવેશન માટે રૂ. **૬૬ કરોડ**ની જોગવાઇ.

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી સુભાષબ્રીજ, અમદાવાદ ખાતે નવા મકાનના બાંધકામ માટે રૂ. **૧૩ કરોડ**ની જોગવાઇ.

રાજકોટ અને બારડોલી ખાતે આરટીઓની નવી કચેરીઓના બાંધકામ માટે રૂ. **૫ કરોડ**ની જોગવાઇ.

ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્ધારા જૂના બેડી બંદર, નવા બેડી બંદર અને રોઝી પીયરને બ્રોડ ગેજ રેલલાઇનથી જોડવા રૂ. **૪૨ કરોડ**ની જોગવાઇ.

અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં કામ કરતા પાંચ હજાર કામદારોને સલામતી અને સુરક્ષા અંગેની તાલીમ આપવા રૂ.**૮ કરોડ**ની જોગવાઇ. તથા આ કામદારોને આરોગ્ય વિષયક સેવાઓ આપવા માટે રૂ. **૩ કરોડની જોગવાઇ**.

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે** રૂ. **૧૩૦૯૪ કરોડની જોગવાઈ**

રાજ્યની જનતાને સતત ગુણવત્તાસભર વીજ પુરવઠો અને કુદરતી ગેસ કિફાયતી દરે મળી રહે તે અમારી પ્રાથમિકતા છે. ગ્રીન અને કલીન એનર્જી ઉત્પન્ન કરવાના લાંબાગાળાના આયોજનને સિદ્ધ કરવાના આશયથી રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે સ્થાપિત ક્ષમતામાં વધારો કરવા અમારી સરકાર કટિબદ્ધ છે.

અત્યાર સુધીમાં ૨૨૫૦ મેગાવોટ જેટલી વીજ ક્ષમતા સૌર ઊર્જા દ્વારા મેળવવા માટે બિડિંગ પ્રક્રિયા પૂરી થયેલ છે. જેમાં રાધાનેસડા સોલાર પાર્ક અને ધોલેરા સોલાર પાર્કનો સમાવેશ થાય છે.

૫૦૦ મેગાવોટ જેટલી વીજ ક્ષમતા પવન ઊર્જા દ્વારા મેળવવા માટેની બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જે પૈકી ૨૩૩ મેગાવોટ ક્ષમતાના પ્રોજેક્ટ કાર્યરત થયેલ છે.

જેટકોના સબસ્ટેશનની નજીકમાં આવતી સરકારી જમીનમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન દ્વારા આગામી બે વર્ષમાં ૨૫૦૦ મેગાવોટ સૌર ક્ષમતાના સોલાર પી.વી. પ્રોજેક્ટ સ્થાપવાના આયોજન પૈકી ચાલુ વર્ષે **રૂ. ૫૦૦ કરોડ**ની જોગવાઈ કરેલ છે.

સમગ્ર દેશમાં નવતર અભિગમ રૂપે ખાનગી જમીનમાં ૫૦૦ કિલોવોટથી ૪ મેગાવોટની ક્ષમતા વાળા નાના સોલાર પ્રોજેક્ટ સ્થાપવા માટેની નીતિ બહાર પાડવામાં આવેલ છે. આવા પ્રોજેક્ટ દ્વારા ઉત્પન્ન થતી સૌર ઊર્જા G U V N L દ્વારા ખરીદવામાં આવશે. આ યોજના થકી આશરે બે હજાર મેગાવોટ સૌર ઊર્જા મેળવવાનો લક્ષ્યાંક છે.

રાજ્ય સરકાર દ્વારા **રિન્યુએબલ એનર્જી પાર્ક** સ્થાપિત કરવા માટે સરકારી પડતર જમીન ભાડાપટેથી ફાળવવાની નીતિ જાહેર કરવામાં આવેલ છે. જેના થકી આગામી દસ વર્ષમાં આશરે ત્રીસ હજાર મેગાવોટ સ્થાપિત ક્ષમતાનો વધારો થશે. આ પ્રોજેક્ટથી રાજ્યને રૂ. ૧૨,૫૦૦ કરોડ જેટલું નવું મૂડીરોકાણ પ્રાપ્ત થશે.

**ચાલુ વર્ષે આશરે ૧ લાખ ૨૫ હજાર કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ. ૧૯૩૧ કરોડની જોગવાઈ.**

ખેતીનો ખર્ચ ઘટાડવાના હેતુથી અમારી સરકાર રાજ્યના ખેડૂતોને રાહત દરે વીજ પુરવઠો પૂરો પાડે છે. જેની સબસીડી માટે રૂ. **૬૮૨૦ કરોડ**ની જોગવાઈ.

ગ્રામ પંચાયતોના વોટર વર્કસને વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા માટે રૂ. **૬૯૨ કરોડ**ની જોગવાઈ.

સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરતા દબાણથી મળી રહે તે હેતુથી અમારી સરકારે જૂના જર્જરિત વીજ વાયરોને બદલવાની યોજના, નડતરરૂપ વીજ માળખાના સ્થળાંતરની યોજના, લાંબા ખેતીવાડી ફિડરોના વિભાજનની કામગીરી તથા **કિસાન હિત ઊર્જા શક્તિ યોજના** અમલમાં મૂકેલ છે. જેના માટે રૂ. **૩૫૫ કરોડ**ની જોગવાઈ.

આ વર્ષે ૧૪૦ નવા સબસ્ટેશન સ્થાપવાનું આયોજન છે, જે ગત વર્ષ કરતાં ૪૦ વધારે છે. આ ૧૪૦ પૈકી સાગરકાંઠા વિસ્તારમાં ૨૦ તેમજ આદિજાતિ વિસ્તારના અંતરિયાળ ક્ષેત્રોમાં ૫૦ નવા સબસ્ટેશન સ્થાપવામાં આવશે. આ યોજના માટે **રૂ. ૪૧૧ કરોડ**ની જોગવાઈ.

રાજ્ય સરકારની વીજ ઉત્પાદન કરતી કંપની GSECLના એકમોના આધુનિકરણ અને રેટ્રોફીટીંગ માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ.

દેશનું સૌથી મોટું ગેસ ગ્રીડ ધરાવતા ગુજરાતમાં અંદાજીત ૧૪ લાખ ઘરોમાં પાઈપલાઈન દ્વારા પીએનજી જોડાણો આપવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨ સુધીમાં વધારાના ૪ લાખ સાથે કુલ ૧૮ લાખ ઘરોમાં પીએનજી જોડાણ દ્વારા ગેસ પહોંચાડવાનો લક્ષ્યાંક છે.

રાજ્યમાં ૫૪૨ C N G સ્ટેશન કાર્યરત છે. આગામી ૨ વર્ષમાં ૩૦૦ નવા CNG સ્ટેશન શરૂ કરવામાં આવશે.

ક્લાઈમેટ ચેન્જ

**ક્લાઈમેટ ચેન્જ વિભાગ માટે રૂ. ૧૦૪૮ કરોડની જોગવાઈ**

રાજ્યમાં પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૬૨૦૦ મેગાવોટ અને સૌર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૨૫૦૦ મેગાવોટ પહોંચી છે. આ દિશામાં આગળ વધતા અમારી સરકાર **બેટરી સંચાલિત વાહનો**ને પ્રોત્સાહન આપી પર્યાવરણના સંભવિત પડકારોને પહોંચી વળવા સજ્જ થઈ રહેલ છે. રાજ્ય સરકાર વિવિધ પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો અને ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે.

**૨ લાખ રહેણાંકના મકાનોની અગાશી પર સૌર પેનલો બેસાડવા માટે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઈ**

રાજ્યની ગ્રામ પંચાયતોમાં ઊર્જા કાર્યક્ષમ વોટર પંપ બેસાડવા રૂ. **૧ કરોડ ૫૦ લાખની** જોગવાઈ.

૮૦૦ લાભાર્થીઓને ઈ–રિક્ષા પર સહાય આપવા માટે રૂ. **૨ કરોડ ૫૦ લાખ**ની જોગવાઈ.

બેટરી ઓપરેટેડ સ્કૂલવાન ખરીદવા પર સહાય આપવા માટે રૂ. **૧ કરોડ ૫૦ લાખ**ની જોગવાઈ.

કલાઈમેટ ચેન્જ અંગેની જાગૃતિ લાવવા સખી મંડળો દ્વારા ગ્રામ્ય કક્ષાએ વિવિધ કાર્યક્રમો કરવા માટે **રૂ. ૫૦ લાખ**ની જોગવાઈ.

ઉદ્યોગ અને

**ઉદ્યોગ અને ખાણ વિભાગ અંતર્ગત ઉદ્યોગ, કુટીર ઉદ્યોગ, ખાણ ખનીજ, પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે રૂ. ૬૩૦૧ કરોડની જોગવાઈ**

તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

અંદાજપત્રની રજૂઆત

ખાણ પ્રગતિશીલ ગુજરાત તેના સમતુલીત અને સર્વાંગી ઔદ્યોગિક તથા આર્થિક વિકાસ માટે ઓળખાય છે. રોજગાર સર્જનમાં મહત્ત્વનું યોગદાન આપતા MS ME સેક્ટરને સરકારે પ્રાધાન્ય આપેલ છે. દેશની ૫ ટકા વસતિ ધરાવતું ગુજરાત દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૬.૮ ટકાના હિસ્સા સાથે મોખરે છે.

**ઔદ્યોગિક વિકાસ**

લેખાનુદાન પ્રવચનમાં ટેક્ષટાઇલ ઉદ્યોગ માટે જાહેર કરેલી નવી આર્થિક સહાય નીતિની વિગતો મેં આપી હતી. ટેક્ષટાઇલ ક્ષેત્રના સર્વાંગી વિકાસ હેતુ વિવિધ પ્રોત્સાહન યોજનાઓ માટે **રૂ. ૧૫૦૦ કરોડ**ની જંગી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે.

MS ME ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ અંતર્ગત રૂ. **૮૮૦ કરોડ**ની જોગવાઇ.

ઔદ્યોગિક આંતરમાળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન માટે રૂ. **૨૦૦ કરોડ**ની જોગવાઇ.

માંદાં ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે રૂ. **૬૦ કરોડ**ની જોગવાઇ.

સ્ટેન્ડ અપ ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત અનુસૂચિત જાતિ અને જનજાતિના લાભાર્થીઓ માટે **ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના**નું ખાસ પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જે માટે રૂ. **૫૨ કરોડ**ની જોગવાઈ.

રાજયના યુવાવર્ગના નવીનતમ વિચારોને સાકાર કરવા માટેની **સ્ટાર્ટઅપ યોજના** અન્વયે રૂ. **૧૯ કરોડ**ની જોગવાઇ.

અન્ય વિવિધ ઔદ્યોગિક પ્રોત્સાહન યોજનાઓ માટે **રૂ. ૪૧૦ કરોડ**ની જોગવાઇ.

**ખાણ ખનિજ**

ગુજરાતે ખાણ ખનિજ ક્ષેત્રે ઇ–ઓકશન પદ્ધતિ અપનાવીને મીનરલ બ્લોકની ફાળવણી સરળ, ઝડપી અને પારદર્શક બનાવેલ છે. વર્ષ ૨૦૧૭–૧૮માં ખાણ ખનિજની કુલ રૂ. ૧૨૦૦ કરોડની આવક સામે વર્ષ ૨૦૧૮–૧૯માં **રૂ. ૧૫૬૭ કરોડ**ની આવક થયેલ છે. જે એક જ વર્ષમાં **૩૧ ટકા**નો નોંધપાત્ર વધારો છે.

ગુજરાતમાં દુર્લભ તેમજ ભારે ખનિજોના સંશોધન માટે રૂ. **3 કરોડ**ની જોગવાઇ.

**કુટિર અને ગ્રામોદ્યોગ**

કુટિર અને ગ્રામોદ્યોગો ગ્રામીણ અર્થવ્યવસ્થામાં રોજગારીના અગત્યના સ્રોત છે. આ ક્ષેત્ર માટે રૂ. **૬૧૪ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

**શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના** અંતર્ગત ઉદ્યોગ, વેપાર અને સેવા ક્ષેત્રે રૂ. **૮ લાખ** સુધીના ધિરાણ પર રાજય સરકાર દ્વારા કેપીટલ સબસીડી આપવામાં આવે છે. આ યોજનાથી આ વર્ષે **૩૭ હજાર લાભાર્થીઓ**ને સ્વરોજગારીની તકો મળશે. જેના માટે રૂ. **૩૦૪ કરોડ**ની જોગવાઇ.

**માનવ કલ્યાણ યોજના** અંતર્ગત નાના કારીગરોને વિના મૂલ્યે તેમના રોજગારને અનુરૂપ સાધન– ઓજાર આપવામાં આવે છે. આ વર્ષે આ યોજના હેઠળ **૨૮ હજાર નાના કારીગરો**ને આવરી લેવાશે. જેના માટે રૂ. **૪૮ કરોડ**ની જોગવાઇ.

રાજ્યમાં ખાદી વણાટ સાથે સંકળાયેલ ૧૩૦૦ કારીગરોને એક હજાર નવા **સોલર ચરખા** અને ૩૦૦ **સોલર વણાટ શાળ** ૬૫ ટકા સહાયથી આપવામાં આવશે. આ માટે રૂ. **3 કરોડ**ની જોગવાઇ.

**પ્રવાસન**

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રવાસન ક્ષેત્રે સરેરાશ વાર્ષિક **૧૪ ટકા વૃદ્ધિ દર** નોંધાયેલ છે. જે ધ્યાને રાખી પ્રવાસીઓને ગુણવત્તાસભર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રૂ. **૪૭૨ કરોડ**ની જોગવાઇ.

રાજયની **પ્રવાસન નીતિ ૨૦૧૫**ને અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. આ નીતિ હેઠળ ૩૫૦ થી વધુ પ્રોજેક્ટ નોંધાયેલ છે, જે પૈકી ૧૮૦ કાર્યરત થયેલ છે અને તેનાથી ૨૦ હજારથી વધુ લોકોને રોજગારી મળેલ છે. નોંધાયેલ તમામ પ્રોજેકટસમાં આશરે રૂ. **૧૨,૫૦૦ કરોડ**નું મૂડીરોકાણ થનાર છે. પ્રવાસન નીતિ અંતર્ગત વિવિધ પ્રોત્સાહનો માટે રૂ. **૩૦ કરોડ**ની જોગવાઇ.

નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ અને દાંડીમાર્ચ ટુરીઝમ સર્કીટ ખાતે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે રૂ. **૧૦ કરોડ**ની જોગવાઇ.

પ્રવાસન અને આતિથ્ય ક્ષેત્રે વધુમાં વધુ રોજગારની તકો ઉપલબ્ધ કરાવવા માટે ૪,૧૦૦ સ્થાનિક યુવાનોને તાલીમ આપવા **રૂ. ૧૨ કરોડ**

**સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હૉટેલ મેનેજમેન્ટ, સિદ્ધપુરને ઈન્સ્ટિટ્યૂટ ઓફ એકસલન્સ** તરીકે વિકસાવવા રૂ. **૪ કરોડ**ની જોગવાઇ.

જૂનાગઢનો ઐતિહાસિક અને પ્રાચીન **ઉપરકોટ કિલ્લો** એક જાણીતું હેરીટેજ સ્થળ છે. પુરાતત્વના આ અગત્યના વારસાના વિકાસ માટે રૂ. **૭ કરોડ**ની જોગવાઇ.

**યાત્રાધામ વિકાસ**

અંદાજપત્રની રજૂઆત

આપણું રાજ્ય વિવિધ ધર્મો અને ધર્મસ્થળોનો પૌરાણિક અને ઐતિહાસિક વારસો ધરાવે છે. **ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ** આવા તમામ ધર્મસ્થળોએ યાત્રાળુઓ માટે વિવિધ સુવિધાઓ વિકસાવે છે. જે માટે રૂ. **૧૬૪ કરોડ**ની જોગવાઇ.

મહત્ત્વના યાત્રાધામો ખાતે સ્વચ્છતાની જાળવણી માટે રૂ. **૧૬ કરોડ**ની જોગવાઈ

સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાઓના પુરાણોક્ત પાંચાળ પ્રદેશના ૧૩ દેવસ્થાનોના વિકાસ માટે રૂ. **૫ કરોડ**ની જોગવાઈ

**નર્મદા પરિક્રમા** કરતા યાત્રાળુઓ માટે વિવિધ સુવિધાઓ વિકસાવવા તથા પરિક્રમા પથ પર આવતા મંદિરોના વિકાસ માટે કુલ ખર્ચ રૂ. **૩૦ કરોડ** થવાનો અંદાજ છે. જે પૈકી આ વર્ષે રૂ. **૫ કરોડ**ની જોગવાઈ.

IRCTC મારફતે રાજ્યના તમામ ધર્મ અને સંપ્રદાયોના વરિષ્ઠ નાગરિકોને અન્ય રાજ્યમાં આવેલા અતિ મહત્ત્વના ધાર્મિક સ્થળોએ વિના મૂલ્યે યાત્રા કરાવવાની યોજના માટે રૂ. **૧ કરોડ**ની જોગવાઈ.

**નાગરિક ઉડ્ડયન**

૧૧ કાર્યરત એરપોર્ટ અને ૫ એરસ્ટ્રીપ સાથે નાગરિક ઉડ્યન ક્ષેત્રે ગુજરાત દેશમાં અગ્રેસર છે. સતત વિકસતા આ મહત્ત્વના ક્ષેત્ર માટે **રૂ. ૪૪૨ કરોડ**ની જોગવાઈ.

સરદાર સરોવર, શેત્રુંજય ડેમ, સાબરમતી રીવરફ્રન્ટ જળ સ્થળો ઉપર વિમાન ઉતરાણની સેવા શરૂ કરવા **વૉટર એરોડ્રોમ** બનાવવા માટે રૂ. **૫ કરોડ**ની જોગવાઈ.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના એરિયલ વ્યુ હેતુ હેલીકોપ્ટર સેવા માટે રૂ. **૧ કરોડ**ની જોગવાઈ.

રાજપીપળા નજીક ઉભરતા વિવિધ પ્રવાસન સ્થળોનું આકર્ષણ વધારવા માટે રાજપીપળા એરસ્ટ્રીપને એરોડ્રોમ તરીકે વિકસાવવાના ફીઝીબીલીટી સ્ટડી અને સર્વે માટે રૂ. **૧ કરોડ**ની જોગવાઈ.

વન અને પર્યાવરણ

**વન અને પર્યાવરણ વિભાગ માટે રૂ. ૧૪૫૪ કરોડની જોગવાઇ**

વનોના સંવર્ધન માટે **રૂ. ૩૫૮ કરોડ**ની જોગવાઇ**.**

ગુજરાતના ગૌરવ **એશિયાટીક સિંહોના** સંરક્ષણ માટે નવા શેત્રુંજી ડિવિઝનની રચના ઉપરાંત અદ્યતન હોસ્પિટલ, સિંહ એમ્બ્યુલન્સ, સીસીટીવી નેટવર્ક, **રેડિયો કોલર, ડ્રોન સર્વેલન્સ** વગેરે માટે **રૂ. ૧૨૩ કરોડ**ની જોગવાઇ.

રાજ્યમાં આવેલ વન્ય પ્રાણીઓનું સશક્ત રીતે સંરક્ષણ અને સંવર્ધન થાય, લુપ્ત થતી પ્રજાતિઓને યોગ્ય રક્ષણ મળે તે માટે **રૂ. ૧૧૨ કરોડ**ની જોગવાઇ.

સામાજિક વનીકરણ યોજના હેઠળ વનક્ષેત્રો બહારના વિસ્તારોમાં વૃક્ષોની સંખ્યા વધે તે માટે **રૂ. ૨૬૭ કરોડ**ની જોગવાઈ.

વીડીઓમાં ઘાસનું ઉત્પાદન વધારવા, તેમજ નવા ઘાસ ગોડાઉન બાંધવા **રૂ. ૮૦ કરોડ**ની જોગવાઇ**.**

**સ્ટેચ્યુ ઓફ યુનિટી** ખાતે વન અને પર્યાવરણ અંગે વિવિધ સુવિધાઓના વિકાસ માટે **રૂ. ૬૯ કરોડ**ની જોગવાઈ **.**

ગૃહ

**ગૃહ વિભાગ માટે રૂ. ૬૬૮૭ કરોડની જોગવાઇ**

સાયબર અને આર્થિક ગુન્હાઓ જેવી નવીન સમસ્યાઓને પહોંચી વળવા રાજ્ય પોલીસ તંત્રને આધુનિક ટેકનોલોજી અને વિશિષ્ટ તાલીમ થકી સુસજ્જ કરવામાં આવેલ છે.

**સેફ એન્ડ સિક્યોર ગુજરાત** યોજના હેઠળ તમામ જિલ્લા મુખ્ય મથકો તેમજ મોટા અને મધ્યમ શહેરોમાં CCTV કેમેરા આધારિત **સર્વેલન્સ અને ઇન્ટીગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ** ગોઠવવા રૂ. **૧૦૦ કરોડ**ની જોગવાઈ.

પોલીસ તંત્રની નવી કચેરીઓ બાંધવા રૂ. **૧૫૫ કરોડ,** પોલીસ કર્મીઓના આવાસ બાંધવા રૂ. **૨૨૩ કરોડ** તથા જેલ તંત્રના મકાનો અને આવાસો બાંધવા રૂ. **૧૦૯ કરોડ,** આમ કુલ રૂ. **૪૮૭ કરોડ**ની જોગવાઇ

મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે **સેફ સીટી પ્રોજેક્ટ** અંતર્ગત રૂ. **૧૫૭ કરોડ**ની જોગવાઈ.

સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ. **૧૨૯ કરોડ**ની જોગવાઇ.

પોલીસ આધુનિકરણ યોજના હેઠળ પોલીસ તંત્ર અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને સુદ્રઢ કરવા માટે રૂ. **૫૧ કરોડ**ની જોગવાઈ.

રાજ્યની જેલો અને કોર્ટ વચ્ચે વીડિયો કોન્ફરન્સ સિસ્ટમ ઊભી કરી ઝડપી ન્યાય અને સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે રૂ. **૩૧ કરોડ**ની જોગવાઈ.

**કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ** થકી ગંભીર ગુનાઓમાં કન્વીકશન રેટ ઓછામાં ઓછો ૩૦ ટકા લઈ જવા માટે ઈન્વેસ્ટીગેશન પદ્ધતિમાં સુધારો, ચાર્જ–શીટ સમયસર દાખલ કરવી અને એફ.એસ.એલ.ને વધુ સુદ્રઢ કરવા માટે રૂ. **૨૫ કરોડ**ની જોગવાઈ.

**રક્ષા શક્તિ યુનિવર્સિટી**માં માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રૂ. **૪૪ કરોડ**ની જોગવાઇ.

રાજ્યમાં આવેલ ઉદ્યોગો તેમજ અતિ મહત્ત્વપૂર્ણ મેટ્રો રેલ પ્રોજેક્ટની સુરક્ષા માટે ૨૪૦૦ પોલીસ કર્મીઓ સાથેના **રાજ્ય અનામત પોલીસ દળના બે નવા ગૃપ** ઉભા કરવામાં આવશે.

તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

અંદાજપત્રની રજૂઆત

અન્ન સુરક્ષા **અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે રૂ. ૧૦૦૫ કરોડની જોગવાઇ.**

૩૫૦ ગોડાઉનના અપગ્રેડેશન માટે રૂ. **૨૮ કરોડ**ની જોગવાઈ.

**એનેમિયા અને કુપોષણના નિવારણ માટે રાજયમાં ફોર્ટીફાઈડ ચોખાનું વિતરણ** કરવાનું આયોજન છે. આ માટેનો **પાયલોટ પ્રોજેક્ટ નર્મદા જિલ્લામાં** આ વર્ષે શરૂ કરવામાં આવશે, જેના માટે **રૂ. ૧ કરોડ**ની જોગવાઈ.

**સુગમ્ય ભારત યોજના** અંતર્ગત ક્ષેત્રીય કચેરીઓમાં દિવ્યાંગો માટે જરૂરી સુવિધાઓ ઊભી કરવા **રૂ. ૩ કરોડ**ની જોગવાઈ.

મહેસૂલ વિભાગ **મહેસૂલ વિભાગ માટે રૂ. ૩૩૮૩ કરોડની જોગવાઇ**

જમીન અને મિલકતના તમામ પાસાઓ સરળ કરવાની દિશામાં સરકારે આગેકૂચ કરી છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી મોટાભાગની મંજૂરીઓ ઓનલાઇન કરવામાં આવતા વહીવટ પારદર્શક અને ઝડપી બન્યો છે. જેનો લાભ ગત વર્ષે ૬૩ હજારથી વધુ લોકોએ લીધો છે.

ખેતીની જમીનની માપણી આધુનિક રીતે તેમજ વિવાદ રહિત થાય તે માટે હાલ ૪૧ **ડીફરન્શીયલ ગ્લોબલ પોઝીશનિંગ સિસ્ટમ** ઉપલબ્ધ છે. જેની સફળતા ધ્યાને રાખીને તેનો વ્યાપ વધારવા **૧૦૦ નવા** DGPS ગોઠવવા રૂ. **૨૫ કરોડ**ની જોગવાઇ.

આદિજાતિ વિસ્તારના **નાંદોદ, તિલકવાડા, ડેડીયાપાડા અને સાગબારા** ખાતે સ્ટાફ ક્વાર્ટ્સ બનાવવા રૂ. **૭ કરોડ**ની જોગવાઇ.

સરકારી જમીન ઉપર થતાં દબાણોની ઈમેજ સેટેલાઇટના માધ્યમથી કોમ્પ્યુટર ઉપર દેખાય એવી સિસ્ટમ વિકસાવવા પ્રથમ તબક્કામાં શહેરી વિસ્તાર માટે રૂ. **૫૦ લાખની** જોગવાઇ.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના વિકાસ માટે રૂ. ૫૦૪ કરોડની જોગવાઇ**

ભારત નેટ ફેઝ–૧ અન્વયે રાજયની **૬,૪૯૦ ગ્રામ પંચાયતો**ને તાલુકા સાથે **ઓપ્ટીકલ ફાયબર**થી જોડવામાં આવેલ છે. હવે **ભારત નેટ ફેઝ–૨** નો પ્રોજેક્ટ **રૂ. ૨૧૫૦ કરોડ**ના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે. **જે અંતર્ગત ૭૫૨૨ ગ્રામ પંચાયતો, ૧૪૦ તાલુકા મથકો અને ૩૦ જિલ્લા મથકોને ગાંધીનગર સાથે ઓપ્ટીકલ ફાયબરથી જોડવામાં આવશે** તેમજ તેમને સીમલેશ કનેકટીવીટી અને ટ્રાન્સપોર્ટ લેયર પૂરું પાડવામાં આવશે. જે માર્ચ–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયેથી રાજયના તમામ ગામોમાં ઈન્ટરનેટ અને ડેટા ટ્રાન્સફર હાલ કરતાં ૧૦૦ ગણી વધુ ઝડપથી શકય બનશે.

ભવિષ્યની જરુરિયાતને ધ્યાને લઇ **નવું સ્ટેટ ડેટા સેન્ટર** બનાવવા રૂ. **૧૫ કરોડ**ની જોગવાઇ કરેલ છે અને તે હેતુ માટે જમીનની ફાળવણી પણ કરી દીધેલ છે.

**સાયન્સ સિટી**ના બીજા તબક્કાના વિકાસના ભાગરુપે **સ્પેસ અને એસ્ટ્રોનોમી ગેલેરી**ના નિર્માણ માટે **રૂ. ૬૦ કરોડ**ની જોગવાઇ.

પાટણ, ભાવનગર, રાજકોટ અને કચ્છમાં બની રહેલ પ્રાદેશિક સાયન્સ મ્યુઝિયમ માટે રૂ. **૩૦ કરોડ**ની જોગવાઇ.

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીના મકાન બાંધકામ, લેબોરેટરી અને મેનપાવર માટે રૂ. **૨૧ કરોડ**ની જોગવાઇ.

**સાયન્સ ટેકનોલોજી અને ઈનોવેશન પોલીસી** અંતર્ગત રૂ. **૫૦ કરોડ**નું **સ્ટેટ ઈનોવેશન ફંડ** ઊભું કરવામાં આવશે. આ ફંડનો ઉપયોગ રિસર્ચ, ઈનોવેશન તેમજ ટેકનોલોજીના પાયલોટ પ્રોજેક્ટ માટે કરવામાં આવશે. જેના માટે રૂ. **૧૦ કરોડ**ની જોગવાઈ.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે રૂ. ૫૭૯ કરોડની જોગવાઇ**

**યોગ વિદ્યા** ભારતીય સંસ્કૃતિની સમગ્ર વિશ્વને ઉત્તમ દેન છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના પ્રયત્નોથી **સંયુકત રાષ્ટ્રસંઘ** દ્વારા આ અનુપમ વિજ્ઞાનને વૈશ્વિક વિરાસતમાં સમાવિષ્ટ કરેલ છે અને **૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ** તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે. યોગની પ્રાચીન પરંપરાને આગળ વધારવા તેમજ રાજ્યમાં યોગના પ્રચાર અને પ્રસાર માટે **"ગુજરાત રાજય યોગ બોર્ડ"**ની રચના કરવામાં આવશે.

**ખેલ મહાકુંભ**ની શરૂઆત ૨૦૧૦થી કરવામાં આવેલ છે. તેનાથી રાજયના યુવાવર્ગમાં રમતગમત તેમજ સાહસિક પ્રવૃતિઓમાં અભિરૂચી વધી છે. **તાજેતરમાં રાજયના ત્રણ યુવા સાહસિકોએ વિશ્વના સૌથી ઊચા શિખર માઉન્ટ એવેરેસ્ટ સર કરી ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.**

ખેલ મહાકુંભના આયોજન માટે રૂ. **૭૬ કરોડ**ની જોગવાઇ, જે પૈકી **દિવ્યાંગ રમતવીરોના વિશેષ મહાકુંભ** માટે રૂ. **૯ કરોડ**ની જોગવાઇ.

ડીસ્ટ્રીકટ લેવલની ૪૦ સ્પોર્ટસ સ્કૂલોમાં ૬,૫૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે રમતગમતની ઘનિષ્ટ તાલીમ મેળવે છે. D L S S ની આ યોજના માટે **રૂ. ૮૫ કરોડ**ની જોગવાઇ.

આષાઢ ૧૧, ૧૯૪૧ શાકે

અંદાજપત્રની રજૂઆત

રાજ્યના આદિજાતિ વિસ્તારો દેવગઢ બારિયા, હિંમતનગર, રાજપીપળા તથા છોટા ઉદેપુર ખાતે સિન્થેટિક એથ્લેટીક ટ્રેક સાથે રમતગમતની માળખાકીય સુવિધાઓના વિકાસ માટે **રૂ.૧૨ કરોડ**ની જોગવાઇ.

ગુજરાતમાં દરિયા કિનારે તથા પર્વતીય વિસ્તારોમાં સાહસિક પ્રવૃત્તિઓના આયોજન માટે તેમજ પરંપરાગત અને સાંસ્કૃતિક રમતોના આયોજન માટે **રૂ. ૪ કરોડ**ની જોગવાઇ.

માહિતી અને પ્રસારણ

**માહિતી અને પ્રસારણ વિભાગ માટે રૂ. ૧૭૪ કરોડની જોગવાઇ**

અગત્યના કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ અને વીડિયોનું ડિજીટલ રૂપાંતર કરી તેની અદ્યતન લાયબ્રેરી તૈયાર કરવા **રૂ.૧ કરોડ ૫૦ લાખ**ની જોગવાઇ.

પત્રકારત્ત્વનો અભ્યાસ પૂર્ણ કરેલા યુવાનોને રાજ્ય સરકારની કામગીરી સાથે જોડવા માટે **"મીડિયા ફેલોશિપ"** ની નવી યોજના દાખલ કરવામાં આવશે. જેના માટે **રૂપિયા ૨૮ લાખ**ની જોગવાઇ.

કાયદો

**કાયદા વિભાગ માટે રૂ.૧૬૫૩ કરોડની જોગવાઇ**

પ્રજાજનોને ઘર આંગણે ન્યાય મળી રહે તે માટે અમારી સરકારે રાજ્યના દરેક જિલ્લા-તાલુકા કક્ષાએ કોર્ટની સ્થાપના કરવાના અભિયાનને પ્રાધાન્ય આપેલ છે. ગત દાયકામાં **૪૩૪ નવી કોર્ટ**ની સ્થાપના કરવામાં આવેલ છે. જે જન સામાન્યને સરળતાથી અને ઓછા ખર્ચે ન્યાય મળે તે દિશામાં મહત્ત્વનું સોપાન છે.

સામાન્ય વહીવટ

**સામાન્ય વહીવટ વિભાગ માટે રૂ. ૨૦૩૧ કરોડની જોગવાઇ**

વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ, ATVT અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતના વિકાસના કામો માટે **રૂ. ૧૨૯૯ કરોડ**ની જોગવાઇ.

**વર્ષ ૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજ**

વર્ષ ૨૦૧૯-૨૦ ના ફેરફાર કરેલ અંદાજ નીચે પ્રમાણે **રૂ.૨૮૫.૧૨ કરોડની પુરાંત** દર્શાવે છે.

**(રૂ. કરોડમાં)**

| | | **૨૦૧૯-૨૦ ના ફેરફાર કરેલ અંદાજ** |
|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૧૫૪૭૩૧.૯૬ |
| | મહેસૂલી ખર્ચ | ૧૫૧૮૫૭.૯૯ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+) ૨૮૭૩.૯૭** |
| | મૂડીની આવક | ૪૩૨૧૫.૦૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૫૧૦૦૩.૮૬ |
| | મૂડી હિસાબ પર ખાધ | (-) ૭૭૮૮.૮૫ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (-) **૪૯૧૪.૮૮** |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | **----** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (+) **૫૨૦૦.૦૦** |
| | **સરવાળોઃ ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | (+) **૨૮૫.૧૨** |

**હવે હું મારા પ્રવચનનો ભાગ-ખ રજૂ કરીશ.**

************

**વિરામનો સમય રદ કરવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિરામનો સમય રદ કરીને માનનીય નાણામંત્રીશ્રીનું બજેટ પરનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) વિરામનો સમય રદ કરીને મનાણામંત્રીશ્રીનું બજેટ પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :**માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂ. ૨૮૫.૧૨ કરોડની રહેશે.**

તા. ૨જી જુલાઈ, ૨૦૧૯

અંદાજપત્રની રજૂઆત

**હવે હું ૨૦૧૯–૨૦ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત રજૂ કરું છું.**

**"ઔદ્યોગિક એકમોના સ્વ– ઉત્પાદિત વીજ વપરાશ ઉપર વીજ કર"**

પરંપરાગત સ્ત્રોતોથી સ્વ–ઉત્પાદિત કેપ્ટીવ વીજ વપરાશ કરતાં ઔદ્યોગિક એકમો પાસેથી લેવાતા વીજ કરના દરમાં છેલ્લે ૨૦૧૩માં વધારો કરવામાં આવેલ હતો. અત્યારે રાજ્યમાં મોટા ભાગના ઉદ્યોગો વીજ વિતરણ કંપનીઓ પાસેથી વીજળી મેળવે છે અને તેના ઉપર ૧૫ ટકા વીજ કર લાગે છે, જે અત્યારના ભાવ પ્રમાણે યુનિટ દીઠ આશરે એક રૂપિયો પાંચ પૈસા થાય છે. જ્યારે કેપ્ટીવ વપરાશ કરતાં ઔદ્યોગિક એકમો દ્વારા ચૂકવામાં આવતો વીજ કર યુનિટ દીઠ ૫૫ (પંચાવન) પૈસા છે.

તેથી હું દરખાસ્ત કરું છું કે **પરંપરાગત સ્રોતોથી સ્વ–ઉત્પાદિત કેપ્ટીવ વીજ વપરાશ કરતાં ઓદ્યોગિક એકમો પાસેથી લેવાતા વીજ કરના હાલના યુનિટ દીઠ ૫૫ (પંચાવન) પૈસાના દરમાં વધારો કરીને તે યુનિટ દીઠ ૭૦ (સિત્તેર) પૈસા કરવા.**

તેમજ આ દરને Wholesale Price Index (WPI) સાથે સાંકળી લેવા અને તદનુસાર WPI માં થતાં ફેરફાર પ્રમાણે આ દરમાં વાર્ષિક ધોરણે ફેરફાર કરવાની મારી દરખાસ્ત છે.

સૂચિત દરખાસ્તના પરિણામે **રાજ્યની વેરાકીય આવકમાં વાર્ષિક રૂ. ૨૭૦ કરોડનો જ્યારે ચાલુ નાણાકીય વર્ષમાં રૂ.૧૮૦ કરોડનો વધારો** થવાનો અંદાજ છે.

**"સ્ટેમ્પ ડ્યુટી"**

રાજ્યમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની અનુસૂચિ–૧ માં સમાવિષ્ટ અલગ–અલગ લેખના પ્રકાર પ્રમાણે સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવામાં આવે છે. અમુક પ્રકારના લેખ ઉપર તેમાં સમાવિષ્ટ બાબતની કિંમત ઉપર ટકાવરીના ધોરણે એડ વેલોરમ ડ્યુટી, જ્યારે અન્ય લેખોમાં તેમાં સમાવિષ્ટ બાબતની કિંમતને ધ્યાને લીધા વિના ફિક્સ રકમના આધારે સ્ટેમ્પ ડ્યુટી લાગે છે.

આ અનુસૂચિમાં સમાવિષ્ટ **સ્થાવર મિલકતના લેખો સહિત જે લેખો ઉપર ટકાવારીના ધોરણે સ્ટેમ્પ ડ્યુટી વસુલવામાં આવે છે, તેમા હું કોઈ ફેરફાર સૂચવતો નથી. પરંતુ, જે લેખો ઉપર ફિક્સ રકમના દરે સ્ટેમ્પ ડ્યુટી વસુલવામાં આવે છે, તેમાં નીચે મુજબ ફેરફાર** કરવાની મારી દરખાસ્ત છે:

(ક) સોગંદનામા તથા નોટરીના લખાણના લેખો માટે હાલના સ્ટેમ્પ ડ્યુટીના રૂ. ૨૦ ના દર તા. ૦૧/૦૪/૨૦૦૦થી અમલમાં છે, જેને ૧૯ વર્ષ જેટલો સમય થયેલ છે. તેમાં વધારો કરી રૂ. ૫૦ કરવા;

(ખ) દત્તકપત્ર, લગ્ન નોંધણી તથા ભાગીદારી લેખને લગતા સ્ટેમ્પ ડ્યુટીના દર રૂ. ૧૦૦ તા. ૦૧/૦૪/૨૦૦૬થી અમલમાં છે, જેને ૧૩ વર્ષ જેટલો સમય થયેલ છે. જ્યારે વારસાગત મિલકતમાં કૌટુંબિક સભ્ય દ્વારા કે તેઓની તરફેણમાં હક્ક જતો કરવાના લેખ ઉપર રૂ. ૧૦૦ સ્ટેમ્પ ડ્યુટીનો દર તા.૧૫/૦૫/૨૦૧૩થી અમલમાં છે. આ તમામમાં વધારો કરી રૂ. ૨૦૦ કરવા;

(ગ) અગાઉ ઉલ્લેખ કર્યા તે સિવાયના તમામ ફિક્સ રકમવાલા લેખો ઉપર સ્ટેમ્પ ડ્યુટીનો રૂ. ૧૦૦નો દર તા.૦૧/૦૪/૨૦૦૬ કે તેનાથી પણ અગાઉના સમયથી અમલમાં છે. જેને અંદાજીત ૧૩ થી ૧૯ વર્ષ અને તે કરતાં પણ વધુ સમય થયેલ હોવાથી તેમાં વધારો કરી રૂ. ૩૦૦ કરવા દરખાસ્ત છે.

સૂચિત દરખાસ્તના પરિણામે રાજ્યની વેરાકીય આવકમાં વાર્ષિક રૂ. ૧૬૦ કરોડનો જ્યારે ચાલુ નાણાકીય વર્ષમાં રૂ. ૧૦૭ કરોડનો વધારો થવાનો અંદાજ છે.

"સમાધાન યોજના"

રાજ્યમાં અને સમગ્ર દેશમાં તા.૧–૭–૨૦૧૭થી ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ – જીએસટી કરપ્રણાલીનો અમલ શરૂ થયેલ છે. જીએસટી અમલમાં આવ્યા પહેલા સેલ્સ ટેક્સ, વેટ, મોટર સ્પીરીટ ટેક્સ, સીએસટી, એન્ટ્રી ટેક્સ, સુગરકેન પરચેઝ ટેક્સ, વિગેરે વેરા અમલમાં હતા. આ તમામ વેરા અંગે વેપારી વર્ગના અંદાજે ૨૦,૦૦૦થી વધુ વિવાદ વિવિધ સ્તરે પડતર છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ તથા અન્ય વેપારી એસોસીએશનો તરફથી સરકાર સમક્ષ વારંવાર એવી રજૂઆત કરવામાં આવેલ છે કે હવે જ્યારે જીએસટી અમલમાં આવેલ છે ત્યારે આ જુના વિવાદોના ત્વરિત અને અસરકારક નિકાલ માટે સમાધાન યોજના અમલમાં મૂકવી જોઈએ. તેનાથી સરકારને જુના બાકી માંગણાની રકમ પણ મળશે, વેપારી વર્ગને મોટી રાહત થશે અને સરકારના વહીવટી ખર્ચમાં ઘટાડો થશે.

આથી હું આ માટેની એક સમાધાન યોજના અમલમાં મૂકવાની દરખાસ્ત કરું છું.

આ સમાધાન યોજના હેઠળ વેચાણવેરા, વેટ, મોટર સ્પીરિટ ટેક્સ, એન્ટ્રી ટેક્સ, સુગરકેન પરચેઝ ટેક્સ અને કેન્દ્રીય વેચાણ વેરાની બાકી રહેલી વસૂલાતોને આવરી લેવામાં આવશે અને યોજનાના સમયગાળા દરમિયાન બાકી રહેલ વેરો ભરપાઈ કરવામાં આવશે તો વ્યાજ અને દંડમાં કેટલીક ઉદાર રાહતો આપવામાં આવશે.

જે કરદાતાના મૂળ માંગણાની રકમ રૂ. ૧૦૦ કરોડથી ઓછી હોય તેમને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

આ યોજના તા. ૧૫–૦૮–૨૦૧૯ થી ૬ (છ) માસના સમયગાળા માટે અમલમાં રહેશે. વિગતવાર યોજનાની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

"સમાપન"

આષાઢ ૧૧, ૧૯૪૧ શાકે

અંદાજપત્રની રજૂઆત

સને ૨૦૧૯–૨૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે:

| | | |
|---|---|---|
| | | (રકમ રૂ. કરોડમાં) |
| (૧) અંદાજ અનુસારની પુરાંત | | (+) ૨૮૫.૧૨ |
| (૨) કરવેરામાં સૂચિત વધારા | | |
| સ્વ–વીજ ઉત્પાદન ઉપર વીજકર | ૧૮૦ | |
| સ્ટેમ્પ ડ્યુટી | ૧૦૭ | (+)૨૮૭ |
| (૩) એકંદરે અંદાજીત પુરાંત | | (+)૫૭૨.૧૨ |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૧૯–૨૦નું ફેરફાર કરેલ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૩.૨૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૩જી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૩જી જુલાઇ, ૨૦૧૯
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તારીખ ૩જી જુલાઇ, ૨૦૧૯**
**આષાઢ ૧૨, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ સવારના ૯-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો test204

**મહેસાણા જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના**

*૧૩૮૪૩ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૦૩/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "મુખ્યમંત્રી અમૃતમ યોજના" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કૂલ કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત મંજૂર દાવા પૈકી હૃદય, કેન્સર અને કિડનીનાં રોગોમાં કેટલા દાવા મંજૂર કરવામાં આવ્યા છે?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ | :- ૫,૭૮૨ |
| મા વાત્સલ્ય યોજના હેઠળ | :- ૪૭,૨૯૧ |
| **કૂલ** | **:- ૫૩,૦૭૩** |

(૨) કૂલ રૂ. ૭૦,૬૮,૦૨,૪૧૦/-

(૩)

| | **હૃદય** | **કેન્સર** | **કિડની** |
|---|---|---|---|
| મુખ્યમંત્રી અમૃતમ યોજના | ૮૩૪ | ૮૮૧ | ૩,૯૬૬ |
| મા વાત્સલ્ય યોજના | ૫,૭૭૦ | ૬,૮૮૮ | ૩૪,૧૦૩ |
| **કૂલ** | **૬,૬૦૪** | **૭,૭૬૯** | **૩૮,૦૬૯** |

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે સ્વામી વિવેકાનંદનું સ્વપ્ન હતું કે ભારતની સંસ્કૃતિ દેશ વિદેશમાં ઉજાગર થાય. ભારત વિશ્વમાં મહાસત્તા અને વિશ્વ ગુરુ બને. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે મારા મત વિસ્તારના અને ગુજરાત રાજ્યના પનોતા પુત્ર આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી ....

અધ્યક્ષશ્રી : બહેન, સીધો પ્રશ્ન પૂછો.

ડો. આશા પટેલ : આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ કાઢવામાં આવ્યા છે? મારો બીજો પ્રશ્ન છે કે મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય અને શહેર હેઠળ નોંધાયેલા ગરીબી રેખા હેઠળ જીવતા કેટલા કુટુંબોએ મા અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ કઢાવેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું પ્રોફેસર આશાબેન પટેલને ઉંઝામાં જંગી બહુમતીથી વિજયી થવા બદલ અભિનંદન આપું છું અને ભારતીય જનતા પાર્ટીના આ નેતૃત્વમાં કામ કરવાનું એમણે શરૂ કરી દીધું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું વતન વડનગર છે અને એ ત્યાંના ધારાસભ્ય છે એનું આપણને સૌને ગૌરવ છે. એમણે પ્રશ્ન પૂછ્યો છે એ માનવતા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આરોગ્ય વિષયક જે યોજનાઓ ચલાવે છે એ યોજનાઓમાં મા યોજના અને મા વાત્સલ્ય યોજના એ અતિ લોકપ્રિય યોજનાઓ છે. એકે એક ગામ, એકે એક ઘર, એકે એક પરિવાર આ યોજનાનો લાભાર્થી હોય તો જેમ દરેકના ઘેર રેશનકાર્ડ હોય છે એમ બિમારી હોય કે ન હોય, આપણે તો ભગવાનને પ્રાર્થના કરીએ કે કોઇને એવી બિમારી ન આવે કે જેથી આ કાર્ડનો ઉપયોગ કરવો પડે. પણ કદાચ કોઇ બિમાર થાય તો મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ અને મા યોજનાનું કાર્ડ કઢાવવાની જે પ્રજાની માગણી છે એ પ્રમાણે મહેસાણા જિલ્લામાં જે કાર્ડ કાઢી આપવામાં આવ્યા છે એમાં બધા તાલુકાઓનો સરવાળો કહું તો ૧ લાખ ૨૬ હજાર ૧૪૫ માંથી મા યોજનામાં ૯૨,૯૭૦ લાભાર્થીઓએ કાર્ડ મેળવી લીધા છે. એટલે કે ૭૩.૭૦ ટકા લાભાર્થીઓએ અત્યાર સુધીમાં આ કાર્ડ મેળવી લીધા છે. એવી જ રીતે મા વાત્સલ્ય યોજનામાં ર લાખ ૩૭ હજાર ૬૫૭ કાર્ડ નાગરિકોને મેળવી લીધા છે. આમ, બન્ને થઇને ૩ લાખ ૩૦ હજાર ૬૨૭ કાર્ડ નાગરિકોએ મહેસાણા જિલ્લાના દરેક તાલુકાઓની અંદર પોતાની જરૂરિયાત પ્રમાણે મેળવી લીધા છે. આ કાર્ડ ધારકો પૈકી કોઇપણ પરિવારમાં કોઇપણ વ્યક્તિ જ્યારે બિમાર થાય તો હવે આપણે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે

આને જોડી દીધું છે. એની પણ સેવાનો લાભ આ નાગરિકોને મળી શકે છે. બીજો પ્રશ્ન શ્રીમતી આશાબેને પૂછ્યો એમાં મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારને લગતો એમણે પ્રશ્ન કર્યો છે. મા યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં ૭૯,૦૯૦ અને શહેરી વિસ્તારમાં ૧૩,૮૮૦ કુટુંબો તથા મા વાત્સલ્ય યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં ૧ લાખ ૭૩ હજાર ૩૨૦ અને શહેરી વિસ્તારમાં ૬૪૩૩૬ કુટુંબોએ કાર્ડ કઢાવ્યાં છે. આ જે ટકાવારી છે મેં અગાઉ કહ્યું તેમ લગભગ ૭૫% થાય છે પણ હું બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું કે, આપણા વિસ્તારમાં ખાસ ઝુંબેશ કરીને જેમ મેં ગઇકાલે એક પ્રશ્નની માહિતીમાં કહ્યું હતું કે, આપણા વિધાનસભાના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ એમના વડોદરાના રાવપુરા વિસ્તારની અંદર ઝુંબેશ ઉપાડી ૫,૦૦૦ અને પછી ૪,૦૦૦ એમ ૯,૦૦૦ લોકોને કાર્ડ કઢાવી આપવાનું તેમના સાથીઓ સાથે, કાર્યકરો સાથે એન.જી.ઓ.નો સાથ લઇને કાર્ડ કઢાવી આપ્યાં છે તો આપણે બધા પણ દરેક પક્ષના જ્યાં જ્યાં આપણી વગ હોય, આપણું સંગઠન હોય ત્યાં બધી જગ્યાએ કેમ્પ કરીને મા યોજના અને મા વાત્સલ્ય યોજનામાં કાર્ડ જો કઢાવી આપવામાં મદદરૂપ થાવ તો કોઇકને પણ જ્યારે જરૂર પડે ત્યારે એનો લાભ એ નાગરિક લઇ શકે અને એના જીવનમાં આપણે મદદરૂપ થઇએ અને એમાં પણ એક ધારાસભ્ય તરીકે સૌને સંતોષ થાય એવું કામ કરો એવી મારી બધાને વિનંતી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, મા અમૃતમ, મા વાત્સલ્ય, આયુષ્યમાન ભારત આવી યોજનાઓ કરીને આપણે જે ખાનગી હોસ્પિટલોને પ્રોત્સાહિત કરીએ છીએ. હવે જ્યારે એમ.બી.બી.એસ.માં સિટો પણ વધી છે. હમણાં જ ગઇકાલે વાત કરી કે ૫૧૪૦ જેટલી સિટો વધી. નવા ઘણાં ડોક્ટરો અને સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો પણ દર વર્ષે બહાર પડે છે તો એવી કોઇ વ્યવસ્થા આપ કરવા માગો છો કે આ જે પૈસા એક જિલ્લામાં લગભગ ૭૦ કરોડ ૬૮ લાખ જેટલા વપરાય છે તો એવી કોઇ વ્યવસ્થા કે સરકારી હોસ્પટલો સુદ્રઢ થાય અને એમાં ડોક્ટર મળે અને દર્દીઓને વિના મૂલ્યે સારવાર મળે એવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? જેથી દર્દીઓને પ્રાઇવેટના ધક્કા ખાવા ના પડે એવું કોઇ પ્લાનિંગ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનેક વખત આ વિષયની ચર્ચા થઇ ચૂકી છે અને ડો. જોષિયારાજી પોતે ડોક્ટર છે અને રા.જ.પા. સરકાર વખતે આરોગ્ય મંત્રી પણ હતા. બધી જગ્યાએ ડોક્ટરોની આખા દેશમાં દરેક રાજ્યમાં અછત છે. અછતના અનેક કારણો છે એક તો પહેલામાં પહેલું કારણ ડોક્ટરો ખૂબ મહેનત કરીને ડોક્ટર બન્યા હોય એટલે સ્વાભાવિક પોતાની ખાનગી પ્રેક્ટિસ કરવા માટે મોટા પ્રમાણમાં પ્રાઇવેટ ક્લિનિક ખોલે છે. ગુજરાત જેવા રાજ્યમાં દર્દીઓની પેઇંગ કેપેસિટી પણ વધારે છે અને ખાનગી ડોક્ટર પાસે જવાનું નાગરિકોનું વલણ પણ વધારે છે. બીજા નંબરે છેલ્લા ૧૫-૨૦ વર્ષથી જે પદ્ધતિ વિકસી છે કે ટ્રેન્ડ ડેવલપ થયો છે. ૮-૧૦ ડોક્ટરો ભેગા થઇને પોતે મોટું ક્લિનિક, હોસ્પિટલ બનાવી દે. એમાં સર્જન હોય, ગાયનેક હોય, રેડિયોલોજિસ્ટ હોય, ઓર્થોપેડિક હોય એ બધા ૮-૧૦ ડોક્ટર મિત્રો ભેગા થઇને એક કોર્પોરેટ હોસ્પિટલ બનાવે એટલે બધા જ પ્રકારની સેવાનો ત્યાં ઉપયોગ થાય. ફેસેલિટી પણ સારી હોય અને ત્રીજું ગુજરાતમાંથી ભણી ગણીને પરદેશ જવાવાળા ઘણા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ જતા હોય છે. આ ત્રણેય પરિબળો સરકારના કાબુ બહારના પરિબળો છે. ઘણાંને ખાનગી પ્રેક્ટિસ કરવી હોય તો એમાં આપણે કોઇ રોકી શકીએ નહીં. કોઇ ૫-૧૦ ડોક્ટરો ભેગા થઇને હોસ્પિટલ બનાવે તેને પણ આપણે રોકી શકીએ નહીં અને ઉપરથી એ જરૂરી છે. સરકારી હોસ્પિટલોમાં બધું જ છે એવું નથી કે કાંઇ નથી? સાધનો, સામગ્રી, ડોક્ટર, નિષ્ણાંતો એ બધું મોટાભાગે શહેરી વિસ્તારમાં છે. તાલુકા મથકે અને એની આજુબાજુના વિસ્તાર અને દૂર દૂરના અંતરિયાળ વિસ્તાર એમાં ડોક્ટરો પણ જવા માગતા નથી. સરકારી સેવામાં જોડાયેલા ડોક્ટરો પણ, મારે મોટામાં મોટું કામ હોય તો બદલીનું કામ છે. આદિવાસી દીકરો ડોક્ટર બન્યો હોય, આદિવાસી વિસ્તારમાંથી ભણ્યો હોય, આદિવાસી પરિવારનો હોય પણ એને છોટાઉદેપુરમાં નથી રહેવું, એને ખેડબ્રહ્મા, શામળાજી કે મેઘરજમાં નથી રહેવું. એમને અમદાવાદ આવવું છે, એમને વડોદરા રહેવું છે, એમને સુરત આવવું છે. ધારો કે, કચ્છનો છોકરો ડોક્ટર બને તો એને કચ્છમાં નથી રહેવું એને રાજકોટ કે અમદાવાદ એવા શહેરો પસંદ છે. હું ડોક્ટરો સાથે ઘણી ચર્ચાઓ કરું છું તો એમ કહે છે કે અમારા છોકરાઓને ભણવા-ગણવાની બધી વ્યવસ્થા માટે, સારું સામાજિક વાતાવરણ ગામડાંમાં પૂરતું ઉપલબ્ધ ન થાય એટલે અમે અહીંયાં રહીએ છીએ તો બધાનો ઉપાય આપણે મા યોજના અને મા વાત્સલ્ય યોજનામાં કર્યો છે. સરકારી હોસ્પિટલો તો છે જ. આપણી યુ.એન. મહેતા, આપણી કિડની ઇન્સ્ટિટ્યૂટ, આપણી કેન્સર ઇન્સ્ટિટ્યૂટ આજે પણ મા વાત્સલ્ય યોજનાના મોટાભાગના કેસો ત્યાં સારવાર મેળવે છે પણ સમજી લો કે કચ્છમાં કોઇને હાર્ટએટેક આવ્યો તો કચ્છનો દર્દી કંઇ હાર્ટ એટેકવાળો યુ.એન. મહેતામાં ન આવે, કોઇને શામળાજીમાં હાર્ટ એટેક આવે, ખેડબ્રહ્મામાં હાર્ટ એટેક આવે કે રાજપીપળામાં એટેક આવે તો એ બધા કંઇ યુ.એન. મહેતામાં ન આવે એટલે આપણે વચ્ચે વચ્ચે જ્યાં પ્રાઇવેટ હોસ્પિટલો હાર્ટ ડીસીસ, કેન્સર ડીસીસ, કિડની ડીસીસની સારવાર કરતી હોય એવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો છે એને આપણે માન્યતા આપી છે. આપણે ત્યાં વર્ક લોડ ઘણો છે તમે બધા જાણો છો એ પ્રમાણે કેન્સર હોસ્પિટલમાં કીમો થેરાપી હોય, ઓપરેશન કરવું હોય, કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની હોય તો કહે મારું જલદી લઇ લો. મને જલદી ડોકટરની એપોઇન્ટમેન્ટ આપી દો એવી ભલામણો બહુ જ આવે છે. આપણી હોસ્પિટલો ફુલ ફ્લેઝમાં પૂરેપૂરી કેપેસીટીથી સારવાર કરે છતાં પણ વધુ જરૂરિયાત સંતોષવા આ ખાનગી હોસ્પિટલોને આપણે માન્યતા આપી છે. નાણા એ બહુ મોટી વાત નથી. મેં અગાઉ પણ કહ્યું છે કે અમારી સરકાર વ્યક્તિનું જીવન બચી જાય, વ્યક્તિનો જીવ બચી જાય, પરિવાર સાથે રહે એ માટે ગમે તેટલો ખર્ચ થાય ખર્ચ સામે અમે જોતા નથી પણ એક વ્યક્તિનું જીવન બચે અને પૈસા એને માટે મહત્વના નથી એ માટે ખાનગી હોસ્પિટલોને પણ આપણે જોડી છે.

એ બધી સ્પેશ્યાલીટી અને સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો છે અને હજુ તો એઇમ્સ આપણને મળી છે. મેં ગઇ કાલે જાહેરાત કરી કે, ભાવનગર, જામનગર, રાજકોટ, વડોદરા, સુરત આ બધા રીજીયોનલ જે આપણા શહેરો છે. ત્યાં પણ આપણે હોસ્પિટલોને અપડેટ કરતા રહીએ છીએ કે જેથી ત્યાંના દર્દીઓ ખંભાળીયાના દર્દી અમદાવાદ ન આવે, દૂર દૂરના દર્દીઓ છેક વેરાવળથી અમદાવાદ ન આવે. હવે એ જમાનો ગયો. હવે અમે અને અમારો વિભાગ નજીક સારવાર આપવાનો પ્રયત્ન કરીએ છીએ. એટલે આ બધું જ અમે માનવ જીવન બચાવવા માટે કરીએ છીએ અને એમાં ભલે ખર્ચ થાય પણ પ્રજાનું જીવન અગત્યનું છે એ રીતે અમે કામ કરીએ છીએ.

**જૂનાગઢ જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ**

*૧૫૦૧૭ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે વીજ જોડાણ મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| **તાલુકો** | **વીજ જોડાણની પડતર અરજીઓની સંખ્યા** |
|---|---|
| ભેસાણ | ૨૧૦ |
| જુનાગઢ | ૨૫૧ |
| જુનાગઢ સિટી | ૧૫ |
| કેશોદ | ૧૧૦૭ |
| માળીયા હાટીના | ૯૬૫ |
| માણાવદર | ૧૧૫૮ |
| માંગરોળ | ૪૨૩ |
| મેંદરડા | ૪૨૨ |
| **તાલુકો** | **વીજ જોડાણની પડતર અરજીઓની સંખ્યા** |
| વંથલી | ૯૨૫ |
| વિસાવદર | ૩૧૯ |
| **કુલ** | **૫૭૯૫** |

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ નિયમિત અને કેટલી અરજીઓ તત્કાલ વીજજોડાણ માટેની છે,

(૨)

| **તાલુકો** | **નિયમિત વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા** | **તત્કાલ વીજજોડાણ માટેની અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ભેસાણ | ૨૧૦ | ૦ |
| જુનાગઢ | ૨૫૧ | ૦ |
| જુનાગઢ સિટી | ૧૫ | ૦ |
| કેશોદ | ૧૧૦૭ | ૦ |
| માળીયા હાટીના | ૯૬૫ | ૦ |
| માણાવદર | ૧૧૫૮ | ૦ |
| માંગરોળ | ૪૨૩ | ૦ |
| મેંદરડા | ૪૨૧ | ૧ |
| વંથલી | ૯૨૫ | ૦ |
| વિસાવદર | ૩૧૯ | ૦ |
| **કુલ** | **૫૭૯૪** | **૧** |

(૩) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર એક વર્ષ કરતાં વધુ અને કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩)

| **તાલુકો** | **એક વર્ષ કરતા વધુ, પરંતુ બે વર્ષ સુધીની** | **બે વર્ષ કરતા વધુ સમયથી પડતર** |
|---|---|---|

| | પડતર અરજીઓની સંખ્યા | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ભેસાણ | ૦ | ૦ |
| જુનાગઢ | ૫ | ૦ |
| જુનાગઢ સિટી | ૦ | ૦ |
| કેશોદ | ૧૦૯ | ૦ |
| માળીયા હાટીના | ૪૩૧ | ૦ |
| માણાવદર | ૪૬૦ | ૦ |
| માંગરોળ | ૨૧૩ | ૫૪ |
| મેંદરડા | ૯ | ૦ |
| વંથલી | ૪૧ | ૦ |
| વિસાવદર | ૦ | ૦ |
| **કુલ** | **૧૨૬૮** | **૫૪** |

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કરી ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

(૪)

- **ખેતી વિષયક વીજ જોડાણઃ**

ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઇ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

- **ખેતી વિષયક તત્કાલ વીજ જોડાણઃ**

તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની ૦૧ પડતર અરજીના અંદાજપત્રના નાણા ભરપાઈ થયેલ હોઈ, વીજ જોડાણ આપવા માટે કામગીરી પ્રગતિ હેઠળ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખેડૂતો માટે ખૂબ અગત્યનો છે, વીજ જોડાણનો પ્રશ્ન છે. આજે પણ જૂનાગઢ અને ગીર સોમનાથ બંને જિલ્લામાં ઘણા ગામો એવા છે કે વીજ જોડાણમાં એ ફોરેસ્ટર સેટલમેન્ટમાં આવે છે. વર્ષોથી એ લોકોની માગણી છે કે અમને ખેત કનેકશન મળે. આજની તારીખમાં ગીર બોર્ડરમાં સિંહ દીપડાનો ત્રાસ છે અને અમારા ખેડૂતો વાડીએ રહે છે. આ ગામડાંઓમાં વર્ષોથી માગણી છે પણ એક પણ કનેકશન આપવામાં આવ્યું નથી ગીર ફોરેસ્ટની અંદર તો માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન છે કે ગીર ફોરેસ્ટમાં સેટલમેન્ટમાં મારું એક હસનાપર ગામ છે વર્ષોથી અમારો એક પ્રશ્ન છે કે એને વીજ કનેકશન મળે. મારો પ્રશ્ન બીજો છે કે આપણે નવા કનેકશનો જે આપીએ છીએ વીજ જોડાણમાં એમાં બે ટાઇપના કનેકશનો છે. જે જુના છે એ હૉર્સપાવર આધારિત છે અને નવાને વીજ મીટર આપીએ છીએ. વર્ષો પહેલા મીટર કઢાવવા માટે આવું એક આંદોલન થયું હતું. પાછા મીટર ચાલુ થયા છે. ઘણા ખેડૂતોને એવું છે કે, હૉર્સપાવર આધારિત જોઇએ છે તો જી.ઇ.બી.માં લોડ વધારો માગે છે. તો મીટર આપીએ છીએ, શીફ્ટીંગ માંગ્યું હોય તો પણ મીટર આપે છે. પછી પી.ડી.સી.આર.સી. કરવામાં પણ મીટર આપે છે. તો મારો પ્રશ્ન એ છે કે, નવા કનેકશનો, પી.ડી.સી.આર.સી., લોડ વધારો આના માટે આપણે ખેડૂતને જે મીટર આપીએ છીએ એ હોર્સપાવર આધારિત છે એ રેગ્યુલર ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને ગઇ કાલે આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનું પ્રવચન ગમ્યું જ હશે અને મને ચોક્કસ વિશ્વાસ છે કે તમે જ્યારે તમારા વિસ્તારમાં ખેડૂતોની વચ્ચે ઉભા રહેશો તો કહી શકશો કે, આ સરકારે વચન આપ્યું છે કે, આવતા એક વર્ષની અંદર અષાઢી બીજ સુધીમાં બધા ખેડૂતોને કનેકશન આપવામાં આવશે. આ એક સરસ મજાનો મુદ્દો આપના પ્રવચનમાં આપના વિસ્તારમાં કહી શકશો. બીજી વાત કરી કે કનેક્શનો વર્ષોથી પડતર છે. મારે ખાલી એટલું જ કહેવું છે કે ૨૦૧૪ ના પડતર એક જ છે. ૨૦૧૫ના પડતર (અંતરાય) આજની અંદર જેટલા પેન્ડિંગ કનેકશનો છે એ વિષયની વાત કરું તો નીતિ નિયમની અંદર રાજ્ય સરકાર કે પીજીવીસીએલ જયાં કનેકશન આપી શકતા હોય છે, અરજી લઇ શકતા હોય છે તો એમાં આજની તારીખમાં ૨૦૧૪-૧૫-૧૬ માં ૨૦૧૪માં ૧ છે, ૨૦૧૫ ના ૮ છે, ૨૦૧૬ માં

૧૭ છે. લોકોના કારણે વિષય પેન્ડિંગ છે. પરંતુ ૨૦૧૭ ના માત્ર ૨૮ છે. આપ સમજી શકો છો. મારે ખાસ કરીને કહેવું છે કે, આજની તારીખમાં જૂનાગઢ જિલ્લાની વાત કરતા હોય કે આટલા કનેકશનો પેન્ડિંગ છે. તો ૨ વર્ષ ઉપરાંતના (અંતરાય) ફોરેસ્ટ ઓબ્જેકશનના કારણે એન.ઓ.સી. ન મળવાના કારણે અમે ફોરેસ્ટ એરિયામાં કનેકશનો આપી શકતા નથી. સભ્યશ્રીને જણાવવાનું કે, ૫,૭૯૫ કનેકશનો કુલ અરજીઓ પેન્ડિંગ છે. એમાંથી એક વર્ષની અંદરની અરજીઓ પૈકી ૪૪૭૩ કનેકશનો એક વર્ષની અંદરના છે. એક વર્ષથી ઓછા ૧૨૬૮ છે. આપને જાણ કરતા આનંદ થશે. અમારી આની અંદર સ્પીડ પકડાઇ છે. એના કારણે અમે લોકોના પૈસા લેવાના ચાલુ કર્યા છે. લોકોના ૨૨૧૫ કનેકશનો ઝડપથી આપી દઇશું. બીજું, હોર્સ પાવર અને મીટર ટેરિફ. ૨૦૦૩ ઇલેક્ટ્રિસિટી એક્ટ આની અંદર સ્પષ્ટપણે લખ્યું છે કે, આખા દેશમાં કોઇપણ ટાઇપના કનેકશનો આપવા હોય, એમાં ઉદ્યોગ, ઘર વપરાશ હોય, ખેતી, સર્વિસીસ હોય તો મીટર સિવાય એ કનેકશનો આપી શકાય નહી. એટલે કેન્દ્ર સરકારમાં ૨૦૦૩ માં સરકારે આ કાયદો કર્યો હતો. એ કાયદાના આધારે અમે આજની તારીખમાં બધા જ ખેડૂતોને મીટર આધારિત કનેકશનો આપ્યા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય સભ્યશ્રીએ મંત્રીશ્રીને સાથે અપેક્ષા સાથે સવાલ મૂક્યો હતો. ખાસ કરીને ગીર કાંઠાનાં ગામડાં ગીર–સોમનાથ, જૂનાગઢ, અમરેલી એમાં કયાંકને કયાંક વન વિભાગની એન.ઓ.સી. ના અભાવે રેવન્યુના સરવે નંબર છે. ઇવન ગીરના જંગલ આપણે સરહદો નક્કી કરી ત્યારે ત્યાંના જે ખેડૂતો વીજળીનું કનેકશન મળે તો પોતાનો પાક લઇ શકે, જીવનનું ભરણ પોષણ થઇ શકે એ માટે વર્ષોથી પ્રશ્ન પેન્ડિંગ છે. મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી છે કે આ બાબતમાં વન પર્યાવરણ સાથે પરામર્શમાં વીજળીના કનેકશન આપવાથી ક્યાંય વન્ય પર્યાવરણને નુકસાન નહિ થાય. પણ એવી શરતો રાખીએ કે જે ખેડૂતો સેટલમેન્ટમાં છે, રેવન્યુના નંબર છે. ત્યાં લોકો પાણી માટે કુંડી કરે. વન્ય જીવોને પીવાના પાણીની વ્યવસ્થા માટે આપણે સરકારી ખર્ચો કરીએ છીએ, એના બદલે સ્વૈચ્છિક ધોરણે એ લોકો એમાં સહયોગ આપે. તો આ રીતે વન વિભાગ અને ઉર્જા વિભાગના પરામર્શમાં વર્ષોથી આ પડતર પ્રશ્નોનું કાયમી ધોરણે સમાધાન થાય.

અધ્યક્ષશ્રી : એમનું સારું સૂચન છે. આમાં જવાબની જરૂર કયાં છે?

શ્રી સૌરભ પટેલ : એમનું સૂચનની કાલે ચર્ચા કરીશું. ચોક્કસ રસ્તો કાઢવાની કોશિશ કરીશું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જૂનાગઢ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવા કઇ કઇ યોજનાઓ અમલમાં છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આપણી જે નોર્મલ સ્કીમ છે કે, કોઇપણ વ્યક્તિ એટલે કે ખેડૂત કનેકશન લઇ શકે છે. બીજું, એક સ્પેશિયલ કોમ્પોનન્ટ સબ પ્લાન એસ.સી. લાભાર્થી આમાં લાભાર્થી હોય છે, શિડ્યુલ કાસ્ટના લાભાર્થી હોય છે. ત્રીજું, તત્કાલ યોજના છે. તેમાં જ્યારે કનેકશન નહોતા મળતા ત્યારે તેમાં લોકો આવતા હતા. આજની તારીખમાં જે પ્રમાણે ખેડૂતોને કનેકશન આપવા માગીએ છીએ તે પ્રમાણે આજની તારીખે તત્કાલ યોજનામાં કોઇ અરજીઓ આવતી નથી. બીજું, મારે સભ્યશ્રીઓને ખાસ જાણ કરવી છે કે, એક ખેડૂતને વીજ જોડાણ આપીએ છીએ તેમાં આશરે ૧ લાખ ૬૦ હજાર રૂપિયાનો ખર્ચ થતો હોય છે. આ વર્ષે માનનીય નીતિનભાઇએ ૧૮૦૦ કરોડ રૂપિયા માત્ર ખેડૂતોના વીજળીના કનેકશન માટે બજેટમાં જોગવાઇ કરી છે. બીજું આપણે ખેડૂતો પાસે શું લઇએ છીએ તો તેમાં આપણે ખાસ કંઇ લેતા નથી. આજની તારીખમાં આપણે એવરેજ સૌરાષ્ટ્રમાં ૧૦ એચ.પી.ની મોટર માટે જોવા જઇએ તો કુલ ૧૪૦૦૦ રૂપિયા નોર્મલ કનેકશનમાં લઇએ છીએ. માત્ર ૧૪૦૦૦ રૂપિયા લઇએ છીએ. ટ્રાયબલ અને શિડ્યુલ કાસ્ટના કનેકશનમાં તો ૨૩૪૦ રૂપિયા લઇએ છીએ. આટલા ખર્ચે કનેકશન આપીએ છીએ. એટલે રાજ્ય સરકારે જેટલા કનેકશન આપ્યા છે તેની અંદર ખેડૂતો પાસેથી નોમિનલ એમાઉન્ટ લઇ કનેકશન આપ્યા છે. ઉપરાંત વીજળી પણ આજની તારીખે સબસિડાઇઝ રેટે આપણે લઇએ છીએ અને આપીએ છીએ. માત્ર મેં કહ્યું કે ૬૦ પૈસે છે અને એચ.પી.નો જે ટેરીફ છે તેમાં પણ સબસિડી રાજ્ય સરકાર આપે છે.

અધ્યક્ષશ્રી : શ્રી ઇન્દ્રજીતસિંહ, જુનિયર સભ્યોને પૂછવા દો. માનનીય સિનિયર સભ્યો આપ બેસો.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પરા વિસ્તારમાં ચોવીસ કલાક વીજળીકરણ નથી આપતા તો આપવા માગે છે કે નહીં અને બીજું, ગામતળમાં જે વોટર વર્કસના કનેકશન છે, પરા વિસ્તારમાં વોટર વર્કસનો બોર કર્યો હોય તો ત્યાં વીજળીના કનેકશન આપવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જુદી નોટીસ આપવી પડે પણ મારે સભ્યશ્રીને કહેવું છે કે, જ્યોતિગ્રામ યોજના માત્ર ગ્રામ વિસ્તારની અંદરની યોજના છે. અગર ચોવીસ કલાક લાઇટ આપણે ગામમાં રહેતા વ્યક્તિઓને આપીએ છીએ તેમને સિંગલ ફેઇઝ આપીએ છીએ. બાકીના સમયમાં ટ્રાન્સફોર્મર ચાલુ કરી આપીએ છીએ એટલે તેને ઘર વપરાશમાં સિંગલ ફેઇઝ મળી શકે છે અને આઠ કલાક આપણે થ્રી ફેઇઝ આપીએ છીએ. જે પાણીના વિષયની વાત કરી તેમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા ગ્રામ પંચાયતોમાં કુલ્લી સબસિડાઇઝ છે. પરંતુ તેમને બીજું કનેકશન જોઇતું હોય તો પાણી પુરવઠા બોર્ડના સર્ટિફિકેટના આધાર ઉપર બીજું કનેકશન ગામતળની બહાર આપીએ છીએ.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે સરેરાશ કેટલો ખર્ચ થાય છે અને તેની સામે ખેડૂતને કેટલી રકમ ભરવાની થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું કે ખેડૂતોને આમ જોવા જઇએ તો બહુ રૂપિયા ભરવાના હોતા નથી. પાંચ એચ.પી., દસ એચ.પી., પંદર એચ.પી.માં એક રજીસ્ટ્રેશન ચાર્જ લઇએ છીએ તે બધા માટે ૨૦૦ રૂપિયા લઇએ

છીએ. બીજું, આપણે જે ફીકસ ચાર્જ લઇએ છીએ તે એચ.પી. આધારિત હોય છે. પછી આપણે ડિપોઝિટ લઇએ છીએ તે ખેડૂત ભરે છે પણ તે તેના નામે જમા હોય છે એટલે તે ચાર્જ ગણાય નહીં. દા.ત. પાંચ એચ.પી.માં ૮૨૫ રૂપિયા લઇએ છીએ અને દસ એચ.પી.માં ૨૦૨૦ રૂપિયા લઇએ છીએ. એગ્રીમેન્ટ ચાર્જ ૧૦૦ રૂપિયા લઇએ છીએ. ટેસ્ટ રિપોર્ટ ચાર્જ ૨૦(વીસ) રૂપિયા લઇએ છીએ. એટલે પાંચ એચ.પી.ની અંદર તેનો ડિપોઝિટ ચાર્જ અને ફીકસ ચાર્જ ૭૬૫૫ રૂપિયા થાય છે. આ જ ચાર્જ ટ્રાયબલ કનેકશનમાં જોવા જઇએ તો ૧૧૫૫ રૂપિયા થાય છે. આ પાંચ એચ.પી.ની વિગતો આપી છે. તેની સામે ૧ લાખ ૬૦ હજાર થી ૧ લાખ ૮૦ હજારનો સંપૂર્ણ વીજળી કનેકશનનો ચાર્જ થાય છે. આમાં હું સબસ્ટેશનની ગણતરી નથી કરતો. આજની તારીખમાં આપ જોશો તો તમે ખાલી ઓબ્ઝર્વ કરો કે, તમે હતા ત્યારે શું પરિસ્થિતિ હતી? આજે કઇ પરિસ્થિતિ છે? તે વખતે એક વર્ષમાં માત્ર દસ સબસ્ટેશન અપાતા હતા. મારી પાસે દાખલા છે કે, ધારાસભ્યશ્રી પોતાના ત્રીસ વર્ષના સમયમાં એક સબસ્ટેશન ના લઇ શકે તેવા દાખલા છે. ૨૦૦૦ની સાલ પછી આપણે સબસ્ટેશન એટલે બેઝિક ઇન્ફ્રાસ્ટ્રકચર કરવાનું આયોજન કર્યું. ગઇ સાલ આપણે ૧૦૦ સબ સ્ટેશન આપ્યા છે. આ સાલ આપણે ૧૪૦ સબ સ્ટેશન આપવાના છીએ. ૧૪૦ સબ સ્ટેશનની અંદર મારે ખાસ કરીને આદિવાસી ભાઇઓને અને દરિયા કાંઠાના ભાઇઓને કહેવું છે કે, આપના વિસ્તારોમાં જ વધારે લીધેલા છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જે કનેકશનો અપાય છે ત્યાં બધા ભાઇઓ વચ્ચે જમીનની વહેંચણી કરેલી હોય છે અને એક નકલમાં ૨૦-૨૫ નામ હોય અને એક ભાઇએ કનેકશન લેવું હોય તો બધા ભાઇઓ જે ૨૦-૨૫ હોય એની સંમતિ જોઇએ છે. તો એને કારણે એ ક્યારેય શક્ય બનતું નથી અને એ કનેકશનથી વંચિત રહે છે, તો એ બાબતમાં ઘટતું કરીને જે ખેડૂત છે એને બે ત્રણ વિઘા હોય તો પણ એને કનેકશન મળે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. પરંતુ તો પણ એમનો જે પ્રશ્ન છે એમાં હું ડિટેલમાં જઇ અભ્યાસ કરીશ. કેટલા ૭/૧૨ના ઉતારામાં નામ હોય છે, કઇ જાતનાં વાંધા વચકા હોય છે કેમ કે કાલે ઉઠીને થાય છે શું કે, બે ભાઇઓ હોય અને એ બે ભાઇઓને બન્યું નહીં અને એક ભાઇએ વિરોધ કર્યો તો અમારા ઉપર એ લોકો કેસ કરી દેતા હોય છે કે તમે કનેકશન કેમ આપ્યું? એટલે આવા ઘણાં બધા પ્રશ્નો ઉભા થાય છે તો પણ આપની પાસે કોઇ સ્પેસિફીક પ્રશ્ન હોય તો મારી પાસે લાવજો. હું ચોક્કસ કેવી રીતે મદદ થાય એ નિયમોમાં રહીને કરીશ.

**નર્મદાના પાણીથી સૌરાષ્ટ્રના જળાશયો ભરવા બાબત**

*૧૫૩૨૭ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ નર્મદાના પાણીથી સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા માટેની યોજના માટે કુલ કેટલો ખર્ચ કરવાનું નક્કી થયેલ, | (૧) રૂ. ૧૮૫૬૩.૨૪ કરોડ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૨૯૭૮.૬૪ કરોડ |
| (૩) ઉક્ત યોજનાની કુલ કેટલા કિ.મી. પાઇપ લાઇનો નાંખવાની હતી અને ઉક્ત સ્થિતિએ કેટલા કિ.મી.ની પાઇપ લાઇનો નાંખવામાં આવી છે? | (૩) કુલ ૧૩૭૧ કિ.મી. પાઇપ લાઇનો નાખવાની હતી. ૮૬૭.૯૧ કિ.મી. પાઇપ લાઇનો નાખવામાં આવી છે. |

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ સૌની યોજના છે જે સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયોને ભરવા માટેની યોજના હતી અને ૨૦૧૩-૧૪માં જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે આ યોજનાનો અમલ શરુ થયેલો અને ૧૦,૮૫૧ કરોડની આ યોજના મંજૂર થયેલી. આજે ૧૮૦૦૦ કરોડની યોજના બની છે અને ૧૨૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાઇ ગયા છે અને ૧૧૫ જળાશયો પૈકી ફકત ૬ કે ૭ જળાશયોમાં પાણી નાંખવામાં આવ્યું છે અને જે કિલોમીટર બતાવવામાં આવ્યા હતા વહીવટી મંજૂરીમાં એ ૧૨૬૩ કિલોમીટર હતા આજે ૧૩૭૧ કિલોમીટર થયા છે. તો આ અંતર વધ્યું છે એ કેમ વધ્યું છે? ખર્ચ વધ્યો છે તો કેમ વધ્યો? જળાશયોમાં પાણી કેમ નાંખવામાં આવ્યું નથી? જે કાંઇ ટેકનિકલ કારણ હોય તો ગૃહને જણાવવા વિનંતી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના ઇતિહાસમાં આવી પહેલી યોજના હશે કે જે આટલા મોટા વિસ્તારમાં ત્યાં પાણીની અછત છે એ વિસ્તારમાં પાણી લઇ જવા માટેની આ યોજના બનેલી છે. આદરણીય નરેન્દ્રભાઇએ એ વખતે આખો માસ્ટર પ્લાન બનાવ્યો હતો અને આટલી મોટી યોજના કે એક વર્ષ કે બે વર્ષમાં શક્ય નથી એટલે ફેઝીસ નક્કી કર્યા કે, આપણે યોજના ફેઝમાં પૂરી કરીએ. દર વર્ષે ૨૦૦૦-૩૦૦૦ કરોડનું બજેટ આપી સંપૂર્ણપણે બજેટની જોગવાઈ દ્વારા પાણી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, મોટા ભાગનું કામ પૂર્ણ થયું છે અને ૨૦૨૧ના

અંત સુધીમાં સંપૂર્ણપણે આ સૌની યોજનાનું કામ આપણે પૂર્ણ કરીશું અને ૧૧૫ રીઝર્વ છે એ ૧૧૫ રીઝર્વને આપણે કનેક્ટિવિટી આપી દઇશું. બીજું મારે માનનીય સભ્યશ્રીને જાણ કરવી છે કે આ યોજનાની અંદર હેતુ એ છે કે જે વિસ્તારમાં ઓછો વરસાદ પડ્યો હોય કે જે વિસ્તારની જરૂરિયાત વધારે હોય એ વિસ્તારને પહેલા પીવાના પાણીનું પ્રાધાન્ય આપી અને પછી સિંચાઇ માટે પાણી આપવાનું આ એનો બેઝિક હેતુ છે અને હેતુના કારણે આપ કહો છો કે, ડેમો ભરાયા નથી એ વિષય સાચો નથી. હું આપને નામ આપું કે, કેટલા ડેમોમાં અત્યાર સુધી પાણી આપેલું છે. રીઝર્વના નામ મચ્છુ–૨, મચ્છુ–૩, ડેમી–૨, ડેમી–૩, આજી–૩, ખોડા પીપર, આજી–૪, ઉંડ–૧, વઢવાણ ભોગાવો–૧, વઢવાણ ભોગાવો–૨, મચ્છુ–૧, લીમડી ભોગાવો–૨, આંકડિયા આ ફેઝ–૧ના હતા. ફેઝ–૨માં આજી–૧, ન્યારી–૧, રણજીત સાગર, કાળુભાર, રંઘોળા, શેત્રુંજી, વેરી–૧, ભાદર–૧ અને રીઝર્વ જે સૌની યોજનામાં નથી અને તકલીફ પડી પાણીની એવા કૃષ્ણ સાગર, કાનીયાર, ચાંચા, વાસોલ, ગોમા અને મારે સભ્યશ્રીને કહેવું છે કે, આવી રીતે જે સુખભાદર અને બીજા ચેકડેમો ટોટલ રીઝર્વ હતા, આ બધું ભેગું કરીએ તો ૨૦૯૯૩ MCFT પાણી આ ડેમોમાં આપણે નાંખ્યું છે અને તળાવો પણ ભરીએ છીએ અને ચેકડેમો પણ ભરીએ છીએ. આ ફકત ૨૦૧૬–૧૭માં ૨૧ જળાશયો, ૪૮ તળાવો અને ૧૮૧ ચેકડેમ, ૨૦૧૭–૧૮માં ૧૪ જળાશયો, ૨૦ તળાવ અને ૧૦૦ ચેકડેમ અને ૨૦૧૮–૧૯માં ૨૨ જળાશયો, ૩૮ તળાવો અને ૧૪૧ ચેક ડેમો એમ કરીને આટલા બધા જળાશયોમાં અમે પાણી નાખ્યું છે અને જેમ જરૂરિયાત પડતી જશે એમ બધી જગ્યાએ અમે પાણી નાંખતા જઇશું.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, સૌની યોજના અંતર્ગત કયા વિસ્તારમાં, કેટલા કિલોમીટર લંબાઇના, કેટલા ખર્ચે, કેટલા કામો થનાર છે તથા તેનાથી કેટલો લાભ થશે તેની સંપૂર્ણ વિગત આપવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : સંપૂર્ણ નહીં ટૂંકમાં આપે તો ચાલશે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં સૌની યોજનામાં જે કામો બાકી છે તેમાં ૧૩૭૧ કિલોમીટરના કામો બાકી છે અને આની અંદર રૂપિયા જે ખર્ચો છે તે ૫૫૬૩ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફેઝ–૨ ના કામો લીંક–૧ની અંદર પ્રોગ્રેસમાં છે તેમાં ૧૬ કિલોમીટરના બાકી કામ છે. ફેઝ–૩ના કામ ચાલુ થઇ ગયા છે અને જે પેરેલલ પાઇપ લાઇનો છે તેના સરવે અને બધુ કામ ચાલે છે એટલે આ બધાજ કામો જે ઓરીજીનલ માસ્ટર પ્લાનની અંદર હતા એ ૧૧૫ કામો ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સૌની યોજના અંગે વિસ્તૃત માહિતી આપી છે પણ કાલે બજેટ પ્રવચન દરમિયાન સરકારશ્રીએ પાના નંબરઃ ૭ ઉપર ખૂબ સ્પષ્ટ રીતે જળ સંપત્તિ વિભાગની રજૂઆત વખતે કહ્યું કે દસ જળાશયોની અંદર, તળાવોની અંદર સૌની યોજનાનું નર્મદાનું પાણી ભરવામાં આવ્યું. આજે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો તેમાં વધુ તળાવોની રજૂઆત કરી એટલે આ કાલનું માનનીય નીતિનભાઇના પ્રવચનમાં જે રજૂઆત થઇ તે સાચી છે કે આજે માનનીય સૌરભભાઇએ રજૂઆત કરી તે સાચી છે તેનાથી ગૃહને અવગત કરાવવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા નંબરઃ ૨ ડો.સી.જે.ચાવડાએ બહુ સ્પષ્ટ પ્રશ્ન પૂછ્યો હતો કે, ૨૦૦૩માં મને યાદ છે ૨૯૧૩માં માનનીય ભૂપેન્દ્રસિંહે સૌની યોજનાની રજૂઆત કરી. ૧૧૫ ડેમમાં પાણી છલકાય જશે અને એના માટે થઇને આપણે નર્મદાનું જે ફ્લડનું પાણી છે, વહી જતું પાણી છે તે સૌની યોજનામાં આપણે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છને પહોંચાડવાની વ્યવસ્થા હતી. માનનીય અધ્યક્ષશ્રી, કૂવામાં હોય તો અવેડામાં આવે. આજ કૂવો જ ખાલી છે. ૨થી ૧૨ના નર્મદાના અહેવાલો જોયા તો તેની છલતી સપાટીનું પાણી છે તે જ પર્યાપ્ત નથી. તો પાણી છલતી સપાટીનું મળશે જ નહીં તો સૌની યોજનાથી ૧૧૫ ડેમ આપણે કઇ રીતે ભરી શકીશું ?

બીજું, આપણે ૧૦ હજાર કરોડના ખર્ચે ૧૧૫ ડેમ ભરવાના હતા આજે ૧૮ હજાર કરોડના ખર્ચ પૈકી ૧૩ હજાર કરોડનો ખર્ચો થઇ ગયો માત્ર ૧૦ જળાશયો ભરાયા છે. ૧૩૦ કરોડ રૂપિયાનો એક જળાશયનો ખર્ચો થયો તેના ગુણ્યા ૧૧૫ એટલે ૧ લાખ ૯૫ હજાર કરોડ રૂપિયા જો આ જ ઝડપ અને આ જ ખર્ચાની એવરેજ રહી તો ૨ લાખ કરોડ રૂપિયાનો ખર્ચો કરીએ ત્યારે ૧૧૫ ડેમ ભરી શકાય. એટલે સૌની યોજના અંગે ગુજરાતની જનતાની અંદર કયાંક દ્વિધા છે કે આ ૧૧૫ ડેમ ભરવાની વાત ૨૦૧૩માં થઇ હતી ૧૯એ ૧૦ ભરાયા તો ૧૧૫ ડેમ ભરાતાં કેટલી વાર લાગશે ? સૌની યોજનાને આખરી કરતા કુલ કેટલો ખર્ચો થશે આવી મારી માનનીય વિનંતી છે થોડીક સ્પષ્ટતા કરે.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, અતિ મહત્વની ચર્ચા થાય છે એટલે ઇન્ટરવીન કરું છું. સૌપ્રથમ તો સૌરાષ્ટ્રના ઘણાં બધા ધારાસભ્યો અહીંયા બેઠાં છે. સૌરાષ્ટ્ર હંમેશા પાણી માટે ખૂબ વિકટ પરિસ્થિતિનો સામનો વર્ષોથી કરતું આવ્યું છે. તેમાંય રાજકોટમાં તો કોંગ્રેસના શાસનમાં ટ્રેન દ્વારા પાણી ભરીને આપણે લઇ આવતા હતા ત્યારે આપણે પીવાના પાણીની પણ ત્રુટિ પૂરી કરી શકતા નહોતાં. હું સ્પષ્ટ માનું છું કે, જો યોગ્ય સમયે નરેન્દ્રભાઇએ આ યોજના બનાવવાનો નિર્ણય ના કર્યો હોત તો ગયા વર્ષે જે પાણીની કટોકટી ઉભી થઇ, આપણે બધા જાણતા હતા કે, જાન્યુઆરીથી મિડિયા હાઉસમાં કોંગ્રેસે પણ પાણી માટે આંદોલનો કરવાના પ્રયત્નો કર્યા. જો આ સૌની યોજનાની પાઇપ લાઇન ન હોત, ધોરી ધજાના ડેમમાંથી પાણી સૌરાષ્ટ્રને મળતું ન હોત, ઢાંકીનું પમ્પિંગ સ્ટેશન ન હોત તો આજે સૌરાષ્ટ્ર ખાલી કરવું પડ્યું હોત એવી સ્થિતિ હોત. આજે પણ સૌરાષ્ટ્રના ડેમોમાં માત્ર ગીર–સોમનાથ અને જૂનાગઢમાં થોડો વરસાદ પડ્યો છે ત્યાં નવું પાણી આવ્યું છે.

બાકી બધાં ડેમ ખાલી છે. આ સૌની યોજનાનો સૌથી મોટો ઐતિહાસિક બનાવ કહીએ તો સૌરાષ્ટ્રના સૌથી મોટા ડેમ ભાભરમાં સૌની યોજનાના કારણે આ સરકારે આઠ ફૂટ પાણી પહોંચાડ્યું છે અને આસપાસના જેતપુર, ધોરાજી, ગોંડલ વિસ્તારના ગામો પાણી વગર તરસ્યા રહ્યા હોત. સવાલ એ છે કે, નર્મદાના સરદાર સરોવર ડેમમાંથી વર્ષોથી આ ડેમ પૂરો ન થવાના કારણે પાણી દરિયામાં ચાલ્યું જતું હતું. ડેમની સપાટી આગળ વધતી ન હતી. એક તરફ લોકો પાણી વગર તરસતા હતા અને બીજી તરફ પાણી દરિયામાં વહી જતું હતું. સદનસીબે ડેમનું કામ પૂરું થયું. સૌરાષ્ટ્રની સૌની યોજના ખેડૂતો માટે અને પીવાના પાણી માટે એક મોટી કરોડરજ્જુ સમી છે. આજે પાઇપ લાઇન અને પમ્પિંગ સ્ટેશન બન્યા છે. રૂપિયા ૧૩ હજાર કરોડનો એક રફ અંદાજ હતો. સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ જોડવાનો છેલ્લો તબક્કો ચાલુ છે. એક વર્ષમાં આ કામ પૂરું થઇ જશે અને એ પછી પણ એના ઇન્ટર કનેક્શન દ્વારા બધા ડેમ જોડાઇ જવાના છે. સવાલ એ છે કે, ગઇકાલના બજેટમાં પાણી ઉપરનું કોંસન્સ્ટ્રેશન અને પાંચ વસ્તુમાં આપણે પાણી ઉપર ફોક્સ કર્યું છે. આ એટલા માટે કર્યું છે કે, ડેફિસીયન્સીમાંથી આપણે સરપ્લસમાં જઇએ. દા.ત. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી સખત વરસાદ છે અને બાકીનો વિસ્તાર કોરો છે. ગુજરાતમાં કાયમ ચોમાસામાં કોઇક વિસ્તાર રહી જાય છે અને કોઇક વિસ્તારમાં સખત વરસાદ હોય છે અને ત્યારે આ આખા નેટવર્કથી ગુજરાતમાં જ્યાં પાણી નથી ત્યાં પાણી પહોંચાડી શકાય. એટલે સૌરભભાઇએ પહેલાં જે શબ્દ વાપર્યો કે, એશિયાનું સૌથી મોટું પાઇપ લાઇન નેટવર્ક એ સૌની યોજનાનો આ આખો પ્રોજેક્ટ છે. આજે હું દાવા સાથે કહી શકીશ કે, ૭૦ ટકા સૌરાષ્ટ્ર આજે દરરોજ નર્મદાનું પાણી પીવે છે. ભેંસાણમાં પણ નર્મદાનું પાણી જાય છે. ખોડિયાર ડેમમાં પણ નર્મદાનું પાણી પહોંચાડીશું. આપણે આ વખતે શેત્રુંજયમાં પણ નર્મદાનું પાણી નાંખ્યું છે, એ સૌની યોજના મારફત નાંખ્યું છે. એટલે આપણે એના નેટવર્કને આધારસ્તંભ ગણીએ તો આવનાર દિવસોમાં પીવાના પાણીનો દુકાળ એ તો ભૂતકાળ બની જશે. હવે ખેતી માટે પણ સૌરાષ્ટ્રના ખેડૂતોને સિંચાઇ માટે વધુને વધુ પાણી આપી શકીશું. તમે જેમ કહ્યું કે, કૂવામાં હશે તો હવાડામાં આવશે. સૌરાષ્ટ્રના કેચમેન્ટમાં વરસાદ જ ના પડે તો ૧૧૫ ડેમ ભરાવાના નથી, ખાલી જ રહેવાના છે. પણ જો નર્મદામાં પાણી પૂરતું હશે તો એ ડેમમાં પાણી ટ્રાન્સફર થશે. આજની તારીખે ભાદરમાં પાણી ચાલુ છે. શ્રી સૌરભભાઇએ જે ડેમોના નામ આપ્યા, એમાં જ્યાં-જ્યાં જરૂરિયાત છે, ત્યાં નર્મદાના પાણી પહોચાડ્યાં છે. ૩૫થી વધુ જળાશયોમાં નર્મદાના પાણી પહોંચ્યા છે અને વધુ તળાવો અને ચેકડેમો પણ જ્યાં જરૂર પડી ત્યાં બન્યા છે. કચ્છના રાપરમાં પણ આજે નર્મદાના પાણી પહોંચાડ્યા છે. શ્રી પ્રદ્યુમનસિંહજી જે કચ્છના ધારાસભ્ય છે ત્યાં જો નર્મદાનું પાણી પહોંચ્યું ન હોત તો આજે કચ્છની સ્થિતિ શું હોત? કચ્છના ઢોરો અને માણસોને પીવાના પાણી વગર તરફડવું પડતું હોત. તો આ યોજનાના કારણે આ વસ્તુ બની છે એટલે મને એમ લાગે છે કે આખી યોજનાને એ રીતે સમજવાની આવશ્યકતા છે અને સૌરાષ્ટ્ર માટે આ જીવાદોરી સમાન યોજના અમારી સરકારે પુરી કરી છે એનું અમને ગૌરવ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી, આપની અટકમાં જ પાણી છે. (શ્રી પુંજાભાઇ ઊભા થઇને કાંઇક બોલે છે.) આખો દિવસ આપણે ક્યારેક રાખીશું, હજી આપણા પ્રશ્નો બાકી છે. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, બધી વાત સાચી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી :તમારે બોલવાની જરુર નથી. માનનીય પુંજાભાઇ, આપ પ્લીઝ બેસી જાવ. (અંતરાય) માનનીય પુંજાભાઇ, આની ચર્ચા ના હોય. આપ સમજુ છો, સિનિયર છો, પ્લીઝ બેસી જાવ. માનનીય પુંજાભાઇ, આપ બેસી જાવ, હવે કોઇ ચર્ચા ન હોઇ શકે. પ્રશ્ન ક્રમાંક-૪.

### અમરેલી જિલ્લામાં જર્જરીત વિજ વાયરો

*૧૩૯૧૨ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલા કિ.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૭૫૫.૦૫ કિ.મી. જર્જરીત વીજ વાયરો અને ૬૫૬ થાંભલા બદલવામાં આવ્યા. |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૨૨.૧૦ લાખ |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે..

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આ *(xxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો ઠપકો આપીને કાઢી નાખવામાં આવે છે. આક્ષેપ કરતાં પહેલા તમારી પાસે એના પુરાવા હોવા જોઇએ. (અંતરાય) હું એમને ઠપકો આપું છું. સૌ બેસી જાવ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૩જી જુલાઇ, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વિધાનસભા ગૃહના રેકર્ડમાં પ્રશ્ન નંબર–૩૨ તરફ ધ્યાન દોર્યું હતું. આમાં કોઇએ ખોટું લગાડવાની જરૂર નથી. આજના પ્રશ્ન ક્રમાંક–૩૨ ઉપરની લાગણી સભ્યશ્રીની હતી.

અધ્યક્ષશ્રી : અત્યારે ૩૨ નંબરનો પ્રશ્ન આવ્યો નથી ત્યાં સુધી એની ચર્ચા ન થઇ શકે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ કંઇ લાગણી વ્યકત કરવાની પદ્ધતિ નથી. આક્ષેપ કરતાં પહેલા વિચારવું જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પશ્નોત્તરીકાળ છે એમાં કોઇ ચર્ચા ન હોઇ શકે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) ચૂકવી દીધા છે અને એ સરકારે સ્વીકાર્યું છે.

શ્રી વિજય રૂપાણી : આ રીતે ચર્ચા થાય એ પણ બરાબર નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચર્ચા દરમિયાન જે કંઇ શબ્દો બોલ્યા છે એ કાઢી નાંખવામાં આવે છે. પ્રેસને વિનંતી છે કે જે કંઇ શબ્દો કાઢી નાંખવામાં આવ્યા છે એ શબ્દો કાલે છાપામાં લેશો નહિ. જે શબ્દો રેકર્ડમાં રહેતા નથી એ લેશો નહિ. માનનીય સભ્યશ્રી વલ્લભભાઇ કાકડીયા.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : હું અમરેલી જિલ્લાનો વતની છું એટલા માટે આ વીજળીનો પ્રશ્ન લઇને આવ્યો છું. સાગર ખેડૂ યોજના હેઠળ કરવામાં આવેલ કામગીરીને કારણે અમરેલી જિલ્લાને આયોજન હેઠળ આવરી લેવાયેલ તાલુકાઓમાં કોઇ ફાયદો થયેલ છે કે કેમ, જો હા તો તેની વિગતો જણાવવા વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : સાગર ખેડૂ યોજના છે એ આમ જોવા જઇએ તો ૧૫ જિલ્લાની યોજના છે. આ યોજના નીચે અમરેલી જિલ્લાના બે તાલુકાઓ જેવા કે જાફરાબાદ અને રાજુલાનો સમાવેશ થાય છે. આ બધા વિસ્તારની અંદર ઘણા બધા પ્રશ્નો ઉભા થતા હોય છે એટલે જુદી જુદી કામગીરી થાય છે એના કારણે જુદા જુદા લાભો થતા હોય છે. આ વિસ્તારમાં કન્ડકટરો બદલવામાં આવે છે. હ્યુમીડ કલાયમેટસના કારણે કોરોઝન થતું હોય છે. એટલે એન્ટી કોરોઝન કંડકટરો નાંખવામાં આવે છે. વીજ કનેકટીવીટી અને ડિસ્ટ્રીબ્યુશન હાર્ડવેર બદલવામાં આવે છે. ડિસ્ટ્રીબ્યુશન બોક્સ પણ જુદા નાંખવામાં આવે છે. સર્વિસ લાઇન અને પીએસી પોલ આ બધું બદલાવ કરવામાં આવે છે. કારણ કે દરિયા કાંઠા વિસ્તારોની અંદર વધારે જલ્દી ખરાબ થતા હોય છે. એટલે આ રીપ્લેસમેન્ટની અંદર આપણને જે લાભો થતા હોય છે, તેની અંદર મેઇન જે બે લાભો હોય છે, એમાં એક તો ટી એન્ડ ડી લોસીસ ઘણા ઓછા થઇ જતા હોય છે. ટી એન્ડ ડી લોસીસ અને ટ્રિપિંગ ટ્રાન્સફોર્મર ફેલિયર આ બધા ખર્ચા ઘટતા હોય છે. હું ખાલી દાખલો આપું કે, જાફરાબાદની અંદર ૨૦૦૭–૦૮ની અંદર ૧૫૨૦ કલીપીંગ થયા હતાં, ૨૦૧૮–૧૯ માં ઘટીને ૫૬૬ થયાં છે. લાઇન ફોલ્ટ છે એ ૫૨૫ હતા, એ ૧૮૯ થયા. ટ્રાન્સફોર્મર ફેલિયર જે ૧૯ ટકા હતા એ ૮ ટકા પર આવ્યા. ટી એન્ડ ડી લોસીસ જે ૫૨ ટકા હતા તે ૨૭ ટકા પર આવ્યા. આ જાફરાબાદની વાત કરુ છું. રાજુલાની વાત કરીએ તો ટ્રિપિંગ અડધો અડધ થઇ ગયા ૧૨૧૫ હતા તે ૬૦૮, લાઇન ફોલ્ટ ૪૬૫ ના ૨૧૦, ટ્રાન્સફોર્મર ૧૭ ટકાના ૯ ટકા, અને ટી.એન.ડી. લોસીસ ૪૧ના સીધા ૨૩ ટકા. એટલે આ સીધા લાભો ગ્રાહકને મળતા હોય છે. એટલે આ સાગર ખેડૂ યોજનાના કારણે ખર્ચ કરીએ છીએ એના પ્રજાને, ખેડૂતોને આ બધા લાભો થતા હોય છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી એટલું પૂછવા માગું છું કે, આ સાગર ખેડૂ યોજનાની અંદર મારી વિધાનસભાના બન્ને તાલુકાઓ રાજૂલા અને જાફરાબાદનો સમાવેશ થાય છે. મંત્રીશ્રી ટ્રિપિંગની વાત કરતા હતા. છેલ્લા દોઢ વર્ષથી એક પણ અઠવાડિયું એવું ગયું નથી કે, હાઇએસ્ટ ટ્રિપિંગ રાજુલા અને જાફરાબાદની અંદર થયું ન હોય. આગળ આપને એક સૂચન કરવા ઇચ્છું છું કે, ગઇ કાલે પ્રજા અને તંત્ર વચ્ચે એક મોટો ઝઘડો થતો થતો રહી ગયો. તંત્રએ જઇને આવેદન પણ આપવું પડયું, આવી સ્થિતિની અંદર સ્ટાફ જે ઘટે છે તેને પૂરો કરવા ઇચ્છો છો કે કેમ અને સાથે સાથે મારો વિસ્તાર ઇન્ડસ્ટ્રીયલ રીતે પણ મોટો છે, તો ઇન્ડસ્ટ્રીયલ ડિવિઝન જુદું બનાવવા ઇચ્છો છો કે કેમ? જૂના જે કંડકટરો જે છે રાજૂલા, જાફરાબાદ અને ખાંભામાં ઘણા વર્ષોથી આ પેન્ડીંગ પ્રશ્ન છે. આમાં વધારો કરી આમાં કંઇક કરવા ઇચ્છો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યું, એમાં જોડે બેસીને એવું લાગે તો આપણે સાથે બેસીશું. તમારા જેટલા જૂના હોય તે લાવજો, તમે જે પ્રાયોરિટી આપશો કે, આ વહેલું બદલવું છે તો બદલીશું, અને સ્ટાફ માટે જરૂર પડે તો ફોલ્ટ સેન્ટરો પણ ઉભા કરીશું. આપણે પોઝીટીવલી આ વિસ્તારની અંદર કઇ રીતે સારી કામગીરી થાય તેમાં થોડી સાથે મહેનત કરીશું.

અધ્યક્ષશ્રી : જોડે બેસે તેનો વાંધો નહીં પણ કાયમ ન બેસાડી દેતા.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ અમરેલીનો પ્રશ્ન નથી પણ આ ભરૂચનો પ્રશ્ન છે. અંકલેશ્વરની અંદર ઇન્ડસ્ટ્રીયલ ઝોન ખૂબ મોટો છે અને મોટા પ્રમાણમાં ત્યાં એસિડીક ફ્યુમ હોય છે. જ્યારે વિન્ડ સાઉથથી નોર્થ તરફ જતો હોય છે ત્યારે ફ્યુમ જે આવતા હોય છે તેના કારણે અમૂક ખેતરોમાં વાયરો પર વાયરો પણ પડતા હોય છે. કોરોઝેનિકસ વાયરની પણ બહુ મોટી ચિંતા છે. આ મારા મત વિસ્તારમાં છે અને જયારે પવન

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફૂંકાતો હોય ત્યારે આ વાયર તૂટી પડતા હોય છે. તો આવી આ યોજના અંતર્ગત ત્યાં પણ એનો કોરોઝેનીકલ લાભ મળે અને નવા વાયર અને નવી ટેકનોલોજીના વાયર નાંખવામાં આવે તો આ પ્રશ્ન હલ થાય.

શ્રી સૌરભ પટેલ : ચોક્કસ આ યોજનાની અંદર ભરૂચ જિલ્લો પણ છે અને સામેલ છે. કેટલા તાલુકા છે તેનો મને અત્યારે ખ્યાલ નથી. પણ જે કંઇ તાલુકાની અંદર હશે, એમાં ચોક્કસ આ પ્રમાણે વધારે કામગીરી થાય એ ધ્યાન રાખીને આગળ વધીશું.

શ્રી પ્રતાપ દુધાત : આપના મારફત પૂછવા માગું છું કે, અમરેલી જિલ્લાની અંદર વીજ વાયરો અને થાંભલા બદલવા માટે કેટલી અરજીઓ ક્યારે ક્યારે મળી અને બીજું, ટીસી બળી જાય છે અને આ બળેલા ટીસી ફરી વખત મૂકવામાં આવે છે. આવું સરકારના ધ્યાનમાં આવ્યું છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાં આવતો નથી એટલે જુદી નોટિસ આપવી પડે, આ ખેડૂતો વિશેનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : એમને પણ જોડે બેસાડી દેજો.

શ્રી સૌરભ પટેલ : મારે એક જાણ કરવી છે કે, ટ્રાન્સફોર્મર ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : જુદી નોટિસ આપજો.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા મત વિસ્તાર તળાજામાં રોજની ઓછામાં ઓછી ૧૦૦ કરતાં વધારે કમ્પ્લેઇનો આવે છે અને પથી ૬ તો પોલીસ ફરિયાદો કસ્ટમર અને કર્મચારીઓ વચ્ચેના ઝઘડાના કારણે થઇ છે, લગભગ કોઇ વીક એવું ખાલી ગયું નહીં હોય કે, વીજ વાયર તૂટવાનો પ્રશ્ન ન બન્યો હોય! કર્મચારી અને અધિકારીઓ દ્વારા સ્ટાફ ઘટની ફરિયાદ કરવામાં આવે છે તો આ ભરવા માગો છો કેમ ? અને વીજ વાયરો બદલા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લો બદલાઇ ગયો છે એટલે મારી પાસે વિગતો નથી. પણ સભ્યશ્રીની ચિંતા છે તો હું જોવડાવી લઇશ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ આશાબેનને અભિનંદન આપ્યા છે, તો હું પણ માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય અમિતભાઇ શાહને અભિનંદન આપું છું કે, મૂળ ભાજપના મિત્રો હોવા છતાં અડધા મંત્રીઓ અમારામાંથી બનાવવા પડયા છે. આજે ૪૦ ટકા અમારા વાળા મુળ કોંગ્રેસીઓ તમારામાં છે. એટલે હું અમિતભાઇ શાહ અને નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપું છું. તમારે અમારા વગર ચાલતુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, ગુજરાતમાં ખેડૂતોના ખેતરમાં કોઇ પણ જગ્યાએ વીજળીની લાઇન નાંખવાની હોય અને કોઇ પણ ખેતરમાં થાંભલા નાંખવાના હોય તો ખેડૂતોને તેનો વાંધો હોતો નથી અને થાંભલા નાખવા દે છે. પરંતુ જયારે ખેડૂતને જરૂરિયાત પડે ત્યારે એ થાંભલો ખસેડવો હોય તો તેના માટે જી.ઇ.બી. ખેડૂત પાસેથી મોટી રકમ લે છે. તો એ જરૂરિયાત હોય ત્યાં થાંભલો ખસેડવાની રકમ માફ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય બીજો છે માટે જુદી નોટીસ આપવી પડશે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર કાયલામાં વીજ વાયરો તૂટવાથી એક સાથે બાર ભેંસોના મૃત્યુ થયા હતા. એટલે જ્યારે આવા અકસ્માતના પ્રસંગો બને છે ત્યારે આ રીતે જાનવરોના કે માનવીના મૃત્યુ થાય છે. આ જ રીતે હમણાં સદાતપુરામાં બાપ–દીકરાના મૃત્યુનો બનાવ પણ બન્યો હતો. એટલે આવા કિસ્સામાં શું વળતર ચૂકવવામાં આવે છે અને ચૂકવવામાં આવતું હોય તો તેના ધોરણો શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અમરેલી જિલ્લા પૂરતો મર્યાદિત છે. પરંતુ આપે કહ્યું છે તેમાં નિયમમાં રહીને આવા અકસ્માતો થતાં હોય તો તેમાં કોનો વાંક છે અને કઇ રીતે બનાવ બનેલ છે તે ધ્યાનમાં લઇને આવતા દિવસોમાં કાર્યવાહી કરવામાં આવશે.

**કચ્છ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના**

*૧૪૯૩૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| **૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮** | | |
|---|---|---|
| **તાલુકો** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
| અબડાસા | ૧૩ | ૮ |
| લખપત | ૧૩ | ૮ |
| નખત્રાણા | ૧૯ | ૧૧ |
| ભુજ | ૪૨ | ૩૧ |

| | | |
|---|---|---|
| માંડવી | ૨૫ | ૧૫ |
| મુન્દ્રા | ૯ | ૬ |
| અંજાર | ૧૬ | ૧૦ |
| ગાંધીધામ | ૩ | ૨ |
| ભચાઉ | ૩૫ | ૧૯ |
| રાપર | ૨૬ | ૨૦ |
| **૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯** | | |
| **તાલુકો** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
| અબડાસા | ૩ | ૨ |
| લખપત | ૧ | ૨ |
| નખત્રાણા | ૧૮ | ૧૬ |
| ભુજ | ૩૦ | ૩૧ |
| માંડવી | ૨૬ | ૨૧ |
| મુન્દ્રા | ૧ | ૧ |
| અંજાર | ૬ | ૭ |
| ગાંધીધામ | ૭ | ૭ |
| ભચાઉ | ૧૧ | ૧૬ |
| રાપર | ૧૦ | ૯ |

(૨) ઉક્ત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૨) રૂ.૨૬૧૩૭.૪૨ લાખ.

(૩) ઉક્ત રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે?

(૩) ૧૧૪ કામો પૂર્ણ.
૨૧ કામો પ્રગતિમાં છે તે તથા બાકીના ૧૦૭ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું જાણવા માગું છું કે, રોડના કામો ખૂબ જ થઇ રહ્યા છે. પણ મારો કચ્છનો વિસ્તાર ખૂબ જ મોટો છે અને ૫૦ વર્ષ થયા છતાં પણ હજુ ઘણા રોડ બાકી છે. અમારો સફેદ રણથી માતાના મઢ સુધીનો મેઇન રોડ ૨૬ કિલોમીટરનો બાકી છે. હાજીપુરનો રસ્તો અને આવા બીજા નાના નાના આંતરિક રસ્તાઓ પણ કરવાના બાકી છે તો એ બધા આ વખતે લેવાય એવી મારી વિનંતી છે. કારણ કે, મારો વિસ્તાર બહુ મોટો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. કચ્છ જિલ્લો આખા કેરાલા રાજ્ય જેવડો મોટો જિલ્લો છે. આપણે ઘણું બજેટ ફાળવ્યું છે. પણ તબક્કાવાર બધા વિસ્તારોને જોડીએ છીએ. આપે કહ્યું એ હાજીપુરનો રસ્તો મંજૂર કર્યો છે અને માતાનો મઢ ખુબ મોટું યાત્રાધામ છે અને તેને જોડતા ચારે બાજુના રસ્તા ઉમેરી દઇએ છીએ. આ રસ્તા ઉમેરવાનું કામ ગુજરાતના વિકાસ માટે ખૂબ જરૂરી છે. રસ્તાઓ હશે તો આપણે એક બીજાને મળી શકીશું. નહીંતર અત્યારે કોણ કયાં જાય છે અને કોના ઉપર પ્રતિબંધ મૂક્યો છે તે જાણીએ છીએ. પછી છાપામાં જાહેરાત આપવી પડે છે કે, કોઇ ધારાસભ્યશ્રીએ કોઇ મંત્રીશ્રીની પાસે જવું નહીં. એટલા બધા ભયનું વાતાવરણ અમુક પક્ષોમાં થઇ ગયું છે. અમે તો સમરસમાં માનીએ છીએ. એકતામાં માનીએ છીએ. જે સારા છે, દેશ ભકત અને રાષ્ટ્રભકત છે અને પ્રજાની સેવા કરવી છે એ બધાને વેલકમ છે. માનનીય બળદેવજીએ શ્રી નરેન્દ્રભાઇ અને શ્રી અમિતભાઇને અભિનંદન આપ્યા છે એ રીતે હું શ્રી રાહુલ ગાંધીને પણ અભિનંદન આપું છું કે, અમારું જે મુક્ત કરવાનું સ્વપ્ન છે એ શ્રી રાહુલ ગાંધી ઝડપથી પૂર્ણ કરી રહ્યા છે તેનો પણ અમને આનંદ છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ તરફના રસ્તાની વાત છે ત્યારે હું પણ માનનીય નીતિનભાઇને અભિનંદન એટલા માટે આપવા માગું છું કે, હું છેલ્લા દોઢ વર્ષથી નેશનલ હાઇવેથી ગાળાનો રસ્તો, અત્યારે તેમાં ઢીંચણ સુધીના ખાડા છે. તે રસ્તા માટે હું બે હાથ જોડીને વિનંતી કરવા માગું છું કે, સત્વરે રસ્તો કરે અને એ જ રીતે કંડલા હાઇવેથી લાખિયાસર હંજીયાસર રસ્તો છે એ રીટેન્ડર માટે આવ્યો છે એ મંજૂર કરે તો હું પણ શ્રી નીતિનભાઇને એડવાન્સમાં અભિનંદન આપું.

અધ્યક્ષશ્રી : મને એમ થયું કે તમે પણ પાસે બેસવા આવી જશો.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ હયાત ડામર રોડને ફરી પહોળા કરવા માટેના કોઇ કામો મંજૂર કરવામાં આવેલા છે કે કેમ અને કરવામાં આવેલા હોય તો કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા છે અને હાલ કયા તબક્કે છે?

અતારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી માલતીબેને જે પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે કચ્છ જિલ્લામાં આપણે સાત રસ્તા મંજૂર કર્યા છે. તેમાં છ રસ્તાના કામ પૂર્ણ થયા છે અને એક રસ્તાનું કામ અત્યારે પ્રગતિ હેઠળ છે. માનનીય બ્રિજેશભાઇએ પણ જે વિનંતી કરીને માગણી કરી છે. ગુજરાતના લગભગ એક લાખ કિલોમીટર ઉપરના રસ્તાઓ હયાત છે. ૫૦૦થી વધુ વસતિ ધરાવતું ગુજરાતનું કોઇ ગામ પાકા ડામર રસ્તાથી વંચિત ન રહે એના માટે અમે પ્રયત્નશીલ છીએ. અમારી સરકારે ઘણાં વર્ષોથી બાકી રાખ્યું નથી. બધા ગામ પાકા ડામર રસ્તાથી જોડાઇ ગયા છે. આદિવાસી વિસ્તારની વ્યાખ્યામાં ૨૫૦ની વસતિ રાખી છે. કારણ કે, સ્વાભાવિક નાનો વિસ્તાર હોય તો ૨૫૦થી વધુ વસતિ ધરાવતા આદિવાસી ગામોને પણ આપણે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે સાંકળી લીધા છે. પ્રશ્ન જે આવે છે એ એ છે કે, કયાંક વન વિસ્તાર હોય, કોઇ રેલવે લાઇન આવતી હોય, કોઇ બીજી મંજૂરીનો પ્રશ્ન હોય તો મોટા ભાગે વન વિભાગની મંજૂરી માટે, ઘણી જગ્યાએ અમે રોડ મંજૂર કર્યો હોય પરંતુ તેનું કામ અમે કરી શકતા નથી. કારણ કે વન વિભાગની મંજૂરી અમારે મેળવવાની હોય છે. વન વિભાગમાં પણ સાદો વન વિભાગ એ જનરલ વન વિભાગ છે. પણ જયાં ઘોષિત કરેલો વિસ્તાર હોય. દા.ત. ગીરનારનો વિસ્તાર. જૂનાગઢનો કેટલોક વિસ્તાર, વિસાવદરનો કેટલોક વિસ્તાર કે જે ગીર અને અભયારણ્યને જોડતો છે તો તેના નિયમો અલગ છે. ત્યાં તો અમે માટીકામ પણ કરી શકતા નથી. અમારા અધિકારીઓને વન વિભાગનો પરામર્શ કરવો પડે, તેમની મંજૂરી લેવી પડે અને માટી નાખવી હોય. સમજો કે કોઇ રસ્તો ધોવાઇ ગયો છે અને ૧૦ ટ્રેક્ટર માટી નાંખવાથી સારો થાય એવો છે. તો ૧૦ ટ્રેક્ટર માટી અમને વન વિભાગ ત્યાંથી ખોદવા દેતો નથી. એ એમ કહે છે કે, જંગલમાંથી માટી નહીં લેવાની. અમારે દૂરથી માટી લાવીને એ રસ્તાનું મેન્ટેનન્સ કરવું પડે છે. તેના નિયમો પણ ભારત સરકારના સુપ્રીમ કોર્ટની ગાઇડ લાઇન પ્રમાણેના બધા નિયમો છે. એટલે બધા જ રસ્તા તબક્કાવાર આપણે કરીએ જ છીએ. ગઇ કાલે જ મેં બજેટમાં જાહેરાત કરી કે આવનારા ત્રણ વર્ષ માટે ૧૦ હજાર કરોડ રૂપિયા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં આપણે મંજૂર કરીએ છીએ અને આ વર્ષે ૩ હજાર કરોડ રૂપિયાની માતબર રકમ લીધી છે કે જેને જે રોડ લાગુ પડતો હોય એ તમે આપો છો અને બધા રસ્તા વારાફરતી જોડીએ છીએ. હવે આપણે એક ગામને એક રોડ એવું નહીં, એક ગામને બે-ત્રણ દિશાએથી, કોઇ હાઇવેથી જોડાતો હોય, કોઇ બાજુના ગામથી જોડાતો હોય, કોઇ હાઇસ્કૂલથી જોડતો હોય, કોઇ મંદિરથી જોડતો હોય તો એવા એક ગામના ત્રણથી ચાર રસ્તા આપણે કર્યા તેનો ખેડૂતોને અને ગામડાંને ફાયદો થયો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોકલીયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન બાબત**

૧૩૮૬૭ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમમાં જન્મજાત બધીરતાંવાળા બાળકોની સારવાર માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમમાં જન્મજાત બધીરતાંવાળા બાળકોની સારવાર માટે ૮ હોસ્પિટલોમાં કોક્લીયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કેટલા બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન કરવામાં આવ્યા? | (૨) છેલ્લા એક વર્ષમાં અમદાવાદ સિવિલમાં ૯૭ બાળકોને કોક્લીયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન કરવામાં આવ્યા. |

---------

**રાજકોટ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના**

૧૫૦૦૨ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા, | (૧) ઉક્ત સ્થિતિએ નીચે મુજબનાં રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા. |

| **ક્રમ** | **તાલુકો** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
|---|---|---|---|
| **તા.૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | | | |

| | | | |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૯ | ૧૦ |
| ૨ | લોધીકા | ૮ | ૩ |
| ૩ | પડધરી | ૧૭ | ૯ |
| ૪ | ગોંડલ | ૫ | ૩ |
| ૫ | કોટડા સાંગાણી | ૭ | ૩ |
| ૬ | જેતપુર | ૧૦ | ૫ |
| ૭ | ધોરાજી | ૧૧ | ૫ |
| ૮ | જામકંડોરણા | ૧૧ | ૬ |
| ૯ | ઉપલેટા | ૮ | ૫ |
| ૧૦ | જસદણ | ૨૭ | ૧૬ |
| ૧૧ | વિંછીયા | ૧૦ | ૬ |
| **તા.૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯** | | | |
| ૧ | રાજકોટ | ૧૩ | ૯ |
| ૨ | લોધીકા | ૮ | ૪ |
| ૩ | પડધરી | ૩ | ૧ |
| ૪ | ગોંડલ | ૧૪ | ૯ |
| ૫ | કોટડા સાંગાણી | ૪ | ૨ |
| ૬ | જેતપુર | ૨ | ૧ |
| ૭ | ધોરાજી | ૮ | ૫ |
| ૮ | જામકંડોરણા | ૭ | ૩ |
| ૯ | ઉપલેટા | ૦ | ૦ |
| ૧૦ | જસદણ | ૧૮ | ૮ |
| ૧૧ | વિંછીયા | ૦ | ૦ |

(૨) ઉક્ત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૨) રૂ.૧૪૫૨૫.૮૧ લાખ

(૩) ઉક્ત રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે?

(૩) ૨૬ કામો પૂર્ણ.
૩૩ કામો પ્રગતિમાં છે તે તથા ૫૪ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ**

૧૩૮૯૧ **શ્રી પરસોતમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૯૮૯ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૪૬૮૦.૫૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં ચેકડેમો ડીસીલ્ટીંગ કરવા બાબત**

૧૩૭૯૨ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સૂફલામ જળ અભિયાન કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમોનું ડીસીલ્ટીંગ કરવામાં આવ્યું, અને | (૧) ૧૨૨ |

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૨૧.૬૫ લાખ.

---------

**સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ થયેલા ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબત**

૧૪૯૯૬ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૦-૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૪૦૮ (અગ્રતા-૨૬)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડોક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે એમબીબીએસ પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડૉક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજીયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય તે વિચારણા કરવાની હતી તો તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ક્યારે કરવામાં આવી, અને | (૧) આ બાબતે કોઈ વિચારણા કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે કોઈ નિર્ણય લેવાયેલ છે કે કેમ? | (૨) લાગુ પડતુ નથી. |

---------

**મહિસાગર જિલ્લામાં સિંચાઈ તળાવો ભરવા બાબત**

૧૩૭૮૪ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલા ડેમ આધારિત સિંચાઇ તળાવો ભરવામાં આવ્યા ? | કુલ ૭ ડેમ આધારિત સિંચાઈ તળાવો ભરવામાં આવ્યા. |

---------

**આણંદ જિલ્લામાં કાંસોની સફાઈ બાબત**

૧૩૮૦૫ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ચોમાસાના વરસાદી પાણી નિકાલના કાંસોની સફાઈ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી લંબાઇની કાંસોની સફાઈ કરવામાં આવી ? | (૨) ૩૬૫ કિ.મી. |

---------

**આણંદ જિલ્લામાં કાંસોની સફાઈ બાબત**

૧૩૮૦૬ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ચોમાસાના વરસાદી પાણી નિકાલના કાંસોની સફાઈ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં | (૨) ૩૬૫ કિ.મી. |

કેટલી લંબાઇની કાંસોની સફાઈ કરવામાં આવી ?

---------

**મહિસાગર જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ**

૧૫૦૬૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે વીજ જોડાણ મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| તાલુકો | વીજ જોડાણની પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| કડાણા | ૩૨૩ |
| સંતરામપુર | ૩૨૯ |
| લુણાવાડા | ૯૧૮ |
| ખાનપુર | ૬૨૬ |
| બાલાશિનોર | ૨૭૭ |
| વિરપુર | ૩૩૪ |
| **કુલ** | **૨૮૦૭** |

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ નિયમિત અને કેટલી અરજીઓ તત્કાલ વીજજોડાણ માટેની છે,

(૨)

| તાલુકો | નિયમિત વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા | તત્કાલ વીજજોડાણ માટેની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| કડાણા | ૩૨૩ | ૦ |
| સંતરામપુર | ૩૨૯ | ૦ |
| લુણાવાડા | ૯૧૮ | ૦ |
| ખાનપુર | ૬૨૬ | ૦ |
| બાલાશિનોર | ૨૭૭ | ૦ |
| વિરપુર | ૩૩૪ | ૦ |
| **કુલ** | **૨૮૦૭** | **૦** |

(૩) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર એક વર્ષ કરતાં વધુ અને કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩)

| તાલુકો | એક વર્ષ કરતા વધુ, પરંતુ બે વર્ષ સુધીની પડતર અરજીઓની સંખ્યા | બે વર્ષ કરતા વધુ સમયથી પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| કડાણા | ૧૮ | ૦ |
| સંતરામપુર | ૨૩ | ૦ |
| લુણાવાડા | ૨૫૧ | ૦ |
| ખાનપુર | ૧૪૭ | ૦ |
| બાલાશિનોર | ૩૦ | ૦ |
| વિરપુર | ૯૩ | ૦ |
| **કુલ** | **૫૬૨** | **૦** |

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કરી ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

(૪) ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું

હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

---------

**દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૧૩૭૭૭ **શ્રી રમેશભાઇ કટારા** (ફતેપુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૯૭ તળાવો |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ ખર્ચ રૂ. ૩૫૯.૩૮ લાખ |

---------

**અરવલ્લી જિલ્લાઓમાં ગામ–ફળીયાઓને બારમાસી પાકા રસ્તાથી જોડવા બાબત**

૧૫૫૨૫ **ડૉ.અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૫૦૦થી વધુ વસ્તી ધરાવતાં કેટલા ગામ–ફળીયાઓને બારમાસી પાકા રસ્તાથી જોડવાના બાકી છે, | (૧) ઉક્ત સ્થિતિએ આવા તમામ ગામ/ફળીયાને પાકા રસ્તાથી જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારને આ માટે કેટલી રજૂઆતો છેલ્લા બે વર્ષમાં મળી, (૩) ઉક્ત તાલુકાઓમાં આ ગામ–ફળીયાઓને બાર–માસી પાકા રસ્તાની સુવિધાઓ ન આપવાના શાં કારણો છે, અને (૪) આવા ગામ–ફળીયાઓને સરકારનું ક્યાં સુધીમાં બાર–માસી પાકા રસ્તાઓની સુવિધાઓ આપવાનું આયોજન છે ? | (૨), (૩) અને (૪) બે રજુઆતો મળેલ છે. જેમાં આવા ગામ/ફળીયાને એક થી વધુ રસ્તાથી જોડવાની માંગણી મળેલ. તે પૈકી જરૂરીયાત વાળા ૪ ગામ/ફળીયાના કામો મંજુર કરવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ**

૧૫૦૬૫ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે વીજ જોડાણ મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ પડતર છે,

**જવાબ**

(૧)

| તાલુકો | વીજ જોડાણની પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| ગલતેશ્વર | ૭૭ |
| ખેડા | ૧૨૨ |
| મહુધા | ૯૯ |
| માતર | ૧૨૮ |
| નડીયાદ | ૧૪૪ |
| ઠાસરા | ૨૩૬ |
| વસો | ૩૦ |
| મહેમદાવાદ | ૨૫૭ |
| કઠલાલ | ૨૭૮ |
| કપડવંજ | ૮૦૯ |

| | કુલ | ૨૧૮૦ |
|---|---|---|

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ નિયમિત અને કેટલી અરજીઓ તત્કાલ વીજજોડાણ માટેની છે,

(૨)

| તાલુકો | નિયમિત વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા | તત્કાલ વીજજોડાણ માટેની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ગલતેશ્વર | ૭૭ | ૦ |
| ખેડા | ૧૨૧ | ૧ |
| મહુધા | ૯૯ | ૦ |
| માતર | ૧૨૮ | ૦ |
| નડીયાદ | ૧૪૪ | ૦ |
| ઠાસરા | ૨૩૬ | ૦ |
| વસો | ૩૦ | ૦ |
| મહેમદાવાદ | ૨૫૭ | ૦ |
| કઠલાલ | ૨૭૭ | ૧ |
| કપડવંજ | ૮૦૯ | ૦ |
| **કુલ** | **૨૧૭૮** | **૨** |

(૩) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર એક વર્ષ કરતાં વધુ અને કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩)

| તાલુકો | એક વર્ષ કરતા વધુ, પરંતુ બે વર્ષ સુધીની પડતર અરજીઓની સંખ્યા | બે વર્ષ કરતા વધુ સમયથી પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ગલતેશ્વર | ૯ | ૦ |
| ખેડા | ૬ | ૦ |
| મહુધા | ૭ | ૦ |
| માતર | ૧૨ | ૦ |
| નડીયાદ | ૧૫ | ૦ |
| ઠાસરા | ૪૧ | ૦ |
| વસો | ૩ | ૦ |
| મહેમદાવાદ | ૬૬ | ૨ |
| કઠલાલ | ૬૪ | ૧ |
| કપડવંજ | ૧૮૬ | ૧૦ |
| **કુલ** | **૪૦૯** | **૧૩** |

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કરી ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

(૪) ખેતી વિષયક વીજ જોડાણ :
ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઇ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

ખેતી વિષયક તત્કાલ વીજ જોડાણ :
તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની ૨ પડતર અરજીઓ પૈકી ૧ અરજીમાં અંદાજપત્ર પાઠવેલ હોઇ, અરજદાર દ્વારા

નાણા ભરપાઈ થયે વિજ જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે જ્યારે ૧ અરજીમાં અંદાજપત્રના નાણા ભરપાઈ થયેલ છે, જેમાં વીજ જોડાણ આપવા માટે કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

**દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૧૩૭૭૬ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૯૭ તળાવો |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ ખર્ચ રૂ. ૩૫૯.૩૮ લાખ |

---------

**એમ.બી.બી.એસ. પાસ થઈને બોન્ડેડ ઉમેદવારોને ગ્રામ્ય વિસ્તારમાં સેવા બજાવવા હાજર કરવા બાબત**

૧૪૯૯૦ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાંથી એમબીએસ પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ બોન્ડેડ ઉમેદવારો ગ્રામ્ય વિસ્તારમાં સેવા બજાવવા હાજર થતાં નથી તે હકીકત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સાચી છે કે કેમ, અને | (૧) કેટલાક ઉમેદવારો હાજર થાય છે. |
| (૨) જો હા, તો ઉક્ત બાબતે સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ? | (૨) જે ઉમેદવારો ગ્રામ્ય વિસ્તારમાં સેવા બજાવવા હાજર થતાં નથી, તેમની બોન્ડ રીકવરીની કાર્યવાહી કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૧૪૯૦ બોન્ડેડ ઉમેદવારો પાસેથી રૂ. ૨૧,૮૫,૨૫,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૧૫૩૧૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ગામોના કેટલા તળાવો ઉંડા કરવાની મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તળાવ ઉંડા કરવાની કામગીરીમાં ગેરરીતી થવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી છે, અને મળેલ ફરિયાદો સંદર્ભે સરકારે શું પગલાં ભર્યા ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા | ઉંડા કરેલ તળાવો |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૪૪ | ૬૦ |
| ૨ | માણસા | ૨૨ | ૨૮ |
| ૩ | દહેગામ | ૨૭ | ૬૩ |
| ૪ | કલોલ | ૪૩ | ૮૦ |

(૨) એક પણ નહિં.

---------

તા. ૩જી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં કાંસોની સફાઈ બાબત**

૧૩૮૦૪ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ચોમાસાના વરસાદી પાણી નિકાલના કાંસોની સફાઈ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી લંબાઈની કાંસોની સફાઈ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી.

(૨) ૩૬૫ કિ.મી.

---------

**સુખી સિંચાઈ યોજના અન્વયે જમીન સંપાદન બાબત**

૧૫૫૬૦ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ સુખી સિંચાઈ યોજનામાં કુલ કેટલી જમીન સંપાદન થયેલ છે,

(૨) સુખી સિંચાઈ યોજનામાં સંપાદન થયેલ પરંતુ પાણીના ડુબાણમાં જતી ન હોય તેવી કેટલી જમીન કયા–કયા ગામે છે, અને

(૩) ડુબાણમાં નહીં જતી ખુલ્લી જમીન મૂળ ખાતેદારોને પરત આપવા સરકાનું શું આયોજન છે?

**જવાબ**

(૧) ૩૭૦૮ હેકટર

(૨) સુખી સિંચાઈ યોજનામાં સંપાદન થયેલ પરંતુ પાણીના ડુબાણમાં (એચ.એફ.એલ.ની ઉપરની) જતી ના હોય તેવી જમીનની ગામવાર માહિતી નીચે મુજબ છે.

| **અ.નં.** | **ગામનું નામ** | **તાલુકો** | **જિલ્લો** | **એચ.એફ.એલ. ઉપરની સંપાદન કરેલ જમીન** |
|---|---|---|---|---|
| ૧ | ધનપુર | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૧૮–૭૬–૭૨ |
| ૨ | બાર | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૨૧–૨૧–૩૪ |
| ૩ | ઉઢણીયા | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૨–૩૪–૭૫ |
| ૪ | વડોથ | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૫–૯૯–૯૫ |
| ૫ | ગુંદી | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૧૧–૬૦–૫૬ |
| ૬ | ખેડા | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૯–૬૮–૬૫ |
| ૭ | સટુન | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૩૬–૧૦–૮૪ |
| ૮ | મોતીપુરા | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૨–૪૦–૦૫ |
| ૯ | વસંતગઢ | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૭–૯૨–૧૮ |
| ૧૦ | આંબાખૂટ | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૬૪–૫૭–૯૮ |
| ૧૧ | ચેથાપુર | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૩–૫૪–૭૦ |
| ૧૨ | કુંડલ | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૩૨–૯૮–૭૩ |
| ૧૩ | લુણાજા | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૧૩–૫૯–૬૧ |
| ૧૪ | મુથાઈ | પાવીજેતપુર | છોટાઉદેપુર | ૧૨–૬૭–૨૯ |
| ૧૫ | વચલીભીત | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૩–૧૮–૬૮ |
| ૧૬ | ઝોઝ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૦–૫૦–૪૭ |
| ૧૭ | ઝીંઝરવાણી | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૩–૫૯–૧૬ |
| ૧૮ | તેનાલિયા | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૭–૯૩–૩૪ |
| ૧૯ | બોડીભીત | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૨૦–૨૮–૩૭ |
| | **કુલ વિસ્તાર હેકટરમાં** | | | **૨૭૮–૯૩–૩૭** |

(૩) જમીન રીગ્રાંટ કરવાની સરકારની નીતિના અનુસંધાનમાં આ બાબત વિચારાધીન છે.

---------

**સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ થયેલા ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબત**

૧૫૦૭૧ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) **:**૧૪મી ગુ.વિ.સ.ના ત્રીજા સત્રમાં તા.૨૦–૨–૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૪૦૮ (અગ્રતા–૨૬)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડોકટરોની ઘટ નિવારી શકાય

**જવાબ**

(૧) આ બાબતે કોઈ વિચારણા કરવામાં આવેલ નથી.

તે માટે એમબીબીએસ પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડૉક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજીયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય તે વિચારણા કરવાની હતી તો તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ક્યારે કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ વિચારણાને અંતે કોઈ નિર્ણય લેવાયેલ છે કે કેમ ?

(૨) લાગુ પડતુ નથી.

---------

**રાજ્ય સરકારની સાધનોપાય પેશગી**

૧૩૮૭૪ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં રાજ્ય સરકારે કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલ છે, અને | (૧) ના જી. |
| (૨) રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં લીધેલ સાધનોપાય પેશગી પર કેટલું વ્યાજ ચૂકવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત**

૧૩૮૦૯ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૧) ૨૨૮ |
| (૨) તેની પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ૪૩૧૯.૬૫ લાખ |

---------

**ડાંગ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના**

૧૫૧૦૪ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા,

(૧) ડાંગ જિલ્લાના તાલુકાવાર ગામોના રસ્તાઓ.

| **તાલુકા** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
|---|---|---|
| **તા. ૧-૬-૨૦૧૭ થી તા.૩૧-૫-૨૦૧૮** | | |
| આહવા | ૧૭ | ૧૪ |
| સુબીર | ૨૭ | ૧૨ |
| વઘઈ | ૬ | ૬ |
| **તાલુકા** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
| **તા. ૧-૬-૨૦૧૮ થી તા.૩૧-૫-૨૦૧૯** | | |
| આહવા | ૫ | ૭ |
| સુબીર | ૮ | ૬ |
| વઘઈ | ૩ | ૩ |

(૨) ઉકત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૨) રૂા. ૩૭૭૩.૨૫ લાખ

(૩) ઉકત રસ્તાના કામો કયારે પૂર્ણ થશે?

(૩) ૧૨ કામો પૂર્ણ,
૨૨ કામો પ્રગતિમાં છે તે તથા બાકીના ૧૪ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં કેનાલમાં પડેલ ગાબડા/ભંગાણ**

૧૪૯૫૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં નર્મદા કેનાલમાં ગાબડા/ભંગાણ પડવાના કેટલા બનાવો બન્યા,

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં નર્મદા કેનાલમાં ગાબડા/ભંગાણ પડવાના બનાવોની વિગત નીચે મુજબ છે.

| **જિલ્લો** | **છેલ્લા બે વર્ષમાં કેનાલોમાં પડેલ ગાબડાં/ભંગાણની વિગત** | | |
|---|---|---|---|
| | **૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮** | **૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯** | **કુલ** |
| પાટણ | ૮ | ૩૩ | ૪૧ |
| મહેસાણા | ૧ | ૧ | ૨ |

(૨) ઉકત ગાબડા/ભંગાણ થવાથી પાણીના કેટલા જથ્થાનો વ્યય થયો, અને

(૨) સામાન્યતઃ ગાબડા/ભંગાણ પડે ત્યારે થતા પાણીના વ્યયની માપણી શકય હોતી નથી. આમ, છતાં ઉકત ગાબડા/ભંગાણ થવાથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં થયેલ પાણીના વ્યયનો અંદાજીત જથ્થો નીચે મુજબ છે.

| **જિલ્લો** | **છેલ્લા બે વર્ષમાં કેનાલોમાં ગાબડાં/ભંગાણને કારણે થયેલ પાણીના જથ્થાનો વ્યય (હજાર ક્યુબીક મીટરમાં)** | | |
|---|---|---|---|
| | **૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮** | **૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯** | **કુલ** |
| પાટણ | ૧૦.૪૯૯ | ૩૫.૨૭૯ | ૪૫.૭૭૮ |
| મહેસાણા | ૦.૦૦૮ | ૧.૫૦૦ | ૧.૫૦૮ |

(૩) ઉકત ગાબડા/ભંગાણ રીપેર કરવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) ઉકત ગાબડા/ભંગાણ રીપેર કરવા પાછળ પાટણ અને મહેસાણા જિલ્લામાં વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ નીચે મુજબ છે.

| **જિલાનું નામ** | **ઉકત ગાબડાં/ભંગાણ રીપેર કરવા પાછળ થયેલ ખર્ચની વિગત (રૂપિયા લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮** | **૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯** | **કુલ** |
| પાટણ | ૨.૩૬ | ૦.૦૦ | ૨.૩૬ |
| મહેસાણા | ૦.૦૦ | ૦.૦૭૫ | ૦.૦૭૫ |
| **કુલ** | **૨.૩૬** | **૦.૦૭૫** | **૨.૪૩૫** |

જે કામો ઇજારદારશ્રીના ડિફેક્ટ લાયાબીલીટી પિરિયડમાં તેમજ પાંચ વર્ષના ઓ એન્ડ એમ પિરિયડમાં આવતાં હોય, તે કામોમાં પડેલ ગાબડા/ભંગાણ ઇજારાદારશ્રીએ તેઓના

અતારાંકિત પ્રશ્નો

---------

**નવસારી જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત**

૧૩૮૧૯ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત-પશ્ચિમ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૧) ૮૬ |
| (૨) તેની પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ૮૦૩.૦૪ લાખ |

---------

**સરકારી મેડીકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ થયેલા ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબત**

૧૫૦૭૪ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) :૧૪મી ગુ.વિ.સ.ના ત્રીજા સત્રમાં તા.૨૦-૨-૧૯ના રોજ સભાગૃહ રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૪૦૮ (અગ્રતા-૨૬)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડોકટરોની ઘટ નિવારી શકાય તે માટે એમબીબીએસ પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડૉકટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજીયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય તે વિચારણા કરવાની હતી તો તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કયારે કરવામાં આવી, અને | (૧) આ બાબતે કોઈ વિચારણા કરવામાં આવેલ નથી. |
| (૨) ઉકત સ્થિતિએ વિચારણાના અંતે કોઈ નિર્ણય લેવાયેલ છે કે કેમ ? | (૨) લાગુ પડતુ નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ**

૧૩૮૮૯ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૯૮૯ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૪૬૮૦.૫૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં વરસાદી પાણીના સંગ્રહ**

૧૫૦૧૫ **શ્રી ભીખાભાઈ જોષી** (જુનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લા અને શહેરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે કેટલા નવા તળાવો બનાવવામાં આવ્યા,

(૨) ઉકત તળાવ બનાવવા માટે તળાવવાર કેટલી રકમ કઈ એજન્સીને ચુકવવામાં આવી, અને

**જવાબ**

(૧)

| વર્ષ | બનાવવામાં આવેલ તળાવોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧ |
| ૨૦૧૮-૧૯ | ૦ |

(૨) છોડવડી તળાવ માટે રૂ.૫,૦૮,૮૬૯.૦૦ ની રકમ ખજુરી હડમતીયા મજુર સહકારી મંડળી તા.ભેંસાણને

| | |
|---|---|
| | ચુકવવામાં આવી. |
| (૩) ઉકત તળાવવાર વરસાદી પાણીનો કેટલો જથ્થો સંગ્રહિત થનાર છે ? | (૩) ૧.૦૬ મીલીયન ઘન ફુટ. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈન નાંખવાના કામમાં ગેરરીતી

૧૪૯૭૦ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપ લાઈન નાંખવાના કામમાં પાઈપ લાઈન નાખ્યા વગર બિલો ઉધારી ગેરરીતિ આચરવામાં આવી હોવાની ફરીયાદ/હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, ઉકત સ્થિતિએ કેટલી રકમની કેટલી લંબાઈની પાઈપ લાઈન નાંખવાના કામમાં ગેરરીતિ થઈ છે, અને | (૨) હાલ અંદાજિત રૂ.૮૩.૬૩ કરોડની ગેરરીતિ ધ્યાન પર આવેલ છે. હજુ વધુ વિગતો ફોરેંસિક ઓડીટ પુર્ણ થયેથી માલુમ પડશે. |
| (૩) ઉકત ગેરરીતિ બદલ જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) સંબંધિત એજન્સીઓ પાસેથી ગેરરીતિની રકમ વસૂલ કરવાની તથા તેઓને બ્લેકલીસ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. અત્યાર સુધીમાં રૂ.૮૦.૯૨ કરોડ વસુલ કરેલ છે તથા બાકી માટે કાર્યવાહી પ્રગતિમાં છે.<br>– મુખ્ય આરોપી કાર્યપાલક ઈજનેરને ફરજમોકુફ કરવામાં આવેલ છે. લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા કરાયેલ પોલીસ કેસ ચાલુ છે. અન્ય એક કાર્યપાલક ઈજનેર કક્ષાના અધિકારીને ફરજ મુક્ત કરેલ છે. કુલ ૧૯ અધિકારી/ કર્મચારીઓ સામે સેવા નિયમો હેઠળ શિસ્ત ભંગના પગલાં લેવામાં આવેલ છે.<br>– કુલ ૧૦ એજન્સીઓ ને નિગમના કામોમાંથી ડી–બાર કરેલ છે તથા ૩ પાઈપ સપ્લાયરની માન્યતા રદ કરવામાં આવેલ છે. |

---------

## સુરત અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ લી. પાસેથી બાકી પાણી વેરો વસુલવાની બાબત

૧૫૦૯૫ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : ચૌદમી ગુજરાત વિધાનસભા ત્રીજા સત્રમાં તા.૨૦/૦૨/૨૦૧૯, તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૬૬૭ (અગ્રતાક્રમ–૨૦) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ્સાર સ્ટીલ લી., હજીરા, સુરત પાસેથી પાણી વેરા પેટે સ્થાયી દર, વપરાશી દર, પેનલ્ટી અને વ્યાજની રકમ રૂ.૮૯૬૩.૫૨ લાખની રકમ વસુલવાની બાકી હતી, તે રકમ વસુલવા માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં શું પગલાં લીધાં, | (૧) એસ્સાર સ્ટીલ લી., હજીરા, સુરત પાસેથી પાણી વેરા પેટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પીવાના પાણીના તફાવતના રૂ.૬૦૦ લાખની રકમ વસુલવાની બાકી છે. કંપની દ્વારા ઉપરોકત પીવાના પાણીની આકારણી સામે વાંધો હોઈ નામદાર હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ છે. જે હાલમાં પડતર છે. નામદાર હાઈકોર્ટમાં થયેલ પીટીશન અન્વયેના પીવાના પાણીના તફાવતની રકમ સિવાયની કોઈ રકમ બાકી ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત બાકી રકમ પૈકી કેટલી રકમ વસુલવામાં આવી, અને | (૨) નામદાર હાઈકોર્ટમાં થયેલ પીટીશન અન્વયેના પીવાના પાણીના તફાવતની રકમ સિવાયની કોઈ રકમ કંપની પાસેથી વસુલવાની બાકી નથી. |

અતારાંકિત પ્રશ્નો

(૩) ઉકત કંપની પાણી વેરાની રકમ સમયસર ભરપાઈ ન કરતી હોય તો સરકારે તેની સામે શું કાર્યવાહી કરી ?

(૩) કંપની દ્વારા પીવાના પાણીની આકારણી સામે વાંધો હોઈ નામદાર હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ છે, જે હાલ સુનવણી હેઠળ છે. જે અન્વયેના પીવાના પાણીના તફાવત સિવાયની રકમ બાકી ન હોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્ય સરકારની સાધનોપાય પેશગી**

૧૩૮૭૧ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં રાજ્ય સરકારે કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલ છે, અને | (૧) ના, જી. |
| (૨) રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં લીધેલ સાધનોપાય પેશગી પર કેટલું વ્યાજ ચૂકવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બોરસદ તાલુકામાં રાસ ગામ ખાતે દાંડી માર્ગના માર્જીનમાં ગેરકાયદેસર શોપીંગનું બાંધકામ**

૧૫૦૫૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **તા.૧-૬-૨૦૧૮ થી તા.૩૧-૫-૨૦૧૯** | | |
| જંબુસર | ૧૧ | ૬ |
| આમોદ | ૧૨ | ૬ |
| ભરૂચ | ૯ | ૯ |
| વાગરા | ૨૮ | ૧૪ |
| અંકલેશ્વર | ૧૯ | ૧૬ |
| હાંસોટ | ૯ | ૬ |
| વાલીયા | ૦ | ૦ |
| ઝઘડીયા | ૦ | ૦ |
| નેત્રંગ | ૦ | ૦ |

(૨) ઉકત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૨) રૂ.૧૪૨૫૮.૫૨ લાખ.

(૩) ઉકત રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે ?

(૩) ૭૩ કામો પૂર્ણ,
૨૮ કામો પ્રગતિમાં છે તે તથા બાકીના ૩૭ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**વડોદરા અને પંચમહાલ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૫૦૮૫ **શ્રી જશપાલસિંહ પઢીયાર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૫-૧૯ની સ્થિતિએ રાજ્યમાં કસ્તુરબા પોષણ સહાય યોજના અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૧) લાભાર્થી દીઠ રૂ.૬,૦૦૦/-

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી,

(૨)

| વર્ષ | વડોદરા | પંચમહાલ |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૬,૮૯૧ | ૭,૫૪૦ |
| ૨૦૧૮-૧૯ | ૪,૭૧૧ | ૬,૧૬૭ |

(૩) ઉકત ચૂકવવામાં આવેલ સહાય પૈકી કેટલા લાભાર્થીઓને પહેલો, બીજો અને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો,

(૩)

| જિલ્લો | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | ત્રીજો હપ્તો |
|---|---|---|---|
| વડોદરા | ૪,૭૨૧ | ૩,૩૬૬ | ૩,૫૧૫ |
| પંચમહાલ | ૫,૮૧૧ | ૩,૮૯૨ | ૪,૦૨૪ |

(૪) કેટલા લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો નથી અને તેનાં કારણો શાં છે ?

(૪) વડોદરા જિલ્લામાં ૭૬૭ અને પંચમહાલ જિલ્લામાં ૩૮ લાભાર્થીઓને ત્રીજો હપ્તો વહીવટી પ્રક્રિયા બાકી હોઈ, ચૂકવવામાં આવેલ નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં ચેકડેમો ડીસીલ્ટીંગ કરવા બાબત**

૧૩૭૮૭ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુજલામ સુફલામ જળ અભિયાન કાર્યક્રમ હેઠળ અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમોનું ડીસીલ્ટીંગ કરવામાં આવ્યું,

(૧) ૧૪૨.

અને

(૨) તેની પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ.૬૭.૬૭ લાખ.

---------

**ખેડા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વિજ શુલ્કમાં માફી**

૧૫૦૬૪ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૩) ઉકત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) **જિલ્લો-ખેડા**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં)** |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧૧ | ૪,૯૩,૩૯,૦૩૮ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૨૨ | ૬,૧૧,૯૬,૯૧૫ |
| **કુલ** | **૩૩** | **૧૧,૦૫,૩૫,૯૫૩** |

**જિલ્લો-વલસાડ**

| **વર્ષનો સમયગાળો** | **માફી અપાયેલ એકમની સંખ્યા** | **માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં)** |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧૧ | ૫૪,૦૬,૯૯૫ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૨૮ | ૨,૧૭,૨૦,૬૧૭ |
| **કુલ** | **૪૪** | **૨,૭૧,૨૬,૭૧૨** |

(૩) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઔદ્યોગિક એકમને નિયત નમુનામાં અરજી રજુ કરતાં પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ (૨) (૭) અને ૩ (૨) (૮) ની જોગવાઈ અન્વયે પાત્રતા ચકાસી કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કૃષિવિષયક વિજ જોડાણ**

૧૪૯૪૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલી નામંજૂર કરવામાં આવી અને તેના મુખ્ય કારણો શા છે ?

(૧), (૨) અને (૩)

| તાલુકો | કૃષિ વિષયક વિજ જોડાણ માટે મળેલ અરજીઓ | મળેલ અરજીઓ પૈકી મંજૂર કરેલ અરજીઓ | મળેલ અરજીઓ પૈકી નામંજૂર કરેલ અરજીઓ |
| --- | --- | --- | --- |
| અમીરગઢ | ૬૧૧ | ૨૫૧ | ૩૭ |
| ભાભર | ૧૧૬૧ | ૪૨૧ | ૫૦ |
| દાંતીવાડા | ૯૨૯ | ૨૩૦ | ૧૦૨ |
| ડીસા | ૧૧૦૯ | ૨૨૧ | ૧૪૯ |
| દીઓદર | ૪૭૦ | ૧૫૫ | ૩૮ |
| ધાનેરા | ૧૩૦૬ | ૩૪૨ | ૧૨૯ |
| કાંકરેજ | ૧૭૮૦ | ૭૨૭ | ૮૮ |
| લાખાણી | ૫૫૫ | ૯૧ | ૧૦૦ |
| પાલનપુર | ૧૦૭૯ | ૩૧૩ | ૧૪૩ |
| સુઇગામ | ૯૫૮ | ૪૧૦ | ૫૨ |
| થરાદ | ૫૬૯૮ | ૧૧૧૯ | ૪૩૮ |
| વડગામ | ૭૬૨ | ૨૩૮ | ૧૨૪ |
| વાવ | ૩૧૫૦ | ૫૩૧ | ૧૧૮ |
| દાંતા | ૧૩૯૯ | ૫૬૩ | ૧૦૧ |
| **કુલ** | **૨૦૯૬૭** | **૫૬૧૨** | **૧૬૬૯** |

કુલ ૧૬૬૯ અરજીઓ નીચે દર્શાવેલ જુદા જુદા કારણોસર નામંજૂર કરવામાં આવેલ છે.

(૧) દસ્તાવેજી પુરાવા આપેલ ન હોવાથી,

(૨) માંગણીવાળા સર્વે નંબરમાં વીજ જોડાણ હયાત હોવાથી,

(૩) આપેલ સમય મર્યાદમાં બોર/કૂવો ન કરવાથી,

(૪) સુક્ષ્મ પિયત પધ્ધતિ માટે જીજીઆરસી દ્વારા આપેલ વર્ક ઓર્ડરના નાણા અરજદાર દ્વારા ૧૮૦ દિવસ સુધી ભરપાઈ થયેલ ના હોય,

(૫) અંદાજપત્રના નાણા ન ભરપાઈ થવાથી છે.

---------

## કચ્છ જિલ્લામાં નવા ચેકડેમ બનાવવા બાબત

૧૩૯૪૦ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા ચેકડેમ બનાવવામાં આવ્યા, | (૧) કુલ ૧૩ ચેકડેમો બનાવવામાં આવ્યા. |
| (૨) આ કામો પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૫૮૨.૮૪ લાખ. |
| (૩) આ કામો પૂર્ણ થવાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૩) ૯૦૨ હેકટર વિસ્તારને. |

---------

## સચિવાલય સંવર્ગના બિન બદલીપાત્ર સરકારી કર્મચારીઓને રાહત દરે પ્લોટ આપવા બાબત

૧૫૫૮૩ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ સચિવાલય સંવર્ગના બિનબદલીપાત્ર સરકારી કર્મચારીઓને રાહતદરે | (૧) ના, જી. સચિવાલય સંવર્ગના બિનબદલીપાત્ર સરકારી કર્મચારીઓ સહિતના અન્ય તમામને ગાંધીનગર |

પ્લોટ આપવાની બાબત નામ.ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ પડતર નથી તે હકીકત સાચી છે, અને

ખાતે રાહતદરે પ્લોટ ફાળવવાની બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં S.L.P.No.896/2012 દાખલ કરવામાં આવેલ. જેમાં નામ.સુપ્રીમ કોર્ટે તા.૦૨/૧૧/૧૨ના રોજ સદર બાબતે મનાઈ હુકમ ફરમાવેલ છે.. આ કેસની છેલ્લી મુદત તા.૦૩/૦૫/૨૦૧૯ના રોજ હતી. આમ, આ બાબત સબજ્યુડીસ છે.

(૨) ઉકત સ્થિતિએ જો હા, તો રાહતદરના પ્લોટથી વંચિત બિનબદલીપાત્ર કર્મચારીઓની માંગણી મુજબ રાહતદરે પ્લોટ ફાળવવા શી કાર્યવાહી કરી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કંડલા પર આવેલ નવલખી ફાટકે રેલ્વે ઓવર બ્રિજ બનાવવાની કામગીરી**

૧૪૯૯૫ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મોરબીના કંડલા બાયપાસ ઉપર આવેલ નવલખી ફાટકે રેલ્વે ઓવર બ્રિજ બનાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) ઉક્ત કામગીરી કઇ એજન્સી મારફતે કરવામાં આવી રહી છે?

**જવાબ**

(૧),(૨) અને (૩) આ રેલ્વે ઓવર બ્રીજની અંદાજીત રૂ।.૨૯,૭૫,૭૬,૩૦૦.૦૦ ની કામગીરીનો સમાવેશ રાજકોટ - મોરબી રસ્તાનાં ચારમાર્ગીયકરણની કામગીરી સમાવેશ થયેલ છે. આ રેલ્વે ઓવર બ્રીજની સુધારેલ ડીઝાઇન તથા ડ્રોઇંગ રેલ્વે ઓથોરીટી રાજકોટને મંજુરી અર્થે રજુ કરેલ છે. જે રેલ્વેની મંજુરી મળેથી બનતી ત્વરાથી ઈજારદાર એમકેસી ઈન્ફ્રાસ્ટ્રકચર લી. તથા એસસીઆઇડબ્લયુ (જોઇન્ટ વેન્ચર) દ્વારા પુર્ણ કરવાનું આયોજન છે.

---------

**બોટાદ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના**

૧૫૦૪૯ **શ્રી પ્રવિણભાઇ મારૂ** (ગઢડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) ઉક્ત રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ નીચે મુજબનાં રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા.

| **ક્રમ** | **તાલુકા** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
|---|---|---|---|
| **તા. ૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | | | |
| ૧ | બોટાદ | ૧૩ | ૬ |
| ૨ | ગઢડા | ૩૩ | ૧૨ |
| ૩ | બરવાળા | ૨ | ૨ |
| ૪ | રાણપુર | ૫ | ૩ |
| **તા. ૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯** | | | |
| ૧ | બોટાદ | ૧૨ | ૬ |
| ૨ | ગઢડા | ૨૨ | ૧૪ |
| ૩ | બરવાળા | ૮ | ૬ |
| ૪ | રાણપુર | ૫ | ૩ |

(૨) રૂ. ૮૪૬૫.૭૭ લાખ

(૩) ૨૯ કામો પૂર્ણ

૨ કામો પ્રગતીમાં છે તે તથા બાકીના ૨૧ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી

---------

## ભાવનગર અને બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ / એકમોને વિજ શુલ્કમાં માફી

૧૫૦૪૬ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક ગૃહ/એકમને છેલ્લા બે વર્ષમાં વીજ શુલ્કમાં માફી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક ગૃહ/એકમને કેટલી રકમની વીજ માફી આપવામાં આવી, અને

(૩) ઉકત ઔદ્યોગિક ગૃહ/એકમને વીજ શુલ્કમાં માફી આપવાના મુખ્ય કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) **જિલ્લોઃ ભાવનગર**

| વર્ષનો સમયગાળો | માફી અપાયેલ એકમની સંખ્યા | માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮ | ૩૫ | ૭૦,૮૮,૫૦,૮૬૨ |
| ૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯ | ૩૧ | ૬,૩૬,૨૩,૫૩૫ |
| **કુલ** | **૬૬** | **૭૭,૨૪,૭૪,૩૯૭** |

**જિલ્લોઃ બોટાદ**

| વર્ષનો સમયગાળો | માફી અપાયેલ એકમની સંખ્યા | માફી અપાયેલ કુલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮ | ૧ | ૨,૦૬,૬૬,૮૩૮ |
| ૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯ | ૬ | ૩,૨૬,૧૧૬ |
| **કુલ** | **૭** | **૨,૦૯,૯૨,૯૫૪** |

(૩) ગુજરાત રાજ્યમાં નવા સ્થપાયેલ ઔદ્યોગિક એકમને તેમજ વધારાના ઔદ્યોગિક એકમને નિયત નમુનામાં અરજી રજુ કરતાં પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન આર્થીક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ (૨) (૭) અને ૩ (૨) (૮) ની જોગવાઈ અન્વયે પાત્રતા ચકાસી કાયદાની જોગવાઈ અનુસાર મળવાપાત્ર સમયગાળા માટે વીજકર માફી આપવામાં આવે છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના

૧૪૯૫૯ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| તા. ૧–૬–૧૭ થી ૩૧–૫–૧૮ | | |
|---|---|---|
| **તાલુકો** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
| પ્રાંતિજ | ૧૩ | ૧૦ |

| | | |
|---|---|---|
| તલોદ | ૧૫ | ૧૦ |
| હિંમતનગર | ૨૦ | ૧૫ |
| ઇડર | ૩૬ | ૨૪ |
| વડાલી | ૧૦ | ૬ |
| ખેડબ્રહ્મા | ૨૭ | ૧૬ |
| પોશીના | ૬ | ૩ |
| વિજયનગર | ૧૯ | ૧૦ |
| **તા. ૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯** | | |
| પ્રાંતિજ | ૧૭ | ૧૨ |
| તલોદ | ૧૭ | ૧૩ |
| હિંમતનગર | ૫૧ | ૩૫ |
| ઇડર | ૨૭ | ૧૩ |
| વડાલી | ૯ | ૫ |
| ખેડબ્રહ્મા | ૨૦ | ૧૧ |
| પોશીના | ૦ | ૦ |
| વિજયનગર | ૭ | ૪ |

(૨) ઉક્ત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૨) રૂ. ૧૪૪૮૦.૩૪ લાખ

(૩) ઉક્ત રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે?

(૩) ૮૯ કામો પૂર્ણ

૩૯ કામો પ્રગતિમાં છે તે તથા બાકીના ૫૯ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના**

૧૪૯૩૮ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા,

(૧)

| **તા. ૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | | |
|---|---|---|
| **તાલુકો** | **ગામોની સંખ્યા** | **રસ્તાની સંખ્યા** |
| વાવ | ૧૯ | ૧૨ |
| ભાભર | ૭ | ૫ |
| સુઇગામ | ૧૦ | ૭ |
| પાલનપુર | ૩૩ | ૨૨ |
| દાંતા | ૨૬ | ૧૭ |
| અમીરગઢ | ૮ | ૩ |
| વડગામ | ૪૧ | ૨૮ |
| ધાનેરા | ૨૦ | ૧૨ |
| દાંતીવાડા | ૨૦ | ૧૩ |
| દિયોદર | ૧૯ | ૧૧ |
| લાખણી | ૨૪ | ૧૨ |
| ડીસા | ૨૮ | ૨૧ |
| કાંકરેજ | ૨૯ | ૨૨ |
| થરાદ | ૩૦ | ૧૬ |
| **તા. ૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯** | | |
| વાવ | ૮ | ૫ |

| | | |
|---|---|---|
| ભાભર | ૮ | ૭ |
| સુઇગામ | ૧ | ૧ |
| પાલનપુર | ૨૬ | ૧૩ |
| દાંતા | ૧૦ | ૬ |
| અમીરગઢ | ૮ | ૫ |
| વડગામ | ૧૨ | ૮ |
| ધાનેરા | ૯ | ૫ |
| દાંતીવાડા | ૦ | ૦ |
| દિયોદર | ૧૪ | ૭ |
| લાખણી | ૨ | ૧ |
| ડીસા | ૨૩ | ૨૨ |
| કાંકરેજ | ૧૩ | ૧૧ |
| થરાદ | ૨૩ | ૧૩ |

(૨) ઉક્ત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૨) રૂા. ૨૭૦૭૦.૯૨ લાખ

(૩) ઉક્ત રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે?

(૩) ૧૮૫ કામો પૂર્ણ
૧૧ કામો પ્રગતિમાં છે તે તથા બાકીના ૧૦૯ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી**

૧૪૯૭૭ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી, અને

(૧)

| **વર્ષ** | **જિલ્લો** | **તપાસ કરેલ ઔદ્યોગિક એકમોની સંખ્યા** |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | સુરેન્દ્રનગર | ૮૫ |
| | અમદાવાદ | ૧૮૫૪ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫- | સુરેન્દ્રનગર | ૧૧૫ |
| | અમદાવાદ | ૧૩૦૨ |

(૨) ઉક્ત તપાસ દરમિયાન કેટલા એકમો કસુરવાર જણાયા, અને કસુરવાર એકમો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

(૨)

| **વર્ષ** | **જિલ્લો** | **કસુરવાર ઔદ્યોગિક એકમો** | **કરેલ કાર્યવાહીની વિગત** | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **એડજ્યુડીકેટીંગ ઓફિસર સમક્ષ** | | | | **કોર્ટ સમક્ષ** | | |
| | | | **દાખલ કરેલ અરજી** | **દાખલ કરવાની બાકી** | **આવેલ ચુકાદાની સંખ્યા** | **થયેલ દંડની રકમ (રૂ.)** | **દાખલ કરેલ કેસ** | **દાખલ કરવાના બાકી** | **ચુકાદાની વિગત** |
| તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮ | સુરેન્દ્રનગર | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| | અમદાવાદ | ૧૮૩ | ૧૮૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| તા.૦૧-૦૬- | સુરેન્દ્રનગર | ૧૬ | ૧૧ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | અમદાવાદ | ૯૧ | ૨૮ | ૬૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૫૧૦૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૧૯ની સ્થિતિએ રાજ્યમાં કસ્તુરબા પોષણ યોજના અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉકત ચૂકવવામાં આવેલ સહાય પૈકી કેટલા લાભાર્થીઓને પહેલો, બીજો અને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો,

(૪) કેટલા લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવેલ નથી અને તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) લાભાર્થી દીઠ રૂ.૬,૦૦૦/-

(૨)

| વર્ષ | નવસારી | વલસાડ |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૯,૦૬૭ | ૯,૭૮૫ |
| ૨૦૧૮-૧૯ | ૭,૨૫૨ | ૧૨,૩૧૬ |

(૩)

| જિલ્લો | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | ત્રીજો હપ્તો |
|---|---|---|---|
| નવસારી | ૬,૨૫૧ | ૪,૭૪૧ | ૫,૩૨૭ |
| વલસાડ | ૮,૪૯૪ | ૫,૨૨૭ | ૮,૩૮૦ |

(૪) નવસારી જિલ્લામાં કોઇ લાભાર્થીને ત્રીજો હપ્તો ચૂકવવાનો બાકી નથી. વલસાડ જિલ્લામાંથી ૫૫૨૫ લાભાર્થીઓના સ્થળાન્તરના કારણે ત્રીજો હપ્તો ચૂકવવામાં આવેલ નથી.

---------

**નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૫૦૯૧ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૧૯ની સ્થિતિએ રાજ્યમાં કસ્તુરબા પોષણ સહાય યોજના અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉકત ચૂકવવામાં આવેલ સહાય પૈકી કેટલા લાભાર્થીઓને પહેલો, બીજો અને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો,

(૪) કેટલા લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવેલ નથી અને તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) લાભાર્થી દીઠ રૂ. ૬,૦૦૦/-

(૨)

| વર્ષ | નર્મદા | છોટાઉદેપુર |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૨,૫૮૮ | ૮,૦૩૪ |
| ૨૦૧૮-૧૯ | ૧૨,૬૮૧ | ૫,૯૧૮ |

(૩)

| જિલ્લો | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | ત્રીજો હપ્તો |
|---|---|---|---|
| નર્મદા | ૮,૭૭૭ | ૮,૨૭૩ | ૮,૨૧૯ |
| છોટાઉદેપુર | ૫,૦૧૩ | ૪,૬૦૧ | ૪,૩૩૮ |

(૪) નર્મદા જિલ્લામાં કોઇને ત્રીજો હપ્તો ચૂકવવાનો બાકી નથી. છોટાઉદેપુર જિલ્લામાંથી સ્થળાન્તર થયેલ હોવાથી ૫૬૪ લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવેલ નથી.

---------

**નર્મદા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ**

૧૩૮૯૯ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઇ) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૨૬૯૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ. ૫૧૭૭.૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## કચ્છ જિલ્લામાં નવા ચેકડેમ બનાવવા બાબત

૧૩૯૩૮ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા ચેકડેમ બનાવવામાં આવ્યા,

(૨) આ કામો પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ કામો પૂર્ણ થવાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

**જવાબ**

(૧) કુલ ૧૩ ચેકડેમો બનાવવામાં આવ્યા.

(૨) રૂ.૫૮૨.૮૪ લાખ.

(૩) ૯૦૨ હેકટર વિસ્તારને.

---------

## જી.પી.એફ. ની આખરી ચૂકવણી બાબત

૧૩૮૭૮ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં વર્ગ-૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. આખરી ચૂકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૯

(૨) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

---------

## સુરેન્દ્રનગર અને પંચમહાલ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના

૧૪૯૮૯ **શ્રી સોમાભાઈ કોળી પટેલ** (લીંબડી) **: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સુરેન્દ્રનગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોના રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિ નીચે મુજબનાં રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા | રસ્તાની સંખ્યા | ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા | રસ્તાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| **તા.૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | | | | | | | |
| **સુરેન્દ્રનગર** | | | | **પંચમહાલ** | | | |
| ૧ | ચુડા | ૪ | ૨ | ૧ | ઘોઘંબા | ૧૭ | ૧૭ |
| ૨ | ચોટીલા | ૨૧ | ૧૩ | ૨ | હાલોલ | ૨૪ | ૨૪ |
| ૩ | થાનગઢ | ૬ | ૪ | ૩ | મોરવા (હ) | ૧૫ | ૧૫ |
| ૪ | દસાડા | ૨૦ | ૧૦ | ૪ | જાંબુઘોડા | ૫ | ૫ |
| ૫ | ધ્રાંગધ્રા | ૧૫ | ૧૦ | ૫ | કાલોલ | ૪ | ૪ |
| ૬ | મુળી | ૧૧ | ૬ | ૬ | ગોધરા | ૨૮ | ૩૫ |
| ૭ | લખતર | ૧૮ | ૮ | ૭ | શહેરા | ૩૫ | ૩૬ |
| ૮ | લીંબડી | ૮ | ૫ | | | | |
| ૯ | વઢવાણ | ૮ | ૮ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | સાયલા | ૬ | ૪ | | | | |
| તા.૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯ | | | | | | | |
| સુરેન્દ્રનગર | | | | પંચમહાલ | | | |
| ૧ | ચુડા | ૬ | ૩ | ૧ | ઘોઘંબા | ૧૧ | ૧૧ |
| ૨ | ચોટીલા | ૬ | ૩ | ૨ | હાલોલ | ૧૦ | ૧૦ |
| ૩ | થાનગઢ | ૭ | ૩ | ૩ | મોરવા (હ) | ૭ | ૮ |
| ૪ | દસાડા | ૧૧ | ૬ | ૪ | જાંબુઘોડા | ૨ | ૨ |
| ૫ | ધ્રાંગધ્રા | ૦ | ૦ | ૫ | કાલોલ | ૧૧ | ૧૧ |
| ૬ | મુળી | ૮ | ૪ | ૬ | ગોધરા | ૨૮ | ૩૧ |
| ૭ | લખતર | ૩ | ૨ | ૭ | શહેરા | ૧૭ | ૧૭ |
| ૮ | લીંબડી | ૬ | ૩ | | | | |
| ૯ | વઢવાણ | ૯ | ૬ | | | | |
| ૧૦ | સાયલા | ૭ | ૪ | | | | |

(૨) ઉક્ત રસ્તાઓ પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૨) રૂ.૨૮૫૫૦.૯૫ લાખ.

(૩) ઉક્ત રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે?

(૩) ૧૦૦ કામો પૂર્ણ.
૩૫ કામો પ્રગતિમાં છે તે ૯૫ કામો નકશા અંદાજ તથા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

## રાજ્યનું કુલ જાહેર દેવું

૧૫૦૩૧ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કુલ કેટલું છે,

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૮-૧૯ (સુ.અ.) | ૨,૪૦,૬૫૨ |

(૨) ઉક્ત દેવા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું વ્યાજ અને મુદ્દલ ચૂકવવામાં આવ્યું, અને

(૨)

| **નાણાકીય વર્ષ** | **ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં)** | **ચુકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ (સુ.અ.) | ૧૭,૧૭૮ | ૧૩,૭૦૧ |
| ૨૦૧૮-૧૯ (સુ.અ.) | ૧૮,૧૨૪ | ૧૫,૪૪૦ |

(૩) ઉક્ત દેવાના વ્યાજના દરો શું છે?

(૩)

| **વિગત** | **લોનના વ્યાજદર (%)** |
|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૪.૭૫% થી ૮.૭૫% |
| બજાર લોન | ૬.૦૫% થી ૯.૭૫% |
| એન.એસ.એસ.એફ લોન | ૯.૫૦% થી ૧૦.૫૦% |
| કેન્દ્રિય દેવું | ૦% થી ૧૩% |

---------

## અમરેલી જિલ્લામાં ધાતરવાડી-૨ની ડાબા અને જમણા કાંઠાની કાર્યરત સિંચાઈ યોજના

૧૫૦૪૩ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ ધાતરવાડી-૨ ની ડાબા અને જમણા

(૧) ડાબા કાંઠાની નહેર ૧૬૫૦ મીટર લંબાઇમાં કાર્યરત છે.

કાંઠાની સિંચાઇ યોજનાઓ કાર્યરત છે કે કેમ,

(૨) જો ના, તો તેના કારણો શાં છે, અને

(૨) જમીન સંપાદનમાં મુશ્કેલી અને નેશનલ હાઇવે ઓથોરીટી/સ્ટેટ હાઇવે દ્વારા ક્રોસીંગની સમયસર મંજુરી ન મળવાથી પુરેપુરી લંબાઇમાં કામગીરી પૂર્ણ કરી શકાયેલ નથી.

(૩) ઉક્ત સિંચાઇ યોજનાઓ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

(૩) માર્ચ-૨૦૨૦ સુધીમાં.

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૫૦૩૪ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યમાં કસ્તુરબા પોષણ સહાય યોજના અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૧) લાભાર્થી દીઠ રૂ.૬,૦૦૦/-

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી,

(૨)

| વર્ષ | અમરેલી | ભાવનગર |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૦૧૫૧ | ૧૦૬૩૪ |
| ૨૦૧૮-૧૯ | ૯૪૪૯ | ૯૫૦૮ |

(૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય પૈકી કેટલા લાભાર્થીઓને પહેલો, બીજો અને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો, અને

(૩)

| જિલ્લો | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | ત્રીજો હપ્તો |
|---|---|---|---|
| અમરેલી | ૭,૫૩૧ | ૫,૫૩૫ | ૬,૫૩૪ |
| ભાવનગર | ૮,૫૧૧ | ૪,૭૩૨ | ૬,૯૪૯ |

(૪) કેટલા લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવેલ નથી અને તેના કારણો શા છે ?

(૪) અમરેલી જિલ્લામાં ૧૯૨ લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવાની બાબત વહીવટી પ્રક્રિયા બાકી હોઇ ચૂકવવામાં આવેલ નથી. ભાવનગર જિલ્લામાં કોઇ લાભાર્થીને ત્રીજો હપ્તો ચૂકવવાનો બાકી નથી.

---------

**મહિસાગર અને જૂનાગઢ જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી**

૧૫૦૭૯ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મહિસાગર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં કેટલા એકમોની તપાસ કરવામાં આવી, અને

(૧)

| વર્ષ | જિલ્લો | તપાસ કરેલ ઔદ્યોગિક એકમોની સંખ્યા |
|---|---|---|
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | મહિસાગર | ૨૪ |
| | જૂનાગઢ | ૦૭ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | મહિસાગર | ૧૨ |
| | જૂનાગઢ | ૧૬ |

(૨) ઉક્ત તપાસ દરમિયાન કેટલા એકમો કસુરવાર

(૨)

જણાયા, અને કસુરવાર એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા?

| વર્ષ | જિલ્લો | કસુરવાર ઔદ્યોગિક એકમો | કરેલ કાર્યવાહીની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એડજ્યુડીકેટીંગ ઓફિસર સમક્ષ | | | | કોર્ટ કેસ | | |
| | | | દાખલ કરેલ અરજી | દાખલ કરવાની બાકી | આવેલ ચુકાદાની સંખ્યા | થયેલ દંડની રકમ (રૂ.) | દાખલ કરેલ કેસ | દાખલ કરવાના બાકી | ચુકાદાની વિગત |
| ૦૧-૦૬-૧૭ થી ૩૧-૦૫-૧૮ | મહિસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | જૂનાગઢ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૧-૦૬-૧૮ થી ૩૧-૦૫-૧૯ | મહિસાગર | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | જૂનાગઢ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

**કચ્છ અને પાટણ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૧૪૯૩૫ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યમાં કસ્તુરબા પોષણ સહાય યોજના અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત ચૂકવવામાં આવેલ સહાય પૈકી કેટલા લાભાર્થીઓને પહેલો, બીજો અને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો, અને

(૪) કેટલા લાભાર્થીઓને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવેલ નથી અને તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) લાભાર્થી દીઠ રૂ.૬,૦૦૦/-

(૨)

| વર્ષ | કચ્છ | પાટણ |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૩,૯૮૯ | ૬,૬૨૪ |
| ૨૦૧૮-૧૯ | ૧૦,૨૬૨ | ૬,૧૦૯ |

(૩)

| જિલ્લો | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | ત્રીજો હપ્તો |
|---|---|---|---|
| કચ્છ | ૯,૯૯૦ | ૭,૧૫૦ | ૭,૧૧૧ |
| પાટણ | ૬,૧૦૩ | ૨,૯૭૬ | ૩,૭૪૪ |

(૪) કચ્છ જિલ્લામાં ૩૭૭ લાભાર્થીઓને ત્રીજો હપ્તો વહીવટી પ્રક્રિયા બાકી હોઇ ચૂકવવામાં આવેલ નથી. પાટણ જિલ્લામાં ૨૫૮ લાભાર્થીઓ યોજનાના માપદંડ પુર્ણ કરતા નહી હોવાથી ત્રીજો હપ્તો ચૂકવવામાં આવેલ નથી.

---------

**નર્મદા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ**

૧૩૯૦૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૬૯૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ.૫૧૭૭.૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### નર્મદા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ

૧૩૯૦૧ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૬૯૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ.૫૧૭૭.૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

### વડોદરા અને અમરેલી જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી

૧૫૦૮૮ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વડોદરા અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં કેટલા એકમોની તપાસ કરવામાં આવી, અને

(૨) ઉક્ત તપાસ દરમિયાન કેટલા એકમો કસુરવાર જણાયા, અને કસુરવાર એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લો | તપાસ કરેલ ઔદ્યોગિક એકમોની સંખ્યા |
|---|---|---|
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | વડોદરા | ૨૫૩ |
| | અમરેલી | ૯૫ |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | વડોદરા | ૩૧૬ |
| | અમરેલી | ૧૦૯ |

(૨)

| વર્ષ | જિલ્લો | કસુરવાર ઔદ્યોગિક એકમો | કરેલ કાર્યવાહીની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એડજ્યુડીકેટીંગ ઓફિસર સમક્ષ | | | | કોર્ટ કેસ | | |
| | | | દાખલ કરેલ અરજી | દાખલ કરવાની બાકી | આવેલ ચુકાદાની વિગત | થયેલ દંડની રકમ (રૂ.) | દાખલ કરેલ કેસ | દાખલ કરવાના બાકી | ચુકાદાની વિગત |
| ૦૧–૦૬–૧૭ થી ૩૧–૦૫–૧૮ | વડોદરા | ૨૧ | ૧૪ | ૦૧ | ૧૩ | ૪૭,૦૦૦ | ૦૬ | ૦૦ | ૦૦ |
| | અમરેલી | ૦૬ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૧–૦૬–૧૮ થી ૩૧–૦૫–૧૯ | વડોદરા | ૧૯ | ૧૧ | ૦૭ | ૦૯ | ૩૧,૦૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| | અમરેલી | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

**જામનગર જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ**

૧૫૦૧૦ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે વીજ જોડાણ મેળવવા માટેની કુલ કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| તાલુકો | વીજ જોડાણની પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| ધ્રોલ | ૮૨૧ |
| જામજોધપુર | ૧૫૭૦ |
| જામનગર | ૧૫૩૪ |
| જોડિયા | ૬૪૦ |
| કાલાવડ | ૧૭૧૯ |
| લાલપુર | ૧૬૬૨ |
| **કુલ** | **૭૯૪૬** |

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ નિયમિત અને કેટલી અરજીઓ તત્કાલ વીજ જોડાણ માટેની છે,

(૨)

| તાલુકો | નિયમિત વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા | તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ધ્રોલ | ૮૨૧ | ૦ |
| જામજોધપુર | ૧૫૭૦ | ૦ |
| જામનગર | ૧૫૩૪ | ૦ |
| જોડિયા | ૬૪૦ | ૦ |
| કાલાવડ | ૧૭૧૯ | ૧ |
| લાલપુર | ૧૬૬૨ | ૦ |
| **કુલ** | ૭૯૪૫ | ૧ |

(૩) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર એક વર્ષ કરતાં વધુ અને કેટલી અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩)

| તાલુકો | નિયમિત વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા | તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ધ્રોલ | ૨૮૩ | ૬૪ |
| જામજોધપુર | ૫૭૪ | ૧૦ |
| જામનગર | ૫૨૫ | ૧૫ |
| જોડિયા | ૨૫૨ | ૩૦ |
| કાલાવડ | ૬૪૨ | ૧૪ |
| લાલપુર | ૫૬૦ | ૫૯ |
| **કુલ** | **૨૮૩૬** | **૧૯૨** |

એચબી-૧૯૮-

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કરી ક્યાં

(૪) **ખેતી વિષયક વીજ જોડાણઃ**

સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે ?

ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઇને વીજ જોડાણો આપવાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનુ હોઇ તમામ બાબતો ધ્યાને લઇ તબક્કાવાર નિકાલ કરવામા આવશે.

**ખેતી વિષયક તત્કાલ વીજ જોડાણઃ**

તત્કાલ વીજ જોડાણ મેળવવા માટેની ૦૧ પડતર અરજીના અંદાજપત્રના નાણા ભરપાઇ થયેલ હોઇ, વીજ જોડાણ આપવા માટે કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

**માંગરોળ અને માળીયા (હાટીના) તાલુકામાં પરાઓ અને સીમશાળાઓને પાકા રસ્તાની સુવિધા**

૧૫૦૨૨ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાનાં માંગરોળ અને માળીયા (હાટીના) તાલુકાના કેટલા પરાંઓ અને સીમશાળાઓ પાકા રસ્તાની સુવિધાથી વિહોણા છે,

(૨) ઉક્ત સ્થિતિએ આવા પરાંઓ અને સીમશાળાઓને પાકા રસ્તાની સુવિધા આપવાસરકારનું શું આયોજન છે, અને

(૩) ક્યાં સુધીમાં પાકા રસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

માંગરોળ અને માળીયા (હાટીના) તાલુકામાં કોઇ પરા પાકા રસ્તાથી વંચિત નથી, જ્યારે ૮૫ સીમશાળાઓ પૈકી ૬૩ સીમશાળા પાકા રસ્તાથી જોડાયેલ છે. ૩ સીમશાળામાં રસ્તાની કામગીરી મંજુર કરેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં દરીયાઇ ધોવાણથી થતું નુકશાન**

૧૩૯૪૯ **શ્રી કનુભાઈ દેસાઇ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં દરીયાઇ ધોવાણથી થતું નુકશાન અટકાવવા કોઇ કાર્યવાહી હાથ ધરાયેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકામાં કેટલી લંબાઇમાં કામગીરી હાથ ધરાયેલ છે, અને | (૨) ૨૪૮૫ મીટર પુરસંરક્ષણ દિવાલ. |
| (૩) આ કામોથી તાલુકાવાર કેટલા ગામોને લાભ થયેલ છે ? | (૩) વલસાડ તાલુકાના ૨ ગામોને લાભ થયેલ છે. |

---------

તા. ૩જી જુલાઇ, ૨૦૧૯

સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૧૯

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯**

સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૧૯

**ગુજરાત રાજયને લાગુ પડતો સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯- સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન ) (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯- સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન ) (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સમાજ જીવનની અંદર અનેક પ્રકારના નવા દૂષણ જ્યારે વ્યવસ્થાની અંદર દાખલ થતા હોય છે તો આપણે બધા આ ગુજરાત વિધાનસભાની અંદર એટલા માટે પહોંચ્યા છીએ કે, સમાજના આવા પ્રશ્નોને આપણે અહીંયાં વાચા આપીએ અને સમાજનાં આવા નડતરનું કેવી રીતે નિરાકરણ થાય એ દિશામાં આપણે પ્રયાસ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોની જે વ્યથા છે એને વ્યવસ્થામાં પરિવર્તીત કરવાનું કામ એ આપણા સભાગૃહનું છે. ગુજરાત એ નશાબંધીને વરેલું રાજ્ય છે. મહાત્મા ગાંધીજીનું ગુજરાત, સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત અને ગુજરાતના સ્થાપના કાળથી હજારો કરોડ રૂપિયાની રેવન્યૂનું કદાચ આપણને નુકસાન થતું હોય છતાં પણ એ નુકસાનને એક બાજુએ મૂકીને ગુજરાતની શાંતિ અને ગુજરાતની અનેક બહેનોના આશીર્વાદ અને ગુજરાતની અંદરના આ પ્રકારના દૂષણને કારણે થતી સમસ્યાઓના નિરાકરણ માટે મહાત્મા ગાંધીજી અને શ્રી રવિશંકર મહારાજે ચીંધેલા એ માર્ગના આધાર ઉપર આપણે કામ કરી રહ્યા છીએ. વર્ષોથી નશાબંધીનો કડક કાયદો છે અને વ્યસનમુકત ગુજરાત રાખવું એ આપણી પ્રાથમિક ફરજ છે અને એના ભાગરૂપે વખતોવખત આ સરકારે આ સન્માનનીય સભાગૃહની અંદર અનેક નાના મોટા કાયદા અને સુધારાઓ લાવીને સમાજને એમાંથી મુકિત મળે એ માટેનો પ્રયાસ કર્યો છે. એ જ પ્રમાણે રાજ્યની અંદર યુવાનોમાં ઓન-લાઇન મંગાવવામાં આવતી આરોગ્ય માટે જોખમી એવી ઇ-સિગરેટનું ચલણ જોવા મળ્યું છે. આને ''ઇલેકટ્રોનીક નિકોટીન ડિલિવરી સિસ્ટમ ઇ.એન.ડી.એસ.'' એને સામાન્ય રીતે ઇ-સિગરેટ તરીકે લોકો ઓળખે છે. તેના ઉત્પાદન, આયાત, જાહેરાત અને વેચાણ ઉપર ગુજરાતમાં પ્રતિબંધ મૂકવા માટે આ કાયદામાં સુધારા સાથે હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. ભારતના લગભગ ૧૨ રાજ્યો જેમાં પંજાબ, કર્ણાટક, મિઝોરમ, કેરાલા, જમ્મુ કાશ્મીર, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, તામિલનાડુ, ઝારખંડ આટલા બાર જેટલા રાજ્યોની અંદર આના ઉપર પ્રતિબંધ છે અને વિશ્વના ૩૦ જેટલા દેશો જેમાં મોરેશિયસ, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, શ્રીલંકા, થાઇલેન્ડ, બ્રાઝિલ, મેકિસકો, બહેરીન, ઇરાન, સાઉદી અરેબીયા, યુનાઇટેડ આરબ અમીરાત આવા ૩૦ જેટલા દેશોની અંદર પણ પ્રતિબંધ છે. આ જે ભારતના બાર રાજ્યોની અંદર પ્રતિબંધ છે એ પ્રતિબંધ માત્ર નિયમના આધાર ઉપર છે. આખા દેશમાં પ્રબળ ઇચ્છા શક્તિથી ગુજરાતની અંદર આપણે એને કાયદાના સ્વરૂપ દ્વારા પ્રતિબંધ મૂકવા માટેનું બિલ લઇને આવ્યો છું. આ ઇ-સિગારેટ બેટરીથી ચાલતું સાધન છે. એમાં રહેલા પ્રવાહીને એ એરોથેલની અંદર પરિવર્તિત કરે છે. આ સિગારેટ દ્વારા એના શ્વાસમાં જાય અને બહાર કાઢે છે. એની અંદર નિકોટીન, પ્રોપીલીન, ગ્લાય કલર અને ગ્લિસરીન જેવા અન્ય રસાયણો આવેલા છે અને રિસર્ચ ઉપરથી એવું સાબિત થયેલ છે કે આ એરોથેલમાં ઘણા હાનિકારક તત્વો જેમાં ડાયાસ્ટી નામનું જે રસાયણ છે અને લેડનું પ્રમાણ છે કે જે અન્ય પ્રકારના ગંભીર રોગોમાં માણસને હેરાન કરતું હોય છે. ખાસ કરીને યુવાનોમાં આ વ્યસન વધારે પડતું જોવા મળે છે અને ૨૦ વર્ષની આસપાસના યુવાનો જ્યારે આ રોજીંદા આવા વ્યસનવાળાના સંપર્કમાં આવતા હોય છે તો એની લત પડી જાય છે અને કુમળી વયના યુવાન બાળકો ઉપર એક પ્રકારનો શોખ એ ભાવિ પેઢી માટે એક ચિંતાનું કારણ છે. રાજ્યની અંદર આ ઇ-સિગારેટનું વેચાણ, સહેલાઇથી મળી જતી હોવાના કારણે

---

* વિધેયક તા. ૨૭મી જૂન, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ધીમે ધીમે આનો વ્યાપ વધવા માંડ્યો છે. આ અનિષ્ટને કોઇપણ હિસાબે ડામવું જોઇએ અને એ આપણા સૌનો સહિયારો સંકલ્પ છે. આજના આ કાયદામાં ઇ–સિગારેટના વેચાણ, ઉત્પાદન, વેપાર, આયાત અને જાહેરાત ઉપર ગુજરાતમાં પ્રતિબંધ મૂકવા માટે જે કોકટા એક્ટ ૨૦૦૩ છે એ એક્ટમાં સુધારો લઇને માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. આમાં જે ૫–૬ સેકશન મૂળ એકટમાંથી એમેન્ડમેન્ટ કરવા માટે છે. જૂના કાયદામાં એની વ્યાખ્યા હતી એમાં ઇ–સિગારેટનો ઉલ્લેખ ન હતો એટલે એની વ્યાખ્યામાં ઇ–સિગારેટનો ઉમેરો થાય એ ઉપરાંત આના ઉત્પાદન, વેપાર, આયાત અને જાહેરાત ઉપર પ્રતિબંધ કરવાનું નક્કી કર્યું છે. એનાથી આપણે કાયદા દ્વારા સત્તા મળે અને આવી ચીજવસ્તુઓ કબજે લેવાની સત્તા પોલીસ સબ ઇન્સ્પેકટર કે તેનાથી ઉપરના દરજ્જાના અધિકારીઓને મળે. કાયદામાં જો સજાનું પ્રોવિઝન ન કરવામાં આવે તો કાયદાની અસરકારકતા રહેતી નથી. એટલા માટે આ કાયદાના ભંગ બદલ ૩ વર્ષથી વધુ અને એક વર્ષ કરતાં ઓછી નહીં અને ૫૦ હજાર રૂપિયાનો દંડ અને ૨૦ હજાર કરતાં ઓછો નહીં એવો કોગ્નિઝેબલ ગુનો ગણવા માટેની જોગવાઇ સાથે હું બિલ આ સભાગૃહમાં લાવ્યો છું. એમાં જુદા જુદા સેકશન છે એમાં કલમ–૩ એની પેટા કલમ ૩ (ગ) પછી (ગ–ક) નો ઉમેરો કરીને ઇ–સિગારેટનો વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવે. કલમ–૪ પછી નવી કલમ ૪–ખનો ઉમેરો સૂચિત છે. ઇ–સિગેરેટના ઉત્પાદન, વેચાણ , ઓન લાઇન વેચાણ સહિત આયાત અને જાહેરાત કરી શકશે નહીં. કલમ–૧૩(ક) પછી નવી જોગવાઈ અને કલમ ૧૩ છે એ નવી કલમ ૧૩(ખ) સૂચિત છે એ ઇ–સિગારેટ તરીકે વાપરવામાં આવતા સાધન–સામગ્રી અને ચીજવસ્તુઓને પોલીસ સબ ઇન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ દરજ્જાના અધિકારીને કબજે લેવાની સત્તા મળે છે. કલમ–૨૧ છે એમાં દંડની જોગવાઇ છે. કલમ ૪(ક)ની જોગવાઇઓ એ શબ્દો અને આંકડા અને અક્ષરના બદલે કલમ–૪(ક) અથવા ૪(ખ)ની જોગવાઇઓ એ શબ્દો અને આંકડા અને અક્ષર મૂકવા સૂચિત છે. આ અગાઉ આ જ સન્માનનીય ગૃહમાં હુક્કાબાર એ શબ્દ દાખલ કરવામાં આવ્યો હતો. એ પછી અથવા ઇ.એન.ડી.એસ. અથવા ઇલેક્ટ્રોનિક સિગારેટ શબ્દોનો ઉમેરો કરવાનું સૂચવાયું છે. આ ઉપરાંત કલમ ૨૭ છે એ સી.આર.પી.સી. ૧૯૭૩ની જોગવાઈ મુજબ આ કાયદા હેઠળ ગુનામાં પોલીસ અધિકારીને સત્તા સોંપવા માટેની છે. કલમ ૨૭(ક)માં સુધારો સૂચિત છે. અને કલમ–૪(ક) હેઠળ એ શબ્દો અને આંકડા બંને કલમ–૪(ક) અથવા કલમ ૪(ખ) હેઠળ એ શબ્દો અને આંકડા મૂકવાનું સુચિત કર્યું છે. આમ, રાજ્યની અંદર એક નવા પ્રકારના ઊભા થતા દૂષણને રોકવા માટે આપણે પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ સન્માનનીય સભાગૃહની અંદર ભૂતકાળની અંદર ગુજરાતની ધરતી પર કોઇ દારૂનું ઉત્પાદન, વેચાણ કે સંગ્રહ કરે તો એની સમક્ષ કડકમાં કડક કાયદા આપણે બનાવ્યા છે અને એ કડકમાં કડક કાયદાની અંદર ૧૦ વર્ષની સજા અને ૫ લાખ રૂપિયાનો દંડ. ઉપરાંત દારૂ પીને કોઇ છાટકો બને તો એના સંદર્ભમાં પણ ૩ વર્ષ સુધીની સજા, કોઇ પોલીસ અધિકારી જ્યારે કોઇ અડ્ડા ઉપર રેડ પાડવા માટે જાય અને એના કામની અંદર અવરોધ કરે તો એને પણ પથી ૭ વર્ષની સજા અને દંડની જોગવાઇ કરી છે. રાજ્ય સરકારે જેમ કહ્યું તેમ વ્યસન મુક્ત ગુજરાત એ આપણું અભિયાન છે અને એ લક્ષને પ્રાપ્ત કરવા માટે કડક કાયદાઓ ભૂતકાળમાં હતા. પરંતુ ક્યાંક કાયદાની એ છટકબારીનો ઉપયોગ કરીને ગુનેગારો આ દારૂના દૂષણના કારણે અનેક બહેનો અકાળે વિધવા થાય, અનેક યુવાનો અને મોટી ઉંમરના લોકો અનેક પ્રકારની શારીરિક બીમારીઓનો ભોગ બને અને હરતી–ફરતી લાશની જેમ સમાજની અંદર એ લોકો ફરતા હોય છે અને આ દારૂના દૂષણના કારણે ઘરે કંકાશ થાય અને કંકાશના કારણે લોકો આત્મહત્યા કરે અને કેટલીય બહેનો વિધવા થાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, દારૂ ઉપરનું આપ.. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું દારૂબંધી, હુક્કાબંધી અને ઇ–સિગરેટ આ ત્રણેય મુદ્દા એવા છે કે, રાજ્ય સરકારે આ ત્રણયના સામે (અંતરાય)...

અધ્યક્ષશ્રી : સારું, દારૂ પુરતુ..

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આને રીસ્ટ્રિક્ટ કર્યું છે એટલા માટે જ ઉલ્લેખ કરવો છે. એ જ પ્રમાણે હુક્કાબંધી, જ્યારે ભૂતકાળની અંદર આપણે અનેક જગ્યાએ જોતા હતા કે, યુવાધન હુક્કાબારોની અંદર બેસીને એની પાસે આર્થિક સ્થિતિ ના હોય અને ખર્ચા કરે, ક્યાંકથી વ્યાજે પૈસા લે, પૈસા પૂરા ના પાડી શકે એટલે ચોરી કરવા પ્રેરાય, એક બાજુ વ્યસન, બીજી બાજુ, ચોરીના કારણે સમાજની અંદર અવ્યવસ્થા જેવા દશ્યો ઊભા થતા હતા. આપણે કોકટા એક્ટની અંદર સુધારો કર્યો અને એના આધાર ઉપર આજે ચોક્કસ કહી શકાય કે, રાજ્યની અંદર ગુજરાતમાં હુક્કાબાર પર પ્રતિબંધ મૂકયા પછી આજે એની સારી સફળતા મળી છે. દારૂબંધીમાં પણ આજે એ કર્યા પછી સારી સફળતા મળી છે. હા, ગુજરાતની અંદર પણ ક્યાંક ખૂણે ખાંચરેથી કોઇ પણ દારૂ ઘૂસાડવા માટેનો પ્રયત્ન કરે છે તો અમારી સ્ટેટ મોનિટરીંગ કમિટી, અમારા રેંજ, એસ.પી. એ બધા જ લોકો આ દારૂને રોકવા માટેનો પ્રયત્ન કરે છે, પરંતુ આનાથી અમારી પ્રક્રિયા અટકતી નથી એમાં પણ અમે તીવ્રતાની સાથે જે ગતિ છે. હવે તો આખા રાજ્યને સી.સી.ટી.વી.ના નેટવર્કથી કનેક્ટ કરવામાં આવ્યું છે અને એ દિશાની અંદર પણ અમે ૧૦૦% આગળ કરવાના છીએ. એ કાયદાની અંદર વાહન જપ્તી અને પી.એમ.એલ.એ.નું અમલીકરણ કર્યું છે એના પણ સારા અસરકારક પરિણામ મળ્યાં છે. જેમ રાજ્યની અંદર વચ્ચે કેટલીક જગ્યાએ બ્રાઉન સુગર કે અન્ય પ્રકારની નશીલી દવાઓના માધ્યમથી ગુજરાતનું યુવા ધન એના રવાડે ના ચડે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના એ.સી.એસ., ડી.જી.પી. અને એમ.ઓ.એસ. હોમ તરીકે અમને બધાને સંયુક્ત રીતે બોલાવ્યા. આપણે ત્યાં આ વ્યસન નથી એનો કોઇપણ

હિસાબે ક્યાંક ખૂણે–ખાચરે થતું હોય તો એમાં આપણે ચલાવી લેવા માગતા નથી. રાજ્યના ડી.જી.પી.એ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ રેંજ અને તમામ એસ.પી.ને સૂચના આપી. માનનીય અધ્યક્ષશ્રી, એથી અટકીને નહીં, કોઇ દારૂનું વેચાણ કરે તો એ પોલીસ થાણાના અધિકારી ઉપર ગઇ કાલે જેમ મેં માહિતી આપી હતી એમ એકશન લેવામાં આવે છે. એમ હવે કોઇ પોલીસ સ્ટેશનના હકૂમતની હેઠળના વિસ્તારની અંદર આ પ્રકારની કોઇ પ્રવૃત્તિઓ ચાલતી હોય તો એ થાણાના અધિકારીને જવાબદાર કરીને એની સામે એકશન લેવા માટેની એ અસરકારક સૂચના પણ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે. અનેક મિડિયાના લોકો પણ એને હાઇ લાઇટ કરી સરકારનું ધ્યાન દોરે છે. ક્યારેક ક્યારેક સમાજમાં દારૂ વેચાય, નશીલી દવા વેચાય, હુક્કાબાર હોય કે ઇ–સિગારેટ હોય એ જાગૃત અખબારો પણ આપણું ધ્યાન દોરતા હોય છે. આવી જ એક ઘટના અમદાવાદ શહેરમાં બની અને અમદાવાદ શહેરની ચિંતાજનક ઘટના હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ મને સૂચના આપી કે તમે અમદાવાદની અંદર સ્થળ ઉપર જાવ અને કેમ આ ઘટના થઇ રહી છે એ જુઓ. હું અમદાવાદ શહેરના એ વિસ્તારની અંદર ગયો. ત્યાંના લોકોને મળ્યો અને લોકોને મળ્યા પછી એ ઘટનાના મૂળ સુધી જે અગાઉ પોલીસ છાશવારે પ્રયત્ન કરતી હતી કદાચ એમાં સફળતા નહોતી હાંસલ થઇ. પરંતુ મેં કહ્યું તેમ અમારી ઇચ્છા શક્તિના આધાર ઉપર એ સ્થાન ઉપર અત્યારે અમે સંપૂર્ણ નાબૂદ કર્યું છે. માત્ર એ નહીં પણ ગુજરાતની અંદર આવેલા નાના મોટા શૈક્ષણિક ધામોની અંદર કે જ્યાં યુવાનોની સંખ્યા મહત્તમ છે અને સમાજની અંદર આ વ્યસન ન આવી જાય એના માટે પણ સરકારની અગ્રિમતા છે. ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો લાંબો આપણો દરિયા કાંઠો છે. જમીન માર્ગે પણ આપણે સરહદથી જોડાયેલા છે. ગુજરાતની અંદર પોરબંદરની અંદર લગભગ ૫૦૦ કરોડ જેટલું મધ્ય દરિયાની અંદર પકડ્યું. જખૌની અંદર પણ ૧૦ કરોડ જેટલું પકડ્યું. સલાયાના પોર્ટ ઉપરથી પકડયું એટલે ગુજરાતના સિમાડાઓમાંથી ગુજરાત માટે નહી, પરંતુ દેશ માટે પણ કોઇપણ પ્રકારનું આ વહન ન થાય એ માટે ગુજરાતનું પોલીસ તંત્ર કોસ્ટ ગાર્ડ સાથે સંકલિત રહીને અસરકારકતાથી કામ કરી રહ્યું છે. સન્માનનીય સભાગૃહમાં આપણે સૌ બેઠા છીએ. આપણે સૌએ સમાજની ચિંતા કરવાની છે. દેખાવમાં નાનું લાગતું આ ઇ–સિગરેટ ભલે નાનું છે પરંતુ સમયસર જો આપણે નહીં જાગીએ તો આવતી કાલે આપણું યુવાધન બરબાદ થઇ જશે. આપણું યુવાધન બરબાદ ન થાય એના માટેની એક ચિંતાથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા પૂરી સંવેદના સાથે આ વિધેયક આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આપની સંમતિ માટે લઇને આવ્યો છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક ૯, સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન)સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. સમય પ્રમાણે, સમયની માંગ પ્રમાણે છેલ્લા થોડાક વર્ષોથી જે રીતે સિગારેટ અને સિગારેટની અન્ય બનાવટો દ્વારા યુવાનો ખાસ રવાડે ચડતા જાય છે અને એ ખાસ કરીને ૨૦ વર્ષની આસપાસના યુવાનો છે તો સમયની માંગ છે એ જોતા આ બિલને હું આવકારું છું. આ એટલા માટે કે કેન્દ્ર સરકારનો પણ સિગારેટ અને સિગારેટની બનાવટો ઉપર નિયમન કરવા માટે કાયદો ૨૦૦૩માં આવ્યો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ સભ્ય રાષ્ટ્રોને એનો અનુરોધ કર્યો હતો અને ૧૯૮૬ અને ૧૯૯૦માં એના ઠરાવ કરવામાં આવ્યા હતા પરંતુ ધીરિધીરે સિગારેટ અને સિગારેટની બનાવટોમાં નિકોટીન જયારે ઉમેરવામાં આવે છે અને એના કારણે એની અસર જે થાય છે નિકોટીન અને નિકોટીન સલ્ફેટ આ જે જંતુનાશક તત્વો છે, જંતુનાશક રસાયણો છે આ રસાયણોના કારણે યુવાધનને ખૂબ મોટી મુશ્કેલી થાય છે. પરંતુ આ એક નવી સિસ્ટમ છે ઇલેકટ્રોનિક અને નિકોટીન ડીલીવરી સિસ્ટમ નવી ડીવાઇસ છે અને યુવાનોને આ બધું કયાંક ને કયાંક અવળા રવાડે ચડાવવાનું કારણ બનતું હોય છે ત્યારે આની ઉપર બાન હોવો જરૂરી છે અને એમાં ખાસ કરીને ફલેવર જે આવે છે બહુ સાચી વાત કરી કે એરોસેલ ઉત્પન્ન કરવામાં આવે છે. દ્રાવણને ગરમ કરવામાં આવે છે અને એમાં જાતજાતની ફલેવર નાખવામાં આવે છે. પછી યુવાનો એને શ્વાસ દ્વારા લે છે જેથી ધીરિધીરે એની અસર કાયમી થતી જાય છે અને વ્યસની બની જાય છે. એ વ્યસનથી યુવાનોને દુર કરવા એ આપણા માટે જરૂરી છે. લાંબાગાળા માટે આપણા રાજયને ખૂબ નુકસાનકર્તા છે. આપણા દેશમાં ૧૨ જેટલા રાજયો અને વિશ્વમાં પણ લગભગ ૩૦ જેટલા રાષ્ટ્રમાં એનો બાન છે જ. પરંતુ કાયદો કડક ન હોવાના કારણે મુશ્કેલી ઉભી થાય છે. કાયદો થવાથી બધા પ્રશ્નો હલ નથી થઇ જતા. કાયદો ગમે એટલો કડક હોઇ શકે, પરંતુ એની અમલવારી એ ખૂબ જરૂરી છે. ગૃહ મંત્રીશ્રી વિધાનસભામાં બોલતા હોય છે, ત્યારે શબ્દો સાથે, એમની બોડી લેંન્ગ્વેઝથી એમનો હાથ કડક થઇ જતો હોય છે. કડકમાં કડક કામ લેવાશે અને કોઇને છોડવામાં નહિ આવે. એમનો હાથ કડક થઇ જતો હોય છે. અમને એમ લાગે કે દારૂ હવે કયાંય નહિ મળે. પરંતુ પરિસ્થિતિ જુદી હોય છે. ગઇ કાલે જોયું હશે કે આખા ગુજરાતમાં લગભગ ૬૦ લાખ ૫૩ હજાર જેટલી બોટલો એક વર્ષમાં પકડાઇ. ૬૧૪૩ કિલો ગાંજો એક વર્ષમાં પકડાયો. આ તો પકડાયો છે જે ખૂબ ઓછો ૨–૩ ટકા પકડ્યો છે. બાકીનો તો ડિસ્ટ્રિબ્યૂટ થઇ જાય છે. એના માટે ધાક એવી હોવી જોઇએ કે દારૂ આવે જ નહિ. અમારે ત્યાં બોર્ડર ઉપર એવી હાલત થઇ ગઇ છે કે પોલીસને માર પડે છે. છેલ્લા ઘણા સમયથી જોતા હોઇએ છીએ કે હમણા બે મહિના પહેલા વિજયનગર ખાતે પોલીસના ટાંટિયા ભાંગી નાખવામાં આવ્યા. ત્યાંની પોલીસ ન જાય, પરંતુ આરઆર સેલના માણસો જાય અને તેમને પણ મારવામાં આવે છે. બુટલેગરો બેફામ બની ગયા છે. એમની આવકના સ્ત્રોતો વધી ગયા છે. સરકાર એમની સામે કોઇ એકશન લેતી નથી. કોણ જાણે કેમ લોકલ પોલીસ તંત્ર ધ્યાન આપતું નથી. ઘણી વખત પોલીસ જ એમને એસ્કોર્ટ કરીને લઇ જતી હોય છે. ત્યારે એનો એરિયા, બોર્ડરથી ટોલનાકા સુધી

અમારે લઇ જવાનો અને ત્યાંથી બીજી પોલીસ લઇ જાય છે. આ રીતનું તંત્ર જયાં સુધી ચાલશે એમાં આપ ગમે એટલા કડક થાવ, પણ ફીલ્ડમાં કડકાઇ નહિ હોય તો દારૂનું, કેફી દ્રવ્યનું ચાલુ છે એ ચાલુ જ રહેવાનું છે. મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જેટલા કડક થાવ, એટલા ફીલ્ડમાં પણ થાવ. હમણા એક વિસ્તારમાં ખ્યાલ છે કે આરઆર સેલની ટીમે રેડ પાડી અને ઘણો બધો દારૂ પકડાયો. લોકલ પોલીસ શું કરે છે? તેમને કેમ ખબર પડતી નથી? એક વખત એવું થયું કે પોલીસ હદમાં ૧૦૦ મીટર દૂર અહીથી રેડ પાડી અને લોકલ પોલીસ શું કરે છે? પોલીસ જાણે છે કે અહીયા રોજ દારૂ વેચાય છે. દારૂના અડ્ડા દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી તમારો પ્રશ્ન હલ થવાનો નથી. અમે આની લોકલ રજૂઆત કરીએ છીએ, પણ જે રજૂઆત કરનારની હાલત ખરાબ થઇ જાય છે. હમણા એક માણસે રજૂઆત કરી હતી. આખી ગાડી એના ઉપર ચડાવી દીધી. ભૂલથી રજૂઆત ન કરવી જોઇએ. બીજા માણસે રજૂઆત કરી તો આંખમાં એસીડ રેડવામાં આવ્યું. આ પરિસ્થિતિ થઇ ગઇ છે. મંત્રીશ્રીને વિનંતી છે કે અહી કડક થાવ તેમ ફીલ્ડમાં પણ કડક થાવ. આપણે ત્યાં દારૂ બનતો નથી. ગુજરાતમાં બહારથી આવે છે. એ નક્કી છે, તો એવાં સેન્ટરો છે. મેઇન રસ્તો તો કવર કરતા હશો, પણ અત્યારે ગુજરાતમાં એવા રસ્તા છે કે દારૂ સીધેસીધો આવે છે. એક બોટલ, બે બોટલ નથી આવતો આખા કન્ટેનરો ભરીને આવે છે. એવાં સેન્ટરને બંધ કરાવો? કેવી રીતે બંધ કરવા એના માટે ડીએસપી સાથે ચર્ચા કરી હતી. ટોલનાકા ઉપર કઇક વ્યવસ્થા હોવી જોઇએ. પણ ન હોવાના કારણે વ્યસનો ખૂબ વધતા જાય છે. એના કારણે સૌથી વધુ નુકસાન યુવા ધનને થાય છે. તો મારે મંત્રીશ્રીને આ બાબતે વિનંતી છે કે આ બિલ લાવ્યા છો એમાં જાહેરખબરો આમ તો તમાકુની જાહેર ખબરો ઘણી બધી આવે છે. વાંચવાની તસ્દી લેતા નથી. ઇન્જિરિયસ ટુ હેલ્થ લખેલું હોય છે. એના ઉપર કેન્સરનું નિશાન હોય છે. યુવાનો ફટાક લઇને તોડી લેતા હોય છે. એટલે સમજણ આપવી એટલી જરૂર છે. એને ખ્યાલ આપવો જોઇએ. આ ખાવાથી આટલા સમયમાં આ રોગ થાય છે. આવું કરવામાં આવશે તો કયાંક ને કયાંક એની અસર પડશે. અત્યારે જે ઇ-સિગારેટ અને ઇલેક્ટ્રિક નિકોટીનની સિસ્ટમ માટેનું બિલ લાવ્યા છે. એનું વેચાણ, ઉત્પાદન કે સંગ્રહ એમ દરેક જગ્યાએ પ્રતિબંધ હોવો જરૂરી છે. ફરી આપને વિનંતી કરું છું કે કડક થાવ. અહીયા થાવ એ રીતે ફીલ્ડમાં થઇ જાવ અને આ બિલને આવકારીને વિરમું છું.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ(જાહેર ખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયકના સમર્થનમાં મારા વિચારો હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને વિકાસની નવી ઉંચાઇ સુધી લઇ જવાની પ્રતિબદ્ધતા દર્શાવતો દસ્તાવેજ એટલે ૨૦૧૯-૨૦નું ગુજરાત સરકારનું બજેટ. આ બજેટમાં સર્વે ભવન્તુ સુખીનાની પરિકલ્પનાને સાકાર કરતું અને વિકાસને નવા આયામ સુધી લઇ જવાની કટિબદ્ધતાનું દર્શન થાય છે. તે બદલ પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને હું અભિનંદન પાઠવું છું. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીજી હરહંમેશ દેશના યુવાનોના ઉજ્જવળ ભવિષ્યની ચિંતા કરતા રહ્યા છે અને કરે છે. આપણા રાષ્ટ્રનું હૃદય એટલે આપણા દેશની યુવાશક્તિ. કોઇપણ રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસ રાષ્ટ્રના યુવાનોની અને નાગરિકોની તાકાતના આધારે થતો હોય છે. રાષ્ટ્રને સમૃદ્ધ અને સફળ બનાવવા માટે જરૂરી છે કે આપણા રાષ્ટ્રનો યુવાન સમર્થ, સશક્ત, સ્વમાની, સ્વાવલંબી અને તેજોમય બને. આ યુવાનો જો વ્યસનો તરફ ધકેલાઇ જાય તો રાષ્ટ્રનું ભવિષ્ય અંધકારમય થતું હોય છે. મને ગૃહને જણાવતાં આનંદની લાગણી થાય છે કે, ગયા વર્ષે રાજયમાં ચાલતા હુક્કાબાર ઉપર પ્રતિબંધ લાવીને યુવાનોને વ્યસનના માર્ગ ઉપર આગળ જતા અટકાવ્યા છે. એટલે જ શ્રી વિજયભાઇ રૂપાણીવાળી સરકાર સંવેદનશીલ સરકાર તરીકે ઓળખ મેળવી શકી છે. બીડી કે સિગારેટ જેવા વ્યસનોની જગ્યાએ આજના યુવાનો અને પુખ્ત વયના વ્યક્તિઓ બેટરી ઓપરેટેડ ઇ-સિગારેટ વાપરતા થઇ ગયા છે. તમાકુંયુક્ત બીડી સિગારેટ કરતાં આ વ્યસન વધારે જોખમી અને સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. તેમાં રહેલ નિકોટીન શરીરમાં ધીમી રીતે ઝેરનું કામ કરતું હોય છે. વ્યક્તિના બ્રેઇન અને સ્ટીમશેલ ઉપર ડાયરેક્ટ અસર કરતું હોય છે. આના સિવાય અનેક રોગો જેવા કે ટીબી અને કેન્સરને પણ નિમંત્રણ આપતું હોય છે. ઘણાખરા લોકો આ વિષય જાણતા હોય છે છતાં તેનું સેવન કરતા હોય છે. તેના માટે અનેક જાહેરાતોમાં તે વિષયને લેખિતમાં લખવામાં આવે છે કે, આ આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. છતાં નાના યુવકોથી લઇને પુખ્ત વયના લોકો તેનું સેવન કરતા હોય છે. ખાસ કરીને વેપ પેન્સ તરીકે ઓળખાતી આ નિકોટીનયુક્ત ઇ-સિગારેટ ભારતમાં ૪૦૭ બ્રાન્ડમાં જોવા મળે છે અને તેના કેટલાક ફલેવર પણ બજારમાં ઉપલબ્ધ છે. સ્ટ્રેસ રીલીઝ કરવા માટે આપણા યુવાનો આનું સેવન કરતા હોય છે. મને જણાવતાં આનંદ થાય છે કે, આપણી કેન્દ્ર સરકારના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ આ વિષયને ખૂબ ગંભીરતાથી લીધો છે. આવતા સો દિવસમાં ઇ-સિગારેટ અને પેની જેવી બનાવટો ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે. આપણી સંવેદનશીલ ગુજરાત સરકારે પણ આ વિષયને ખૂબ ગંભીરતાથી લીધો છે. તેના ઉત્પાદન અને વેચાણ ઉપર કડક પ્રતિબંધ મૂકવાનું બિલ લાવવામાં આવ્યું છે અને તેનો કડક અમલ કરવામાં આવશે તેવી પ્રજાને પણ ખાતરી છે. ઘણાબધા કુટુંબોના યુવાનોનું ભવિષ્ય જોખમાતું અટકી જશે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી મોદીજીના નેતૃત્વમાં સમગ્ર દેશના નાગરિકો ૨૦૨૨માં આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરવા જઇ રહ્યા છે ત્યારે માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા જે વિધેયક લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું અને અભિનંદન પણ આપું છું. આ

તા. ૩જી જુલાઇ, ૨૦૧૯

સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૧૯

વિધેયક નવા ગુજરાતના નિર્માણ માટેનું અગત્યનું આવકારદાયક પગલું રહેશે. આવો આપ સૌ આ ગૃહના સભ્યોને વિનંતી કરું છું કે આપણા ભવ્ય ગુજરાત અને દિવ્ય ભારતના નિર્માણ માટે આપણે સહિયારો પ્રયત્ન કરીએ અને આ બિલને આપણે ગૃહમાં તેને આવકારીએ. ભારત માતાકી જય. જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : આવા ગંભીર વિષયમાં સભાગૃહના તમામ સભ્યશ્રીઓને કહું. અહીં માત્ર ૬૦ સભ્યો જ હાજર છે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેર ખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૯ લઇને રાજયના ગૃહ મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું એટલું ચોક્કસ કહીશ કે જે ભારત સરકારે ૨૦૦૩માં આ બાબતે ચિંતા સેવી હોય અને આપણે આ બાબતમાં ઢીલાશ કરીએ ત્યારે થોડોક અફસોસ થાય. ખેર, દેર સે આયે દુરસ્ત આયે. હવે જ્યારે આ અધિનિયમમાં સુધારા સૂચવવામાં આવ્યા છે ત્યારે સૌથી પહેલા તો વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૫ મે, ૧૯૮૬માં પ્રિવેન્શન ઇસ બેટર ધેન ક્યોર એવું સમજીને તમાકુ અને સિગારેટના વ્યસનથી થતાં નુકસાનને અટકાવવા માટે WHO એ ૧૫ મે, ૧૯૮૬માં આ અંગેનો ઠરાવ કર્યો, એથી આગળ વધીને ૧૭ મે, ૧૯૯૦માં પુરક ઠરાવ કર્યો અને એને અનુસરવા માટે મેં હમણા કહ્યું તેમ ભારત સરકારે ૨૦૦૩માં ત્યારે તો એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે અધિનિયમ કર્યો પછી યુ.પી.એ.ની સરકાર આવી સારી બાબત હતી ૨૦૦૬માં કોંગ્રેસ પુરસ્કૃત યુ.પી.એ. સરકારમાં અન્ન સુરક્ષા અને ધોરણ વિનિમયો ઘડવામાં આવ્યા. ૨૦૧૧માં હમણા માનનીય ગૃહ મંત્રીશ્રીએ ચિંતા સેવી ઇલેક્ટ્રોનિક નિકોટીન ડિલિવરી સિસ્ટમ ENDS એમાં સામેલ નિકોટીનને અથવા ઇલેક્ટ્રોનિક સિગારેટને ખાધ પદાર્થ તરીકે ઉપયોગમાં લેવા ઉપર પ્રતિબંધ જાહેર કર્યો. ગુજરાત સરકારે મોડે મોડે પણ બાળકો, કિશોરો, યુવાનો નિકોટીનના વ્યસની બની ન જાય એ માટે ઇ–સિગારેટ સહીત ENDS નિયમન કરવાનું, એના ઉપર પ્રતિબંધ કરવાનું જે વિચાર્યું છે અને જે કાયદાકીય જોગવાઇ કરવા માગે છે એને હું મારા પક્ષ તરફથી અને ગુજરાતના યુવાધનને આ વ્યસનમાંથી મુક્ત કરવા માટેની આપ જે ચિંતા સેવી રહ્યા છો એને આવકારું છું અને સાથે સાથે સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ યુવાધન વ્યસનના ભાગરૂપે પીએ છે, ગરીબ તાણ અનુભવે છે એટલે પીએ છે અને શ્રીમંત એનો શોખ સંતોષવા પીએ છે. કોઇ પણ વ્યવસન કેટલું ખરાબ છે એ આપણે ઉડતા પંજાબથી જોયું અને એને કારણ સત્તા પલટો પણ આવ્યો. કોઇ પણ બાબત અતિ વર્જયતે આ વ્યવસનમાં પણ એવું છે. માનનીય અધ્યક્ષશ્રી, સિગારેટમાં કાર્બન ડાયોક્સાઇડ આવે છે, કાર્બન મોનોક્સાઇડ આવે છે અને લેઓક્સાઇડ આવે છે એનો ધુમાડો શરીરમાં જાય, ફેફસામાં જાય તો ફેફસાનું કેન્સર પણ થતું હોય છે. જાહેર સ્થળો પર સિગારેટ ન પીવી એના ઉપર આપણે પ્રતિબંધ મૂક્યો છે. મને યાદ છે કે, શાહરૂખ ખાને મુંબઇમાં ક્રિકેટ ક્લબમાં જાહેરમાં સ્મોકીંગ કર્યું હતું અને એના ઉપર પોલીસે કડક કાર્યવાહી કરી હતી. તો ગુજરાતમાં કેમ આવી ઢીલાશ પ્રવર્તે છે એ સમજાતું નથી ! સાથો સાથ એક મિસ્ટર પાવલોજ કરીને એક વેલનોન હ્યુમન સાયન્સિસ્ટ થઇ ગયા. મિસ્ટર પાવલોજનો એ પ્રિન્સિપલ ઓફ પાવલોજ એવો મેડીકલ સાયન્સમાં એક પ્રિન્સિપલ છે, એક સિદ્ધાન્ત છે એ પાવલોજ સિદ્ધાન્ત પ્રસ્થાપિત થયો છે એ તર્ક એની ફિલસૂફીના આધારે મેડીકલ સાયન્સમાં પ્રવર્તે છે. એણે શું કહ્યું છે કે, કોઇ પણ વ્યસનને કે કોઇ પણ દૂષણને ડામવા માટે કા ઇનામ આપો અને કા સજા આપો. કોઇ પણ વ્યકિતને તમે ઇનામ આપો, પુરષ્કાર આપો, આર્થિક બદલો આપો તો એ વ્યસનમાંથી હટી જાય અથવા એની સામે તમે કડકમાં કડક સજા કરો, પનીસમેન્ટ કરો તો એમાંથી એ બાકાત થઇ જાય. સજાની જોગવાઇ માનનીય ગૃહ મંત્રીશ્રી કરી રહ્યા છે ત્યારે એના કડક અમલની પણ અપેક્ષા રાખીએ છીએ. વ્યસન મુકિત અભિયાન હમણા માનનીય ગૃહ મંત્રીશ્રીએ સરદાર સાહેબ અને મહાત્મા ગાંધીજીને યાદ કર્યા. સારી વાત છે અમે પણ તેને નમન કરીએ છીએ વિશ્વ વિભૂતિઓ છે. ગુજરાત નશાબંધી મંડળ જે મહાત્મા ગાંધી વખતથી ચાલતુ હતું અને ચુનીભાઇ વૈદ્ય એક પ્રખર ગાંધીયન હતા તે ગુજરાત નશાબંધી મંડળ ચલાવતા હતા અને એમાં આ પ્રવૃત્તિ થતી હતી. અત્યારે આ ગૃહના ઉપાધ્યક્ષ રહી ચૂકેલા કરસનદાસ સોનેરી તેના અધ્યક્ષ છે તો આ ગુજરાત નશાબંધી મંડળ જેવી સંસ્થાઓને પણ આવા સારા કામમાં જોતરવી જોઇએ. કારણ કે આપણે જાણીએ છીએ કે ચૂંટણી વખતે જે રાજસ્થાનમાંથી દારૂ આવવાનો કમનસીબ બનાવ બન્યો તે ગુજરાતનું દુર્ભાગ્ય છે. મારા મોરબીમાં આખેને આખી રેન્ક, કન્ટેનર ભૂતકાળમાં પકડાયુ છે. મારા મોરબીનું યુવાધન આજે ડ્રગ્સના રવાડે ચડયું છે તે પણ મોટો ચિંતાનો વિષય છે ત્યારે માનનીય ગૃહમંત્રીશ્રી આ બાબતે પણ તપાસ કરાવે અને મોરબીના પોલીસ તંત્રને વધુ સબળ બનાવે અને જે અમારું એક સિરામીકનું હબ છે અને આખા ભારતનું એક મીની બજાર ત્યાં ઉભું થયુ છે ત્યારે મોરબીના યુવાધનને આ બાબતમાંથી બચાવવા માટે વધુ સાબદુ બને એવી અપેક્ષા રાખું છું. હમણાં જોષીયારા સાહેબે કહ્યું કે જાહેરાતો હોય છે, વ્યસન મુકિત અભિયાન કરીએ છીએ જાહેરાતો કયાંક ભ્રામક હોય, કયાંક છેતરામણી હોય તો કયાંક દ્વિઅર્થી હોય છે. પણ એટલુ ખરું કે આપણે શાળાના અમુક વિસ્તારમાં ગુટકા કે સ્મોકીંગ ઉપર આપણે પ્રતિબંધ મૂકયો હતો અને દુકાનદારોને લાયસન્સ પણ નથી આપતા આ આવકાર્ય છે પરંતુ લોકો તેનો વિકલ્પ શોધી લેતાં હોય છે. સાઇકલ ઉપર કે લારી ઉપર આવા ગુટકા આ સ્કૂલની આજુબાજુ વેંચાય છે તો ત્યાં પણ આપણે પ્રતિબંધ મૂકવો પડે. કારણ કે જો વેંચાતા જ ના હોય, મળતાં જ ના હોય તો ખાય કયાંથી ? સ્કૂલની આજુબાજુના સો મીટરના વિસ્તાર ઉપર પ્રતિબંધ મૂકવો અને જો કોઇ ભંગ કરે તો તેની સામે કડક ક્રિમિનલ કાર્યવાહી કરો એવી આપ સાહેબ પાસેથી અપેક્ષા રાખું છું. મહારાષ્ટ્ર સરકારે તો ગુટકા ઉપર પ્રતિબંધ મૂકયો છે તે તો જગજાહેર છે. ડી–એડીકશનની વાત આવકાર્ય છે જડબેસલાક અમલ કરવો જોઇએ. સાથોસાથ વ્યસન ચાહે ગમે તે હોય ગાંજાનું વ્યસન હોય, ભાંગનુ વ્યસન હોય કે પછી અફીણનું હોય એ

લાંબાગાળે જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે છે. આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલોમાં મેડિકલ ટ્રીટમેન્ટ મળે, સાયકયાટ્રીકોને તેમાં નાંખીને આવા જે વ્યસની બની ગયા છે તેને તેમાંથી છોડાવવાનું કાર્ય કરવુ પડે. એમાં આપણે શિક્ષણ કે એવો સમુદાય છે તેને આઇડેન્ટીફાય કરીને, તેને અલગ પાડીને, તેનુ લાઇવ ફોલોઅપ કરીને માત્ર એક વખત તેને વ્યસનમાંથી મુકત કરી દેશો તો એ વ્યસનમુકિત નહીં થઇ જાય પણ સતત તેના ઉપર લાઇવ ફોલોઅપ થશે મનોચિકિત્સકનું આ તારણ છે તો સમયાંતરે તેના ઉપર આ રીતે તેને જાગૃત કરતા રહીએ માત્ર ઉપરછલ્લી કાર્યવાહી ના કરીએ તે બાબત પણ એટલી જ ઇચ્છનીય છે.છેલ્લે હું એટલુ જ કહીશ કે આપ જે આ વિધેયક લઇને આવ્યા છો એ ગુજરાતના યુવાધન માટે ગુજરાત જયારે આખા વિશ્વમાં અને દેશમાં નશાબંધી માટે સુવિખ્યાત છે ત્યારે ગુજરાતની પ્રજાની તંદુરસ્તી માટે આપે જે ચિંતા સેવી છે તેને હું મારા પક્ષ તરફથી આવકારું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં આ ગુજરાતના પ્રબળ ઇચ્છાશકિત ધરાવતા આપણાં ગૃહમંત્રી આદરણીય પ્રદિપસિંહજી જે ઇ–સિગારેટને લગતું જે આ બિલ લઇને આવ્યા છે તેના અંગે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત શાંત, સમૃદ્ધ, સલામત અને પ્રગતિશીલ રાજય છે અને ગુજરાત મોડલ તે આખા દેશની અંદર પ્રસિદ્ધ છે. અને એનો જે મુખ્ય આધારસ્તંભ હોય એ આપણો વિકાસ અને કાયદો વ્યવસ્થા છે. આ કાયદો અને વ્યવસ્થાની અંદર સૌથી મોટું પરિબળ હોય તો એ રાજયની નશાબંધીની નીતિ છે એના આધારે આપણા રાજયની સલામતી અને શાંતિ આખા દેશની અંદર પ્રસિદ્ધ છે. આની કડક નીતિ અને એના સ્વરૂપે આપણે જોઇએ છીએ કે જેમ–જેમ સમય બદલાય એમ દૂષણ પણ બદલાય છે. આ ઇ–સિગારેટ વિશે વર્ષો પહેલાં કોઇએ કલ્પના પણ નહોતી કરી કે આવું પણ હોય. આપણે જોઇએ છીએ કે, આપણા દેશમાં સૌથી વધુ યુવાધન છે અને આપણા રાજયની અંદર પણ પ્રમાણમાં વધુમાં વધુ યુવાધન છે અને આ યુવાધન ભવિષ્યમાં પણ આડા રસ્તે ન જાય અને વ્યસન મુક્ત રહે એના માટે આપણા ગૃહમંત્રી આદરણીય પ્રદીપસિંહજી આ બીલ લાવ્યા છે. એમને હું અભિનંદન આપું છું. આજે આ સૌથી મોટા યુવાધનની ચિંતા ગુજરાત સરકારે કરી છે. આપણે જોઇએ છીએ કે ગુજરાત સરકાર આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્ત્વમાં સંવેદનશીલ છે અને હમણાં–હમણાં જ આપણે જોયું કે, મહિલાઓના વાલી બનીને જે ચેઇન સ્નેચિંગ થતું હતું એના કાયદામાં સુધારો કર્યો. એ પછી દારૂબંધીમાં સુધારો કરી અને ગરીબ અને મધ્યમવર્ગના વાલી બન્યા. એ પછી સી.સી.ટી.વી. કેમેરામાં પણ આપણા ગૃહમંત્રીશ્રીએ વાત કરી એમાં કાયદો અને વ્યવસ્થા જડબેસલાક થાય. ઘણી વાર એવું થાય છે કે માનનીય સભ્યશ્રી કહેતા હોય છે કે અહિયા આમ થાય છે, અહિયા તેમ થાય છે પણ બધે જ સી.સી.ટી.વી. કેમેરા હોય છે. ગુજરાત સરકાર તમામ પાસાઓનો વિચાર કરી અને એને પરિપૂર્ણ કરવા માટે સક્રિય છે અને આ ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાના કારણે એટલી સુદ્રઢ છે કે આપણી દીકરીઓ રાત્રે ૧૨:૦૦, ૧:૦૦ વાગે પણ એક્ટિવા લઇએ બહારથી એકલી આવી શકે છે. આ ગુજરાતની આખા ભારત દેશની અંદર ઇમેજ છે. આની ચિંતા કરી અને માનનીય ગૃહમંત્રીશ્રી આ બીલ લાવ્યા છે તો ઇ–સિગારેટ નામના હાનિકારક અને જે ભવિષ્યમાં આપણા યુવાધનને આર્થિક રીતે અને શારીરિક રીતે પાયમાલ કરનાર છે અને અગાઉથી જ એની અગમચેતી રૂપે આ સરકારે હરહંમેશની જેમ પાણી પહેલાં પાળ બાંધવાની શરૂઆત કરી છે અને આ કાયદામાં સુધારો કરી અને એના ભંગ બદલ ૩ વર્ષની જેલ અને ૫૦,૦૦૦ સુધીના દંડની જોગવાઇ કરી છે. આ ઇ–સિગારેટનું બીલ લાવ્યા એને હું અનુમોદન આપું છું અને માનનીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એની અંદર હું મારા વિચારો રજૂ કરું છું. આપે ટકોર કરી એ ખૂબ સારી વાત છે કે આ ખૂબ ગંભીર વિષય છે. સમાજ માટે, આપણા માટે, આપણા ભવિષ્યની પેઢી માટે આ ખૂબ જ ચિંતાનો વિષય છે. દિવસે–દિવસે યુવાનો આ બધાં વ્યસનો તરફ ખૂબ જ આકર્ષિત થયા છે. આ વ્યસનને કારણે વધારેમાં વધારે લોકો ભોગ બની રહ્યા છે. આ માત્ર ઇ– સિગારેટ સુધી સિમીત નથી. આપણે આ સંદર્ભે જુદા જુદા સમયે હુક્કાબાર તથા બીજા વ્યસનો બાબતે કાયદાઓમાં સુધારાઓ કર્યા છે અને એનો અમલ પણ કરવામાં આવ્યો છે. પણ માત્ર કાયદો બનાવીને એનો અમલ કરીએ, દંડ કરીએ લોકોને જેલમાં નાખી દેઇએ ત્યાંથી વાત અટકતી નથી પરંતુ એના જે સ્ત્રોતો છે આપણા ગુજરાતમાં નશાબંધી અમલમાં છે ત્યારે આવી વસ્તુઓ પ્રજા સુધી જે લોકો પહોંચાડે છે એને અટકાવવા માટે ખૂબ વૈજ્ઞાનિક ઢબે પ્રયાસ કરવા પડશે જેથી કોઇપણ નશાવાળી વસ્તુ લોકો સુધી આસાનીથી ઉપલબ્ધ ન થઇ શકે. એની સાથે સાથે નશામુકિત કેન્દ્રો ચાલતા હતા ત્યારે મારું મંત્રીશ્રીને નિવેદન છે કે આવા નશાબંધી કેન્દ્રો છે જે ડી એડીકશન કેન્દ્રોમાં સારા ડોકટરો મળી રહે અને સારું કાઉન્સલીંગ થઇ શકે એ સારી વ્યવસ્થા સાથે ઉભા કરવા પડશે. કારણ કે આમાં મોટે ભાગે મધ્યમ વર્ગના કુટુંબો સપડાય જાય છે એ બાળકો વ્યસનના બંધાણી થઇ જાય છે ત્યારે એની સારવાર કરાવવી પણ જરૂરી છે અને એ સારવાર ઘણી મોંઘી હોય છે એના કારણે કુટુંબો બરબાદ થઇ જાય છે. એમની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી એ સારા ખાનગી દવાખાનાઓમાં સારવાર લઇ શકતા નથી એની ટ્રીટમેન્ટ લઇ શકતા નથી એના કારણે અનેક બાળકો આવી ઝેરીલા નશાના કારણે મૃત્યુ પણ પામતા હોય છે અને એના પરિવારોને પણ મુશ્કેલી પડતી

હોય છે. તેથી નશામુકિત કેન્દ્રો દ્વારા એનો પ્રચાર પ્રસાર વધારે થાય એના માધ્યમ થકી જાગૃતિ અભિયાન કરીને કઇ રીતે આપણા બાળકો આ બધા વ્યસનોમાંથી દૂર રહી શકે. સાથે સાથે શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને પણ આમાં સામેલ કરીને સમાજની અંદર ઝૂંબેશો કરીને જાગૃતિ લાવવી ખૂબ જરૂરી છે. આપણે કાયદો બનાવી દઇએ પછી એને દંડ કરીને પછી બેસી રહીશું તો આપણે નશા મુકિતમાંથી લોકોને બચાવી શકીશું નહિ. અત્યારે નશાનું પ્રમાણ ઘણું વધારે છે. ડ્રગ્સ, કેમીકલ્સ વગેરેનો બાળકોમાં વ્યાપ વધતો જાય છે. ખાસ કરીને શહેરોની અંદર એનો વ્યાપ વધતો જાય છે. કોલેજ કેમ્પસોની આજુબાજુ બાળકો એનો ભોગ બનતા હોય છે. એના કારણે કેટલાય કુટુંબોની આર્થિક પરિસ્થિતિ બગડતી હોય છે. એટલે એના માટે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહીશ કે નશા મુકિત કેન્દ્રો એના ડી એડીકશન કેન્દ્રોને અપગ્રેડેશન કરીએ તો લોકોને સારી રીતે સેવા આપી શકશે. આપણે ગુટકા ઉપર બાન મૂકયો છે એમાંથી તમાકુ કાઢી નાખી છે પરંતુ પરિસ્થિતિ એવી થઇ છે કે સાદા ગુટકા મળે છે અને તમાકુ જુદી મળે છે એટલે આ બંને વસ્તુ અલગ અલગ મળે છે એટલે કાયદાની કોઇ અસર થતી નથી. તમાકુ અને સાદા ગુટકા જુદા લઇ લો અને પછી મિકસ કરી દેવામાં આવે છે એટલે આપણે સાદા ગુટકા અને તમાકુ બંને ઉપર પ્રતિબંધ મૂકવો જોઇએ એના લીધે કેન્સર જેવો રોગ થાય છે. કોઇપણ કાયદામાં છટકબારી હોય એના લીધે અમલ થઇ શકતો નથી. આપણે તમાકુવાળા ગુટકા ઉપર પ્રતિબંધ મૂકયો પણ સાદા ગુટકા મળે છે અને એની અંદર કયુ કેમીકલ્સ આવે છે એની પણ ખબર હોતી નથી. આ કેમીકલ્સ લાંબાગાળે નુકસાન કરે છે. વધારે સમય આ વ્યસન કરવાથી કેન્સરના રોગી બનતા હોય છે.

એટલે તાત્કાલિક અસરથી આવા ગુટકાઓ બંધ કરવા જોઇએ. અને તમામ બાબતો જે છે એના માટે કાયદાનો અમલ થાય, સાથે સાથે સામાજિક જવાબદારીઓ પણ આપણે નિભાવીએ અને જે વ્યવસ્થા સરકારની જે ચાલે છે અને નશામુકિત કેન્દ્રો જે ચાલે છે એને અપગ્રેડ કરીએ અને એની થોડી ગ્રાન્ટ વધારીએ અને પ્રચાર અને પ્રસાર પણ વધારીએ તો આપણે અને સરકાર સમાજની વધારે સારી રીતે સેવા કરી શકશે.

અધ્યક્ષશ્રી : મારે નોંધ લેવી છે અને મને યોગ્ય પણ લાગે છે કે, માનનીય શ્રી સુરેશભાઇ પટેલ, આપ જરા સ્થાન ઉપર ઉભા થશો. માનનીય શ્રી શિવાભાઇ ભૂરીયા, માનનીય નથાભાઇ પટેલ, માનનીય ધનજીભાઇ પટેલ, માનનીય કરસનભાઇ સોલંકી આ પાંચ સિનિયર ધારાસભ્યો છે, એમની ઉંમર આપણે જોઇ શકીએ છીએ. હું કયારનો નોંધ લઉં છું કે, જયારથી સભાગૃહની શરૂઆત થઇ છે તે અત્યાર સુધી એમના સ્થાન ઉપરથી ગયા નથી. આ જે સભ્યશ્રીઓ છે એમને અભિનંદન આપીએ, બીજા સભ્યશ્રીઓ એમના પાસેથી ધડો લેવો જોઇએ. આપ સૌનો આભાર, આપ બેસી જાઓ. આપનો ધડો લેવો પડે બીજા લોકોએ.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત(પુર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા લઇને આવ્યા છે તે બદલ તેમનો તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું અને આ વિધેયકને અનુમોદન આપું છું. અગાઉ ગુટકાબાર જેવું દૂષણ બંધ કરવા માટે દારૂબંધીનો અને ગૌહત્યાનો કાયદો કડક બનાવેલો. તેમજ હવે ઇ–સિગારેટ જેવા અતિ આધુનિક અને સાયલન્ટ કિલર જેવા દૂષણને ડામવાની સરકારે હામ ભીડી છે, તે અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના કેટલા શહેરી વિસ્તારોમાં આવેલ સાર્વજનિક જગ્યાઓમાં ખાણી પીણીની જગ્યાઓ, હોટલ અને રેસ્ટોરન્ટમાં તમાકુ, હુક્કાબાર, ગુટકા અને ઇ– સિગારેટો પૂરી પાડવાનું ચલણ વધ્યું છે. આજનું યુવાધન આવી જગ્યાઓ પર આકર્ષિત થાય છે અને મોજશોખ માટે વારંવાર આવા સ્થળો પર જાય છે. અને નશીલા પદાર્થોનું બંધાણી બની જાય છે. આવી જગ્યા પર આપવામાં આવતી ઇ–સિગારેટ જેવી બનાવટોનું મળતી હોવાથી યુવાધનને લાંબા ગાળે તેનું સેવન કરી વ્યસન કરવાની અને નશો કરવાની આદત પડી જાય છે. આમ નશાની લતે ચઢી જાય છે અને તેના કારણે આવા યુવાનો શારીરિક અને આર્થિક રીતે પાયમાલીનો ભોગ બને છે અને હવે તો એમેઝોન અને ફ્લીપ કાર્ડ જેવી કંપનીઓ ઇ–શોપીંગમાં જે ઘેર બેઠાં આવા દૂષણો ફેલાવતા પદાર્થો બનાવીને આપી રહ્યા છે. તેનો ફેલાવો ખૂબ સહેલાઇથી થઇ રહ્યો છે અને આવી બનાવટો લોકોને પ્રાપ્ત થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આપણા પ્રધાન મંત્રીશ્રી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તમાકુની બનાવટો અને ગુટકા પર પ્રતિબંધ લગાવ્યો હતો અને તેના કારણે ઘણા બધા લોકો આ નશો લેવામાંથી અને તેના બંધાણી બનવામાંથી મુકત થયા છે. નશો એ નાશનું મૂળ છે. કેન્સર જેવી મહામારી બિમારી આ નશાના બંધાણીને થાય છે અને તેના કારણે આવી વ્યકિત આર્થિક રીતે પાયમાલ થઇ અને કુટુંબને પણ બરબાદ કરી નાંખે છે. ઘણા પરિવારો અને ખાસ કરીને ગુજરાત રાજયની બહેનો આપણી ભાજપની શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારને આશીર્વાદ આપે છે કે પરિવારનો મોભી નશાથી મુકત થાય ત્યારે પરિવારને કેટલો આનંદ થાય, તે આ બહેનો સારી રીતે જાણે છે.

આ બિલ જે સભાગૃહમાં રજૂ થયું છે, તેમાં તમાકુની કોઇ પણ બનાવટો, તેમાં હુક્કાબાર કે ઇ–સિગારેટ કે જે ઇલેકટ્રોનિક નિકોટીન ડિલિવરી એમાં જે એન્ડ એમાં હોય છે એના કારણે આ ઇ–સિગારેટ લેતો વ્યકિત બંધાણી બની જાય છે

અને તેનું મૃત્યુ સત્ય બની જાય છે. આ જે એન્ડ છે એના કારણે એના જીવનનો પણ એન્ડ નિશ્ચિત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા ફ્રેમ વર્ક, કન્વર્ઝન ઓન ટોબેકો કન્ટ્રોલ, સી.ઓ.પી. સિકસનું ફેડરેશન ૧૮–૧૦–૨૦૧૪ના રોજ રશિયાના મોસ્કો ખાતે મળ્યું હતું. જેમાં ઇલેકટ્રોનિક સિગારેટ એટલે કે ઇ–સિગારેટ, જે સામાન્ય પ્રોટોટાઇપ છે, તે એવા ઉપકરણો છે જે તમાકુના પાંદડા બર્ન અથવા તો તેનો ઉપયોગ કરતા નથી, પરંતુ તેના બદલે વરાળ કે પછી વપરાશકર્તા એક પ્રકારનું સોલ્યુશન વાપરે છે, એ સોલ્યુશનના મુખ્ય ઘટકો નિકોટીન ઉપરાંત ગ્લીસરીન અને સ્વાદયુકત કોમ્પોનન્ટ અથવા તો સ્વાદ વગરના ગ્લાયકોન હોય છે. જેમાં સોલ્યુશન અને ઉત્સર્જનના ઝેરી રસાયણ સામેલ હોવાનું માનવામાં આવે છે. તેનાથી વ્યકિતને નશો થાય છે અને વારંવાર સેવન કરવાથી તેના આદિ બની જાય છે. અને આવા યુવાનો ધુમ્રપાન તરફ વળી જવાની સંભાવના હોવાનો અહેવાલ આ ફેડરેશનને મળ્યો હતો અને ફેડરેશને નિર્ણય કરીને સભ્ય દેશોને સર્વાનુમતે ઇ–સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવાનું સૂચવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાનો કડક અમલ થાય અને તેના માટે સબ ઇન્સ્પેકટર અથવા તેનાથી ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારી ઇલેકટ્રોનિક સિગારેટની વિષય વસ્તુ અથવા તો સાધનો જે જે વાપરવામાં આવ્યા હોય તે જો મળી આવે તો તેવી ચીજ વસ્તુઓ કબજે કરવાની અને એક વર્ષથી વધુ અને ૩ વર્ષ સુધીની સજા અને ૨૦ હજારથી વધુ અને ૫૦ હજાર રૂપિયા સુધીની રકમના દંડની સજા કરવાનું આમાં પ્રાવધાન છે. રાજયનું યુવાધન આવા દારૂ, જુગાર, સિગારેટ કે ઇ–સિગારેટ જેવા નશાની લતે ચડી અને ગુનાખોરીના રસ્તે ચડી ગુનાઓ કરે તે જરા પણ ચલાવી લેવાય નહીં. કાયદાની છટકબારીનો લાભ લઇને આપણું યુવાધન બરબાદીના પંથે જાય તે ઇચ્છનીય નથી. આવા સંજોગોમાં ગૃહમંત્રી માનનીય શ્રી પ્રદિપસિંહજી જાડેજાએ આવી પ્રવૃત્તિ અટકાવવાની દ્રઢ ઇચ્છા શકિત અને સંકલ્પરૂપ આ કાયદામાં સુધારો કરવા માટેનું બિલ રજૂ કર્યું છે તેને હું સંપૂર્ણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઇ–સિગારેટ છે, એ ૨૦૦૩માં હોર્નલિક નામની ચીની ફાર્માસ્યુટીકલ કંપની દ્વારા ઇ–સિગારેટ બનાવવામાં આવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, એના બીજા વર્ષે ચીનમાં એનું વેચાણ શરૂ થયું. ત્યારબાદ એ જ ફાર્માસ્યુટીકલ કંપનીની ગોલ્ડન ડ્રેગન વર્લ્ડ ઇન્ક. કંપની દ્વારા વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં દુનિયાના દેશોમાં એનું વેચાણ શરૂ થયું. હવે આ કોમ્પોનન્ટમાં ઘણી કંપનીઓ સામેલ થઇ ને ઇ સિગારેટનું વેચાણ ચાલુ કરેલ છે. જે ઓન લાઇન પણ મેળવી શકાય છે, આ કાયદો અમલમાં આવ્યા પછી તેની જાહેરાત અને વેચાણ તેમજ ઉત્પાદન અને વિતરણ પર પ્રતિબંધ લાગશે જે માનવ જાતના આરોગ્ય માટે ખૂબ જ જરૂરી છે, આ વિધેયકને હું આવકારું છું અને સમર્થન આપું છું. આભાર, ભારત માતાકી જય.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આ બિલ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. ગુજરાતનું યુવા ધન બગડે નહીં તેની ચિંતા સરકાર અને માનનીય મંત્રીશ્રીએ કરી છે તે ખૂબ સરસ છે. હું કોઇ પોલિટીકલ વાત કરવા માગતો નથી. મને યોગ્ય લાગ્યું છે એટલે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આ યુવાધનને સિગારેટ અને ડ્રગ્સથી દૂર રાખવા માટે આપણે સરસ કાયદાઓ તો કરીએ છીએ. પણ મારા કલોલમાં હું સવારમાં બગીચામાં ચાલવા માટે નીકળું છું ત્યાં ઘણી બધી ખાલી બોટલો મને જોવા મળી અને તેનું સંશોધન કરતા મને એવું જાણવા મળ્યું કે, આ ફોરેકસ નામની આલ્કોહોલીક દવા છે. તે મેડિકલ વાળા વેચી શકતા નથી. પરંતુ તે પીવાથી નશો આવતો હોય છે અને તે નશો કરવા માટે આ રાજયના વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરતા હતા આવું મને જાણવા મળ્યું છે.

**(વિરામ બપોરના ૧૧–૩૦ થી ૧૨–૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી બળદેવજી ઠાકોરઃ(ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, મેં રાજકીય વાત નહીં પણ મંત્રીશ્રીનું અને સરકારશ્રીનું ધ્યાન દોરવા અંગે ફોરેક્સની વાત કરી હતી. ગુજરાતમાં લગભગ તમામ શહેરોમાં યુવાધન તેનું સેવન કરતું હોય છે. તેનાથી નશો ચડે છે તેના માટે યુવાધન તેનો વધારે ઉપયોગ કરે છે. એથી થોડું આગળ જઇને હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. હું સરકારની ટીકા કરવા માગતો નથી. અહીં ગાંધીનગરમાં ઇન્ફોસિટી આવેલ છે. આખા ભારત દેશનું યુવાધન ત્યાં જોવા મળતું હોય છે. આજે હું કહી શકું કે, ગુજરાતની અંદર પંજાબ કરતા વધારે ડ્રગ્સનો ઉપયોગ એ વિસ્તારમાં થાય છે. આ જવાબદારી કોની? હું હજુ સરકારની ટીકા કરવા માગતો નથી. આ યુવાધન બગડે નહીં, આ યુવાધન ખોટા રવાડે ચડે નહીં તેના માટે તેના પર બાન લાવવા માટે ને ત્યાં આગળ ડ્રગ્સ ન વપરાય તેની ચિંતા કરવા માટે હું મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. મેં કહ્યું તેમ સારાય પંજાબમાં ન વપરાતું હોય એટલું ડ્રગ્સ આપણી ઇન્ફોસિટીમાં વપરાય છે. તેની તપાસ કરાવજો, ખાતરી કરજો.

અધ્યક્ષશ્રી : આ વધારે પડતી વાત નથી?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : ના, ના, સાહેબ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, રાજકીય બોલશો નહીં.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : રાજકીય નથી બોલતો. મેં કહ્યું કે હું સરકારની ટીકા કરવા માગતો નથી.

અધ્યક્ષશ્રી : તમે તમારી વાતને વળગી રહો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું સરકારની ટીકા કરવા માગતો નથી, આ વાસ્તવિકતા છે. ત્યાં આગળ સિગારેટ હોય તેમાંથી તમાકુ ખાલી કરવાની અને તમાકુ ખાલી કર્યા પછી તેમાં ચરસ હોય, ડ્રગ્સ હોય એ વાપરીને ફરી વાર અંદર નાખીને તેનો ઉપયોગ થતો

હોય છે. હું ફરી વખત કહું છું કે હું સરકારની ટીકા કરવા માગતો નથી. હું કોઇ ખોટું અવલોકન કરવા માગતો નથી અને આનો વેપાર ખૂબ મોટા પાયે ચાલે છે. હું એથી વધારે આગળ વાત કરીશ તો ગલ્લે ગલ્લે મળતું હોય છે એવું નહીં, એનો વેપાર મોટા માણસો કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : બળદેવજીભાઇ, તમારો આભાર. માનનીય વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯ લઇને આવ્યા છે તેના અંગે મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી આ બાબતમાં ગંભીર છે. યુવાધનને બચાવવા માટે ગંભીર હોવી જ જોઇએ. કોઇ પણ દેશની પ્રગતિ કેટલી થવાની છે, કોઇ પણ રાજયની પ્રગતિ કયાં પહોંચવાની છે તેનો મુખ્ય આધાર જો કોઇ હોય તો યુવાધન છે. આ યુવાધન વ્યસનથી પીડાઇ રહ્યું છે. તેનું કારણ એ છે કે અત્યારે સ્ટ્રેસનો જમાનો છે, મોબાઇલનો જમાનો છે. હાઇટેક યુગ ચાલી રહ્યો છે. સતત કામનું ભારણ છે તેને ભૂલવા માટે માનવી કોઇ પણ વ્યસન તરફ વળતો હોય છે. અગાઉ જયારે આ દેશમાં અંગ્રેજશાહી ચાલતી હતી ત્યારે રાજાશાહી હતી. એ રાજાશાહીમાં એ વંશજોમાં વ્યસનનું પ્રમાણ વધ્યું તેના કારણે તેમણે રાજાશાહી પણ ગુમાવવી પડી. આવા અનેક દાખલાઓ ઇતિહાસમાં બન્યા છે. ત્યારે મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે તેને હું પણ અનુમોદન આપું છું. સરકારે આ કાયદો બનાવ્યો છે તેનો તાત્કાલિક અમલ કરવો જોઇએ. ગુટકાનું વેચાણ થઇ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરું છું. અમારા ગામડાંમાં ગલીએ ગલીએ પાનના ગલ્લા છે. યુવાનો ત્યાં જઇને બેસે છે અને ગલ્લે જઇને માવા ચોળે છે એ માવાના પ્લાસ્ટીક ત્યાંના ખેતરો સુધી પવનના કારણે પહોંચ્યા છે. ખેતીનું ઉત્પાદન ઘટ્યું છે. તાજેતરમાં કૃષિ ખાતા તરફથી જે અહેવાલો પ્રસિદ્ધ થયા, જર્મનીએ પ્રસિદ્ધ કર્યા, યુ.કે.એ પ્રસિદ્ધ કર્યા. સતત રાસાયણિક ખાતરના વપરાશના કારણે જમીન પણ બંજર બની ગઇ છે. આ રસાયણના કારણે જો જમીન બંજર બની જતી હોય તો આજે કેન્સરનું પ્રમાણ વધ્યું છે. મા વાત્સલ્ય કાર્ડ, પ્રધાનમંત્રીની જે યોજના આવી છે પાંચ લાખ રૂપિયાની એમાં ૨૦૧૧નું ધોરણ સ્વીકાર્યું છે. તે સરકાર પણ તે વખતે ચિંતિત હતી. આજે આના માટેની વિતરણ વ્યવસ્થા અને જાહેરાત માટે બાન મૂકયો છે. બાન મૂકયો હોવા છતાં પણ આવું વિતરણ થાય છે. ગુજરાતમાં દારૂબંધી છે. છતાં પણ ગલીએ ગલીએ દારૂ વેચાય છે. મારા મિત્ર શ્રી બળદેવજીભાઇ હમણાં બોલતા હતા કે, ગાંધીનગર એક મોટો અડ્ડો બન્યો હોય એવું બની ગયું છે. ત્યારે સરકારે આમાં ચિંતા વ્યકત કરવાની જરૂર છે. આ પ્રશ્ન ભારતીય જનતા પાર્ટી કે કૉંગ્રેસ પાર્ટી નહીં સમગ્ર વિધાનસભાનો આ પ્રશ્ન છે. મારું તો કહેવું છે કે સ્વામીનારાયણ સંપ્રદાય તરફથી વ્યસનમુકિત માટેના કેમ્પ યોજાય છે. અનેક મંડળો તરફથી કેમ્પ યોજાય છે. મહિલા મંડળ તરફથી પણ કેમ્પ યોજાય છે. મહિલા મંડળ એટલા માટે આ કેમ્પ યોજે છે કે એમના યુવાન દીકરા-દીકરી એ ભણે આગળ વધે અને આવા વ્યસન તરફ ન વળે, આના માટે ચિંતા કરે છે ત્યારે આ સમગ્ર રાજયનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે ત્યારે માનનીય પ્રદિપસિંહજીને મારે વિનંતી કરવી છે કે આપ ગૃહ ખાતાના પણ પ્રધાન છો. કોઇપણ વ્યકિત જો બનાવટી તમાકુ વેચતો પકડાય તો પોલીસને એના ઉપર કડક કાર્યવાહી કરવા માટેના આદેશ આપો. હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે, સૌરાષ્ટ્ર બનાવટી તમાકુનું હબ બન્યું છે. તમાકુના વ્યસન માટે મારે તો કહેવું છે કે, ધારાસભ્યોએ આ પવિત્ર ગૃહમાં પ્રતિજ્ઞા લેવી જોઇએ કે, અમે આજથી એક પણ ધારાસભ્ય ગુટકો કે તમાકુ નહીં ખાઇએ અને એની ઉપર પ્રતિબંધ લાવવા માટે અમે પ્રયાસ કરીશું. આપણને ઘણા અનુમોદન આપનારા વ્યકિતઓ હોય છે ત્યારે આપણે અહીં ચૂંટાઇને આવતા હોઇએ છીએ. ત્યારે તેઓ ગર્વથી કહે છે કે, અમારા ધારાસભ્ય તમાકુ ખાતા નથી. આ હું એટલા માટે અહીં કહી શકું એમ છું કે ૧૯૯૦માં હું ધારાસભ્ય તરીકે ચૂંટાણો. મારા પ્રમુખસ્થાને એક વ્યસનમુકિત ઝુંબેશનો કાર્યક્રમ કરવામાં આવ્યો, સ્વામીનારાયણ સંપ્રદાય તરફથી વ્યસનમુકિત ઝુંબેશનો કાર્યક્રમ કર્યો અને મને કીધું કે ઠુમ્મરજી, તમારા પ્રમુખસ્થાને આજે આ કાર્યક્રમ ચાલે છે તો તમે શું વ્યસન મૂકશો? મેં કીધું કે હું માવો ખાઉં છું. હું પોતે ૧૨૦નો માવો ખાતો હતો. હું ૩૦૦ નંબરની તમાકુનો માવો ખાતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ૧૬મી તારીખે હું પ્રથમ વખત ૧૯૯૦માં ચૂંટાણો, અને ૩૧મી તારીખે કાર્યક્રમ હતો, તો મેં મારા ખિસ્સામાંથી માવાનો ઘા કર્યો, ઘા કર્યો અને આજ સુધી સોપારી મારા મોંમાં નથી નાંખી, શરીરમાં નથી નાખી એના કારણે મને તો ઘણો ફાયદો થયો છે. હું જયારે ધારાસભ્ય તરીકે ચૂંટાણો ત્યારે માવા ચોળી ચોળીને મને આપતા હતા. એટલે ધારાસભ્યોએ પણ આમાં આગળ આવવું જોઇએ. જેના કારણે લોકોને પણ અસર પડે. આના કારણે કેન્સરના અનેક દર્દીઓ ઉભા થયા છે. એના કારણે સરકાર પણ ચિંતીત છે. ડોકટરોની શૉર્ટેજ ઉભી થઇ છે. ડોકટર ન હોવાને કારણે આવા કેન્સરના દર્દીઓને મુશ્કેલી પડે છે. અમારે ત્યાં જીલ્લા પંચાયત કૉંગ્રેસ પક્ષની છે ત્યારે અમે સરવે કર્યો, અમને કેન્સરનો દર્દી મળતો તો અમે એને રૂ.૩૦,૦૦૦ની સહાય આપતા. પણ છેલ્લે હું આપને કહીશ કે, જિલ્લા પંચાયતમાં અમારી પાસે ૧૦૦ દર્દીઓ કેન્સરના આવતા પણ આજે અમારી પાસે એક એક હજાર દર્દીઓ પૈસા લેવા માટે આવે છે. પહેલા સ્વભંડોળમાંથી રૂ.૩૦,૦૦૦ની સહાય આપતા એમાંથી રૂ.૨૦,૦૦૦ની સહાય કરી અને હવે રૂ.૧૦,૦૦૦ની કરી છે અને ભવિષ્યમાં આવું ચાલશે તો રૂપિયા પાંચ હજારની સહાય અમે આપી શકીએ એવી પરિસ્થિતિ નિર્માણ થઇ છે. આટલું બધું કેન્સરનું દર્દ વધ્યું છે એ દર્દ પાછળનું કારણ આ ડુપ્લીકેટ તમાકુ છે. આ ઇ-સ્મોકીંગની જે વ્યવસ્થા થઇ છે એ મને લાગે છે કે ચાઇનાએ આપણી ઉપર ઍટેક કર્યો છે કે, આપણા યુવાનોને નબળા બનાવવાની એની પ્રવૃત્તિ હોય એવું મને લાગી રહ્યું છે. ચાઇના સાથેના ગુજરાતે તમામ સંબંધો બંધ કરી દેવા જોઇએ અને એમેઝોન અને ફલીપકાર્ટ, સ્નેપ ડીલ જેવી કંપનીઓ છે એમાં મોટા ભાગનો સામાન આપણે જે મંગાવીએ છીએ, મેં અનેક વખત મંગાવ્યા છે તો મોટા ભાગના ચાઇના બનાવટના બધા સાધનો આવે છે. એટલે ચાઇના બનાવટનું મોટું આક્રમણ ભારત ઉપર થઇ રહ્યું છે, ત્યારે આપણા યુવાનોને આમાંથી બાકાત રાખવા માટે મારે ગૃહને આપના માધ્યમથી વિનંતી કરવી છે કે, તમાકુ વેચવા ઉપર પ્રતિબંધ લાવવામાં આવે. ઇ-સિગારેટ ઉપર જેમ પ્રતિબંધ લાવવામાં આવ્યો તેમ કોઇપણ પાનનો ગલ્લો ચલાવતો હોય તો એની ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે. જેમ બે બાળકો હોય અને બે બાળકો પછી કોઇને ચૂંટણી લડવી હોય, સરપંચની, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતમાં તો એના ઉપર પ્રતિબંધ છે એમ માવો વેચનાર, ગુટકા વેચનાર વ્યકિત ભવિષ્યની કોઇ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે ગ્રામ પંચાયતની ચૂંટણી નહીં લડી શકે એવો ઉમેરો લાવવો જોઇએ. કારણ કે, મોટા ભાગના ગલ્લામાં બેસીને એમનું ગૃપ ઉભું કરે છે અને ચૂંટાઇ પણ જાય છે. એવા સંજોગોમાં આ

પ્રતિબંધ લાવવા માટે સરકારે હજી પણ ગંભીર બનવું જોઇએ. અમે આ બાબતમાં સંપૂર્ણ સરકારને સમર્થન કરીએ છીએ કે, આવો કાયદો ભલે થોડોક મોડો આવ્યો છે છતાં પણ એનો અમલ તાત્કાલિક થાય અને એના માટે અત્યારે બીડી પીવા માટેનો પ્રતિબંધ લાવ્યા છે, જયારે જાહેરમાં જઇએ છીએ, સચિવાલયમાં જઇએ છીએ, ત્યાં આગળ સીડીમાં શું પડયું છે? મોટાભાગના બીડીના ઠૂંઠા પડ્યા હોય છે. આપણે કચરા ટોપલીમાં જોઇશું તો વધારેમાં વધારે બીડી નીકળે છે. જાહેરમાં બીડી પીવા ઉપર પ્રતિબંધ છે છતાં પીવાય છે. એક વખત બીડી પીતા સરકારી કર્મચારી હોય, અધિકારી હોય તો એને નોકરીમાંથી છૂટા કરી દેવા જોઇએ અને તો જ દબાણ વધશે. આવા પગલાઓ માટે સરકારે આગળ આવવું જોઇએ તેવી આપના માધ્યમથી સરકારને વિનંતી કરું છું. આ કાયદાનો અમલ જેમ બને તેમ જલ્દી કડક રીતે કરે. પછી દારૂબંધી જેવું ન થાય એનું પણ સરકારે વિચારવું પડશે. દારૂ લાવનારા કોણ છે? સરકારના અધિકારીઓને ખબર છે કે જેને પકડવાના છે એ લોકો જ મદદરૂપ થતા હોય છે. કોઇપણ વ્યક્તિ પછી તે ધારાસભ્ય હોય, એ રુલિંગ પાર્ટીનો હોય કે કોંગ્રેસનો, કોઇ ચૂંટાયેલ અધિકારી હોય કે પદાધિકારી હોય પણ એને ડિસમીસ કરવા સુધીના પગલા લેવામાં આવે તો આ કાયદાની અમલવારી થશે અને એ અમલવારી કરવા માટે સરકાર આગળ આવે એવી વિનંતી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, એક જ સૂચન હતું, બધા સભ્યોએ કહ્યું છે કે, આ ઇ–સિગારેટ છે એ ઓન લાઇનથી વધારે પ્રમાણમાં આવે છે. ગુજરાતમાં મોટી મોટી કંપનીઓ એ ફ્લિપકાર્ડ, એમેઝોન, સ્નેપડીલ વગેરે છે એના ઉપર બાન મૂકાય તો હું માનું છું કે, આ ઇ–સિગારેટ ગુજરાતમાં આવતી બંધ થાય. આની ૭૭૦૦ ફ્લેવર છે અને અલગ અલગ કેમિકલ્સના ફોર્મેશન છે. મારી પાસે કાર્સિનોજેનિક કેમિકલ અને ફોર્મલ ડીહાઇડ્રેડ વિશે જાણકારી છે કે આ બે કેમિકલ જે મેઝર રોલ પ્લે કરે છે એના ઉપર પણ બાન મૂકાય તો હું માનું છું કે બહુ મોટું કામ થશે. આ ઇ–સિગારેટની અંદર લિથિયમ આયર્ન બેટરી આવે છે. અમુક બેટરી મહિનો ચાલે, અમુક બેટરી વર્ષ ચાલે. એ બેટરી જ્યારે પુરી થાય અને ફેંકવામાં આવે અને એ પાણીમાં ભેગી થાય છે તો એની ગંભીર અસરો પેદા થાય છે. આ બહુ સરસ બિલ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને શ્રી પ્રદિપસિંહ લઇને આવ્યા છે એને હ્રદયપૂર્વક અભિનંદન આપું છું. મારા આટલા સૂચનો છે.

અધ્યક્ષશ્રી : આમ તો બિલ ઉપર મારે બોલવું હોય તો શું કરવું એવો મને વિચાર આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : બિલમાં ક્ષતિ હોય અથવા કોઇ ઉમેરો કરવો હોય તો આપ સૂચન કરી શકો છો.

અધ્યક્ષશ્રી : બિલમાં ક્ષતિ કોઇ જણાતી નથી. હું બિલ વાંચી ગયો. મને પણ એવું હતું કે, આપણા સભાગૃહમાં માનનીય ધારાસભ્યશ્રીઓ અને એમાંય યંગ ધારાસભ્યશ્રીઓ ઘણા બધા છે અને ટેકનોસેવી પણ ઘણા બધા છે. પ્રવચન કર્યું એ સભ્યો થોડા ડેટા લઇને આવ્યા હોત તો આ વિષય ઉપર તમે એક વાત મૂકી શકો. સભાગૃહમાં હાજર રહેવાનું એક મહત્ત્વનું કારણ એ છે કે, તમે સાંભળો છો એની કેટલા નોંધ કરે છે એ હું જોઉં છું. પણ એ નોંધ કરવી જોઇએ, એનો ડેટા કલેક્ટ કરવો જોઇએ. માત્ર ઘ્યાન દોરવા માટે મારી પાસે આ ડેટા છે અને ઘણા વખતથી સંઘરેલા છે. માનનીય મંત્રીશ્રી અને માનનીય સભાગૃહને જણાવું તો ધુમ્રપાન કરનારાના કારણે વર્ષ ૨૦૧૭માં ૮૦ હજાર ૫૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું. ધુમ્રપાન કરનારાના કારણે ૨૦૧૭માં દેશને ૧૬,૮૭૦ કરોડ રૂપિયા સારવાર પાછળ ખર્ચવા પડ્યા છે. બીડીના કારણે ૬ કરોડ ૩૦ લાખ લોકો ગરીબીમાં ધકેલાયા. આ તમાકુની અસર છે. ઓન લાઇન સર્ચ કરીને આ વાત મૂકી શક્યા હોત. ૧૦ મિલિયન એટલે કે ૧ કરોડ According to WHO India is home to 12% of the world smokers. More then 10 million die each year due to tobacco in India.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સમાજના એક નવા પ્રકારના વ્યસનના દૂષણની સામે આ સન્માનનીય સભાગૃહના તમામ સભ્યોએ આ વ્યથાને વ્યવસ્થામાં પરિવર્તિત કરીને સમાજને આ દિશામાં જતા કેવી રીતે અટકાવી શકાય એ માટે ચર્ચાઓ થઇ. સાથી પક્ષના મિત્રોએ પણ આ વ્યથાને વ્યવસ્થામાં પરિવર્તિત કરવા માટે સહકાર આપ્યો અને માનનીય ધારાસભ્યશ્રીઓએ પણ પોતાના સૂચનો આપ્યા. એમાં ફક્ત ડો. જોષિયારા સાહેબે જે વાત કરી એમની વાતમાં ભૂતકાળની અંદર અને આ વખતે પણ કેટલીક ઘટનાઓ એવી બની છે કે જેમાં પોલીસ રેડ પાડવા જાય અને એના ઉપર હુમલા થાય. ભૂતકાળની અંદર આ જ પ્રમાણેના હુમલા થતા હતા ત્યારે કાયદાની અંદર એને સજા મહત્તમ કરાવવાની જોગવાઇ નહોતી. આપણે જે નશાબંધીનો કડક કાયદો બનાવ્યો એની અંદર એ જોગવાઇ કરાવી. એ જોગવાઇ કરાવવાના કારણે પ્રમાણમાં દારૂની રેડ પાડવા માટે પહેલા થતાં પોલીસ પરના હુમલા અને હવે હુમલા એની ટકાવારીની અંદર ઘણો ઘટાડો થઇ શક્યો છે. નવો કાયદો આવ્યા પછી કદાચ ક્યાંક, આજે સવારે સાહેબે ચર્ચા દરમ્યાન વિષય સુધી, ઇ–સિગારેટ સુધી સિમિત રહેવાય. પરંતુ મેં સમજી, વિચારીને દારૂના વ્યસનનો પણ આની અંદર ઉલ્લેખ કર્યો. ઉલ્લેખ કરતાની સાથે મને ખબર હતી કે આ ચર્ચા મોટી થઇ જશે અને આ ચર્ચાના આધાર ઉપર અનેક આક્ષેપો થશે. પરંતુ આ સરકારની ઇચ્છા શક્તિ છે અને કોઇ પણ હિસાબે ઝીરો ટોલરન્સ નીતિ અમે દારૂબંધી સામે કાયદા દ્વારા અને અમારા વહીવટ દ્વારા રાખી છે. સાહેબ, નવો કાયદો બન્યા પછી કદાચ અખબારમાં એવું આવે કે આટલો દારૂ પકડાયો એના કરતા પણ અમે અમારી ઇચ્છા શક્તિના આધાર ઉપર ૨.૨૪ લાખ કેસ કર્યા, અઢી લાખ જેટલા આરોપીઓને પકડયા, અઢી સો કરોડ રૂપિયાનો દારૂ અને સાડા ચારસો કરોડ રૂપિયાના વાહનો અમે જપ્ત કર્યા છે. એટલે આમાં અમારા ઉપર આક્ષેપ થશે, એટલે અમે આ પ્રક્રિયા નહીં કરીએ એવું નહીં પણ આની સાથે સંકળાયેલા લોકો સામે કડકમાં કડક એકશન લેવાય એ અમારો નિર્ધાર છે. ગઇકાલે મેં શ્રી લાખાભાઇના પ્રશ્નના જવાબમાં મેં કહ્યું કે, ૬૫ જેટલા પોલીસ અધિકારીઓ ઉપર અનેક પ્રકારના ઇજાફો, દંડ, બદલી આંતર પોલીસ કોન્સ્ટેબલમાં કર્યા છે. આમાં અમે કોઇ બાંધછોડ કરવા માગતા નથી. લોકલ પોલીસ હોય, સ્થાનિક પોલીસ હોય, બહારની પોલીસ આવે રેડ

પાડીને એને માત્ર સસ્પેન્ડ નહીં સસ્પેશન પછી પાછા આવે એટલે એને કોઇ એક્ઝિક્યુટીવ પોસ્ટીંગ પણ નથી આપતા. એના કારણે રાજ્યામાં પોલીસ ઇન્સ્પેક્ટરોની અછત છે. પરંતુ એ અછતને નિવારવા માટે નવી ભરતી અને બાકીનું કરીશું. આમાં કોઇ બાંધછોડ કરવા માટે અમે તૈયાર નથી. શ્રી બ્રિજેશભાઇએ પણ બહુ સારી વાત કરી. હું શ્રી બ્રિજેશભાઇના ધ્યાન ઉપર મૂકું છું કે, કોકટા એક્ટ ૨૦૦૩ નો છે તેની અંદર હુક્કા એ વ્યાખ્યામાં નથી. ઇ–સિગારેટ એ વ્યાખ્યામાં નથી. આખા દેશની અંદર હુક્કા ઉપર કેવી રીતે પ્રતિબંધ મૂકવો એની દ્વીધા છે. પરંતુ આપણે આ માર્ગ શોધીને એ કોકટા એક્ટની અંદર હુક્કાને વ્યાખ્યામાં અંદર ઉમેર્યો, સજાની જોગવાઇ કરી. આજે ઇ–સિગારેટને વ્યાખ્યાની અંદર ઉમેરીને આપણે સજાની જોગવાઇ કરી. અન્ય રાજ્યોમાં પણ આ નિયમોના આધાર ઉપર ચાલે છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે, આજે આપણે એને કાયદાના સ્વરૂપમાં પરિવર્તિત કરીએ છીએ. એમણે વ્યસન મુક્તિના સંદર્ભમાં ચિંતા કરી એના માટે નશાબંધી વિભાગ એના માટે ચોક્કસ કામ કરે છે. ગુજરાતના પ્રમુખ સ્વામીથી માંડીને અનેક સ્વામીનારાયણના સંતો, મહંતો અને અનેક સંતો, મહંતોએ ગુજરાતની અંદર આની સામે ઝુંબેશ ઉપાડી છે અને એના આધાર ઉપર નશાબંધી વિભાગ પણ સોશિયલ મિડિયાના માધ્યમથી કામ કરે છે. શાળાની આજુબાજુના સંદર્ભમાં પણ એમની ચિંતા વાજબી છે. પછી શું થાય કે સાઇકલ ઉપર ઊભા રાખીને કરે કે નાનો ટેમ્પો લઇને એમાં કરે. હવે રાજયના આખે આખા આપણા ૪૧ જિલ્લા, ૬ યાત્રાધામો અને કેવડિયા બધી જગ્યાએ લગભગ ૩૦૦ થી ૩૫૦ કરોડ રૂપિયાના ખર્ચે સી.સી.ટી.વી.નું નેટવર્ક છે. અને આ સી.સી.ટી.વી.ના નેટવર્કથી આપણે ચાંપતી, બાજ નજર રાખીશું અને લો એન્ડ ઓર્ડરના બાતમીના પ્રશ્ન સાથે આની અંદર પણ એને અપડેટ કરીશું. શ્રી બળદેવજીભાઇએ કૌરેપ્સ નામના કફ સીરપની વાત કરી. એ વાતની અંદર હમણાં જ નાર્કોટીક કન્ટ્રોલ બ્યૂરો દ્વારા એની રેડ કરવામાં આવી હતી અને એમાં જરૂરી કાર્યવાહી કરી અને જે તે જિલ્લાના કલેકટરો પોતાના વિસ્તારની અંદર એની ફાર્મસીની દુકાનોમાંથી પ્રિસ્ક્રીપ્શન વગર આ પ્રકારની નશાકારક દવાઓ કોઇપણ આપશે તો એનું ફાર્મસીનું લાયસન્સ પણ રદ થાય એ પ્રમાણે કડકમાં કડક પગલાં લેવા માટેનો આપણે પ્રયાસ કર્યો છે. ડો. જોષિયારાસાહેબે વાત કરી કે, નામ જાહેર થઇ જાય છે. હું આ સભાગૃહને કહેવા માગું છું કે, લોકલ એસ.પી. સ્ટેટ મોનીટરીંગ કન્ટ્રોલને એનો એસએમ.એસ.નંબર છે, એનો વોટસએપ નંબર છે, એના અધિકારીઓ છે તમે એને ગુપ્ત માહિતી આપશો તો એ ગુપ્ત માહિતી હું તમને સો ટકા ખાતરી આપું છું એ ક્યાંય લીક થવાની નથી અને સ્ટેટ મોનીટરીંગ સેલની અંદર ઈફિકટીવ ઓફિસરો છે અને એની એક આખા ગુજરાતની અંદર ઇમેજ છે એટલે એના માધ્યમથી આપણે પણ કર્યું છે. ભૂતકાળની અંદર આ પ્રકારના ગુનેગારોની સંપત્તિ જપ્ત કરવાના કોઇ કિસ્સા નહોતા થયા. આજે ૯ જેટલા કેસમાં સંપત્તિ જપ્ત કરવાના કિસ્સા બન્યા છે. એક ગુનેગાર છે હું એના નામનો ઉલ્લેખ કરવા નથી માગતો પરંતુ એણે ૨૨૩ કરોડ રૂપિયા ડીમોનીટાઇઝ્રર વખતે એના ખાતાની અંદર ભર્યા છે એવી તપાસ કરતા ખબર પડી અને આપણે ઇન્ફોર્સમેન્ટને કહ્યું અને એન્ફોર્સમેન્ટ દ્વારા એની તપાસ થાય છે. માત્ર ગુનેગારોને પકડીને એને જેલના હવાલે કરવો એવું નહી પરંતુ એની સંપત્તિ જપ્ત કરી, એના વાહન જપ્ત કરી, એની કમર તોડી નાખવી એ રાજય સરકારનો સંકલ્પ છે. મણીનગરના ધારાસભ્ય સુરેશભાઇએ પણ બહુ સારી વાત કરી. સરકાર જ્યારે આવશ્યકતા હોય ત્યારે કાયદા બનાવે છે અને એ કાયદાના અમલીકરણ માટે જેમ ચેઇન સ્નેચીંગના ગુના રોકવા માટે સી.સી.ટી.વી.ના માધ્યમનો આપણે એમાં ઉપયોગ કરીશું. શ્રી હિંમતસિંહભાઇએ પણ બહુ સારી વાત કરી. એકલો કાયદો એવું નહીં પરંતુ એના પુન:ર્વસન માટે પણ પ્રયાસ કરવો જોઇએ. ગુજરાતનો કોઇ એવો વિસ્તાર હોય કે ત્યાં દારૂ સિવાય કોઇ વ્યવસાયમાં ના હોય તો અમારા પોલિસ ઓફિસરો એના પુન:ર્વસન માટે પ્રયત્ન  કરે છે અને એનો રોજગાર ચાલે છે. અમારી સુરક્ષા સેતુ સમિતિ છે. એમાં અમારી પાસે ગ્રાન્ટ હોય છે. એના માધ્યમથી મેં રાજયના શ્રમ અને રોજગાર વિભાગને સ્કીલ ડેવલપમેન્ટ માટે કે એને નવા રોજગારીના સાધનો સાથે જોડીને એની અંદર આપણે જોડી શકીએ. હું કેટલાય આવા બુટલેગરોને પણ મળ્યો છું. એક કરતા વધારે વખત પકડાયેલા લોકો એ કહે છે કે, અમારી પાસે કોઇ ધંધો નથી અમારે શું કરવું? એની ચિંતા પણ રાજયનું પોલિસ તંત્ર કરે છે અને આગામી દિવસોમાં પ્રચાર પ્રસારની સાથે દારૂના વ્યવસાયમાં સંકળાયેલો વ્યક્તિ એને પણ પોતે દારૂનો વ્યવસાય કરી રહ્યો છે એવું ટાઇટલ સમાજની અંદર એને પણ નથી જોઇતું. એટલે એ પણ પગભર કેવી રીતે થાય એના માટે અમે પ્રયાસ કરીએ છીએ. શ્રી અરવિંદભાઇ રાણાએ પણ બહુ સારી વાત કરી. અનેક મહિલાઓના માતાપિતાના અમને આશીર્વાદ મળવાના છે. શ્રી બળદેવજીએ જે વાત કરી એ થોડી વધારે પડતી વાત કરી કે, ગુજરાતમાં પંજાબ જેવી સ્થિતિ છે, એ વાત સાથે હું સંમત નથી. ગુજરાત જ આખા દેશની અંદર એવું રાજય છે–શાબંધી હોય, હુકકાબંધી હોય, ઇ–સિગારેટ હોય, એમાં સૌથી પહેલા જો કોઇ પહેલ કરતું હોય તો એ ગુજરાત રાજય છે. સાથે સાથે રિશેષનો સમય હતો. કેટલાક ધારાસભ્યશ્રીઓએ આવીને મને વ્યક્તિગત

વાત કરી કદાચ બોલવામાં એમનો ટર્ન નહીં લાગ્યો હોય. શ્રીમતી ઝંખનાબેન, શ્રી જીતુભાઇ સુખડીયા, કોંગ્રેસના પણ ૨-૩ ધારાસભ્યોએ હકારાત્મક વાત કરી કે, આ બિલની અંદર અમારો રાજકીય આશય નથી પણ આટલી આટલી સ્થિતિ છે એમાં આપણે ચિંતા કરવી જોઇએ અને એ બધા જ મુદ્દાના હું ફરીથી રાજ્યના ગૃહ વિભાગના અધિકારીશ્રીઓ, પોલીસના અધિકારીશ્રીઓની સાથે મિટિંગ કરીશ. મેં અગાઉ કહ્યું છે, ફરી ઉલ્લેખલ કરું છું કે, આ પ્રકારના કામમાં પહેલા પોલીસ દારૂના કામમાં જ વ્યસ્ત રહેતી હતી. હવે કોઇપણ પોલીસ સ્ટેશનમાં આ પ્રમાણેની બદી, આ પ્રમાણેનું વેચાણ, ઉત્પાદન, સંગ્રહની સાથે કોઇ પોલીસ સ્ટેશન થાણામાંથી પકડાશે તો થાણાના અધિકારી સામે પણ એકશન લેવાની, ફરજ મોકૂફી કરવાના એકશન લેવા માટે પણ ડીજીપીએ સૂચના આપી છે. શ્રી વિરજીભાઇ ઠુમ્મરે પોતાની વ્યથા ખૂબ અસરકારક રીતે વ્યકત કરી. વર્ષો જૂના ધારાસભ્ય છે. એ અત્યારે કેટલી હદે માત્રા વધી છે. આના સિવાય શ્રી દુષ્યંતભાઇએ પણ આખી નવા પ્રકારની વિતરણ વ્યવસ્થા છે, એ વિતરણ વ્યવસ્થામાં પણ એમેઝોનમાંથી મંગાવવા કે જુદા જુદા પાનના ગલ્લા ઉપરથી મળે છે. હું આ સભાગૃહને ખાતરી આપવા માગુ છું કે, માત્ર આ બિલ લાવીને સરકારે પોતાની ઇચ્છા શક્તિ વ્યકત કરી, એટલા માટે નહિ, પરંતુ ગૃહમંત્રી તરીકે હું પોતે માનું છું કે, દારૂબંધી હોય કે હુક્કાબંધી હોય કે આ ઇ-સિગારેટ આ ગુજરાતની પાવન ધરતી ઉપર અમે કોઇપણ હિસાબે ચલાવવા દેવા માગતા નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ બિલને અમે સર્વાનુમતે ટેકો આપીએ છીએ.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતારણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૬**

**ગુજરાત ભિક્ષા પ્રતિબંધક બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮**

**ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર **(** સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજપત્ર* માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૨૦૧૮નું ગુજરાત ભીક્ષા પ્રતિબંધક વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી**,** હું પ્રસ્તાવ રજૂ કરું છું કે**,** સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી**,** હું આજે આ સભાગૃહમાં મુંબઇ ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯ની કલમ-૯(૨) અને કલમ ૨૬(૧)(૨)(૩) માં કેટલાક સુધારાની બાબત લઇને આ સભાગૃહમાં ઉપસ્થિત થયો છું. આ મુંબઇ ભીક્ષા પ્રતિબંધક ધારામાં રક્તપિત્તના ચેકવાળા ભિક્ષુકોને રક્તપિત્તિયા શબ્દથી ઓળખીએ છીએ. નામદાર સુપ્રીમ કોર્ટે રક્તપિત્તિયા શબ્દ દૂર કરવાના ડાયરેક્શન આપેલ છે. અને નામદાર સુપ્રીમ કોર્ટના ડાયરેક્શનની વિગત પણ આપના માધ્યમથી હું આ સભાગૃહ સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિધી સેન્ટર ફોર લીગલ પોલિસી દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ ખાતે રીટ પીટીશન સિવિલ ક્રમાંક-૧૧૫૧/૨૦૧૭ દાખલ કરેલ. જે પીટીશનના પેરા.૬૧માં જણાવ્યા મુજબ મલ્ટિ ડ્રગ થેરાપી (એમડીટી)નો આવિષ્કાર થયા બાદ ભિક્ષુક ગૃહના રક્તપિત્તથી અસરગ્રસ્ત અંતેવાસીઓને ભિક્ષુક ધારાની કલમ.૨૬(૨)(૩) મુજબ રક્તપિત્તિયા આશ્રમમાં મોકલી આપવાથી ભારતીય બંધારણના અનુચ્છેદ-૧૪નો ભંગ થાય છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા રીટ પીટીશન સિવિલ ક્રમાંક-૧૧૫૧/૨૦૧૭માં તા.૧૧-૧-૨૦૧૮ તથા ૨૨-૧-૨૦૧૮ના રોજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા હુકમ પસાર

---

* વિધેયક ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરીને રક્તપિત્ત રોગનો વર્તમાન સમયમાં બિન ચેપી તથા સંપૂર્ણ ઉપચાર થઇ શકતો હોય કેન્દ્ર તથા રાજ્યના કાયદાઓમાંથી વિવાદિત કલમો નાબૂદ કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. આ સુધારા વિધેયકની વાત કરતાં પહેલાં હાલના ધારાની કેટલીક જોગવાઇઓ અને ભિક્ષુકો માટેની શું કાર્યવાહી કરવામાં આવે છે તેની ચર્ચા અને તેની બાબતો સભાગૃહના ધ્યાન પર મૂકું છું. હાલ રાજ્યમાં પાંચ ભિક્ષુક ગૃહો આવેલા છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરના ડભોડા ખાતે કાર્યરત છે. જેમાં ભિક્ષુકોને રાખવાની જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. રાજ્યના મોટા શહેરોમાં અને મહાનગરપાલિકાની હદમાં રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૫૦-૫૦ ટકાના ફાળાથી ભિક્ષુકોના પુનઃસ્થાપન કરવા માટે ઉપરોક્ત પાંચ સ્થળોએ તેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ભિક્ષુક ગૃહોમાં ભિક્ષુકોને લાવવા માટે અને ભિક્ષુક ગૃહોના અધિક્ષકશ્રીઓ દ્વારા સ્થાનિક પોલીસનો સહયોગ મેળવીને ભીખ માગતા ભિક્ષુકોને રાઉન્ડ અપ કરી શહેરમાં રખડતા, ભટકતા અને ભીખ માગતા ભિક્ષુકોને ભીખ માગતા પકડી પાડી તેમની પ્રાથમિક તપાસ કરી નામદાર મેટ્રોપોલિટન કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે છે અને નામદાર કોર્ટ આ ભિક્ષુકોની સ્થિતિ અને પકડનાર અધિકારીઓના બચાનોની વિગતોને ધ્યાનમાં લઇ ભિક્ષુકોને સજાના ભાગરૂપે કેટલા દિવસ આ ભિક્ષુક ગૃહમાં રાખવો તેના નિર્ણય અને સજાના હુકમો કરવામાં આવે છે. ત્યારબાદ આ ભિક્ષુકોને જે તે ભિક્ષુક ગૃહમાં મોકલી આપવામાં આવે છે. આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે, આપણા રાજયમાં મહિલાઓ માટે રાજયમાં ડભોડા ખાતે ભિક્ષુક ગૃહ આવેલ છે. ગાંધીનગરના ડભોડા ખાતે આવેલ છે તેમાં જે મહિલાઓને નામદાર કોર્ટ ભિક્ષુક પ્રતિબંધક ધારા હેઠળ સજા થઇ હોય તેમને ત્યાં લાવીને રાખવામાં આવે છે. આ ભિક્ષુક ગૃહો એ ખરેખર જેલ જેવી સજા નથી પરંતુ તેમની સુધારણાની સ્થિતિ ઉભી થાય અને તેમને રહેવા તથા જમવાની વ્યવસ્થા થાય તથા તેમાંથી જે સ્ત્રી પુરુષો ખરેખર કામ કરવાને લાયક હોય તો તેમને તે પ્રકારની ઉચિત તાલીમ પણ આપવામાં આવે છે. તેમાં ખાસ કરીને દરજી કામ, સુથારી કામ, વણાટ કામ અને તે સંબંધી આ ભિક્ષુકો ખરેખર જે કામગીરી કરી શકે તેવા હોય તેમને તે પ્રકારની તાલીમની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તે માટેના જરૂરી શિક્ષકોની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સાથે સાથે સભાગૃહને જણાવીશ કે, આ ભિક્ષુકોની સંભાળની સાથે વૈદકીય સારવાર માટે જરૂરી ડૉક્ટર્સ, નર્સ, દવાની પણ વ્યવસ્થા ગોઠવી છે. આ તબક્કે ભિક્ષુકોને માત્ર પકડીને જેલ જેવી સજા આપવાને બદલે તેમના જીવનમાં સુધારણા આવે અને ભિક્ષુક પ્રવૃત્તિમાંથી બહાર આવે તે પ્રમાણે આપણે ભિક્ષુકના નજીકના કોઇ સગાવ્હાલાને બોલાવીને આ ભિક્ષુકની સજા પૂર્ણ થાય ત્યારે તેમના સગાવ્હાલાંને આપણે સોંપી દઇએ છીએ. આમ, ભિક્ષુક ગૃહને સજાના ભાગરૂપે નહીં પરંતુ એક સમાજ સુધારણાના ભાગરૂપે આપણે આ કામગીરી કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારણાની મુખ્ય બાબત તરફ ગૃહનું હું ધ્યાન દોરવા માગું છું. ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ, ૧૯૫૯માં કલમ ૯માં, પેટા કલમ (૨)માં હાલ જે જોગવાઈ છે જેની વિગત દર્શાવું તો આશ્રિત વ્યક્તિ બાળક હોય ત્યારે ન્યાયલયે તેના બાળ ગુના કોર્ટ સમક્ષ મોકલવું જોઇશે અને બાળ ગુના ન્યાયાલયે તે બાળક મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૦ના ખંડ (ક)માં વર્ણવ્યા પ્રમાણેની વ્યક્તિ હોય તેમ તે કલમ હેઠળ તે બાળકના સંબંધમાં તજવીજ કરવી જોઇશે.

પરંતુ આશ્રિત વ્યક્તિ ભિખારીનું પોતાનું બાળક હોય, જે પાંચ વર્ષથી ઓછી ઉંમરનું હોય અને તે ભિખારી, ચેપ ફેલાવે તેવી રક્તપિત્તવાળી અથવા પાગલ ન હોય તેવી સશક્ત શરીર ધરાવતી માતા હોય, ત્યારે અટકમાં રાખવાના સ્થળ બાબતમાં તે બાળક પાંચ વર્ષની ઉંમરનું થાય ત્યાં સુધી તેને માતાથી વિખૂટાં પાડ્યા વગર કોઇ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખવાનો હુકમ કરી શકાશે અને ત્યાર પછી આ પેટા કલમમાં જોગવાઇ કર્યા પ્રમાણે તજવીજ કરી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિધેયકની કલમ-૨ થી ગુજરાત ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯ની કલમ-૯ની પેટા કલમ-૨ હેઠળ પરંતુ (ક)માંથી ચેપ ફેલાવે તેવી રક્તપિત્તવાળી અથવા શબ્દો દૂર કરવાનું સૂચવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં માત્રને માત્ર ચેપ ફેલાવે તેવી રક્તપિત્તવાળી અથવા આ શબ્દ દૂર કરવાનું સૂચવ્યું છે. રાજ્ય સરકારને એમ લાગે છે કે, ન્યાયાલયના કોઇ હુકમ મુજબ પ્રમાણિત સંસ્થામાં અટકમાં રાખેલો કોઇ ભિખારી કે અસ્થિર મગજનો અથવા રક્તપિત્તિયો છે, ત્યારે રાજ્ય સરકાર, ભિખારી અસ્થિર મગજનો છે અથવા રક્તપિત્તિયો છે એમ માનવાનાં કારણો જણાવતાં હુકમ દ્વારા તેને મનોરોગ હોસ્પિટલ અથવા રક્તપિત્તિયાના આશ્રમ અથવા સુરક્ષિત જગ્યામાં ખસેડવાનું અને તેને જે મુદત માટે અટકમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદતના બાકીના ભાગ દરમિયાન અથવા તે મુદત પૂરી થયા પછી કોઇ તબીબી અધિકારીએ એવું પ્રમાણપત્ર આપ્યું હોય કે ભિખારીની અથવા બીજાઓની સલામતી માટે તેને વધુ સમય તબીબી સંભાળ અથવા સારવાર હેઠળ રાખવો જરૂરી છે. તો તેને કાયદા અનુસાર છૂટો કરવામાં ન આવે ત્યાં સુધી, રાજ્ય સરકાર જણાવે તે પ્રમાણે ત્યાં રાખવાનું અને તેની સારવાર કરવાનું ફરમાવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, સદરહુ જોગવાઇમાંથી રક્તપિત્તિયાનો સંદર્ભ હાલના સંદર્ભમાં બિન જરૂરી હોય તથા રક્તપિત્ત અસરગ્રસ્ત વ્યક્તિ સામે ગેરવાજબી ભાવે પક્ષપાત કરતો હોય કાયદામાંથી દૂર કરવા સૂચવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯ની કલમ-૨૬(૨)માં હાલની જોગવાઇ નીચે મુજબ છે.

હાલની જોગવાઇમાં રાજ્ય સરકારને એમ લાગે કે ભિખારી અસ્થિર મગજનો હતો તે હવે બંધ થયો છે અથવા તે રક્તપિત્તમાંથી સાજો થયો છે, તે પ્રસંગે રાજ્ય સરકારે, ભિખારીને કસ્ટડીમાં રાખવાની હજુ જરૂર હોય, તો તેનો હલાવો ધરાવતી

વ્યક્તિ ઉપર હુકમ કાઢીને ફરમાવવું કે જ્યાંથી તેને ખસેડવામાં આવ્યો હોય તે પ્રમાણિત સંસ્થામાં તેને મોકલવો અથવા ભિખારીને વધુ સમય કસ્ટડીમાં રાખવાની જરૂર ન હોય, તો તેને છૂટો કરવાનો હુકમ કરવો.

માનનીય અધ્યક્ષશ્રી, હાલની જોગવાઇમાંથી અથવા તે રકતપિત્તમાંથી સાજો થયો છે તેવો સંદર્ભ અગાઉ જણાવ્યા મુજબ અપ્રસ્તુત હોય તે શબ્દો પેટા કલમ–૨૬(૨)માંથી દૂર કરવા સૂચવેલ છે. ધ મેન્ટલ હેલ્થ કેર ૨૦૧૭ની જોગવાઇઓ અમલી બનતાં હાલના ૧૯૫૯ના ઉપર દર્શાવેલ કાયદાની કલમ–૨૬(૩)ને બદલે ધ મેન્ટલ હેલ્થ કેર એકટ–૨૦૧૭ની જોગવાઇઓ ધ્યાને લઇ નવી પેટા કલમ–૩ મૂકવા સૂચવાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોકત વિગતે મુંબઈ ભિક્ષા પ્રતિબંધક સુધારામાં સુધારો કરવો એ નામદાર સુપ્રીમ કોર્ટના ડાયરેકશનનું પાલન કરવા માટે કેન્દ્ર સરકાર તથા તમામ રાજ્ય સરકાર માટે ફરજીયાત હોઇ, હું આ સુધારા વિધેયક લઇને આ સભાગૃહની મંજૂરી મેળવવા માટે આપના માધ્યમથી રજૂ કરું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ભિક્ષા પ્રતિબંધક સુધારા વિધેયક–૨૦૧૮ લઇને આવ્યા છે તે ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ–૧૯૫૯માં એક વધુ સુધારો સૂચવે છે તેને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો રકતપિત્તનો રોગ પહેલાંના સમયમાં ખૂબ મોટો ચેપી રોગ ગણાતો હતો. અને ચેપી રોગ હોવાના કારણે અને રક્તપિત્ત જેને થયો હોય તેની સામે સમાજના લોકો અને આજુબાજુ રહેતા અને તેના સંપર્કમાં આવતા લોકો તેનાથી ખૂબ ડરતા હતા, ભયભીત થયા હતા. અને એટલા માટે રકતપિત્તથી પીડાતા લોકોને સારવાર અર્થે અલગ હોસ્પિટલો હતી, અલગ જગ્યાએ રાખવામાં આવતા હતા, અલગ આશ્રમોમાં રાખવામાં આવતા હતા. તેના કારણે મનોવૈજ્ઞાનિક રીતે તે લોકો ડબલ રીતે હેરાન થતાં હતા. એક તો કુદરતી રીતે આ રોગ થવો તે તેમના હાથની વસ્તુ નહોતી, આ કોઇ વ્યસનથી રોગ થતો નહોતો પરંતુ આ એક ચેપી રોગ હતો. એક વાયરસથી કે બેકટેરીયાથી થતો રોગ હતો કોન્ટીન્જીયસ ડીસીઝ હતો એના કારણે રક્તપિત્ત થયા પછી તે મટતો ના હતો તેના કારણે તે લોકો દુઃખી હતા અને બીજી તરફથી સમાજ તરફથી ધૃણા પ્રાપ્ત થાય. આ બીજું વધારાનું દુઃખ તેમને ઉત્પન્ન થતું હતું. આના કારણે અતિ આધુનિક દવાઓ શોધાતી ગઇ, સંશોધનો થતા ગયા, તેમાં આ ચેપી રોગ પણ અસાધ્ય રોગમાંથી મુક્ત થયો એ અસાધ્ય રોગ નથી રહ્યો. એને મલ્ટીપર્પઝ જે ડ્રગ આવે છે તે ડ્રગનો ઉપયોગ કરવામાં આવે એટલે પ્રથમ વખત એ ડોઝનો ઉપયોગ થાય એટલે જે ચેપી રોગથી પીડાતા વ્યકિત છે તે બીજે ચેપ ના ફેલાવી શકે તેના ચેપી જીવાણું છે તે નાશ પામે છે. એટલે જે ભારતનું લો કમિશન છે અથવા તો જે હેલ્થ કમિશન છે આ બધાના સંશોધન બાદ એવું નક્કી થયું કે, આના પ્રત્યે હવે ધૃણા રાખવી જરૂરી નથી. આ રોગથી પીડાતા વ્યકિતઓને જો મલ્ટીપર્પઝ ડ્રગ આપી દેવામાં આવે તો તેઓ આ રોગ ફેલાવી શકતા નથી. એટલે આને લગતા જેટલા કાયદાઓ સમાજ અને લોકોના સંપર્કથી દૂર રાખવા માટેના હતા અને રકતપિત્તિયા જે તેને દુઃખ થાય એવા શબ્દો વાપરવામાં આવતા હતા તે કાયદામાંથી દૂર કરવામાં અને રકતપિત્તને લગતો મૂળ કાયદો હતો તે પણ દૂર થયો. એટલે તેના અનુસંધાને જયાં જયાં કાયદાઓમાં રકતપિત્ત શબ્દ થયો હોય, રકતપિત્તની હોસ્પિટલ વપરાતી હોય, રકતપિત્તની સંસ્થાઓ વપરાતી હોય એવા શબ્દો દૂર કરવા માટેનો સુધારો લાવવો જરૂરી હતો અને સરકાર આ સુધારો લાવી છે તેને હું મારું અનુમોદન આપું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે જે ભિક્ષુક પ્રતિબંધક સુધારા વિધેયકનું બિલ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભીખ માગવી અને ભીખ આપવી એ બન્ને ગુન્હાને સજાપાત્ર છે. સાથે સાથે આપણે જોઇ રહ્યાં છીએ કે ચાર રસ્તા ઉપર જઇએ કે ભીડભાડવાળી જગ્યા ઉપર જઇએ અને મંદિરોમાં જઇએ ત્યારે ભિક્ષુકો ત્યાં લાઇન લગાવીને ઊભાં જ હોતા હોય છે. ભિક્ષુકોની એક મોટી ખાસ બાબત એવી હોય છે કે તે મંદિરોમાં ડે વાઇઝ જાય છે. ધારો કે, ગુરૂવાર હોય તો શ્રી સાંઇબાબાના મંદિરે જાય, સોમવાર હોય તો શ્રી શંકરના મંદિરે જાય અને શનિવાર હોય તો શ્રી શનિદેવના મંદિરે જાય. આવી રીતે દરેક જગ્યા ઉપર અને રેલવે સ્ટેશન ઉપર ભીખ માંગતા હોય છે. ત્યારે આપણે જોઇએ તો આપણને દયા આવે છે અને આપણે ભીખ આપીએ છીએ. ત્યારે આપણને એવું લાગે છે કે, આપણે એ લોકો માટે કાંઇ કરી નથી શકતા પણ આજે સરકારે આવી ઘણી બધી સુવિધાઓ ઉપલબ્ધ કરી છે. જેમ કે, તેમના માટે ભિક્ષુક ગૃહ ચાલુ કર્યા છે. ગુજરાતના પાંચ મોટા શહેરોમાં ભિક્ષુક ગૃહ કેન્દ્રો ચાલે છે. સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા ખાતે પુરૂષો માટે ભિક્ષુક ગૃહ ચાલે છે અને ગાંધીનગરમાં ડભોડા ખાતે મહિલાઓ માટે ભિક્ષુક ગૃહ ચાલે છે. ત્યાં ભિક્ષુકોને લઇ જાય છે, એમને નવડાવે છે, નખ કાપે છે, વાળ કાપે છે, સ્વચ્છ પોશાક આપે છે અને એમને સારું શિક્ષણ આપવામાં આવે છે, જેથી કરીને એ આવનાર દિવસોમાં પૈસા કમાઇ શકે. એમને અલગ–અલગ જાતના કામો જેમ કે, સુથારી કામ, કડિયા કામ, દરજી કામ જેવા કામ પણ શીખવાડવામાં આવે છે અને તેઓ સ્વાવલંબી થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. આ પાંચ મોટા શહેરોમાં જે કેન્દ્રો ચાલે છે એ કેન્દ્રોની હાલત પણ સુધારવા જેવી છે એવું મારું સૂચન છે. કારણ કે, સુરત શહેરમાં રામનગર ખાતે જે ભિક્ષુક ગૃહ ચાલે છે એની હાલત ખૂબ જ બદતર છે અને હું એક સૂચન કરવા માગું છું કે, સુરત મહાનગરપાલિકા હોય કે પછી કોઇ પણ મહાનગરપાલિકા હોય એમને ગ્રાન્ટ આપીને પણ આવા ભિક્ષુક ગૃહોને સુધારવાની કામગીરી કરવી જોઇએ તો એની સુધારણા થઇ શકે અને એ લોકો માટે સારું એવું આયોજન થઇ શકે. સાથે – સાથે હું એમ પણ કહેવા માગું છું કે, આપણે ચાર રસ્તા પર જોઇએ તો ત્યાં નાના–

## ગુજરાત ભિક્ષા પ્રતિબંધક બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮

નાના બાળકો ભીખ માગતા હોય છે ત્યારે આપણે એમને પણ ભીખ આપતા હોઇએ છીએ. આવા બાળકોને આપણે એક–એક જણ દત્તક લઇને એમનો ખર્ચ ઉપાડીએ તો આવનાર દિવસોમાં એમનું પણ ભવિષ્ય સારું રહેશે. એમને સ્કૂલમાં ભણાવીએ, એમને સારી જગ્યાએ હરવા–ફરવા લઇ જઇએ તો આવા બાળકોના કોઇ વાલી છે એવું એક ઉદાહરણ પ્રાપ્ત થાય છે. સુરત શહેરમાં ૧૨૦૦ જેટલા ભિક્ષુકો આજની તારીખે ભીખ માગી રહ્યા છે. એમના માટે પણ એક સંસ્થાએ કામ કરવું જોઇએ. કોઇ એન.જી.ઓ. કે મહિલા મંડળ હોય તો એમણે લોકોને પ્રોત્સાહન આપવું જોઇએ કે, તમે પણ આવા બાળકોને શિક્ષણ અપાવો અને એમને સુધારો. સુરતમાં એક યુથ ફોર ગુજરાત નામનું એન.જી.ઓ. છે જે દર શનિવારે શનિદેવના મંદિરમાં જઇને બાળકોને ત્યાં ભણાવે છે, ડ્રોઇંગ ક્લાસીસ કરાવે છે અને એનાથી આ બાળકોમાં એટલો બધો ફરક પડ્યો છે કે એ લખતાં–વાંચતાં શીખી ગયા છે. તેઓ આ બાળકોને પિક્ચર જોવા લઇ જાય છે, ફરવા લઇ જાય છે અને એમના માતા–પિતાને પણ કહે છે કે ભીખ માગવી સારી નથી. તમે કામ કરીને પૈસા કમાવ. મને કહેતાં આનંદ થાય છે કે, એમાંથી ૪ થી ૫ પરિવારે ભીખ માંગવાનું છોડી દીધું છે. અમારે ત્યાં એક ફાતિમા બહેન છે એ જોબ કરવા લાગ્યા છે. આશા બહેન પણ ઘરકામ કરવા લાગ્યા છે. આવી રીતે સુધારો કરવા માટે એન.જી.ઓ. પણ પ્રોત્સાહિત કરશે તો આવનાર દિવસોમાં ભિક્ષુકોની સંખ્યા નહિવત જેવી રહેશે. રક્તપિત્તને કુષ્ઠરોગ પણ કહેવામાં આવે છે. આ રોગ પહેલાંના દિવસોમાં વધુ દેખાતો હતો, હવે ઓછો દેખાય છે અને એના માટે જે આ બિલ લઇને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૬ સન ૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને તેમા મારા વિચારો વ્યક્ત કરું છું.

મોટે ભાગે જેમની પાસે આજીવિકાનું સાધન ન હોય અશકત હોય, વૃદ્ધ હોય અથવા તો કંઇ ન કરવાની ટેવવાળા હોય અથવા કુટેવવાળા હોય એવા લોકો ભિક્ષા વૃત્તિમાં સપડાયેલા હોય છે. એમનું મુખ્ય નિર્વાહનું સાધન કંઇકને કંઇક આપણી બધાની જવાબદારી અને ફરજ બને છે. આ બાબતમાં વિશેષ પ્રકારે કામગીરી કરવામાં આવે તો ચોક્કસપણે સુધારો થઇ શકે તેમ છે અને આવનાર સમયની માંગ પણ એ છે. આજના સમયમાં કોઇને ભિક્ષા માગવી ગમતી નથી. કારણ કે, મોટે ભાગે તિરસ્કાર, અપમાન અને ધૃણાનો આવા લોકોને વધુ સામનો કરવો પડતો હોય છે. તેમ છતાં આવી પ્રવૃત્તિ ચાલતી હોય તો તેને અટકવવા માટે સરકારે પગલાં લીધા છે. તેમ છતાં આપણે સૌ વધુ કટિબદ્ધ થઇએ એ આવનાર સમયમાં ખૂબ જરૂરી છે. જૂના જમાનાની કહેવત હતી કે, બાળકોને ચોરી કરવાવાળી ગેંગ લઇ જશે અને ભિક્ષા વૃત્તિ તરફ ધકેલશે. જે છેવાડાના ગામો આવેલા છે, એમાં આવી વાતો પ્રવર્તતિ હોય છે. ત્યારે એનું યોગ્ય રીતે નિરાકરણ કરવામાં આવે તો સારું થઇ શકે તેમ છે. માનનીય મંત્રીશ્રીએ એમનું પુનઃસ્થાપન કરવા માટે એની કેર કરવા માટે ઘણી બધી બાબતો ધ્યાને લેવાય છે એ યોગ્ય છે. મોટે ભાગે ભિક્ષા માગનાર લોકો ધાર્મિક સ્થળોની આજુબાજુ અથવા તો ચાર રસ્તા ઉપર બેઠા હોય છે. આ પ્રકારનું જે કોઇ કામ કરતા હોય કે આવા જે જરૂરિયાતમંદ હોય એમને જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવીને કરાવવામાં આવે તો ઘણું સારું કામ થઇ શકે તેમ છે. સાથે સાથે જે મોટા બાળકો હોય છે કે વૃદ્ધો હોય છે એ ગામના ચોરા ઉપર બેસીને નાની નાની વસ્તુઓ વેચીને પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. તો એનું ગુજરાત ચાલી શકે. એટલા માટે થઇને આપણી જરૂરિયાત હોય કે ન હોય પરંતુ એની વસ્તુ ખરીદીશું તો એમના આત્મ સન્માનમાં વધારો થશે અને ભિક્ષા વૃતિથી દૂર ભાગશે. આ હાઉસમાં વિશિષ્ટ વ્યક્તિઓ બેઠી છે, ત્યારે મારે એક કહેવત કહેવી છે કે '' નથી ગૌરવ કોઇનું કંઇ લેવામાં, બધા ભિક્ષાના પ્રકાર હતા, કોઇ આપનાર હતા, કોઇ લેનાર હતા.'' માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે આ બાબતનું નિવારણ કરવામાં આવે તેટલી વિનંતી કરીને વિરમું છું.

શ્રી ધનજીભાઇ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે એને મારું સમર્થન આપીને એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. આ બાબતમાં એન.જી.ઓ. અને બીજી ઘણી સંસ્થાઓ સારું કામ કરે છે. પરંતુ એને ધંધા તરફ વાળવામાં આવશે તો એ ચોક્કસ પગભર થઇ શકશે અને સમાજને ઉપયોગી થઇ શકશે. એવા ઘણા નાના નાના કામો છે. બજારમાં પ્લાસ્ટિક પડ્યા હોય છે એ કલેકશન કરે અને પછી એને વેચે તો એના પૈસા પણ આવે અને એ કામ કરતો થઇ જશે. જે લોકો આનું પ્રોડકશન કરે છે એ આનો માલ વેચે છે એ પણ આવા કલેકશન કરેલા પ્લાસ્ટિકનો ઉપયોગ કરે. જે માલ વાપરતો હોય એમાં દસ ટકા આ માલ પણ વાપરે તો કમસેકમ પેલા લોકોને રોજી મળશે, આ બાજુ પ્રદુષણ પણ ઘટશે. બીજું, ભિક્ષા માગનારને લોકો ભિક્ષા આપે છે એ સારી બાબત છે, પુણ્યનું કામ છે. પરંતુ એમાં કપડાં આપે કે ખાવાનું આપે એ જરૂરી છે. પરંતુ એમાં રોકડ રકમ આપવામાં આવે છે ત્યારે એ બીજા રસ્તે ચડી જાય છે. તેથી દેનારને સૂચના આપવી જોઇએ કે એને ખાવાનું આપો, કપડાં આપો, પરંતુ રોકડ રકમ ન આપવી જોઇએ એટલી મારી વિનંતી છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કર બાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન–૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૬ ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધેયક લઇને આવ્યા છે, તેને હું આવકારું છું અને તેને મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ભિક્ષુક ગૃહો પાંચ ચાલે છે. આ ભિક્ષુક ગૃહોમાં રાજ્ય સરકાર અને કોર્પોરેશન બન્ને ૫૦–૫૦ ટકા ખર્ચ ભોગવતા હોય છે. ગુજરાતના પાંચ ભિક્ષુક ગૃહોમાં ૧૦૬૦ની રહેવાની વ્યવસ્થા છે. પરંતુ ત્યાં અત્યારે ૨૬૬

લોકો રહે છે. તેનો અર્થ એ સમજીએ કે, ગુજરાત એક ડેવલપીંગ રાજ્ય છે. અહીયાં રોજગારીની તકો પણ ખૂબ જ છે, રોજગારી માટે ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ નંબરે છે. ત્યારે તેના કારણે આ ભિક્ષુકો ભિક્ષા માગનારા લોકો પણ ઓછા થયા છે. સાથે સાથે ભિક્ષા વૃત્તિ કરાવવા માટેનો ઘણા લોકો ધંધો કરતા હોય છે એના એ ધંધાર્થી હોય છે, ભિક્ષા માગવાનું કામ કરાવે છે અને તેને અમૂક રકમ આપતા હોય છે. એટલે નાની ઉંમરના જે બાળકો છે એ ભિક્ષા માગવા પ્રેરાય છે, એમાં જોઇએ તો ઘણી વખત એની પાછળ જે બિઝનેસ કરતા હોય છે. એ લોકો એને નક્કી કરેલા સ્થળોએ લઇ જઇને કહે છે કે તારે અહીં બેસવાનું, તારે આ મંદિરે બેસવાનું, આવા લોકો જેને મુખ્ય માથાઓ કહી શકાય એવા લોકો છે. એમને પકડીને પણ જો અંદર કરવામાં આવે તો હું માનું છું ત્યાં સુધી આ ભિક્ષા માગવાની પ્રવૃત્તિમાંથી લોકો ઓછા થશે અને જે રીતે રાજ્ય સરકાર પોતાની ફરજ પ્રમાણે જ્યાં ભિક્ષુકો – ભિક્ષા માગનારા પકડાય છે, એને ભિક્ષુક ગૃહોમાં રાખવામાં આવે છે. ત્યાં સારી રીતે એને પોતાનું પોષણ મળે, રહેવાની અને જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. તો એની સાથે સાથે એ પણ કરવાની જરૂરીયાત છે કે એને નાના બાળકો સિવાય મોટી ઉંમરના હોય, જે અત્યારે પોતાના પગ પર ઊભા રહી શકે તેવા હોય એવા ભિક્ષુકો કે જેમને એના માટે કામ શિખવાડવામાં આવે છે, તાલીમ આપવામાં આવે છે, ભવિષ્યમાં એ ભિક્ષા માંગવામાંથી બહાર આવી જાય, એ પણ રાજ્ય સરકાર કરી રહી છે તે બદલ અભિનંદન.

ભિક્ષુક ગૃહોમાં પ્રવેશ આપેલા ભિક્ષુકને જો એને રક્તપિત્ત હોય તો એને અલગ મૂકવામાં આવતા હતા તેને બદલે હવે રક્તપિત્તથી પીડાતા લોકોને ચેપી રોગ ગણી તેમને લોકોથી અલગ રાખવામાં આવે છે, પરંતુ ગુજરાત એ આરોગ્યની બાબતમાં ખૂબ જ આગળ પડતું રાજ્ય છે અને એટલા માટે અત્યારે રક્તપિત્તના રોગી માટે એક દવા જે શોધી છે એનું શોર્ટ નામ એન.ડી.પી. છે. આ દવાની શોધ થયેલ અને તેનો પહેલો ડોઝ જ્યારે એને આપવામાં આવે છે ત્યારે એ પહેલા ડોકથી આ જે ચેપી રોગ છે, એમાંથી એ બહાર નિ કળી જાય છે. એટલે હવે જે આ રક્તપિત્તિયાને રોગી ગણીને આમ પ્રજાની સાથે રાખતા ન હતા તેના બદલે આમ પ્રજાની સાથે કે એના ઘરે પણ રાખી શકાય છે, એટલે રાજ્ય સરકારે જે દવાની શોધ કરી છે અને જે રક્તપિત્તિયાઓને એના ચેપી રોગમાંથી બહાર કાઢવાના પ્રયત્નો કર્યા છે તે પણ અભિનંદનને પાત્ર છે.

માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટે હુકમ કરેલો છે, પિટીશન ક્રમાંક–૧૧૫૧, ૨૦૧૭માં એ સુપ્રીમ કોર્ટના આદેશથી જે આ બિલમાં સુધારો લાવવામાં આવ્યો છે, તે સુધારો ખૂબ જ વાજબી છે, એટલે આ બિલ જે મંત્રીશ્રી લઇને આવ્યા છે, તેને હું અનુમોદન કરું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં સભાગૃહના માનનીય સભ્યશ્રી સી. જે. ચાવડા, સભ્ય શ્રીમતી સંગીતાબેન, સભ્યશ્રી અમરીશભાઇ, સભ્યશ્રી ધનજીભાઇ અને સભ્યશ્રી વલ્લભભાઇએ ચર્ચામાં ભાગ લીધો છે. સભ્ય શ્રીમતી સંગીતાબેને સૂચન કર્યું હતું કે, ભિક્ષુક ગૃહોમાં સુધારા કરવાની જરૂર છે. તો આપશ્રીના માધ્યમથી હું આ સન્માનનીય સભાગૃહને જણાવવા માગું છું કે, હાલમાં સુરતમાં નવા ભિક્ષુક ગૃહનું કામ ચાલુ છે અને તેના મહેકમ સાથે ટૂંક સમયમાં આપણે તેનું લોકાર્પણ કરવાના છીએ. ઘણીવાર એવું બનતું હોય છે કે, ભિક્ષુકોને પકડીને કયાં મોકલવા, તો તેના માટે અમારો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને સમાજ સુરક્ષા ખાતું કાર્યરત છે અને મેં અગાઉ કહ્યું એમ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં મહિલા ભિક્ષુક ગૃહ એમ કુલ પાંચ ભિક્ષુક ગૃહો હાલમાં છે અને ગયા વર્ષે કુલ ચાર નવા ભિક્ષુક ગૃહો મંજૂર કરવામાં આવ્યા છે. ગિર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, અંબાજી અને રાજકોટ. એ જ રીતે ચાલુ નાણાકીય વર્ષમાં છ જેટલા નવા ભિક્ષુક ગૃહો પણ મંજૂર કર્યા છે. શામળાજી, બહુચરાજી, સિદ્ધપુર, પાવાગઢ, પાલિતાણા અને જુનાગઢ. આમ આપણે ત્યાં ટોટલ ૧૫ જેટલા ભિક્ષુક ગૃહો ટૂંક સમયમાં કાર્યરત થવાના છે અને ભિક્ષુકોની સંખ્યા જોઇએ તો અમદાવાદમાં ૭૯, રાજકોટમાં ૫૫, વડોદરામાં ૬૨ અને ગાંધીનગરમાં ડભોડા ખાતે ૧૧૩ ભિક્ષુકો આપણી પાસે છે અને સમાજ સુરક્ષા વિભાગ તરફથી એમની જરૂરિયાત મુજબ સગવડો પૂરી પાડવામાં આવે છે. એ જ રીતે વૃદ્ધો માટે પણ વાત કરવામાં આવી છે. તો હાલમાં આપણે ત્યાં ૨૮ વૃદ્ધાશ્રમ કાર્યરત છે અને ચાલુ વર્ષમાં ૧૦ નવા વૃદ્ધાશ્રમો એન.જી.ઓ. સાથે મળીને ચાલુ કરવા માટે સરકારે મંજૂરી આપી છે. એટલે વિશેષ વાત કરતો નથી. હું આ જે બિલ લઇને આવ્યો છું એ બિલને સભાગૃહ સર્વાનુમતે મંજુર રાખશે તેવી આશા રાખું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એક સૂચન કરું છું કે, જે રીતે ભીખારીઓને પકડી અને કેદ કરવાની વાત કરેલ છે. પણ આપણે સૌ જાણીએ છીએ કે ધાર્મિક સ્થળોએ અને ચાર રસ્તા ઉપર શું પરિસ્થિતિ હોય છે! એટલે જો આ કાયદાનો અમલ કડક રીતે કરવામાં આવે તો હું માનું છું કે, આ સુધારાનો યોગ્ય રીતે અમલ થઇ શકશે અને ખોટી રીતે ભિખ મંગાવે છે તે પણ બંધ થશે. અમારા પક્ષનો આ બિલને ટેકો છે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૬– સન૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૬– સન–૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૬-સન-૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૦**

**ભારતનો ભાગીદારી(ગુજરાત સુધારા)વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો ભારતનો ભાગીદારી અધિનિયમ,૧૯૩૨ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ):** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૦, સન-૨૦૧૯ના ભારતનો ભાગીદારી(ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૦, સન-૨૦૧૯ના ભારતનો ભાગીદારી(ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ગઇ કાલે જે બજેટ રજૂ કર્યું તેમાં પણ આ વિષે મેં ઉલ્લેખ કરેલો છે. ભારતનો જે ભાગીદારી કાયદો ૧૯૩૨નો છે એ આખા દેશમાં લાગે પડે છે અને રાજ્યો તેમાં પોતાની રીતે પોતાના વિસ્તાર પૂરતો સુધારો કરી શકે છે. એટલે ભારતીય ભાગીદારી કાયદાની ૧૯૩૨ની કલમ-૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪ અને ૬૬ની જોગવાઈ મુજબ ભાગીદારી પેઢીની નોંધણી, ત્યાંના નામ-સરનામાં, બંધારણ, ભાગીદારોની વિગતમાં થતાં ફેરફારો અંગે સુધારા-વધારા સંબંધિત દસ્તાવેજ પૂરા પાડવા, જાણ કરવી અને દસ્તાવેજ રજિસ્ટરના નિરીક્ષણ કે તેની નકલ માટે ચોક્કસ રકમની ફીની જોગવાઈ છે, જેનો કલમ ૭૧ (૧) હેઠળના શીડ્યુલ-૧માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ફીની રકમ હાલ રૂ. ૫/-થી ૫૦/-ની મર્યાદામાં આવે છે. આ ફીની રકમ એપ્રિલ-૧૯૯૧માં નક્કી કરવામાં આવેલી અને ૧૯૯૧ પછી તેમાં કોઇ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે લગભગ ૨૮ વર્ષ થયા ત્યારથી આ રકમો અમલમાં છે. આ ફીની જે રકમો છે એ પ્રમાણમાં સમય લાંબો ગયો તેના કારણે અત્યારે ઓછી છે. આ દસ્તાવેજોની ભાગીદારોને જાણ કરવી, તેનું રજિસ્ટ્રેશન કરવું, તેના રજિસ્ટરો નિભાવવા, તેના પત્રકો વગેરે નિભાવવા સાથે સાથે તેનો જે સ્ટાફ હોય છે તેનું ખર્ચ પણ ૨૯ વર્ષમાં અનેકગણું વધી ગયું છે. અત્યારે સાતમા પગારપંચ પ્રમાણે બધી સગવડો સહિત અધિકારીઓને પગારના ચૂકવણા કરીએ છીએ, ત્યારે આ તો છેક ૧૯૯૧ની સાલમાં નક્કી થયેલા દરો છે. અત્યારે ગુજરાત રાજ્યમાં ૩૦-૬-૨૦૧૯ની સ્થિતિએ જે પેઢીઓ નોંધાયેલી છે, તેની સંખ્યા ૪૪,૩૬,૯૨૯. નવેમ્બર-૨૦૧૬ સુધીમાં જે અરજીઓ આવી, ૪,૧૦,૩૨૮ અને ઓન લાઇન અરજીઓની સિસ્ટમ પણ હવે આપણે દાખલ કરી છે તેમાં પણ ૨૬,૬૦૧ જેટલી અરજીઓ આવી છે. આના કારણે આ બધી ભાગીદારી પેઢીઓમાં ભાગીદારો બદલાય તો પણ તેની નોંધ કરવી પડે. સરનામું બદલાય તો પણ નોંધ કરવી પડે. ભાગીદારીની રકમમાં, ટકાવારીમાં વધારો-ઘટાડો થાય તો પણ એની નોંધ કરવી પડે. પેઢીનું વિસર્જન થાય તો પણ એની નોંધ કરવી પડે. આ બધું જ વાણિજ્ય વેરા ખાતાની કચેરીઓમાં થાય છે. આપણી આવી કચેરીઓ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, વડોદરા, સુરત, વલસાડ, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર, અને ગાંધીધામ જેવા સ્થળોએ અત્યારે કાર્યરત છે એટલે આ બધી પેઢીઓની જે ફેરબદલ જુદા જુદા કારણોસર સાહિત્યમાં, રેકર્ડમાં જે કરવી પડે છે એની ફી વધારવા માટેની હું દરખાસ્ત લાવ્યો છું અને ૧૯૯૧થી માંડીને આજુબાજુના સમય ગાળા દરમિયાન જે ફી અગાઉ ૫૦ રૂપિયા હતી સેકશન ૫૮ મુજબની એને ૩૦૦ રૂપિયાની સૂચવેલ છે. જે ફી સેકશન ૬૦ની ૨૫ રૂપિયા હતી એ ૧૫૦ સૂચવેલ છે, સેકશન ૬૧ની ૨૫ રૂપિયા હતી એ ૧૫૦ સૂચવેલ છે, સેકશન ૬૨ની ૨૫ રૂપિયા ફી હતી એ ૧૫૦ સૂચવેલ છે, સેકશન ૬૩ની ફી ૨૫ રૂપિયા હતી એ ૧૫૦ સૂચવેલ છે, સેકશન ૬૪ની ફી ૨૫ રૂપિયા હતી એ ૧૫૦ સૂચવેલ છે, સેકશન ૬૬ની સબ સેકશન ૧ની ફી ૧૦ રૂપિયા હતી એના ૫૦ સૂચવેલ છે, બીજી સેકશન-૬૬ની સબ સેકશન-૨ની ફી ૧૦ હતી એ ૫૦ રૂપિયા સૂચવેલ છે અને કોપી કમ રજીસ્ટર એ કરાવવા માટેની ફી પાંચ રૂપિયા હતી એ ૫૦ સૂચવેલ છે. આમ, ઘણા વર્ષો પછી લગભગ ૨૭-૨૮ વર્ષ પછી આપણે આ દરમાં પગાર ખર્ચમાં વધારો, વહીવટી ખર્ચમાં વધારો, મહેકમની જરૂરિયાત સંતોષવી, કાગળ, સાહિત્ય, રજીસ્ટ્રેશન વગેરે ખર્ચમાં વધારો એને ધ્યાનમાં રાખી એમાં વધારો સૂચવ્યો છે તો એ મંજૂર કરવા સન્માનનીય ગૃહને મારી વિનંતી છે.

---

* વિધેયક તા.૨૮મી જૂન, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ભારતનો ભાગીદારી(ગુજરાત સુધારા)વિધેયક, ૨૦૧૯

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુજરાતના નાણા મંત્રી અને નાયબ મુખ્યમંત્રી ભારતનો ભાગીદારી અધિનિયમ ૧૯૩૨ એટલે કે આ દેશ જ્યારે સ્વતંત્ર નહોતો ત્યારનો અને જ્યારે આ કાયદો ગુજરાત રાજ્યમાં લાગુ કર્યો ત્યારે ગુજરાત રાજ્ય પણ સ્વતંત્ર નહોતું, મહારાષ્ટ્ર સાથે જોડાયેલું ગુજરાત રાજ્ય હતું. ૧૯૩૨માં મહારાષ્ટ્ર અને ગુજરાત ભેગા હતા. બૃહદ મુંબઈ રાજ્ય હતું તે વખતે ભારતનો કાયદો લાગુ હતો તે ગુજરાતમાં કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. ૧૯૫૧માં આ કાયદામાં સુધારો કરવામાં આવ્યો. કાયદાની કલમ નંબર-૧૩ જે ફી વધારો કર્યો એ મારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને, નાણામંત્રીને કહેવું છે કે ત્યારે બે રૂપિયામાંથી પાંચ રૂપિયા કર્યા. આજે કેટલો વધારો સૂચવ્યો છે? ત્યારે દેશ સ્વતંત્ર થતો હતો. સ્વતંત્ર થતા હતા અને ભાગીદારી પેઢીની રચના થતી હતી એની ઘણી બધી મર્યાદાઓ હતી. આજે વેપારનો વ્યાપ વધ્યો છે. સગવડતાઓ વધારવી જોઇએ. ઓફિસો તે વખતે ચાલતી હતી એટલી જ ઓફિસો ચાલે છે. સૌરાષ્ટ્રમાંથી કામે આવવું હોય તો આ ભાગીદારી માટેનો જે કાયદો લાગુ પડે છે એ અમદાવાદ અથવા રાજકોટ ઓફિસ લાગુ પડતી હતી એ અત્યારે અમદાવાદ ઓફિસ લાગુ પડે છે. લોકોની આવક જાવક વધી છે. ઓન લાઇન સિસ્ટમ અત્યારે વધી છે. માનનીય મંત્રીશ્રીએ કીધું કે અરજીઓ પણ ૨૬૦૦૦ આવી છે. ટોટલ ૪ લાખ ૧૦હજાર ભાગીદારી પેઢીઓ અત્યારે અમલમાં છે. ત્યારે ભાગીદારી પેઢીઓ કેટલી હતી? આટલી બધી ભાગીદારી પેઢીઓ વધી છે ત્યારે આટલો બધો વધારો મને લાગે છે વધારે પડતો છે. અગાઉનો સુધારો આપ્યો હતો એમાં માનનીય મંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને કહેવા માગું છું કે જ્યારે ૧૯૯૧માં સુધારો કરવામાં આવ્યો ત્યારે પાંચ રૂપિયા અને બે બે રૂપિયામાંથી કદાચ દસ રૂપિયા કરવામાં આવ્યા હતા. સીધા જ કેટલા ગણો વધારો થઇ રહ્યો છે? ૫૦ રૂપિયાના સીધા ૩૦૦ રૂપિયા, પાંચ રૂપિયાના સીધા ૫૦ રૂપિયા? જ્યારે ભાગીદારી પેઢી વધી છે ત્યારે સરકારની આવક વધે છે. રાજ્યના વિકાસ માટે આ જરૂરિયાત પણ છે. પરંતુ મને લાગે છે કે આટલો બધો વધારો એ અસહ્ય છે. નાના નાના વેપારીઓ જ્યારે ધંધો કરવા માગતા હોય, ગામડાંમાં ભાગીદારી પેઢી ઊભી કરવા માગતા હોય ત્યારે એ ઘણી મુશ્કેલી વેઠીને એ ઊભી કરતા હોય છે. ૫ કે ૧૦ હજાર રૂપિયા ભેગા કરીને પોતાની પેઢી શરૂ કરતા હોય છે ત્યારે મેં હિસાબ કર્યો તો લગભગ ૧૦૫૦ રૂપિયા થાય છે. ૧૯૯૧માં કાયદો આવ્યો ત્યારે પણ હું ધારાસભ્ય હતો, ત્યારે પણ સુધારો આવ્યો ત્યારે સરકારે તે વખતે વાત કરી હતી. ૨૮ વર્ષ પછી સુધારો લાવ્યા છો એમાં વિરોધ નથી કરતો પણ મંત્રીશ્રીને કહીશ કે આટલી મોટી આવક તિજોરીમાં ઉભી કરીએ છીએ ત્યારે વેપારીઓને રાહત આપવી જોઇએ. આ સરકાર ઘણી વખત કહે છે કે અત્યારે નાની મોટી પેઢીઓને પહેલાની જેમ ધક્કા ખાવા પડતા હતા એ ધક્કા ખાવા પડશે નહીં. આ કાયદાનો વિરોધ નથી કરતો પણ આવડી મોટી રકમનો વધારો લઇને આવ્યા છે એ વધારે પડતો જણાય છે. આ ભારત સરકારે કરેલ કાયદો છે. એનો અમલ તમામ રાજ્યો કરી રહ્યા છે. બીજા રાજ્યોમાં શું પરિસ્થિતિ છે? ત્યાં પણ તપાસ કરવાની જરૂર હતી. ત્યાં સુધારો નથી આવ્યો. ઘણા રાજ્યોએ અમલ કર્યો છે એ એમને એમ જ ચાલે છે. આપણે બે બે વખત સુધારો કર્યો છે અને આવકો વધારવા માટે પ્રયાસો કર્યા છે. વેપારીઓની સંખ્યા વધતી જાય છે ત્યારે આવક વધશે જ. વેપારીઓ નવા ધંધા શરૂ કરતાં હોય ત્યારે એને રાહત મળે એના માટે વધારો કરતી ફી રાખવાનું ધોરણ રાખવાનું સરકારે શરૂ કર્યું છે ત્યારે એમાં સુધારો કરવો જોઇએ. ૨૫ અને ૫૦ રૂપિયામાંથી સીધા ૩૦૦ રૂપિયા કરવાના બદલે ૧૦૦ રૂપિયા કર્યા હોત અને પછીના ૧૦ વર્ષ પછી વધાર્યા હોત તો બરાબર છે. પરંતુ સીધા જ આવા વધારા કરવાના બદલે સરકારે આવા વેપારીઓને રાહત આપવી જોઇએ. આના કારણે વેપારીઓને વેપાર વધારવામાં મોટી મુશ્કેલીઓ ઊભી થાય છે. હમણાં ચર્ચા કરતા હતા ત્યારે ઓન લાઇન વેપાર શરૂ થયો છે. વેપારીઓ કહે છે કે ઓન લાઇન વેપાર બંધ કરો નહીં તો અમારા ધંધા રોજગાર ભાંગી જશે. નાના નાના શહેરોમાં ધંધા રોજગાર ભાંગી ગયા છે. મારી પોતાની વાત કરું તો મેં બ્લુ સ્ટાર એ.સી. ખરીદવા માટે એમેઝોનમાં ટ્રાય કરી, ફ્લિપ કાર્ડમાં ટ્રાય કરી. ફ્લિપ કાર્ડમાં મને એ.સી. રૂ.૩૨૦૦૦/-માં મળતું હતું. એમેઝોનમાં મને રૂ.૨૬૦૦૦/-માં મળ્યું અને ૧૨ હપ્તા પણ કરી દીધા. એ જ એ.સી. બજારમાં રૂ.૪૨૦૦૦/-માં આવતું હતું. આ કંપનીઓ શું કરે છે? મને લાગે છે કે, એ સરકારને ટેક્સ આપવાની વૃત્તિમાંથી આ બધી કંપનીઓ બહાર નીકળી ગઇ છે. એમને ટેક્સ આપવો પડતો નથી અને એમને સીધી આવકો થાય છે ત્યારે નાના વેપારીઓને પોતાની દુકાન શરૂ કરવી હોય, પોતાનો ધંધો રોજગાર કરવો હોય, પોતાના ભાઇઓ સાથે ભાગીદારી પેઢી બનાવે છે તેમાં સરકાર મદદરૂપ થાય તેવા પ્રયાસો કરવા જોઇએ. મારા આ સૂચનો સાથે આ જે જરૂરિયાતવાળો કાયદો છે એને અનુમોદન આપું છું. આ કાયદો માત્ર આપણા રાજ્યનો નહીં, આખા દેશનો કાયદો છે. ૧૯૩૨નો કાયદો છે. એમાં સરકારે બહુ ગંભીરતાથી વિચારણા કરવી જોઇએ. કોઇને વધારે ભારણ ન આવે એ જરૂરી છે. આજે શ્રી પ્રદિપસિંહજી કાયદો લાવ્યા છે એને અમે અનુમોદન આપ્યું છે. એનો વિરોધ નથી પણ ફી માટેની બાબત છે એમાં માનનીય મંત્રીશ્રી પોતાનું મન વિશાળ રાખે. બીજી બધી બાબતોમાંથી જ્યારે ટેક્સ આવવાનો છે એ લાવવા માટેના પ્રયાસો કરવા જોઇએ. મોટી મોટી કંપનીઓ જેવી કે રિલાયન્સ અને અદાણી છે ત્યાં જે ટેક્સ છે એ ભરે છે કે કેમ? એની પાસેથી વસુલાત થાય છે કે કેમ એની ચિંતા કરતા નથી પણ નાના વેપારીઓને મારવા માટેનો જે પ્રયાસ છે એ બાબતે સરકારે ગંભીરતાથી વિચારવું જોઇએ એવું મારું સૂચન છે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૦ લઇને રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આવ્યા છે એને હું આવકારું છું અને સાથોસાથ ગઇ કાલના બજેટમાં મારા નામજોગ ઉલ્લેખ કર્યો કે, મારા મત વિસ્તારમાં અને મારા નજીકના મત વિસ્તારમાં લગભગ રૂપિયા સાડા છ કરોડ જેટલી જોગવાઇ કરી એ બદલ હું માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું, માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. એ જે આટલી મોટી રકમ આવી એટલી

ભૂતકાળમાં નથી આવી. આટલા વર્ષ આઝાદીને થયા પછી મળી છે. અમારા વિસ્તારમાં કોઇપણ પક્ષના ઉમેદવારને ૧૦ કે ૧૧ હજારની લીડ મળી ન હતી. પણ આપણા વડાપ્રધાન શ્રી મોદી સાહેબ અને શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રવાદ અને દેશની સુરક્ષા અને આ બજેટમાં આ રકમની જોગવાઈ કરી એટલે આ વખતે ૪૨ હજારની લીડથી અમારા મત વિસ્તારમાં ઉમેદવાર ચૂંટાઇ આવ્યા છે. એટલે ફરીથી હું એટલા માટે જ હું કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિરજીભાઇ વાત કરતા હતા કે, ૫૦ રૂપિયાની જગ્યાએ ૧૫૦ રૂપિયા. પણ માનનીય વિરજીભાઇને હું કહીશ કે, આજથી ૨૫-૩૦ વર્ષ પહેલા એક તોલો સોનું ૫૦૦ રૂપિયામાં મળતું હતું. આજે ૩૫,૦૦૦ રૂપિયા થયા છે તો તમે સોનું ખરીદવાના નથી? સરકાર ફી વધારો નહીં કરે તો મારા જેવા મત વિસ્તારમાં રૂપિયા ક્યાંથી આવવાના હતા! માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે સરકારનો વહીવટી ખર્ચ વધ્યો છે, લેખન સામગ્રીમાં ખર્ચ વધ્યો છે. પાછલા વર્ષમાં તમે ૫૦૦૦ રૂપિયા ડિપોઝિટ મૂકો તો ૬ વર્ષે ડબલ થાય. આ તો ત્રણ ગણો જ વધારો કર્યો છે. એટલે બહુ વધારે વધારો નથી કર્યો. મને કહેતા આનંદ થશે કે, આ બિલથી મધ્યમ વર્ગને, કોઇ કારીગર વર્ગને કે ખેડૂત વર્ગને આમાં નુકસાન નથી પણ જે વેપાર કરીને લાખો-કરોડો રૂપિયા કમાય છે અને એની સામાન્ય ફી ૫૦ રૂપિયાની જગ્યાએ ૧૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એમને હું કહીશ કે, સરકારી આંકડા મુજબ ૨૦૧૭-૧૮ ના વર્ષમાં નોંધણી ફીની રકમ કેટલી આવી છે? શ્રી વિરજીભાઇ ફક્ત રૂ.૫,૦૫,૦૦૦/-, ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રૂ.૯,૪૦,૦૦૦/- અને ૨૦૧૯-૨૦ આ જૂન મહિના સુધીની ૩ માસની આવક રૂ.૩,૬૦,૦૦૦/- સાહેબ, પાંચ પાંચ, સાત સાત જિલ્લાની અંદર આ વાણિજ્ય વેરા ખાતા હસ્તકની કચેરીઓ ચાલે છે એના સ્ટાફનો અને એનો વહીવટી ખર્ચને અનુસરીને ખર્ચને પહોંચી વળવા માટે આ બિલથી જરૂર આવકમાં વધારો થશે અને આવનાર દિવસોની અંદર સ્વાભાવિક છે કે ભાગીદારી પેઢીના જે કાંઇ ઝઘડા થાય, જે કાંઇ સુધારા વધારા કરવામાં આવે એ આ કચેરીઓમાં જે તે વખતે નોંધણી કરી હોય, રજિસ્ટર્ડ કરી હોય એને પાછા મેળવવામાં દિવાની કોર્ટમાં અગર બીજી અન્ય કોર્ટમાં જરૂર પડે ત્યારે આ સામાન્ય ફી કરીને એની માહિતી મળે છે એ આ વિભાગ કરે છે અને નિભાવે છે ત્યારે હું જરૂર કહીશ કે, આ વિધેયક ખૂબ જ ઉપયોગી લાવ્યા છે અને હું તો એમ કહું છું કે, આના કરતા પણ વધારે કિંમત નોંધણી ફીમાં રાખવી જોઇએ. કારણ કે, વેપારીઓ કમાય છે. ખેડૂત વર્ગની વાત ના કરી હોય, કારીગર વર્ગની વાત કરી હોય કે મધ્યમ વર્ગની વાત કરી હોય અમે કોઇ વેપારીઓનો વિરોધ કરતા નથી પણ વેપારી જો સારી રીતે કમાતો હોય એના દસ્તાવેજની રકમ ભરીને નોંધણી કરવાથી એને દેસ્તાવેજની માહિતી મળતી હોય અને એને કોર્ટમાં મદદરૂપ થતી હોય તેવી કચેરીઓના ભાગરૂપે તેને મદદરૂપ થવા માટે અમારી આ જે વાણિજ્ય વેરા હસ્તકની કચેરીઓમાં જે કર્મચારીઓ કામ કરે છે અને વહીવટી ખર્ચમાં વધારો થવાના કારણે માનનીય નાણામંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેને હું ખરેખર હૃદયપૂર્વક આવકારું છું અને મને આશા અને વિશ્વાસ છે કે આપ સૌ પણ વિના વિરોધે આ બિલ પાસ કરશો એવી આશા રાખું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇએ જે પ્રશ્ન ઊભા કર્યા એનો જવાબ માનનીય સી. કે. રાઉલજીએ બહુ સારી રીતે આપ્યો છે. આ કોઇ રકમનું ભારણ વધારવું અને સરકાર મોટી આવક લઇ લે અને તિજોરી ભરી દે એવી કોઇ દરખાસ્ત નથી. પણ સ્વાભાવિક છે કે, ૧૯૯૧ ના જે દર ચાલતા હતા એમાં આપણે થોડા રિવાઇઝ કર્યા છે. થોડા એ શબ્દોમાં કે ૫૦ ના ૩૦૦ કરો તો વધારે દેખાય પણ એ પછી ૨૯ વર્ષ કહો તો એનું કોઇ મહત્વ રહેતું નથી, આવક માટે નથી. આવકનો દાખલો તો તેઓશ્રીએ આપ્યો. ૧૦, ૧૫ કે ૫૦ લાખ તો હદ થઇ જાય પણ વેપારીઓના દસ્તાવેજોને એક સરકારી સ્ટાન્ડર્ડનું સર્ટિફિકેટ મળે કે આ ભાગીદારી બદલાય, સરનામું બદલાયું, બીજા ભાગીદાર ઉમેરાયા, પેઢી ચાલતી હતી એ વિસર્જિત થઇ ગઇ એવા આધુનિક રેકોર્ડ સાથેનું એટલે કે તાજા રેકોર્ડ સાથે હોવું જરૂરી છે એટલે આપણે આ સુધારો કર્યો છે. આ કોઇ મોટી આવક માટે નથી. તમે એક એ.સી. ખરીદ્યું એના જેટલો પણ આ ખર્ચો નથી શ્રી વિરજીભાઇ અને તમે ચારે બાજુ એમેઝોન અને ફ્લિપ કાર્ટ અને બધી પરદેશી કંપનીઓ પાસે ખરીદી કરો છો તો આપણે વેપારીઓ પાસેથી પણ થોડી ખરીદી કરવાની પદ્ધતિ પણ રાખો. આપણી કંપનીઓને અને આપણા વેપારીઓને મદદ કરવી જોઇએ. તમે ખરીદો છો બીજેથી અને અહીંયા વેપારીની વાત કરો છો. આપણને સ્વદેશીની ભાવના જે મહાત્મા ગાંધીજીએ આપી હતી એ થોડી મનમાં રાખવી પડે એટલે આ કોઇ મોટો સુધારો નથી. એક ઔપચારિક્તા છે અને રિન્યૂ કરવા જેવી બાબત છે માટે સર્વાનુમતે મંજૂર કરવા સૌને વિનંતી છે. આ તો ખાલી રીન્યૂ કરીએ છીએ. કાલે ઉઠીને ૨૫ વર્ષ પછી કોઇ કહેશે કે ૨૦૦૭માં સુધારો કર્યો હતો એવી આ વાત છે અને એક માહિતી પણ આપને આપું કે, વર્ષે ૫૦૦૦ થી ૭૦૦૦ લોકો જ, પેઢીઓ, વેપારીઓ જ આ વ્યવસ્થાનો ઉપયોગ કરે છે. નોંધાયેલા વેપારી લોકો ભલે સાડા ચાર લાખ હોય તો સાડા ચાર લાખ લોકોને આની અસર થતી નથી. વર્ષે ૫૦૦૦ થી ૭૦૦૦ લોકોની ભાગીદારી બદલાય, કોઇ છૂટા થાય કોઇ નવા ઉમેરાય, કોઇનું સરનામું બદલાય તો એના પુરતું જ આ છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક -૧૦- સન ૨૦૧૯નું ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

ભારતનો ભાગીદારી(ગુજરાત સુધારા)વિધેયક, ૨૦૧૯

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ સાથીઓનો આભાર માનું છું કે, સર્વાનુમતે મંજૂરી આપી છે. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯ ના વિધેયક ક્રમાંક–૧૦– સન ૨૦૧૯નું ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૯ ના વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૯નું ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧–૨૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૮મી જૂલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૧૧–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક–૬૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
| --- | --- | --- |
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર પટેલ | રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. વડોદરા પાસેથી બાકી પાણી વેરો વસુલવા બાબત | ૨૮૨ |
| | વડોદરા અને અમરેલી જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૪૦૦ |
| | વડોદરા અને નવસારી જિલ્લામાં કાર્યરત લીઝો | ૮૭ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં આવેલી લીઝોની એનઓસી બાબત | ૧૯ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૧૪૬ |
| | વડોદરા જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ | ૩૫૦ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ | ૪૪ |
| | મહિસાગર અને નવસારી જિલ્લામાં ઓદ્યૌગિક ગૃહ/એકમોને વિજ શુલ્કમાં માફી | ૨૯૧ |
| | મહિસાગર જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ | ૨૩૨ |
| | મહીસાગર અને ભરૂચ જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટેની મંજૂરી | ૧૬૩ |
| | મહીસાગર અને સુરત જિલ્લામાં કાર્યરત લીઝો | ૧૦૯ |
| | મહીસાગર જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના | ૩૬૦ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને નર્મદા જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ | ૫૧ |
| | નવસારી અને મોરબી જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટેની મંજૂરી | ૧૧૪ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના | ૩૯૫ |
| | નવસારી જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ | ૨૭૪ |
| | નવસારી જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના | ૩૪૨ |
| | નવસારી જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ | ૧૬૮ |
| અનિલ જોષિયારા | સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ ૨૦૧૯ | ૪૦૫ |
| | અરવલ્લી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અને કોટેજ હોસ્પિટલમાં મંજૂર મહેકમ | 361 |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઈ–મેમો દ્વારા દંડ બાબત | ૧૦૪ |
| | અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં દારૂની હેરાફેરી કરતા વાહનો | ૩૮ |
| | અરવલ્લી જિલ્લાઓમાં ગામ–ફળીયાઓને બારમાસી પાકા રસ્તાથી જોડવા બાબત | ૨૩૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈની સુવિધા આપવા બાબત | ૨૯૨ |
| અમરીષભાઈ જી. ડેર | ગુજરાત ભિક્ષા પ્રતિબંધક બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૪૧૭ |
| | અમરેલી જિલ્લામાં ધાતરવાડી–૨ની ડાબા અને જમણા કાંઠાની કાર્યરત સિંચાઈ યોજના | ૩૯૭ |
| | એમએફ, અમરેલીમાં જમા રકમ | ૬૨ |
| | જાફરાબાદ, રાજુલા અને ખાંભા તાલુકામાં સુજલામ–સુફલામ યોજના | ૩૪૬ |
| | જાફરાબાદ, રાજુલા અને ખાંભામાં સિંચાઈ યોજનાઓ | ૨૭૯ |
| અભેસિંહ તડવી | અમરેલી અને રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ | ૨૮૧ |
| | છોટાઉદેપુર જિલ્લામાં સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | ૧૫૦ |
| | દાહોદ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના | ૩૪૯ |
| | નર્મદા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ | ૩૯૯ |
| | વડોદરા જિલ્લાની નગર પાલિકાઓને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૯૧ |
| | વડોદરા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ | ૨૭ |
| | પૂર્વ મંત્રી સ્વ. શ્રી રતિલાલ ગોરધનભાઈ સુરેજાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો. | ૧૯૨ |
| અમિત ચાવડા | આણંદ જિલ્લામાં સુવિધાસભર સિવિલ હોસ્પીટલ બનાવવા બાબત | ૩૨૯ |
| | રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ, પી.એન.જી. ગેસ ઉપર વેરો વસૂલવા બાબત | ૨૬૩ |
| | વાયબ્રન્ટ સમીટ ૨૦૧૭ અને ૨૦૧૯માં કરેલ એમઓયુ | ૬૭ |
| | સરકારી વીજ મથકોમાં અને ખાનગી વીજ મથકોમાં વીજ ઉત્પાદન | ૩૮૫ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં કાંસોની સફાઈ બાબત | ૨૩૬ |
| | એફ.એસ.એલ. દ્વારા વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી પધ્ધતિથી કેસોનું પૃથક્કરણ | ૪૬ |
| | ખેડા જિલ્લામાં કાંસોની સફાઈ બાબત | ૨૯૬ |
| અરવિંદ પટેલ | અમરેલી અને રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ | ૨૯૭ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા માટે આયોજન | ૧૮૨ |
| | વલસાડ જિલ્લામાં દરીયાઈ ધોવાણથી થતું નુકશાન | ૩૬૫ |

| પુસ્તક–૬૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | વલસાડ જિલ્લામાં પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ | ૭૦ |
| | વલસાડ જિલ્લામાં મેન્યુફેક્ચરીંગ પોલીસી અંતર્ગત અરજીઓ | ૧૩૨ |
| અરવિંદ રૈયાણી | રાજ્યમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટે ઉપલબ્ધ એસ.બી.એમ./એસ.પી.એમ. | ૫૨ |
| અરવિંદ શાં. રાણા | સુરત જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ | ૪૫ |
| | ભરૂચ જિલ્લામાં ઘર વપરાશના વિજ જોડાણો | ૩૦૫ |
| | સુરત જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત | ૨૪૨ |
| | સુરત મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૧૦ |
| | સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા ) વિધેયક, ૨૦૧૯ | ૪૦૯ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ | ૫૮ |
| | અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ આપવા બાબત | ૧૭૬ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોક્લીચર ઈમ્પ્લાન્ટના ઓપરેશન બાબત | ૨૨૯ |
| | કચ્છ જિલ્લામાં નવા ચેકડેમ બનાવવા બાબત | ૨૮૭ |
| | ગાંધીનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના | ૧૨૩ |
| | પાટણ જીલ્લામાં ચેકડેમનું રીપેરીંગ | ૩૫૮ |
| | વલસાડ જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત | ૨૩૭ |
| અશ્વિનભાઇ કોટવાલ | સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના | ૩૯૨ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત લીઝો | ૭૦ |
| | રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. હજીરા પાસેથી બાકી પાણી વેરો વસુલવાની બાબત | ૨૭૨ |
| | સાબરકાંઠા અને મહીસાગર જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૧૮૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ | ૩૩૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ | ૧૩૩ |
| આનંદભાઈ ચૌધરી | તાપી અને નવસારી જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૧૭૭ |
| | તાપી જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ | ૧૨૪ |
| | સુરત અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ લી. પાસેથી બાકી પાણી વેરો વસુલવાની બાબત | ૨૪૦ |
| | સુરત જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના | ૩૦૨ |
| આર.સી. મકવાણા | ભાવનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન રહેણાંકના મકાનો | ૧૫૪ |
| | અમરેલી અને રાજકોટ જીલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ | ૨૭૮ |
| | અમરેલી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ | ૯૯ |
| | અમરેલી જિલ્લામાં જર્જરીત વિજ વાયરો | ૩૪૬ |
| | જામનગર જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ | ૩૩ |
| આશાબેન પટેલ | પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના | ૨૮૪ |
| | મહેસાણા જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના | ૨૧૮ |
| | મહેસાણા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ | ૫૦ |
| | રાજ્ય સરકારની સાધનોપાય પેશગી | ૩૫૫ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | અમદાવાદ અને ખેડા જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૩૭ |
| ઇમરાન ખેડાવાલા | રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. હજીરા પાસેથી બાકી પાણી વેરો વસુલવાની બાબત | ૨૭૪ |
| | અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પુરું પાડવાનો પ્રોજેક્ટ | ૭૬ |
| | વાયબ્રન્ટ સમીટ ૨૦૧૫ અને ૨૦૧૭ માં રોજગારી | ૧૩૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈન નાંખવાના કામમાં ગેરરીતિ | ૩૪૧ |
| | સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૩૯૪ |
| ઈશ્વરભાઈ ૨. પરમાર | ગુજરાત ભિક્ષા પ્રતિબંધક બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૪૧૪ |
| | ગુજરાત ભિક્ષા પ્રતિબંધક બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૪૧૮ |
| ઋત્વિકભાઈ મકવાણા | એમ.બી.બી.એસ. પાસ થઈને બોન્ડેડ ઉમેદવારોને ગ્રામ્ય વિસ્તારમાં સેવા બજાવવા હાજર કરવા બાબત | ૨૩૫ |
| | સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ | ૨૯૩ |

| પુસ્તક-૬૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ | ૧૬૯ |
| | સ્વ. શ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો. | ૧૯૩ |
| | આશારામ આશ્રમમાં બે બાળકોના મોત અંગે નીમેલ શ્રી ડી.કે.ત્રિવેદી પંચનો અહેવાલ | ૫૧ |
| | સુરેન્દ્રનગર અને ખેડા જિલ્લામાં કાર્યરત લીઝો | ૧૧૫ |
| ઋષિકેશ ગ. પટેલ | સ્વ. શ્રી પ્રહલાદભાઇ મોહનલાલ પટેલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ | ૧૯૩ |
| | અરવલ્લી જિલ્લાની નગર પાલિકાઓને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૭૯ |
| | મહેસાણા જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના | ૨૬૬ |
| | મહેસાણા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ | ૫ |
| | પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના | ૩૩૪ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને અપાતી ડિગ્રી બાબત | ૪૫ |
| કનુભાઇ દેસાઇ | તાપી અને ડાંગ જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા માટે આયોજન | ૧૪૯ |
| | વલસાડ જિલ્લામાં દરીયાઇ ધોવાણથી થતું નુકશાન | ૪૦૨ |
| | રાજ્યમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટે ઉપલબ્ધ એસ.બી.એમ / એસ.પી.એમ | ૨૧ |
| | નવસારી જિલ્લામાં નવા ચેકડેમ બનાવવા બાબત | ૩૫૫ |
| | વલસાડ જિલ્લામાં નવા ચેકડેમ બનાવવા બાબત | ૨૮૪ |
| | વલસાડ જિલ્લામાં પંચાયતમાં ગ્રાન્ટ ઇન એઇડની ફાળવેલ રકમ | ૯૦ |
| | ખેડા જિલ્લામાં કાંસોની સફાઇ બાબત | ૨૫૫ |
| કનુભાઇ પટેલ | અમદાવાદ ગ્રામ્ય અને ગાંધીનગર જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા માટે આયોજન | ૯૯ |
| | પાટણ જિલ્લામાં ચેકડેમનું રીપેરીંગ | ૩૨૦ |
| | રાજ્ય હસ્તકના બંદરો પર કાર્ગો પરિવહન | ૩૩ |
| કનુભાઈ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૧૩૮ |
| | ભાવનગર અને રાજકોટ જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ | ૭૭ |
| | ભાવનગર જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણની અરજીઓ | ૨૭૦ |
| | ભાવનગર જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના | ૩૩૯ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ / એકમોને વિજ શુલ્કમાં માફી | ૩૯૨ |
| | ભાવનગર જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ | ૧૮૬ |
| કુબેરભાઈ ડીંડોર | અમરેલી અને રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ | ૨૯૦ |
| | પંચમહાલ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ | ૪૧ |
| | મહિસાગર જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ | ૧૦૬ |
| | મહિસાગર જિલ્લામાં સિંચાઈ તળાવો ભરવા બાબત | ૨૩૧ |
| | મહીસાગર જિલ્લામાં પોલીસ વિભાગનાં અધિકારીઓ/કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો | ૧૬૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ | ૩૬૦ |
| કરશનભાઈ સોલંકી | જી.પી.એફ. ની આખરી ચૂકવણી બાબત | ૩૭૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ | ૨૮ |
| | મહેસાણા જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના | ૩૨૦ |
| કુંવરજીભાઈ મો. બાવળિયા | પૂર્વ મંત્રી સ્વ. શ્રી રતિલાલ ગોરધનભાઇ સુરેજાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ. | ૧૯૧ |
| કેશુભાઈ નાકરાણી | અમરેલી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની ફાળવેલ રકમ | ૫૨ |
| | ભાવનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના | ૧૧૫ |
| કેસરીસિંહ સોલંકી | આણંદ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ | ૩૩ |
| | સાયકોલોજીકલ પરીક્ષણોને આધારે ગુનાના ઉકેલ | ૯૮ |
| કાંતિભાઇ સોઢાપરમાર | આણંદ અને ગાંધીનગર જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૩૭૨ |
| | આણંદ અને ભરૂચ જિલ્લામાં સંવર્ગવાર મંજૂર પોલીસ મહેકમ | ૯૬ |
| | આણંદ અને સુરત જિલ્લામાં ઔદ્યોગિક ગૃહ/એકમોને વિજ શુલ્કમાં માફી | ૩૧૨ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૩૦ |
| | આણંદ અને બોટાદ જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટેની મંજૂરી | ૧૫૨ |
| કાંતિભાઈ બલર | એફ.એસ.એલ. દ્વારા નાર્કો-એનાલિસીસ પદ્ધતિથી કેસોનું પૃથક્કરણ | ૧૬૨ |
| | તાપી જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ | ૩૩૩ |

| પુસ્તક–૬૧ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | રાજ્ય હસ્તકના બંદરો પર કાર્ગો પરિવહન | ૪૨ |
| | સુરત જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત | ૨૬૬ |
| | સુરત મહાનગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૦૭ |
| કાન્તિભાઇ પરમાર | ખેડા અને પંચમહાલ જિલ્લામાં ધર્મ પરિવર્તન કરવા માટે મંજૂરી | ૧૬૦ |
| | ખેડા અને ડાંગ જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતાં એકમોની ચકાસણી | ૩૩૪ |
| | ખેડા અને પોરબંદર જિલ્લામાં પકડાયેલ વિદેશી દારૂ | ૪૦ |
| | ખેડા જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના | ૨૬૭ |
